ગીતા-પ્રવચન.

ॐ श्रीं ह्रीं क्लीं ऐं कमलवासिनी नमः ॥ॐ॥ श्रीब्रह्मविद्यायैचिति भगवत्यै नमः ॐ

श्रीम् ॐ ॥ ॐ ॥ ॐ श्रीम् ॐ नमः

संसार सागरे घोरे, तर्तुमिच्छति यो नरः ॥
गीता नावं समासाद्य, पारं याति सुखेन सः ॥१॥

श्रीम् ॐ ॥ ॐ ॥ ॐ श्रीम् ॐ नमः

ॐ नमो भगवते वासुदेवाय ॥ॐ॥ सद्गुरवे परमात्मने श्रीदत्तात्रेयाय नमः

આર્યાછંદ (ગીતિ.)

ૐ { અપાર ઘોર સંસારે, વૃત્તિ જેની પ્રવેશતાં અટકે;-
ગીતા જ્ઞાન વિચારી, સત્પુરુષો જેમાં રમે વિના અટકે. } ૐ

ન સૂર્યોદયાચાર્ય-મહાગ્રંથ.

ગીતા-પ્રવચન (વગેરે)

માણિકયલાલ જમનાદાસ મ્હુલારજી
સોનીફળીઆ—સુરત.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૫૮૮૮ वर्गांक

पुस्तकनुं नाम ગીતા પ્રવચન

विषय ऊ६५ : ६ : ९

જ્ઞાન સૂર્યોદયાખ્ય-મહાગ્રંથ-

ઉત્તરાર્દ્ધ-ભાગ ૨.

ગીતા પ્રવચન.

संसार सागरे घोरे, तर्तुमिच्छति यो नरः ॥
गीता नावंसमासाद्य, पारं याति सुखेनसः ॥

આર્યાછંદ (ગીતિ)

અપાર ઘોર સંસારે, વૃત્તિ જેની પ્રવેશતાં અટકે;-
ગીતા જ્ઞાન વિચારી, સત્સુખપદમાં સમે વિના ખટકે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અધ્યાય ૧-૨ ઉપર તથા ઇશોપનિષત્ ઉપર પ્રવચન
(પૂ. પા. શ્રો. બ્ર. શાસ્ત્રીબુવા શ્રીમન્નરહરિ મહારાજ ગોડસેનું)
તથા જ્ઞાનસૂર્યનાં ચિન્મય કીરણો.

શ્રદ્ધાયુક્ત શુદ્ધપ્રેમસંપન્ન સુજ્ઞ અધિકારી સજ્જનોનાં પારમાર્થિક હિત માટે.

સંપાદક તથા પ્રકાશક
માણિક્યલાલ જમનાદાસ મ્હલારજી સોનીફળીઆ-સુરત.

સંવત ૧૯૮૭ સને ૧૯૩૧

મૂલ્યઃ—શ્રદ્ધા પ્રેમપૂર્વક વાંચી વિચારી, નિર્મળ ભક્તિ વૈરાગ્ય જ્ઞાન સંપન્ન બની, શ્રીહરિ ગુરૂ શરણે થઈ, તત્સત્ ગુરૂ શ્રીપરમાત્મામાં અભેદભાવે સમી-ખપી જઇ, તે શ્રીહરીરૂપ બની રહેવું...એજ કિંમત આપીને કૃતકૃત્ય થશો અને કરશો.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૫૮૯૮

છપાવી પ્રસિદ્ધ કર્તા
માણિકચલાલ જમનાદાસ મ્હલારજી.
સોનીફળીઆ—સુરત.

છાપી-છપાવી પ્રસિદ્ધ કરવાને સઉ કોઇને હક છે-છૂટ છે.

મુદ્રકઃ—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
મુદ્રણાલયઃ—ધી 'શંકર' પ્રિન્ટીંગ પ્રેસ, ચૌટાપુલ ટાંકી પાસે—સુરત.

ॐ श्री नमोनमः ॐ तत्सत् गुरवे परमात्मन नमः ॥

અનંત શક્તિ સંપન્નાય સર્વશક્તિ સામર્થ્યં સહિતાય માયાસબલ બ્રહ્મણે મહેશ્વરાય મહાવિષ્ણુવે સર્વાન્તર્યામિને મમાત્મતત્વ સ્વરૂપાય સચ્ચિદાનંદ મૂર્તયે પુરાણ પુરૂષોત્તમાય નારાયણાય ત્રિગુણાતીત બ્રહ્માત્મૈક્ય જ્ઞાનસ્વરૂપાય ત્રિગુણમયાય વિશ્વાય ભગવતે વાસુદેવાય ॐ नमोनमः श्रीम ॐ ॥ हरिः ॐ तत्सत् ॥ ॐ

પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત, ગ્રંથાર્પણ ભાવના, નિવેદન, સદ્‌ગુરૂ પરમાત્મા શ્રીમત્ ભગવત્પ્રાર્થના, વગેરે ગ્રંથારંભે પ્રથમતઃ જે વક્તવ્ય (સર્વાન્તર્યામિ સદ્‌ગુરૂ પરમેશ્વરની અંતર્ગત ઉદ્‌ભવેલી સ્ફુરણા પ્રમાણે) પ્રતીત થયું તેનું યથાશક્તિ યથામતિ આનંદમય જ્ઞાનરૂપચિત્રદર્શન. ॐ.

ॐ શ્રી સદ્‌ગુરૂ પરમાત્મ કૃપા પ્રસાદાત્-ઈશ્વરાનુગ્રહાદેવ જ્ઞાન સૂર્યોદયાખ્ય મહાગ્રંથના પૂર્વાર્દ્ધના ત્રણ ભાગો તથા પૂ. ઉ. મધ્યસંધિ પ્રકાશ, ઉત્તરાર્દ્ધના જે ભાગો વગેરે હાલ સુધીમાં પ્રસિદ્ધ થઈ ચુક્યા છે તે સંબંધી જે કાંઈ કહેવા યોગ્ય જણાયલું તે તો તે દરેકની પ્રસ્તાવનામાં લખાઇ ગયું જ છે. તે વિશે જેમ અત્રે પુનઃ ઉલ્લેખ કરવો સપ્રયોજન જણાતો નથી તેજ રીતે, જ્ઞાનસૂર્યોદયના બીજા ભાગો પ્રસિદ્ધ થઇ જિજ્ઞાસુ સુજ્ઞ જનોમાં તે મહાપ્રસાદરૂપ દૈવી અન્નકોટ સામગ્રી પીરસી દેવાય એવા હેતુથી નોટ બુકોમાંથી સત્વસાર આકર્ષિને લખી રાખેલું હજી અનામત પડયું છે તે વિશે પણ અત્રે કશું લખવું સપ્રયોજન જોતો નથી. પરંતુ તે બધી નોટ બુકોમાંથી શ્રીમદ્ ભગવદ્ ગીતાના પ્રત્યેક જે જે શ્લોકોપર પ્રવચન-વિવેચન થયલું તે સંબંધી નોટ બુકો જુદી કાઢી રાખેલી તે જ્યારે હાલ મનન કરવા પુનઃ જોઇ જવા માંડી ત્યારે દરેક શ્લોકનું પ્રવચન વાંચતાં મ્હને અંતરમાં વારંવાર એવુંજ સ્ફુર્યા કર્યું કે, અહો! પૂજ્યપાદ શાસ્ત્રી બુવા શ્રીમન્નર હરિમહારાજ ગોડસે જેઓ મુંબાઈની શ્રીમ. ભ. ગીતા પાઠશાળામાં તે પ્રવચન કરતા હતા અને અનેક સુજ્ઞ, ધર્મજિજ્ઞાસુ, ભક્ત, મહાશય,

શેઠ, વિવેકીજનો વગેરે જેનો લાભ લેતા હતા તે સમર્થ વકતા કેવા પ્રખર વિદ્વાન, શાંત, શાસ્ત્રજ્ઞતા અને અર્થજ્ઞતા સાથે કેટલી પ્રશંસનીય આશ્ચર્યજનક લોકજ્ઞતા સંપન્ન છે તેનું વર્ણન મારી ગરીબડી લખિની બાપડી શું કરી શકવાની હતી, એમ વિચારી તેમના સમાગમમાં આવેલા સુજ્ઞ અધિકારી સત્પાત્ર શ્રોતા મહાશયો કે જેઓ, તે પૂજ્ય વકતાના અતીવ સુગંધ અને સૌન્દર્યમય ગિરાગંગાના શિતળ પ્રવાહમાં પ્રવેશી સ્નાન પાનાદિ કરી શકયા હોય, તથા તે પ્રવાહની રેલમછેલમથી ડોલોત્સવ કરતા હુવા રંગરસથી રસ બસ થઈ જઇ આકંઠ પર્યંત આનંદ રસામૃત પાનથી પરિતૃપ્ત થઇ રહેલા હોય તેઓજ તેની સાક્ષી પુરી શકવા સમર્થ છે; અર્થાત્ પુરાવો આપી શકે તેમ છે. મારી મતિની તેટલી વીરત્વપૂર્ણ ગતિ જણાતી નથી, તો લેખિની બાપડીને શું કહેવું ? ! !

તાત્પર્ય કે, એવું સુંદર રસરસીલું દિવ્ય સુગંધવાળું ભવાબ્ધિ-તારક જડીબુટ્ટી ઔષધીનાં સત્વ (Extract) રૂપ ઉત્તમ પ્રવચન શ્રવણ કરવાનો, જાણવાનો, વાંચવાનો, અને સમજવાનો લાભ હાલની અને ભાવિમાં થનારી સુજ્ઞ વિવેક સંપન્ન જિજ્ઞાસુ વ્યકિતઓને મળે તો મારી પ્રસન્નતા આનંદનો પાર નહિ રહે. Unlimited અપાર-બેહદ બની જાય. એ હેતુથી તે લખી પ્રસિદ્ધ કરવા પ્રવૃત્તિ કરવી અથવા કરાવવી. એમ વિચાર ચાલતો રહેતાં તે વિચાર પુષ્ટ થઇ ગયો. પરંતુ તે બધું જુદું લખી નાખવા શારીરિક સંપત્તિ સબળ ન લાગ-વાથી ધીમે ધીમે ઇશ્વરેચ્છા હશે તે પ્રમાણે તે પ્રવૃત્તિ થશે એમ વિચારીને આ પ્રસ્તાવના લખવા ગઈ રાત્રે અંતર્યામિ પ્રભુ તરફથી જે સ્ફુરણ પ્રવાહરૂપ પ્રેરણા થઇ તે રીતે આજે (તા. ૪ માર્ચ સને ૧૯૩૦ સંવત ૧૯૮૬ ફાલ્ગુન શુકલ ૪ મંગળે) લખ્યું. ૐ.

જ્ઞાનસૂર્યોદયાખ્ય મહાગ્રંથનો પૂર્વાર્દ્ધ ઉત્તરાર્દ્ધ મધ્યસંધિરૂપ દિવ્ય પ્રકાશ, પૂર્વાદ્ધ ભાગ ૧-૨-૩ ૐકાર સ્વરૂપ દર્શન, ઉત્તરાર્ધ ભાગ ૧ તથા તે સર્વની પ્રસિદ્ધિ પહેલાં યુવાવસ્થામાં પ્રસિદ્ધ થયલા

વિચારમુક્તા, શાંતિ સુધારસ, સત્સુખ, માણિક્યરત્ન, મણિગણમાલા, વૈશ્યધર્મ નિરૂપણ, બાળશિક્ષણ, શાન્તિ, મહાવાક્યરત્નાવલિનું ગુજરાતી ભાષાંતર (હમારા શ્રદ્ધાપ્રેમ સંપન્ન સુજ્ઞમિત્ર રા. રા. છગનલાલ ધેલાભાઈ ડે. પોલિટિકલ એજંટ જેઓ રિટાયર થયલા હોઇને હાલ ઝાબુઆ સ્ટેટના દિવાન સાહેબ છે તેમણે મારી પાસે લખેલું જોઈ, તે લઇ જઇ પોતાના ખરચે પ્રસિદ્ધ કીધું છે તે), વગેરે ગ્રંથોની પ્રસ્તાવનામાં–તેમાં મુખ્યત્વે કરીને જ્ઞા. સૂ. ના ઉપરોક્ત બધા ભાગોની પ્રસ્તાવનામાં દરશાવ્યા પ્રમાણે,–સદ્ગુરૂ દત્તાત્રેય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ શ્રીમન્નૃસિંહ સરસ્વતિ અક્કલકોટ સ્વામિ સમર્થ, નિલગિરિસ્થ અગસ્ત્યાશ્રમવાસી શ્રીમત્ જ્ઞાનગુરૂ યોગી સભાપતિ સ્વામિ, નર્મદા તટસ્થ શ્રીમત્ ટોકરાનંદસ્વામિ, વિષ્ણુ બાવા બ્રહ્મચારી, સ્વામિ ભુમાનંદજી, મોહનસ્વરૂપ બ્રહ્મચારી, શુદ્ધ સત્વમય જ્ઞાનાનંદ સ્વરૂપ શ્રીમન્નૃસિંહાચાર્યજી, અદ્વૈતાનંદજી, પૂર્ણાનંદજી, ગોવિંદરામજી, નારાયણમુનિ સ્વામિ, સ્વામિ અદ્વૈતાનંદ સરસ્વતિ યોગિરાજ, આત્માનંદ સરસ્વતિ સ્વામિ, છેવટ ભાગે નર્મદા તટપર ગરૂડેશ્વર સ્થાનસ્થ શ્રીદત્તરૂપ શ્રીમત્ વાસુદેવાનંદ સરસ્વતિ સ્વામિ, વગેરે અનેક મહાત્મા, સાધુ, યોગી, જ્ઞાની, ભક્ત, વિદ્વાનો, જ્ઞાતા, વગેરે ઇશ્વર કોટિના પૂજ્ય પુરૂષવરોના સમાગમ સહવાસ અને કૃપાથી પ્રાપ્ત થયેલ દિવ્ય અમૃતરૂપ પ્રસાદને બની શકયો તે પ્રમાણે સુજ્ઞ અધિકારી જનોમાં પીરસી લુટાવી કૃતકૃત્યતા માની. તે વિશે જ્ઞા. સૂ. ગ્રંથોની પ્રસ્તાવના સુજ્ઞ જિજ્ઞાસુને જોવા વિજ્ઞપ્તિ છે. અત્રે પુનરૂક્તિ કરવી યોગ્ય ગણી નથી. તે જ્ઞા. સૂ. નું બાકી રહેલું લખાણ પ્રસિદ્ધ કરી સુજ્ઞજન સમાજની સેવા બજાવવામાં દ્રવ્ય વગેરેની અનુકુળતાના અભાવે અનામત પડેલું છે. તે છતાં ઉપરના પેરામાં લખ્યા પ્રમાણે ગીતા વિશે નોટબુકોમાંથી લખી પ્રસિદ્ધ કરવા વિચાર થયો. કંઈપણ વિશ્વરૂપ વિશ્વાત્માની સેવા થતી રહે એવા હેતુથી લખવાની શક્તિ કમી થયલી જણાયા છતાં લખવા માંડયું. સર્વાન્તર્યામિ સદ્ગુરૂ પરમાત્માની પ્રેરણા પ્રમાણે આ શરીર ધારણ કરાવી, એ ફોના યંત્રદ્વારા જે ગવાયું

લખાયું તે સઘળુંજ શ્રીવર પ્રભુએજ પોતે પોતાનુંજ ગાયું, લખ્યું, ભાખ્યું, કીધું. તેમાં લેખક એવું ભિન્ન કંઈ નિકળતુંજ નથી, તો કલ્પીને ખડું કરી મિથ્યા–ભ્રાન્તિજન્ય જાણી પાછું સમાવી દેવું, તેના કરતાં પેહેલેથીજ સમજી અનુભવી લોને કે સદ્‌ગુરૂ પરમાત્માજ સ્વયં કર્તા ભોકતા ભર્તા છે. **भर्ता भोक्तामहेश्वरः ॥** છતાં તેજ પોતાના સત્‌ચિદાનંદ ઘન બ્રહ્માત્મૈક્ય સ્વરૂપે અકર્તા અભોકતા સાક્ષી જ્ઞાનરૂપ કેવલ ત્રિગુણાતીત તત્વ છે.

દશબાર વર્ષની બાળવયથી, સદ્‌ગુરૂ પરમાત્મ પ્રભુનીજ કૃપા પ્રસાદથી થયલી પ્રેરણા પ્રમાણે, તે સર્વાન્તર્યામિ શ્રીહરિગુરૂની શ્રદ્ધાપ્રેમ પૂર્ણત્વભાવથી સર્વોપચારયુક્ત, ઉલ્હાસ–આનંદપૂર્વક પૂજા સેવાને માટે જે પૂજા સામગ્રી તઈઆર કરેલી તે, આ સ્થૂલ શરીર પંચત્વને પામ્યા પછી અસ્તવ્યસ્ત થઇ જવા નહિં પામે, અને બાળવયેજ સ્ફુરેલા સંકલ્પજન્ય સર્વ પરિશ્રમ સફળ થાય, એ હેતુથી આ પ્રવૃત્તિ કરાઈ છે, તે, જે ઉદાર ચરિત સુજ્ઞ શ્રીમાન ભગવત્પ્રેમપાત્ર સજ્જનદ્વારા પ્રસિદ્ધિમાં મુકાશે તે દૈવી મહાશય, તે વિશ્વરૂપ સમર્થ વિશ્વાત્મા નારાયણ પ્રભુશ્રોની પૂજા પૂર્ણ કરવા માટે પુણ્ય પુંજ પ્રાપ્ત થવા વિશે તો શંકાજ નહિં હોય, પણ મ્હારા તરફથી તેમજ સુજ્ઞ જિજ્ઞાસુ વિશ્વજન તરફથી અત્યંત ધન્યવાદને પ્રાત્ર થશેજ, એમ કહેવાની પણ જરૂર નથી. કેમકે પ્રભુની આવી પૂજા–સેવાનું કામ ઉપાડી લેનાર પ્રભુરૂપ હોવાથી પૂજ્ય છે, પ્રશંસનીય છે, વંદ્ય છે, અને આ લેખક ઉપર તો, ટૂંકમાં કહું તો, અપાર કૃપાપ્રસાદની સુખપ્રદ, શીતલ, ભવરોગનાશક, સંતોષકારક, અને શાશ્વતિ શાંતિપ્રદાતા વૃષ્ટિ કરનાર હોવાથી તેમને મ્હારા (આ નમ્ર લેખક શ્રી હરીગુરૂ સંતના અતીવ લઘુમત બાલકના) વારંવાર સપ્રેમ સવિનય પ્રણામ છે, તેનો સ્વિકાર તેઓશ્રી કરશેજ, એમ સનિશ્ચય સમજી હું મારી કૃતકૃત્યતા માની અત્રે ॐ તત્સત્ પ્રભુપદમાં વિરમું છું.

લગભગ એકાદ માસથી આ પ્રવૃત્તિ ચાલુ હતી. દરમ્યાન સં. ૧૯૮૬ ફા. કૃષ્ણ ૧૩ શુક્રથી પ્રકૃતિમાં વિષમતા જણાઇ, તેથી તાવ

વગેરેને લીધે શક્તિ કમી થઇ જવા છતાં બન્યું તેમ પ્રવૃત્તિ જારી રાખી. ચૈત્ર શુક્લ દ્વિતીયા મંગળે, હમારા મિત્ર રા. રા. ચંદુલાલ લલ્લુભાઇ મુનીમ જેઓ ઘણા પ્રતિષ્ઠિત, સુજ્ઞ, વિવેકી, કોમળ નિર્મળ અંતઃકરણવાળા મહાશય છે તેઓ, જ્યારે લેખકની ખબર જાણવા પધાર્યા ત્યારે આ બધું લખવાનું કામ ચાલી રહેલું જોઇ બોલ્યા કે, તમારૂં એ લખાણ, ભલે તે શાસ્ત્રીજીના ઉપદેશના ઉત્તમ ફોટોગ્રાફ જેવું હોય પણ તેને (૧૫) વર્ષ થઈ ગયાં; પરંતુ બીજા શ્રીમાન શ્રદ્ધા પ્રેમ સંપન્ન સજ્જનોએ હાલ સુધીની પદ્ધતિથી થયલાં પ્રવચન છપાવી પ્રસિદ્ધ કીધાં છે.* તે

---

* એ રીતે છપાયલું ગીતા ઉપનિષદો તથા પાતંજલ યોગ સૂત્રાદિનાં પ્રવચનની પ્રતો (Copies—બુકો) વી. પી. (V. P.) કરીને મારા ઉપર તે કૃપાળુ પ્રકાશક મહાશય તરફથી અથવા અન્ય કોઇ સુજ્ઞ સજ્જન તરફથી પણ મોકલી આપવા કૃપા થશે તો, અથવા મુંબાઈ કાંદાવાડી કાનજી ખેતસીના અગર હોરાના માળામાં બીજે માળે રહે છે તે લેખકના મનાતા આત્મજ સુપુત્રો શ્રીયુત્ વાસુદેવભાઈ અગર સદાશિવભાઇ તરફ મુંબઈમાંજ તેમને મળવા ગોઠવણ થશે તો, તેમનો મહદુપકાર મંતવ્ય ગણી તેના બદલામાં તેમને ધન્યવાદ સમર્પણ પૂર્વક, શ્રમની ક્ષમા ઇચ્છી પ્રણામ અર્પવા ભાગ્યશાળી થઈ શકીશ. તે સાથે, ઉપર જણાવેલા શ્રીયુત ચંદુલાલભાઈના નાનાભાઇ શ્રીયુત્ છોટુલાલભાઇ જેમણે પોતાની શુદ્ધ પિતૃભક્તિની સ્પષ્ટ પ્રતીતિરૂપ પોતના પિતા શ્રીમત્ લલ્લુભાઈ જેઓ મહા પવિત્ર, પુણ્યપુંજ, શાંત, પરોપકારાનુરાગી, વિવેકી, બ્રહ્માત્મૈક્ય અનુભવ પ્રાપ્ત મહાત્મા પંક્તિપાત્ર, ઉદાર ચરિત, પૂજ્ય મહાશય હતા તેમનાં જીવનચરિત્રની પ્રસિદ્ધિ ત્રણ વાર કરી હજારો રૂપીઆ ખરચી તેમાંના જ્ઞાનભંડારને લુટાવી દેવા પ્રવૃત્તિ સેવી, જનસમાજને જ્ઞાનરૂપ શ્રી સંપત્તિથી શ્રીમાન કરવા (તેમજ શ્રીમત્ સ્વામિજી શ્રી પ્રકાશાનંદજી જેઓ અવધૂત યોગી વૈરાગ્ય મૂર્તિ જ્ઞાનરૂપ નિઃસ્પૃહ નિર્વિકાર પરમ પૂજ્ય મહાત્મા છે અને જેઓ તે શ્રી લલ્લુભાઈ સાહેબનો સમાગમ સહવાસ સેવી તેમની કથા ઉપદેશનું શ્રવણ મનન કરી શુદ્ધ

સાંભળી મ્હને એટલો આનંદ પ્રતીત થયો કે, જાણે મારો સંકલ્પ આ ક્ષણેજ પૂર્ણ થયો-સિદ્ધ થયો. અથવા મારાં શિર ઉપરથી, જાણે કોઇ દૈવી અદ્રષ્ટ ગુપ્ત સત્તાએ, ભાર નીચે નાખી દઈ મને નિષ્કિંચન-નિર્વિકલ્પ-નિર્વિકાર શાન્ત સ્થિતીમાં ગબડાવી દીધો હોય, અને ત્યાં સુખ શૈયામાં (સ્વરૂપ સ્થિતીમાં) નિશંતે સુતો હોઉં તેવું લાગ્યું. તેથી સંતોષ પામતાં વિચાર થયો કે, ભલે મારૂં ધારેલું કર્તવ્ય ઇષ્ટ કૃપાથી થઇ ગયું હશે તો પણ આ પ્રવૃત્તિ કરાવનાર પણ તે સર્વજ્ઞ સત્તાજ છે; તો હવે બે અધ્યાય માત્ર છપાવી એક નાની બુક પ્રસિધ્ધ કરી, તત્ર ભ. ગી. પાઠશાળાના શ્રધ્ધા સંપન્ન શ્રોતા જનોમાં, તેમજ સુજ્ઞ જિજ્ઞાસુ અન્યજનોમાં, વિના મૂલ્યે આપવારૂપ વિશ્વમૂર્તિ ભગવાન શ્રી. મન્મહેશ્વર નારાયણની સેવા પૂજા વંદન થાય તો બસ (અલં) છે. તેથી આજ સં. ૧૯૮૬ ચૈત્ર શુકલ ૩ બુધવાર તા. ૨-૪-૩૦થી પ્રવૃત્તિ ઢીલી કરી નાખી.

એ રીતે ગીતાનો પ્રથમાધ્યાય જે પ્રસ્તાવનારૂપ છે તથા બીજો અધ્યાય સંપૂર્ણ ગીતા શાસ્ત્રરૂપે-સૂત્રરૂપ છે તેનું પ્રવચન લખ્યા બાદ ઇશ ઉપનિષદના મંત્રો ઉપરનું પણ તે સાથે વધુમાં ઉમેરવું યોગ્ય

ચિત્ત બની પરમામૃતરૂપ બ્રહ્માત્મૈકય અભેદ દ્રઢ અપરોક્ષ સ્વરૂપાનુભવી થયલા હોવાથી તેઓ શ્રી લલ્લુભાઇને સદ્‌ગુરૂ માની લાંબો વખત તેમની સેવાપરાયણ રહેલા તેમની ઇચ્છાને માન આપી તેમની પ્રસન્નતા ખાતર) વિના મૂલ્યે આપ્યા કરવા ઉદાર પ્રવૃત્તિ સેવી જિજ્ઞાસુ સુજ્ઞજનો ઉપર મહદુપકાર કીધો છે. તે પૂજ્ય જ્ઞાનમૂર્તિ શ્રી લલ્લુભાઈ મહાત્માને તથા પરમકૃપાળુ મહાનુભાવ સ્વામિ શ્રીમત્ પ્રકાશાનંદજીને આ સ્થળે સવિનય સપ્રેમ પ્રણામ પંક્તિ અર્પી, વિશ્વવાટિકામાં વિચરતી અસંગ રંગ રંગિત શુદ્ધ બુદ્ધિવાળી શ્રદ્ધા પ્રેમ સંપન્ન ભક્ત, જ્ઞાની, ધ્યાની, તપસ્વી, યોગી, ઋષિ, મુનિ, સાધુ, સંત, મહાત્મા, વગેરે દૈવી વ્યકિતઓરૂપ પૂજ્ય વિભૂતિઓને, સર્વોપચાર યુકત પૂજારૂપે, સવિનય સપ્રેમ પ્રણમીને લેખક પોતાને કૃતકૃત્ય થયલો માને છે. **तथाऽस्तु हरि ॐ तत्सत्.** ॥

ગણ્યું છે. ગીતાના બાકીના અધ્યાયો ઉપર થયલાં તથા બીજાં ઉપનિષદો (છાંદોગ્ય, કેન, માંડુક્ય, મુંડક, બૃહદારણ્યક, વગેરે) ઉપર, અને પાતંજલ યોગસૂત્રો ઉપર થયલાં વગેરે જે કાંઇ પ્રવચનો વિશેનું લખાણ લેખક પાસે હાજર હશે તે પ્રસિદ્ધ કરવા કોઈ સુજ્ઞ શ્રીમાન્ પરોપકાર રત મહાશયની ઇચ્છા થયે, જો તેઓશ્રી તરફથી માગવામાં આવશે તો તેમની યોગ્યતા ઉપર વિચાર કરી, પ્રસિદ્ધ કરવા સંતોષકારક ખાત્રી આપેથી, તેમને લખેલી નોટબુકો સોંપી દેવા ઘટતો વિચાર કરી શકાશે. દ્રવ્ય સંપત્તિના અભાવે લેખક તેમ કરવા ભાગ્યશાળી નથી થઈ શકયો, તેમજ થવા સંભવ ન જણાયાથી આ રીતની સૂચના અસ્થાને નહિં ગણાશે; કેમકે ઉપર લખ્યા પ્રમાણે હાલ સુધી કોઈ તરફથી પણ તે પ્રવચનોનો સંગ્રહ કરાઈ છપાયલાં (તજવીજ કરતાં) જણાતાં નથી. અસ્તુ. ગમે તેમ હો. સદ્‌ગુરૂ પરમાત્મા આ પ્રવૃત્તિરૂપ પૂજનથી સંતુષ્ટ થાવ. એજ ઇષ્ટ. तथास्तु हरिः ॐ तत्सत.

સુરત તા. ૧૧-૮-૩૦ }
શ્રા. વદ ૨ સોમ ૧૯૮૬ }

લેખક ૐ
માણેકલાલ જમનાદાસ મ્હેલારજી.

સદ્‌ગુરૂ પરમાત્મા શ્રી પરમેશ્વર પ્રીત્યર્થે, તે પ્રભુનીજ પ્રેરણાથી પ્રારંભ કરાયલાં આ કામમાં, રા. રા. શ્રીયુત્ પરભુશંકર નરભેરામ વ્યાસ (વિશ્વજ્યોતિના તંત્રી), જેઓ સરળ, સુજ્ઞ, વિવેક સંપન્ન, નિર્મળ અંતઃકરણના હોઇ બ્રહ્મત્વને દીપાવનાર સાત્વિક વિભૂતિ છે તેમણે સહાય (મદદ) આપવામાં પ્રેમયુક્ત શ્રદ્ધાપૂર્વક તનમનથી જે પ્રવૃત્તિ સેવારૂપ તે પ્રભુશ્રીની સેવા બજાવી છે તેને માટે તેઓ અતિ ધન્યવાદને પાત્રછે.

બન્યું તેમ પ્રુફ સુધારવા સંભાળ રાખી છતાં ભુલો રહી ગઈ જણાય ત્યાં સુજ્ઞ વાંચક મહાશયે યથાર્થરૂપમાં વાંચી વિચારી સમજી લેવા કૃપા કરવા વિજ્ઞપ્તિ છે. ॐ तत्सत्.

સુરત સંવત ૧૯૮૭ તા. ૯-૩-૩૧ }
ફાલ્ગુન કૃષ્ણ ૨ંગપંચમી. રવિ }

મા. જ. મ્હે.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૧૮	વગેરે વગેરે	ક્રાવષેયગીતા, સનત્સુજાત ગીતા વગેરે
૨૭	૧૧	કાતરડાંને	દાતરડાંને
૪૪	૨૧	હતાખરૈ	હતો ખરો
૪૫	૧૮	ત્રિકાળદશિ	ત્રિકાળદર્શિ
૪૬	૧૮	ને	તે
૪૮	૩	शास्तम्	शातम्
૪૯	૨૬	બસવું	બેસવું
૫૨	૧૧	બધામા	બધાનો
૫૫	૧	क्षोत्रियं	श्रोत्रियं
૫૭	૧૩	આવ્યું	આવ્યું !
૬૦	૧૪	પડે છે	આંસું પડે છે
૬૩	૧૦	નિદ્રાવીદેવીના	નિદ્રાદેવીના
૬૫	૧૪	લીધે	લીધો
૭૦	૧૨	विनश्यनि	विनश्यति
૭૨	૧૯	ધીધું છે	લીધું છે
૭૯	૧૨	રહિય	રહિત
૮૦	૭	અનેક	અને
૮૦	૧૯	મેધદૂન	મેઘદૂત
૯૪	૧	स्तं	स्त्वं
૧૦૦	૧૪	प्रथभं	प्रथमं
૧૧૧	૧૨	Sagar	Sugar
૧૧૫	૧૧	भिदंसर्वे	मिदंसर्वं
૧૧૫	૧૮	કમમાં	કર્મમાં

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧૯	૧૩	ખરો	ખરો હેતુ
૧૩૫	૪	राग	रोग
૧૪૬	૨૧	જગ્	તજગ્
૧૫૧	૧૭	મમત	મમતા
૧૫૨	૧૭	ત્રુદ્ધિની	બુદ્ધિની
૧૬૩	૬	मुंजंति	भुंजंति
૧૭૬	૧૦	ત જોઈ	તં જોઈ
૨૧૩	૪	अमेध्य	अमेध्य
૨૨૭	૯	ચો	આખો
૨૩૧	૨	तत्रेका	तत्रका
૨૩૬	૯	કાઉન્સેલસ	કાઉન્સેલર્સ
૨૪૧	૧૧	દ્રષ્ટારૂપ	દ્રષ્ટારૂપે
૨૪૨	૪	मोहनिमुक्ता	मोहनिर्मुक्ता
૨૪૩	૧૯	पुरुय	पुरुष
૨૪૫	૯	રૈયય	રૈયત
૨૪૭	૨૫	प्रशिशांति	प्रविशांति
૨૫૮	૨૫	યું	થયું

श्रीकृष्ण



सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥

Shanker Press-Surat.

જ્ઞાન સૂર્યોદય-ઉત્તરાર્ધ

ભાગ ૨.

ગીતા પ્રવચન વગેરે.

ગીતા, એ શું છે? What is Gita? गीतेति किं? ગીતા સો ક્યા હૈ?

૧. દ્રશ્ય, જડ, અને મિથ્યાપ્રતીત થતાં માયામય–પ્રકૃતિજન્ય ત્રિગુણાત્મક ભૌતિક નાશવાન શરીરને જીવાત્માનાં વસ્ત્ર સમાન, અને જન્મ મૃત્યુરૂપ જુનું વસ્ત્ર બદલી નવું વસ્ત્ર ધારણ કરવા સમાન સમજીને, તેમાં વસનારા જીવાત્માને, નિત્ય, શસ્ત્ર અસ્ત્રાદિથી અચ્છેદ્ય–કપાઇ તુટી ભાંગી શકાય નહિં એવો, અગ્નિ વિજળી વગેરેથી બાળી નહિં શકાય એવો, જળથી ભીંજવી નહિં શકાય એવો, વાયુથી સુકવી નહિં શકાય એવો, અને મૃત્યુથી નહિં મારી શકાય એવો છે; એવી ખાત્રી–નિશ્ચય કરી આપવાવાળું અભય શાસ્ત્ર છે. તે એ ગીતા.

૨. પોતપોતાની પ્રકૃતિને અનુસાર ગુણ–સ્વભાવને અનુકુલ, લાભાલાભ અથવા જય પરાજયની ફલાકાંક્ષા નહિં રાખતા હુવા કેવલ કર્તવ્યની દ્રષ્ટિથી શુભ કર્મો કરવાં, એજ યથાર્થ મનુષ્ય ધર્મ છે, તે શિખવીને સ્ત્રી શૂદ્રાદિ મનુષ્ય માત્રને માટે મોક્ષમાર્ગના અધિકારીની ઘોષણા કરવાવાળો, અને પ્રત્યેક તીવ્ર જિજ્ઞાસુ–મુમુક્ષુને સત્ય અટલ શાશ્વત સ્વરાજ્યનો નિરંકુશ અધિકાર પ્રદાન કરનારો ઇશ્વરીય ઢંઢેરો છે. તેજ એ ગીતા.

૩. મનુષ્ય જીવનની નૌકાને આ ઉછળતા ભવસાગરના પ્રચંડ તરંગોથી બચાવી લઇને ક્ષેમકુશળ સાથે (સહીસલામત-નિર્વિઘ્ને) સદા સર્વોત્તમ સુખરૂપ સ્વદેશમાં (બ્રહ્માનંદ રૂપ પરમ સ્વધામમાં) પોંહોંચાડી દેનાર **સુદ્રઢ જહાજ છે.** તે એ ગીતા.

૪. જીવનરથનાં વ્યવહાર અને પરમાર્થરૂપ પૈડાંને નઠારામાં નઠારી ઉંચી નીચી જમીનપર પણ ગતિ અને ઉત્સાહ પ્રદાન કરવાવાળી **અખંડ-દૈવી શક્તિ છે.** તે એ ગીતા.

૫. વેદરૂપી વિશાલ પર્વતોના ઉચ્ચથી ઉચ્ચ (ઉચ્ચત્તમ) શિખરો પર પૂર્ણ સ્વતંત્રતાથી વિચરીને જ્ઞાનની દિવ્ય ગર્જનાદ્વારા જગતને મોહ નિદ્રામાંથી જગાડવામાં તત્પર **અનુપમ વિજળી છે.** તે એ ગીતા.

૬. ઉપનિષદરૂપી ગૌમાતાઓના ભગવાન શ્રીકૃષ્ણ સદ્રશ અદ્‌ભુત ગોપાલદ્વારા દોહન કરાયલું અને વ્યાસ સદ્રશ સર્વ શ્રેષ્ઠ મહર્ષિદ્વારા મહાભારતરૂપી પાત્રમાં સંગ્રહ કરાયલું એવું **સારામૃત છે.** તે એ ગીતા.

૭. લોકોના ત્રણ, અને પંડિતોના સાત+ તાપોને નિવૃત્ત કરીને, વ્યવહાર પરમાર્થના માર્ગને સહજ સરળ અને શીતળ બનાવી દેનારી **અમૃતવર્ષા છે**.......તે એ ગીતા.

૮. પાખંડી પ્રપંચી લોકોએ ફેલાવેલી ભ્રમ જાળથી છોડાવીને સત્યનાં આકાશમાં વિહાર કરનારૂં **વિમાન છે**...તે એ ગીતા.

+ત્રિવિધિ તાપમેં જકત જલે, પંડિત સાત કિશોર;
હારજીતને પાઠ વિસર્જન, (એ) ચાર તાપ ભયે ઓર.

કવિ કિશોર કહે છે કે, અધ્યાત્મ અધિભૂત, અને અધિદૈવ, એ ત્રણ તો આખું જગત બળ્યા કરે છે, પણ હારવું, જીતવું, પાઠ કરવો, અને તે ભૂલી જવો, એ રીતના બીજા ચાર તાપ સાથે સાત તાપથી પંડિત (પોતાને વિદ્વાન સમજનાર અભિમાની છે તે) બળે છે.

૯. વેહેમ અને બહારના આચાર વિચારોની ભ્રાંતિ–શંકારૂપ કંટકોને છેદીભેદી,–પ્રતિબંધોને તોડી ભાંગી દૂર હટાવી દઈને, સત્યધામની સીધી સડક બતાવી દેનાર **માર્ગદર્શક** છે.......તે એ ગીતા.

૧૦. દૂરથીજ સત્ય, સુંદર, અને સુખપ્રદ જણાતા મિથ્યા પદાર્થો તરફ અનેક જન્મોથી જીવને દોડાવ્યા કરનારી પ્રપંચમયી અવિદ્યાને ઉડાવી દઈ મોક્ષદ્વારની સરળ કુંચી સીધા જિજ્ઞાસુના હાથમાંજ સોંપી દેવાવાળી ભોલી–ભાલી **બ્રહ્મવિદ્યા** છે...તે એ ગીતા.

૧૧. બસ, ગીતા તે ગીતાજ છે.

गगनं गगनाकारं सागरं सागरोपमम् ॥
रामरावणयोर्युद्धं रामरावणयोरिव ॥

આકાશ તો આકાશ જેવુંજ, સમુદ્ર તો સમુદ્ર જેવોજ, રામરાવણનું યુદ્ધ તે રામરાવણનાં યુદ્ધ જેવુંજ. એ બધાંને ઉપમા–મુકાબલા માટે બીજું જડે તેમ નથી; તેજ રીતે ગીતા કોના જેવી? તો, ગીતા જેવીજ. ઉપમા–મુકાબલો મળે તેણુ નથી. તેથીજ ગીતા તે ગીતાજ છે......તે એ ગીતા. ॐ

૧૨. ભૂમંડલના સાહિત્ય ભંડારમાં ભગવદ્ ગીતા છે તે એક અમૂલ્ય, અદ્વિતીય, અનુપમ રત્ન છે. હિંદુ ધર્મના મુખ્ય મુખ્ય દાર્શનિક વિચાર, વૈજ્ઞાનિક સિદ્ધાંત, ધાર્મિક તત્વ, નૈતિક ઉપદેશ, જ્ઞાન યોગ, અને ભક્તિ માર્ગોના સાધન, વગેરે સઘળાનું પ્રતિપાદન એ અમૂલ્ય ગ્રંથમાં છે. કુરૂક્ષેત્રની રણભૂમિમાં ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજીએ પાંચ હજાર વર્ષ પહેલા જે ઉપદેશ કીધો હતો તે કેવળ અર્જુન માટેજ નહિં હતો, પણ સઘળા સંસાર–જગતને માટે હતો. મનુષ્ય જાતિની ઉન્નતિ અને ઉદ્ધારને માટે એનાથી વધી જાય એવો કોઇ ઉપદેશ નથી. પાંચ હજાર વર્ષોથી એ ઉપદેશ શંખનાદ કરતો હુવો અસંખ્ય જનોને સ્વકર્તવ્યની શિક્ષા

આપી રહ્યા છે. જે ક્ષત હૃદયોમાં નિરાશાનો અંધકાર છવાઈ રહ્યો હોય તેનામાં આશાનો પ્રકાશ કરી રહ્યો છે. ભારતનો ધર્મ, ભારતનાં કર્મ, અને ભારતનો મોક્ષ પ્રદર્શક પથ એજ છે. અગણિત હિંદુ–આર્ય સજ્જનોનાં ઘરોમાં પ્રતિદીન શ્રદ્ધાપૂર્વક એનો પાઠ થાય છે. સંસારના બધા પાશ્ચાત્ય અને પ્રાચ્ય વિદ્વાનો, એ અદ્વિતીય ગ્રંથની, પ્રશંસા મુક્ત કંઠે કરી રહ્યા છે. અતીત કાલીન વિદ્યા, ધર્મ, વિજ્ઞાન, નીતિનો ભંડાર એજ છે. પરમાત્મા શું છે, આત્મા શૂં છે. એ બેહુનો શું સંબંધ છે, જગત શું છે, સૃષ્ટિ શી રીતે થઈ. એનો લય ક્યારે અને શી રીતે થાય છે, મોક્ષ શું છે, અને શી રીતે પ્રાપ્ત થાય છે, ઇશ્વરની પ્રાપ્તિનો માર્ગ કયો છે, માનુષી સભ્યતાની પરાકાષ્ટા શું છે, ઈત્યાદિ પ્રશ્નોના સરળ સ્પષ્ટ ઉત્તર એ (ગીતા) ગ્રંથમાં છે. ભ. ગીતાના આધાર પર અર્થાત્, એને અનુસરીને અથવા એને અનુકુળ જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, કર્મ, ઉપાસના, વગેરે અમુક અમુક વિષયને પ્રાધાન્ય આપી. અનેક ગીતાઓ થઇ છે; જેવી કે,– શિવગીતા, દેવીગીતા. ગણેશગીતા, સૂર્યગીતા, રામગીતા, ઇશ્વર ગીતા, કપિલગીતા, હંસગીતા, વ્યાધગીતા, પાંડવગીતા, વ્યાસ-ગીતા, અષ્ટાવક્રગીતા, અવધૂતગીતા, અનુગીતા, યમગીતા, વગેરે વગેરે, જે હિંદુઓનાં દાર્શનિક અને ધાર્મિક સાહિત્યનાં રત્નો છે. પરંતુ શ્રીમદ્ ભં. ગીતાનું મહત્વ કંઈ જુદુંજ છે. એનો મહિમા અકથનીય છે. એમાં કેવળ પ્રાચીન કાળનુંજ જ્ઞાન છે એમ નથી, પરંતુ ભવિષ્યમાં જે વિચાર ઉઠવાના છે તેના પરિપક્વ થવાને માટે પણ પર્યાપ્ત સામગ્રી જેમાં છે. તે એ ગીતા. એવી એ અદ્વિતીય અદ્‌ભૂત ગીતાના ઉપદેષ્ટા કોણ અને કેવા હતા?

૧૩. ટૂંકમાં કહિયે તો,–ગીતા શ્રી ભગવાનની આશ્વાસ વાણી છે. ગીતા પ્રકૃતિ દેવીની પિયૂષ–પયોધારા છે. ગીતા સંસાર–પ્રવાહમાં જ્ઞાન–પ્રદર્શિની છે. ગીતા વિષાદમય જીવનમાં જ્યોતિ–શિખા છે.

ગીતા ભગવત્-સાન્નિધ્ય-લાભનો પરમોત્તમ ઉપાય છે. ગીતા અજ્ઞાનાન્ધ વ્યકિતઓને માટે દિવ્ય જ્ઞાનાંજન શલાકા છે. ગીતા મુમુક્ષુને માટે એક માત્ર ઉપદેશદાત્રી છે. ગીતા મુક્તિ પથમાં પથ-સહચારિણી છે. ગીતા સંસારાર્ણવમાં ભટકતા જીવોને માટે દિક્ સૂચક યંત્રિકા છે. જે ગીતા શ્રી કૃષ્ણભગવાનના પાંચ જન્ય શંખની શંખધ્વનિ છે. તે એ ગીતા. એવી એ અદ્વિતીય અદ્‌ભુત ગીતાના ઉપદેષ્ટા કોણ અને કેવા હતા ?

૧૪. જેવો અદ્‌ભૂત, ચમત્કારી, અદ્વિતીય, સર્વોત્કૃષ્ટ, અમૃત રસમય ગીતાનો ઉપદેશ છે તેવાજ અદ્‌ભૂત, વિચિત્ર, ઓજસ્વી, પ્રભાશાલી, અદ્વિતીય, વરેણ્ય, અનંત સૂર્યાદિને પણ પ્રભા, સત્તા, સ્ફુર્તિ, ગતિ, શકિત, પ્રદાતા મહા સૂર્યરૂપ, એવા તે ઉપદેશના કરવાવાળા પણ છે. સંસારના-જગતના અનેક કવિવરો, લેખકો, વિદ્વાનો, ટીકાકારો, અને ભાષ્યકારો વગેરેએ ભગવાન શ્રી કૃષ્ણ ચંદ્રના ચરિત્ર ચિત્રણની ચેષ્ટાઓ-વર્ણનો કીધાં છે, અને તેમાં ઘણીખરી સફળતા પણ પ્રાપ્ત કરી છે, પરંતુ ભગવાન શ્રી કૃષ્ણના ગુણોનો પાર કોણ પામી શકે છે ? તે અગણિત, અતુલનીય, અપરિમિત છે. ભગવાન શ્રી કૃષ્ણ પ્રાચીન ભારતના સર્વથી શ્રેષ્ઠ-મ્હોટા, સર્વ કરતાં ઉદાર હૃદયના મહાત્મા હતા. જેમ, સર્વ પર્વતો કરતાં હિમાલય ઉંચો છે, તેમ શ્રી કૃષ્ણ પ્રભુ જગતના સઘળા મહાત્મા, મહાપુરૂષો, ધર્મોપદેશકો, યોગિયોથી ઉત્કૃષ્ટ છે. એમનાં ચરિત્રમાં વૈચિત્ર્ય પ્રધાન છે. રાજ નીતિજ્ઞ, શાસક, યોદ્ધા, વિજયી, ઉપનિવાસ-સંસ્થાપક, કળાકુશળ, તત્વજ્ઞાની, ઉપદેશક, ધર્મપથ-પ્રદર્શક, મહાયોગી, વગેરે વગેરે સઘળા ગુણ-સંપન્ન તેઓ મહા સમર્થ પ્રભુ હતા. એમનાં પ્રાકટય પહેલાં કોઇ અવતાર એવો પૂર્ણ અને વિચિત્ર થયો ન હતો. ભગવાન શ્રી નૃસિંહ પ્રાકૃતિક શકિતનો અવતાર હતો. શ્રી રામચંદ્ર મર્યાદા પુરૂષોત્તમ હતા, પરંતુ કલા સંપન્ન અવતાર તો શ્રીકૃષ્ણચંદ્રજીજ

હતા. એ પ્રભુમાં મનુષ્ય જીવનનાં સઘળાં રૂપ અને સઘળાં કામો વ્યક્ત હતાં. આધુનિક સંસારના સર્વશ્રેષ્ઠ દાર્શનિક વિદ્વાન હીગલે પરમેશ્વરને સત્, અસત્. અને નિરંતર વ્યક્તતાનું કેન્દ્ર બતાવ્યો છે. ભગવાન શ્રી કૃષ્ણ એ ભાષાના પ્રત્યક્ષ રૂપ હતા. એ શ્રીવર પ્રભુના સંબંધમાં જેટલું કહિયે, લખિયે, અને એમનાં ગુણગાન જેટલા કરીએ તેટલા થોડા છે.

૧૫. એ રીતે અદ્ભૂત અદ્વૈતામૃત વર્ષિણી બ્રહ્મ વિદ્યા ભગવતિ ચિતિ સ્વરૂપા શ્રીમ. ભ. ગીતા શું છે તે, તથા એવી પરમામૃતરસ વૃષ્ટિધારાથી ભીંજવી નાખી જીવત્વનાં અહંમમત્વને પિંગળાવી દઈ તે રસમય કરી મુકનારી ગીતાના ઉપદેષ્ટા કોણ કેવા છે તે વિશે ટૂંકમાં કહી, તે ગીતા અને તેના ઉપદેશક પરમકૃપાળુ સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રને સપ્રેમ પ્રણુતિ પરંપરા–પ્રણામ પંક્તિ (સર્વોપચાર યુક્ત સંપૂર્ણ પૂજનરૂપે) અર્પણ કરી વિરમાય છે. ૐ **नमो भगवते वासुदेवाय ॥ हरिः ॐ नमोनमः ॥**

૧૬. **वंशी विभूषित करानवनीरदाभात्, पीतांबरात् अरुण बिंब फलाधरोष्ठात् ॥ पूर्णेन्दु सुंदर मुखात् अरविन्द नेत्रात्, कृष्णात् परंकिमपि तत्वमहं न जाने ॥ १ ॐ तत्सत् ॥**

ॐ श्री कृष्णंवन्दे जगद्गुरुं ॥ ॐ श्रीं वन्दे ॥ ॐ नमोनमः ॐ

ૐ અનંત શક્તિ સંપન્નાય સર્વ શક્તિ સહિતાય સચ્ચિદાનંદ રૂપાય શ્રીમન્હા ગણાધિપતયે મહેશ્વરાય મહાવિષ્ણુવે ચિતિરૂપાય તત્સવિતાનારાયણાય મારૂતિ સ્વરૂપાયચ અનસૂયા અત્રિનંદનાય વિધિ હરિહર બ્રહ્માત્મૈક્ય સ્વરૂપાય દત્તાત્રેયાય અવધૂત નિરંજનાય સદ્ગુરૂવે પરમાત્મને નમોનમઃ ૐ

શ્રી મદ્ભગવદ્ગીતા અધ્યાય ૧ શ્લોક ૧ (પહેલો) વિશે પ્રવચન.

ધર્મ ક્ષેત્રે કુરુક્ષેત્રે૦ એ પ્રમાણે પ્રથમ શ્લોકમાં શ્રીમન્મહા ગણુપતિ સ્થાપનારૂપે મહામુનિ વ્યાસ ભગવાને કહ્યું. તેમાં તેમની અગાધ વિશાળ બુદ્ધિનો પ્રભાવ સુખપ્રદ મનોહર ઝળકી રહ્યો છે તેનું ભાન કરાવાય છે.

પ્રથમજ–ગીતા ગ્રંથના પ્રારંભમાંજ **ધર્મ** શબ્દ છે; અને તેજ પ્રથમ શ્લોક અંતે (**સંજય** શબ્દમાં) **જય** છે. તે શું સૂચવે છે? જ્યાં ધર્મ છે ત્યાં અંતે જય છે (અર્થાત્ અધર્મ છે ત્યાં જય નથી.) **કુરુક્ષેત્ર** અર્થાત્ કર્મભૂમિ–આ ભારતવર્ષ તેમાં મનુષ્ય શરીરરૂપ કર્મક્ષેત્ર છે તેમાં આવીને પરમાત્મ તત્ત્વનું અપરોક્ષ બ્રહ્માત્મૈક્ય તત્વજ્ઞાન પ્રાપ્ત કરી ભવાટવિ ભ્રમણથી મુક્ત થઈ જવારૂપ ધર્મ સંપાદન કરી. પોતાનું ભ્રાન્તિ જન્ય જીવત્વ તેમાં હોમી દેવારૂપ મહાયજ્ઞ કરવાનો છે; અથવા તો શ્રી હરિગુરૂ શ્રીમન્નારાયણ પરાયણ થઈ રહી, તે પ્રભુનાજ બની રહી ફલાસક્તિ રહિત થઈ તથા કર્તૃત્વાભિમાન ત્યાગી, સર્વ કર્મ તે શ્રીવરનેજ અર્પણ કરી દઈને, "તુંજ છે, હું કંઈજ નથી," એવું યથાર્થ સમજી, શુદ્ધ સાત્વિકી શ્રદ્ધા અને પ્રેમથી તન્મય બન્યા રહેવારૂપ અનન્ય ભક્તિયોગરૂપ યજ્ઞ કરી અભય પ્રાપ્ત થવાનું છે. એમ કરાય–એ રીતે ધર્મ સ્વિકારાય તો મૃત્યુના ઉપર જય મેળવવાનું સહજ સુલભ છે; અર્થાત્ જન્મમરણનો ભય જઈ અભય પ્રાપ્ત થવામાં વિજયી થવા સંભવ છે.

પરાપૂર્વથી દૈવી અને આસુરી સૃષ્ટિ ચાલી આવે છે. ધૃતરાષ્ટ્રરૂપ અહંકારની દુર્યોધનાદિરૂપ પ્રજાસ્ત્રષ્ટિના પોતાના પુત્ર પૌત્રાદિ મિત્રો વગેરે, પાંડવોરૂપ દૈવી પ્રજા સાથે યુદ્ધ કરવાને શરીરરૂપ કુરૂક્ષેત્રમાં ભેગાં થયા છે તેમાં પોતાના પુત્રાદિનો જય થવાની આશામાં અહંકારરૂપ ધૃતરાષ્ટ્ર, દૈવી સેના જે સત્વગુણની સંતતિ ગણાય છે તે જો કે રજ તમગુણો જે પોતાના ભાઈઓ છે તેની છે, છતાં વિરૂદ્ધ–સામાવાળા હોવાથી ધૃતરાષ્ટ્ર એમ બોલ્યા કે, **मामकाः** મારા દુર્યોધનાદિ, અને

પાંડવાશ્ચૈવ કહી પાંડવને જુદા પાડી ભેદ બંતાવ્યો, અને સંજય એવા દ્રિવ્ય દ્રષ્ટિવાળાને પુછયું કે, તેઓ ત્યાં શું કરતા હવા.

સ્વર્ગ, ભૂલોક, અને પાતાળ, એ ત્રૈલોકમાં વિખ્યાત એવું મહાભારત છે. તેનાં ૧૮ પર્વ છે તેમાં ભીષ્મ પર્વ છે તેમાં એક ભાગ ગીતા છે તે એક સુંદર અમુલ્ય રત્નોની ખાણુ છે તેને તપાસવા આખો મહાભારત દેશ જોવો પડયો. ભીષ્મનું શરીર જાણે ભક્તિરસનું બનેલું હોય ને; એવા તે ભીષ્મપર્વનું, એ ગીતા છે તે, હૃદય છે. વ્યાસ જેવા મહા સમર્થ કવિઓનું વર્ણન કરવા જઈએ તો પત્તો ન લાગે, તેથી પ્રથમજ બે હાથ જોડીએ. **नमो स्तुते व्यास विशाल बुद्धे.** એવા તે શ્રી વ્યાસભગવાને રચેલું મહાભારત છે, તેમાં ગીતા છે. તેમાં પ્રથમ ધૃતરાષ્ટ્ર બોલ્યા. પણ "**धृतराष्ट्र उवाच**" એવું કોણુ બોલ્યું. એમ બોલનાર કોઈ ત્રીજો છે. એમાં ત્રણુ સંવાદ છે. જનમેજય રાજાએ સર્પ સત્ર યજ્ઞ કીધો ત્યાં બધા ઋષિઓ ભેળા થયલા, તેમજ અનેક રાજાઓ પણુ મળેલા હતા. યજ્ઞ ચાલે તેમાં વિધિ ક્રિયાનું કામ થઈ રહે કે વચ્ચે વચ્ચે–ગાળે ગાળે વખત મળે તે દરમ્યાન, કામ ક્રોધાદિને વેગ નહિં મળે તે હેતુથી કથા પ્રસંગ ચાલતો. રાજા જનમેજયે વૃદ્ધ મહાત્મા વ્યાસને કહ્યું કે, મારા બાપદાદાનું ગુણુ કથાનક સંભળાવો. શ્રી વ્યાસજીએ ભારત પોતે રચેલું હતું તેથી પોતાનાં મુખે પોતાના ગુણુ કથન કરવા તે ઠીક નહીં, એમ વિચારીને વ્યાસે પોતાના ચાર શિષ્યો પૈકી મુખ્ય જે વૈશંપાયન હતા તેમને કહ્યું કે, મેં જે ભારત રચેલું છે તે સાંગોપાંગ કહી બતાવ; કેમકે એ રાજા અધિકારી–સાચો પાત્ર છે. આખું ભારત વૈશંપાયનને મુખપાઠ હતું ત્યાં સુધી ગુપ્ત રહેલું. ગુરૂની આજ્ઞાથી વૈશંપાયને પીઠ (વ્યાસાસન-વકતાસન) સ્વિકારી કહેવા લાગ્યા.

સંજયને વર હોવાથી તે નિર્ભય હતો. તેણે ભીષ્મ પડયા ત્યાં સુધીનું યુદ્ધ જોયું અને ધૃતરાષ્ટ્ર પાસે આવી કહ્યું કે, ભીષ્મ પડયા. તે સાંભળીને ધૃતરાષ્ટ્ર ખેદ પામી બોલ્યા કે,–**दांतं शान्तं तपस्विनं,**

नैष्ठिकं ब्र.चारिणं ॥ हतं शान्तनवंश्रुत्वा मन्ये शेषं हतं बलं ॥ શાંત દાંત તપસ્વી નૈષ્ઠિક બ્રહ્મચારી મહાસમર્થ ભીષ્મ પડયા એવું સાંભળીને, હવે બાકીના બધા હણાઈ ગયલાજ માનું છું એમ (જરા શોક સમ્યા પછી) બોલ્યા. એમ વૈશંપાયને જનમેજયને કહ્યું. મળસ્કે ઉઠીને વૈશંપાયન રોજ વ્યાસજીની સમીપમાં ભારતમુખ પાઠે બોલતા, એવી તેમની અદ્દભૂત શક્તિ હતી. બીજો સંવાદ ધૃતરાષ્ટ્ર અને સંજયનો. અને ત્રીજો કૃષ્ણ અને અરજુનનો. એવી એ ગીતા છે તેમાં પ્રથમ ધૃતરાષ્ટ્ર બોલ્યા કે, धर्मक्षेत्रे, कुरुक्षेत्रे समवेता युयुत्सवः ॥ मामकाः पांडवाश्चैव किम कुर्वत संजय ॥ १ ॥ અન્વય પ્રમાણે અર્થ કહેતાં,–હે સંજય ! ધર્મક્ષેત્ર એવું જે કુરૂક્ષેત્ર તેમાં યુદ્ધ કરવા માટે મળેલા મારા પુત્રો અને પાંડુના પુત્ર પાંડવો શું કરતા હવા. અને શ્લોકમાં–પદમાં, હે "સંજય" એમ છેલ્લે કહેવાયું છે. રીત પ્રમાણે સંજય દૂરથી–છેટે બેઠેલો હતો. તેમ અહીં પદમાં પણ છેલ્લે એ સંબોધન છે. તેને પુછ્યું એટલે તે ઉઠીને આગળ આવી બેઠો. તેમ અન્વય કરતી વખતે, संजय સંબોધન પ્રથમ કહેવાય છે, અહઃ અગાધ બુદ્ધિશાળી વ્યાસની રચના પ્રથમ શ્લોકમાંજ કેવી આનંદજનક છે તે જુવો. પ્રથમજ धर्म શબ્દ છે તે કંકુથી–લાલ શાહીથી લખો, અને પછી क्षेत्रथी છેક સંજય શબ્દના सं સુધી કાળી શાહીથી લખો; અને છેવટનો બાકી રહેલો સંજયમાંનો जय પાછો કંકુથી–લાલ શાહીથી (અથવા સુવર્ણાક્ષરે) લખો. અર્થાત્ તે એજ દેખાડે છે કે, આરંભમાં જ્યાં ધર્મ છે ત્યાં અંતમાં જય છે. यतो धर्म स्ततो जयः ॥ ધન્ય ધન્ય ભગવાન શ્રી વ્યાસ મહર્ષે. आदौ धर्मं जयं चान्ते, प्रथयन् बादरायण : તે શું યાદ આપે–સૂચવે છે ? यतो धर्म स्ततो जयः॥

"ભગવદ્ગીતા" એવું નામ કેમ ? મુખ્ય સંવાદ ભગવાન શ્રીકૃષ્ણ અને અરજુનનો છે તેથી; અને તેથીજ તેમાં પ્રથમ ધર્મ શબ્દ નાખ્યો. લાક્ષાગ્રહમાં બળી મરવા જેવાં, વિષપાન જેવું, દ્રૌપદી વસ્ત્ર હરણ જેવું, વનવાસમાં અનેક દુઃખો જેવાં મોટાં મોટાં ભયંકર સંકટો આવ્યા છતાં,

સ્વપ્નામાં પણ જેણે ધર્મનો ત્યાગ કીધો નહીં, એવા પુણ્યશાળી પુરૂષોનો ઇતિહાસ લખવો છે તેથી **ધર્મ** શબ્દ પ્રથમ લખ્યો. ઉપનિષદ એટલે બ્રહ્મવિદ્યા—મુમુક્ષુની માતા. તેમાં શ્રોતા વક્તાગુરૂ શિષ્યો જુદા જુદા છે. ગીતા, એ પણ એક ઉપનિષદ છે. તે કેવું છે? ગીતા એટલે ગાવામાં આવેલી ઉપનિષદ—બ્રહ્મવિદ્યા છે. તે ગીતોપનિષદ છે—આનંદથી કહેલી બ્રહ્મવિદ્યા છે. તે અધ્યાત્મવિદ્યા કોણે કહેલી? શ્રીમત્ ભગવાને કહેલી તેથી **શ્રીમત્ ભગવદ્ગીતોપનિષદ્** છે. હવે લોક જાણે કે ઉપનિષદ તો જાણે હમને ખબર છેજ; ત્યારે તે રહેવા દો. ફક્ત **શ્રીમત્ ભગવદ્ ગીતા** કહો. પછી **શ્રીમત્**ને પડતું મુકયું તો **ભગવદ્ગીતા** કહેવા લાગ્યા. અને પછી છેવટે સંક્ષિપ્ત નામ "**ગીતા**" રહી ગયું. જેમકે હજાર રૂપીઆની નોટ ગજવામાં મુકી દીધી. રોકડા રૂપીઆનો ૨૫–૨૭ શેરનો બોજો કોણ ઉપાડે! **भारतं पंचमो वेदः** ભારતની સ્તુતિ કરવા બેસીએ તો બીજું ભારત થઈ પડે. જળપાન કરવાને-સ્નાન કરવાને પાણીનો અને આપણાં શરીરનો સંયોગ કરવો હોય તો ઘાટપરથી ઉતરવું પડે. પાણી આપણી સામું આવીને મુખમાં કે અંગ ઉપર નહિં પડે. એ ગીતાશાસ્ત્ર લુખું લાગે તેવું નથી. ગાયન જેમ સરળ અને શાંતિપ્રદ રસિક છે તેવી ગીતા છે. ગાયન એવું છે કે તે છોકરૂં પશુ વગેરેને પણ ધ્યાનમાં આવી જાય અને પ્રસન્ન થાય. ગાયન તો ઘણું સુંદર છે, પણ તેમાં ગાય છે—બોલે છે કે,—જે પોતાને ન જાણે તે મૂર્ખ છે.

ભગવાન વેદવ્યાસે સંજયને વર આપેલો કે, ગમે તેટલે દૂર જે કોઇ જે બોલશે તે તું સાંભળશે, તથા પ્રત્યક્ષવત્ નજરે જોશે; અને **मनसाचिन्तितमपि सर्वं वेत्स्यति संजयः** સામાના મનમાં જે હોય તે પણ સંજય બધું જાણે છે. નરજાતિમાં **गीतः** એટલે ગાયલો. નારીજાતિમાં **गीता** (ગાયલી). અને નપુંસક જાતિમાં **गीतं** (ગાયલું). ગીતા એટલે ગાવામાં આવેલી ઉપનિષદ—બ્રહ્મ વિદ્યા. ગીતા ચાલવાની છે તેની પ્રસ્તાવનાનો પેહેલો અધ્યાય છે. **ધર્મક્ષેત્રે** ધર્મ સ્થાન જે કુરૂક્ષેત્ર છે તેમાં યુદ્ધ કરવાને એકત્ર થયલા મારા પુત્રો અને (ભાઈના

પુત્રો) પાંડવોએ શું શું કર્યું તે ઈત્થંભૂત બધું મને કહે. દુર્યોધન પક્ષમાં ભીષ્મ દ્રોણ વૃદ્ધ મહાત્મા જ્યાં આગળ ઉભા રહે ત્યાં અધર્મ થવાનો નથી, એમ વિશ્વાસ હતો. એ શ્લોકમાં બારીક નજરે જોતાં બધાજ **युयुत्सवः** યુદ્ધ કરવાની ઈચ્છાવાળા હતા, કોઈ મુમુક્ષુ–મોક્ષની ઈચ્છાવાળા નહિં હતા. ધર્મક્ષેત્ર–તીર્થ ઉપર જુઠું ન બોલાય. એ તો સોગન લેવાની જગા. ધર્મક્ષેત્ર છતાં ધર્મરાજા પણ મુમુક્ષુ ન થયો, એ શું!! અરેરે!! ધર્મ ભૂમિમાં પાંડુના પુત્રે આ શું કીધું, એ રીતે ભીષ્મ પડ્યા તે સાંભળીને ધૃતરાષ્ટ્ર રાજા દોષ દે છે. પાંચે પાંડવો થયા ત્યારે પાંડુ રાજા તો સ્વર્ગે ગયલા, માદ્રીએ સહગમન કરેલું, અને કુંતા બધા પુત્રોને લાવેલાં. તે ન બાપાને ધૃતરાષ્ટ્ર મારાજ છે એમ માનતો. ભીમના ભુજ જોઇ ખુશ થતો, કે વાહ! કુળ દીપાવ્યું. પાંચે ઉપર મમતા ઘણી હતી. પોતાના ૧૦૦ પુત્રો જેવાજ તે પાંચેને ગણતો. અર્થાત્ કેવળ **मामकाः** હતું. **आदावासन् मामकाएव सर्वे, पश्चात् जाता मामका पांडवाश्च ॥ वृद्धावशा करिणो योद्धु कामा, धर्मक्षेत्रे संगता हा हतोस्मि ॥** આદૌ–પેહેલાં એમ હતું કે બધાજ મ્હારા, અને પછીથી મ્હારા અને પાંડવો, એમ થયું. ટંટાનું બીજ એ અંધ ધૃતરાષ્ટ્રજ છે. તે વખતે વખતે ટંટો વધી ગયો. દ્રૌપદીનાં વસ્ત્ર હરણ વખતે અરજુન ભીમે પ્રતિજ્ઞા લીધી હતી પણ ધર્મ રાજાનો ભરોસો તો પ્રભુ શ્રીકૃષ્ણ ઉપરજ હતો, તેથી તેમણે કશી પ્રતિજ્ઞા કરી નહિં હતી. પાંડવને તેમનું દગાથી છીનવી લીધેલું રાજ્ય આપવા સંબંધમાં સમાધાન માટે મોટા મોટાએ વિષ્ટી કરી સમજાવ્યો અને ભગવાન શ્રીહરિ પણ છેવટે આવેલા તેને વરૂણાસ્ત્રથી બાંધી કેદ કરવા દુર્યોધને યત્ન કીધો તે વખતે સૂર્યવત્ કડકડાટ કરી પ્રભુએ રૂપ પ્રકાશેલું. જેને વિશ્વમાં કોઈ બાંધી ન શકે તેને એક દુર્યોધન જેવો મનુષ્ય શું બાંધી શકે વારૂ!! તેથીજ **तानहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान् ॥** એમ કહીને પ્રભુએ ગુસ્સો દેખાડ્યો છે. **यतो धर्म स्ततो जयः ॥** એવું પાટીઉં (Board) યુદ્ધ ભૂમિપર ચોંટાડેલું તેની ધૃતરાષ્ટ્રને

ખબર હતી, તેથી બોલી ઉઠયો કે, પાંડવોએ આ શું કીધું. ત્યાં સ્યમંત પંચક કૂપ છે તે કુવાઓમાં ક્ષત્રીઓનાં લોહી ભરી તેનાથી પરશુરામે પિતૃ તર્પણ કીધું છે. એવાં ત્યાં પાંચ તીર્થ છે. ધર્મથી લડવા આવે તેનો જય થવોજ જોઇએ. તેથી બોલ્યા કે, **आदावासन्० X धर्मक्षेत्रे संगता हा हतोस्मि:॥** પેહેલાં મ્હારા પુત્રો અને પછી પાંડવો શું કરતા હતા, એમ પુછ્યું છે તો સાંભળો. સંજય કહે કે પ્રથમ તમારાનું કહું પછી પાંડવનું કહું છું. "ભીષ્મ પડ્યા" એટલું ટૂંકમાં સાંભળ્યું, પણ એ કેમ બન્યું તે સવિસ્તર સાંભળવાની ઇચ્છાથી પુછ્યું. સ્હવારનો વખત તો ધર્મ કર્મ સ્નાન સંધ્યા વંદનાદિનો. તેથી તે વખતે તો બધા ભ્રાતૃભાવથી વરતે-તે વખતે તો યુદ્ધ નહીંજ કરાય; પણ યુદ્ધકાળે કોણ કોની સાથે લડે, તે વગેરેની સંજ્ઞાઓ નક્કી કરેલી. ભીષ્મપર્વમાં ધૃતરાષ્ટ્રનો આ પ્રશ્ન આવ્યો ત્યારે પ્રથમ એના પુત્રોએ શું કીધું તે કહીને પાંડવે શું કીધું તે કહેવા માંડયું.

રાજા દુર્યોધને મોટા ઉંચા રથ ઉપર બેસીને પાંડવોનું **अनीक** સૈન્ય નિહાળ્યું; કેમકે પોતાનું સૈન્ય તો ધ્યાનમાં હતુંજ. પાંડવનું સૈન્ય પોતાનાં કરતાં ચાર અક્ષૌહિણી ઓછું એટલે ફક્ત સાત ૭ હતું. તે થોડું હતું પણ બધા એવા વિશ્વસનીય અને ઉત્સાહી હતા કે એક મંત્ર-અક્ષર બહાર ન ફુટે. તે લડાઇમાં તેનો મુખ્ય ઉપરી ભીમ હતો. ધૃષ્ટદ્યુમ્ન નિહાળતો હતો કે બધી વ્યૂહ રચના (જે સેતરંજ માફક હોય છે તે)ની ગોઠવણ બરાબર થઈ છે કે નહીં; કેમકે શત્રુ પક્ષ છક્કડ મારી ન જાય. એવી ગોઠવણ કરવાનું શાસ્ત્ર તે બરાબર શિખેલો હતો. દુર્યોધન જેને મૂળથીજ ભ્રાંત થવાની ટેવ હતી તે, તે વ્યૂહથી ગોઠવાયલું લશ્કર જોઇ ચમકી ગયો, ને મનમાં બોલ્યો કે, હું ઠગાયો. અરેરે! આતો સાત નહિં, પણ સાતસો અક્ષૌહિણી દેખાય છે. તાત્પર્ય કે, એવા પ્રકારની આશ્ચર્યજનક ગોઠવણ હતી. દુર્યોધન પક્ષમાં તે ગોઠવણનો કોઇ ઉપરી નહીં, તેમ કોઇ કોઇને ઓળખે નહીં કે માને નહીં, એવા હતા.

દૈવી જીવો–અર્જુનો પાંડવ તરફ ભેગા થયલા હતા. તેથી પાંડવોનું લશ્કર વ્યૂહાકારમાં ગોઠવાયલું જોઇ બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ–ગર્વસ્ખલિત થયો. ત્યારે જાણ્યું કે હવે દયાળુ એક દ્રોણાચાર્ય છે એમ સમજીને **तदा** તે વખતે તેમની પાસે આવ્યો. જ્યારે કાંઇ સંકટ આવે ત્યારે ગુરૂ–વૃદ્ધ પાસે જાય, એ રસ્તો છે. ક્ષાત્રકુળના જીવ માત્ર બધા તે આચાર્યને પગે લાગતા. એવા દ્રોણ પાસે છેલ્લી ઘડીએ દુર્યોધન આવ્યો. શું કામ? શું પગે લાગવા આવ્યો કે? ના. તે વિવેકની રીત તો પાંડવમાં છે. રોજ જળ પાત્ર પુષ્પ ગંધ અક્ષતાદિ લઇ પગે ચાલી ધર્મરાજા આવીને પગે લાગીને જતા. ભીષ્મ વૃદ્ધ મહાસમર્થ દાદા તો હરિભક્ત અને નિર્ભય નિઃસ્પૃહ તેમજ પાંડવનો પક્ષ ખેંચનારા છે એમ જાણી દુર્યોધન તેના તરફ નહિં ગયો. તેઓ કાંઈ પગારદાર (Paid servant) નહિં હતા. જેમ, **मरणे विष भक्षणं हेतुः ॥** મરણ શાથી થયું? તો, વિષ ખાવાથી. તેમ, પાંડવની સેના જોઇ તેના ગભરાટમાં શરણે જવા યોગ્ય બીજું કોઈ નહીં તેથી આચાર્ય પાસે આવી બોલ્યો. ત્યાં **शिष्यो वचनमब्रवीत्** એમ નથી કહ્યું, પણ **राजावचनमब्रवीत्** એમ કહ્યું છે. અહીં મનમાં તો છે ગભરાટ, છતાં ગુરૂ પાસે ગયો ત્યાં અક્કડ અભિમાન મુદ્રાથી ગયો. તેમજ ગુરૂ પાસે જઇને શિષ્યની રીતે વિવેકથી કંઈ બોલ્યો નહીં, પણ અહંકાર ભરેલું નીતિ વગરનુંજ બોલ્યો–ગભરાટ દેખાડયો નહીં, છતાં પણ વિદ્વાન તો જાણીજ જાય છે. તેણે તો એવા સેંકડો છોકરાને શિખવ્યા છે. દ્રોણે નાસાગ્રદ્રષ્ટિ કાયમ રાખી હતી. નાહક આવ્યો છે જાણી તે તો કાંઈ બોલ્યા નહીં, ને તેની સામું પણ ન જોયું. દુર્યોધન એ રીતે ગુરૂ પાસે આવ્યો છે, અને અરજુન પણ શ્રીકૃષ્ણ ગુરૂ પાસે બેઠો છે, પણ તે તો **शिष्यस्तेहं शाधिमाम् त्वांप्रपन्नं ॥** એવો નમ્રત્વે શરણ થયો છે. અને દુર્યોધન તો **राजा** બોલ્યો, એમ કહ્યું. દ્રોણ કાંઇજ બોલ્યા નહીં. તે જાણતા હતા કે અહિં કાંઇ મોઢું જોવાનો વખત નથી. રાજ સત્તાનું અનુશાસન તે માથાપર વિદ્યમાન છેજ. અત્રે રાજાની પરવા

નથી. એ મૂર્ખ, જોતાંજ આટલું ગભરાયો તે, લડશે શું ! ! રાજા દુર્યોધન શું બોલ્યો તે હવે નવ શ્લોક સુધી ચાલશે.

ગીતા અધ્યાય, ૧ શ્લોક, ૨-૩ વિશે.

दृष्ट्वा पताम्० જોયું તેની ભ્રાંતિ પેસી ગઇ તેથી દ્રોણાચાર્ય પાસે આવતાંજ બોલ્યો કે **पश्य पताम पांडुपुत्राणाम्०** પાંડવની મોટી સેના (**चमूम्**) જોઇલો, હે આચાર્ય ! તેની ચમૂ (સેના) નાની છતાં **महतीम्** મોટી લાગી તેથી કહે છે કે, મોટું સૈન્ય જોયું કે ! (એક રીતે તો તે ઠીકજ છે, કે અનંત બ્રહ્માંડના નાયક ભગવાન શ્રી કૃષ્ણ જ્યાં લગામ પકડી ઉભા હોય તે સેનાને કોણ નાની કહી શકે ?) ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહાકારમાં ગોઠવેલી છે તેથી મોટી. દુર્યોધન રાજાનો એમ કહેવામાં હેતુ એવો કે, તમોએ છુપી છાપી વિદ્યા શિખવેલો એવો ધૃષ્ટકેતુ જેવો કળાકુશળ બુદ્ધિવાન, અને આ (મારી) બાજુ કોઈ તેવું ન મળે. એમ દર્શાવી તેના ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરે છે; કે, વાહરે વાહ ! આવી મારી ફજેતી કરવી તમારા જેવાને ઉચિત નથી, તેથી આપજ જુવો. બીજા કોને દેખાડું ! અર્થાત્ મારે માટે તો લડવાને કર્ણ સમર્થ છે, તેથી તમારે લડવાનું તમારેજ માટે છે. એ પાંડવની સેના છે ને દ્રુપદ પુત્રે ગોઠવી છે. દ્રૌપદી યાદ લાવી, એની નસેનસમાં અને લોહીનાં ટીપેટીપામાં દ્વેષાગ્નિ સળગી રહ્યો છે. એ દ્રૌપદીના ભાઇ ધૃષ્ટદ્યુમ્ને અભેદ્ય અને વીર્ય પ્રતિષ્ઠા કરીને ગોઠવ્યું છે. માટે હવે તમારૂં જુવો–વૈરસ્મરણ કરાવે છે. અગ્નિવેશ ૠષિએ અનેક વિદ્યાર્થી ભણાવ્યા, પણ તેમાં બે મુખ્ય હતા, તે સમર્થ હતા. દ્રોણ એટલે દડિયાની તે જમવા ટાણે કીંમત કેટલી ! ! પણ અનાથ બ્રાહ્મણ બાલક હતો; અને બીજો દ્રુપદ (રાજકુમાર). ચોવીસ વરસ સુધી એ બેની જોડી જ્યાં ત્યાં સાથે જાય આવે. એકવાર કાંઈ પ્રસંગે દ્રોણનાં કામથી દ્રુપદે પ્રસન્ન થઇ પ્રતિજ્ઞા કરી કે, હું ગાદીએ બેસીશ ત્યારે રાજના બે ભાગ કરી દક્ષિણ ભાગ તમને આપીશ. બેહુ ભણીને ગયા. કૃપાચાર્યની બ્હેન

કૃપીને દ્રોણુ પરણ્યા. તેને અશ્વત્થામા પુત્ર થયો તેણે રોટલા સાથે દુધ માગ્યું. પોતાની ગરીબ સ્થિતી છતાં માતાની શિખામણુ એવી હતી કે કોઇ પાસે કાંઇ માગવું નહીં; પણુ કૃપીએ દ્રોણુને દ્રુપદની પ્રતિજ્ઞા યાદ અણાવી કહ્યું કે, મળવા તો જાવ, કાંઈ માગતા નહીં. પૂજા કરી ગાય આપે તેતો લાવો. તેથી દ્રોણુ દ્રુપદ પાસે ગયા. બહુ મુશીબતે રાજા પાસે જઇ કહ્યું અને પ્રતિજ્ઞા યાદ અણાવી. દ્રુપદ કહે હું તમને ઓળખતો નથી. સીપાઇને હુકમ આપ્યો કે, આને કાઢી મુકો. તેથી પાછા તરતજ ગયા તેવા હસ્તીનાપુર આવ્યા. ત્યાં રાજકુમારો રમતા હતા તેની દડી કુવામાં પડી તે. તથા એક વીંટી નાખીને દર્ભની સળીઓ ગુંથી મંત્ર ભણી મુકી. અસ્ત્રાવધાથી તે બેહુ ઉપર આણી. તે આશ્ચર્ય જોઇ ભીષ્મદાદાને હકીકત કહી રાજમાં રાખ્યા. બધા કુમારો શસ્ત્રાસ્ત્ર વિદ્યા શિખે છે. તે શિખ્યા પછી ગુરૂદક્ષણામાં માગ્યું કે, દ્રુપદને બાંધી અહીં લાવો. બધા ગયા. યુદ્ધમાં પ્રથમ કૌરવને દ્રુપદે હંફાવી નાખી થકવ્યા, પણુ છેવટે અરજુને દ્રુપદરાજાને અનામત પકડીને દ્રોણુ પાસે લાવી મુકયો. દ્રોણે પુછ્યું કે, કેમ હવે ઓળખ્યો કે ? પછી છોડી મુકયો. તે વખતે નિશ્ચય કીધો કે દ્રોણુને મારવા પુત્ર ઉત્પન્ન કરવો, અને અરજુન છોકરાએ મારો જાન બચાવી પકડયો તેને કન્યાદાન કરવા પુત્રી ઉત્પન્ન કરવી. એ રીતે બે ઉત્પન્ન કરવા યજ્ઞ કરવો. પછી તેવો યજ્ઞ કીધો, તેમાંથી ધૃષ્ટધુમ્ન (દ્રોણુને મારવા) પુત્ર થયો, અને અરજુનને પરણાવવા સારૂ દ્રૌપદી પુત્રી થઈ. દ્રુપદ એવો ગુણુજ્ઞ હતો તેવો ઝેરી પણુ હતો. તેથી દુર્યોધનરાજાએ કહ્યું કે, **द्रुपदपुत्रेण** તે તમારો શિષ્ય છે તેને જુવો. હવે લડવું તે તમારેજ માટે. તમે પાંડુપુત્રના પણુ આચાર્ય છો. છુપી વિદ્યા તેને શિખવી છે એવો ધ્વનિ પણુ બોલવામાં નિકળે છે.

ગીતા અધ્યાય ૧ શ્લોક ૪–૫–૬ વિશે.

દ્રોણુ કાંઈપણુ ન બોલ્યા ત્યારે રાજાએ બોલવાનું જારી રાખ્યું. **अत्रशूरा महेष्वासा.** એ રીતે બોલી છઠ્ઠા શ્લોકમાં છેલ્લે **महारथाः**

કહ્યું, **महारथः** અને **कुलपति** એ બે શબ્દ જુદી જુદી ખુબીદાર છે. "મહારથઃ" છે તે દરબારી શબ્દ છે, "કુલપતિ" છે તે આધ્યાત્મિક છે. મહારથઃ એ ઉંચી લશ્કરી પદ્વિ છે. ફક્ત ધનુષ્ય સહિત એકલો છતાં દસહજાર મનુષ્ય સાથે લડે અને જીતે, તે મહારથઃ કહેવાય. તે શસ્ત્ર અને શાસ્ત્રમાં પ્રવીણ હોય. અને કુલપતિ, એ અસલ રૂષિ મુનિનું નામ છે. જેના આશ્રમમાં દશહજાર મુનિઓ (છોકરાઓ નહિં) શિખતા હોય—જ્ઞાતા મુનિનેજ (૧૦ સહસ્ત્ર ને) શિખવતા હોય તે. એવા કુલપતિનાં મુખમાંથી શાસ્ત્રો નિકળ્યાં છે* **भीमार्जुन समाः** મલ્લ-યુદ્ધમાં નિષ્ણાત અને બાણમાં નિષ્ણાત. તેમજ બેહુમાં પણ કેટલાક નિષ્ણાત હોય છે. એવા ભીમ અરજુન જેવા બધા છે. **अत्रयुधि शूराः संति** એ બેને મનમાંથી જેવી લડવાની લાગણી છે તેવીજ બધાની છે, એમ જણાવે છે. શૈબ્ય રાજાને નર પુંગવ એવું વિશેષણ આપ્યું. **पुं+गव** એટલે પુલિંગી ગાય અર્થાત્ બળદ. એ બળદની ઉપમા પૂર્વે પૂજ્ય હતી—તે આખલો સ્વેચ્છાથી ચાલે, ફરે, વરતે. રાજાની ખાંધને કાળીદાસ કવિએ વૃષસ્કંધની ઉપમા આપી છે. નર પુંગવ, એટલે, માણસોમાં શ્રેષ્ટ. વિક્રાંત=ઘણી લડાઇ જીતેલો. છેલ્લે કહે,— **सौभद्रो द्रौपदे याश्च** ॥ સુભદ્રા પુત્ર અભિમન્યુ છે તેના ગુરૂ શ્રીકૃષ્ણ. તે ગર્ભમાંથીજ શિક્ષણ પામેલો. તે મહા ભારે શુરવીર હતો, તેથી હૈયું બળતે છતે તેની જોડી કહે છે-ભીમાર્જુન જેવી. કેમકે પ્રતિ વિંધ્ય આદિ દ્રૌપદીના પાંચ પુત્રો પણ તેવાજ હતા.

ગીતા અ૦ ૧ શ્લો. ૭-૮-૯ વિશે. તથા ૧૦થી ૧૬ સુધી.

બાળક બચ્ચું હોય ત્યારે સમજણ આવવાની હોવાથી માબાપજ જાણે ત્રૈલોક્યાધિપતિ લાગે. શુકસનકાદિની જેવી રીતે પરબ્રહ્મમાં વૃત્તિ લાગેલી રહે તેવી રીતે તે બચ્ચાંની વૃત્તિ માતપિતામાં રહે છે. પછી

---

* मुनिनाम् दश साहस्रं अन्नदानादि पोषणात् ॥
अध्यापयति विप्रर्षि, कुलपतिः स उच्यते ॥ १ ॥

સમજણ આવતાં તે વૃત્તિ ઉડી જાય છે. ડાહ્યાં માબાપ તે વાતને યાદ રાખે છે, કે એવો વખત આવશે. તેથી તારૂણ્યમાં ભક્તિરસ તે બાળકમાં જે રીતે રહે તેવી યુક્તિ વાપરે છે. તેમ, ગીતાનું શ્રવણ હાલ બાળક જેવું છે. એક ક્રિયા કરવી તેમાં બેચાર કામ સાથે થઇ જાય. પ્રથમ ગીતાના મૂળ શ્લોકો શુદ્ધ વાંચી લેવા. પછી તે કંઠે કરવા, તો પછી પાકવાની મઝા આવે. વાછરડાંની માફક સ્તનપાન કરતાં આવડવું જોઇએ. પછી જ્યારે **नासतो विद्यते भावो** આવે કે આંખ ઉઘડવા માડે. ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગવાસિષ્ઠ જેવા ગ્રંથો છે તે પુણ્ય ગ્રંથો છે. તેનો પાઠ કરવા–બોલવાથી તેના અવાજને લીધે ઘરમાં રોગ, દોષ ક્લેશ રહેતા નથી. **रक्षांसि भीतानि दिशो द्रवन्ति.** રાક્ષસો ભય પામીને દિશાઓમાં ન્હાસી જાય છે, માટેજ **अध्येष्यते च यइमं धर्म्यं संवादमावयोः॥** અધ્યયન કરવું તે ઉત્તમ સાધન છે. પાંડવ પક્ષમાં એટલે દૈવીસંપત્તિમાં ભગવાન ખુદ ઉપદેશ કરે છે. અને આસુરી સંપત્તિ સામે લડવાને ઉભી છે તેની સાથે યુદ્ધ કરીને તેનો નાશ કરવાને અને સ્વરૂપે સ્થિતી કરાવવાને સૂચવે છે. એ આધ્યાત્મિક વેદાંતની દ્રષ્ટિથી કહ્યું.

એવી રીતનો આશિર્વાદ અપાય છે કે, **त्रिपीडास्तु दिनेदिने॥** એટલે રોજ તમને ત્રણ પીડા હો. અર્થાત્ એવી રીતે કે,–સંત, મહાત્મા, સાધુ, બ્રાહ્મણાદિક સહ સ્ત્રી પુત્રાદિ કુટુંબને રોજ સત્કાર પૂજનપૂર્વક ભોજન આપ્યા કરો; એ રૂપ એક પીડા. બીજી, સત્પાત્ર વિદ્વાનદ્વારા ગીતા, વેદ, પુરાણાદિ શાસ્ત્રનું અધ્યયન રોજ તમારે ઘેર થતું રહો, અને જાતે કરતા રહો. અને અનેક માર્ગથી સુભાગ્યવશાત્ ચાલ્યા આવતા દ્રવ્યસમૂહની વ્યવસ્થા નિમેલા આપ્તવર્ગ તરફથી બરાબર થઇ છે કે નહિં તેની દેખરેખ રાખતા રહો. એ રૂપ ત્રીજી પીડા છે. ખરા સમર્થ ગુરૂ છે તે એવું ઇચ્છે છે કે, મારો શિષ્ય મારાથી વધારે જ્ઞાતા થઇને મને પરાજય પમાડે (હરાવે). **शिष्यात् इच्छेत् पराजयं.** પરશુરામ પોતાના શિષ્ય ભીષ્મથી હાર્યા ત્યારે બહુ પ્રસન્ન થયા હતા. જ્યારે દુર્યોધનને દ્રોણે વિદ્યા શિખવી

ત્યારે શ્રી કૃષ્ણે દ્રોણને કહેલું કે, આવાને શિખવી તેના કરતાં તમે અને તમારી વિદ્યા કુવામાં કેમ નહિં પડયાં ?! તે વખતે દ્રોણ નીચું જોઈ મૌન રહેલા. પછી રાજા દુર્યોધને દ્રોણને વળી કહ્યું કે મારી સેનાના નામીચા નાયકો જે છે તે પણ, હે દ્વિજોત્તમ ! તમે સાંભળો, હું કહું છું. મારી સેનાના નાયક તમને વિદિતજ છે, છતાં સ્હેજ સંજ્ઞાર્થે તમારી જાણ સારૂ કહું છું. "સંજ્ઞા" શબ્દ સૂચવે છે કે, જો સમજણ હોય તો અહિં–આ બાજુ મારી સેનાના ઉપરી થઇને ઉભા રહે, અને **जयोस्तु पांडवा नाम** એમ ઇચ્છે ખરા કે ? પરંતુ એમ કરવું એ નિ:સંજ્ઞપણું છે; તેથી સંજ્ઞા અર્થાત્ ભાન લાવી સચેત થાવ, તે માટે મ્હારે કહેવું પડે છે. એટલે તમે જડ જેવા લાગો છો, એમ સુચવી ઉપર ઉપરથી હાથ જોડી કહે છે કે, હું તો સેહેજ જાણ સારૂજ કહું છું. આપ અને ભીષ્મની જોડી છે. દ્રોણ ભીષ્મને ઉપરીપણું નહિં આપવાનું કરણે મને કહેલું છતાં, ગુરૂ દ્રોણ જીવતાં નીતિનો ભંગ નહિં થાય માટે તમને નાયક સ્થાપ્યા, તેથી તમે બે પડતાં સુધી કર્ણ કંઈ કરવાનો નહિં, તેથી તે પણ હાલ નકામો. કૃપાચાર્ય કેવા છે કે, યુદ્ધમાં જયજ પામે એવા છે, પણ તે, તમારા શાળા હોવાથી, તમારાજ. અને અશ્વત્થામા તે તો તમારા પુત્રજ છે. અને મારો ભાઇ વિકર્ણ તથા સોમદત્તી. એ સાત નાયક આપણી સેનાના છે તેમાં મુખ્ય આપ છો. અને બીજા પણ ઘણા શૂરા છે જેઓ મારે માટે શિર મુકી ખડા છે. જેમની પાસે સેનાનાં અનેક પ્રકારનાં શસ્ત્રો છે–ખડ્ગ, બાણો, વગેરે શસ્ત્રો અને ગદા વગેરે પ્રહરણ છે તે બધા યુદ્ધની પરીક્ષામાં વિશારદની પદ્દિ પામેલા છે. આપ અને ભીષ્મની જોડી કહી તે બેહુનું મત એકજ, કે હમને કેમ મારવા અને એ બે પડ્યા વગર કર્ણમાં કર્ણત્વ નથી. કૃપ છે તે પણ તમારાજ વિચારના, અશ્વત્થામાં તે તમારોજ પુત્ર. આ સેનામાં તો જે બધા આવ્યા છે તે સરકાર માટે. અને પાંડવ તરફ તો ખુદ માટે ખુદ આવ્યા છે. તાત્પર્ય કે, બીતિ ઘણી છતાં ઉપરથી માત્ર દુર્યોધને એમ બતાવ્યું કે, તમે બધા છો તેથી મને શી ફીકર છે ! (શ્લોક ૯ સુધીનું વક્તવ્ય અત્રે પુરૂં થયું.)

શ્લોક ૧૦ થી ૧૬ સુધીનું હવે ચાલે છે.

દુર્યોધન કહે છે કે, આપણું અપર્યાપ્તં–અગણિત–ઘણું સૈન્ય છે. તેથી મને કંઇ ભય નથી, એમ બતાવે છે પણ એ ગર્વિષ્ટ વચન છે, તે ઉપલક છે. પણ બીજો ભાવાર્થ એમ છે કે, આપણું અ+પર્યાપ્તં=પુરતું નથી–જોઇએ તેવું ને જોઇયે તેટલું નથી. કેમ શા માટે? ભીષ્મથી રક્ષાયલું છે તેથી. અને તેઓનું સૈન્ય થોડું છતાં જોઇએ તેવું છે. અમરકોશમાં પાંચ શબ્દો એકજ અર્થસૂચક છે, જેવાકે–દારૂણું, ભીમં, ભીષ્મં, ભયંકરં, ભયાનકં, તેથી ભીમ અને ભીષ્મ સરખા ઠરે છે તોપણ ભીમ કરતાં ભીષ્મ ચડિયાતો શબ્દ છે. કેમકે ભીષ્મમાં ભીમ સમાઇ જાય છે. તે ભીષ્મમાં "ષ" વધારે છે. બીજી રીતે જોતાં ભીમ બળવાન છે. કેમકે દ્રૌપદી વસ્ત્રહરણ પ્રસંગે ભીમે ક્રોધપૂર્ણ ઉદ્‌ગાર કાઢેલા અને ધર્મરાજાને કહેલું કે, હવે મને ઉઠવા રજા આપો. હું તમારો ભાઈ નહીં, વગેરે. તે જણાવે છે. દ્રોણને કટાક્ષમાં કહે છે અને અંદરથી ભયભીતપણું સૂચવે છે. અયન=માર્ગ–મોખરો. જેમ વાતાયન–પવન આવવાનો રસ્તો–બારી. ઉત્તરાયન=ઉત્તરનો માર્ગ. બધા માર્ગમાં પોતપોતાને સ્થાને ઉભા રહી ભીષ્મનું રક્ષણ કરો. એ ડોસા જીવતા હશે તો બહુ કરી શકશે. બીજો ભાવાર્થ એવો છે કે, ભીષ્મ ઉપર ધ્યાન આપતા રહેજો. કેમકે પાંડવનો જય ઇચ્છનારા છે. દ્રોણે મૌનજ રાખ્યું હતું, અર્થાત્ રાજાની ઉપેક્ષા કરી તેથી દુર્યોધનને ખેદ થયો. દ્રોણ, કૃષ્ણ, અને દ્રૌપદી, એ ત્રણ કાળાં હતાં, પણ ભીષ્મ તો શ્વેત વર્ણના હતા. તેની દાઢી ધોળી, પહેરેલુ બખતર પણ શ્વેત, તેના અશ્વ પણ શ્વેત, તેથી જાણે શરદ પુનેમનો ચંદ્ર શોભે તેવા તૈયાર થઇ રહેતા શોભવા લાગ્યા. શૂર પુરૂષનું શૂરત્વ હૃદયના ઉત્સાહમાં રહેલું છે. તેને માટે વાઘની જરૂર પડે તેથી ગર્જના કરી વીરો ઉઠતા હતા. તેથી ભીષ્મપિતામહે હવે દુઃશાસન સાથેની હાલ સુધીની વાત ભુલી જઈ–અર્થાત્ જે નહિં થવાનું તે થયું, એવી નિયતીજ હતી એમ જાણી, હવે ક્ષાત્ર ધર્મ પ્રમાણેજ ચાલવું, એવો ઉપદેશ

બધાં લશ્કરને આપી, બધા લડવા તૈયાર થયા તે સાથે પોતે પણ સજ્જ થઇ ગયા. ત્યાં દુર્યોધનને જોતું કોણ હતું જે!! વળી ક્ષાત્રત્વનું તેજ–ભીષ્મનું ભીષ્મત્વ દેખાડવાનું આ ટાણું છે, તેમજ ભગવાન પણ જોનારો પાસે છે તે જુવે. એવી ઉત્તમ તક મળી છે તે વિચારી મોટો સિંહનાદ કીધો. યુદ્ધમાં પ્રથમ તો દયાને મારવી જોઇએ છે ત્યારપછી શત્રુને મારવાના છે. ધર્મરાજાએ શ્રી કૃષ્ણનું ચિત્ત એવી વખતે ચળવળ જોઈ પુછ્યું કે આમ કેમ? ત્યારે પ્રભુ કહે કે ભક્ત ભીષ્મ ધ્યાન કરી મારૂં ચિત્ત ખેંચે છે તેથી મારૂં ચિત્ત હું સ્થિર કેવી રીતે રાખું!! **मयिते तेषु चाप्यहं ॥** હવે ક્રોધવશ ન થતાં શાંતિથી લડવું જોઇયે તેવો શંખ ભીષ્મ પાસે હતો. **शम्** ધાતુ પરથી "ખ" પ્રત્યય થયો છે, અર્થાત્ ચિત્તવૃત્તિ શાંત કરે તે "શંખ" જેની સાથે લડવું તેનામાં ચિત્ત લાગે તે શાંતિ. શંખ વગાડનારની **शंखध्मा** નામે એક જાત છે. તે એવું વગાડે કે ગંગાનું પાણી સ્થિર થઇ રહે. ભીષ્મે પોતાનો શંખ ફુંક્યો. દશ દીવસ સુધી લડવું છે એવો નિશ્ચય કીધો અને સિંહનાદ કીધો. ભીષ્મની ઉમર ૮૫ વરસની હતી, પણ ૧૬ વર્ષના યુવાન જેવા લઢનાર હતા. દુર્યોધન જે કે કુરૂયુવા (કુરૂમાં જુવાન) હતો તે બ્હીકણ બની દ્રોણ પાસે ગયો, અને ભીષ્મ કુરૂ વૃદ્ધ છતાં મહા સામર્થ્યવાન છે તેણે તઇઆર થઇ નાદ કીધો તેથી અહીં ભીષ્મ નામ કહીને પિતામહ વિશેષણ આપ્યું છે. જેને સ્ત્રી હોય તેનાથી પુત્ર થાય, તે પુત્રનો પુત્ર થાય ત્યારે તે પૌત્રનો તે પિતામહ કહેવાય છે, છતાં આ ભીષ્મ આબાલ (બાળપણથીજ) બ્રહ્મચારી હતા તોપણ પિતામહ કહ્યા છે. **वज्रादपि कठोराणि मृदुच कुसुमान्यपि॰**

દુર્યોધન જનમ્યો ત્યારે ગધેડા જેવું ભુંકેલો–રાહાડ નાખેલી. તે ઉપરથી બીજા બધાએ કહેલું કે મૂળ નક્ષત્રમાં આવો આવ્યો છે માટે કુળનો નાશ કરશે તે કરતાં **त्यजेदेकं** એકને–એનેજ ત્યજી દેવો. નાલચ્છેદ પેહેલાં પીપળા નીચે મુકી પ્રભુને કહેવું કે, "હે પ્રભો! આ ત્હારો છે." પછી જરા ઉભા રહીને કોઇ આવે. તેને કહેવું કે,

ધ્યાન રાખજો; અને ચાલ્યા જવું. વ્યાસે કહેલું કે એ પુત્રને નાખી આવ, એ કુળ ઘાત કરશે.

ભીષ્મનો શંખનાદ-ધ્વનિ કાને આવતાંજ દુર્યોધનની ભીતિ કયાંએ ઉડી ગઈ, અને તઇઆર થઇ ગયો. ભીષ્મ પિતામહ તે રાજા દુર્યોધનને આનંદ ઉપજાવતો મોટેથી શંખનાદ કરતા હવા. King enterred the city to the joy of the citizens. રાજા, નગરવાસી જનોને આનંદ ઉપજાવતા, શેહેરમાં પેંઠા-રાજાના શહેરમાં પ્રવેશથી નાગરિકો ખુશી થયા. એ વાકય જેવો અહીં ભાવ છે. શંખધ્વનિથીજ જણાવ્યું કે, ભીષ્મનું રક્ષણ તું શૂં કરાવતો હતો !! હું છઉં ત્યાંસુધી તારૂંજ રક્ષણ હું કરૂં છું. પછી ભેરી વગેરે રણવાદ્ય વાગવા લાગ્યાં તેનો એટલો અવાજ ચાલ્યો કે શબ્દ તુમુલ થયો. હવે **ततः श्वेतैर्हयैर्युक्ते॰** વિશે કહેવાય છે. કેટલાંક શાસ્ત્રો છે તે વ્યાઘ્રમુખ છે, અને કેટલાંક ગોમુખ છે. વ્યાઘ્રમુખ શાસ્ત્રોનું નામ સાંભળતાંજ અને તેને જોતાંજ થાકી જાય-ભડકી ઉઠે. જેવાંકે સિદ્ધાંત કૌમોદી વગેરે વ્યાકરણ શાસ્ત્ર છે. તેની સંજ્ઞા, પરિભાષા, રચના, ઘટના વગેરેમાં થાકી કંટાળે. **केचित् भ्रष्टाः शुद्ध शब्दप्रयोगे, केचित् भ्रष्टाः कारकः संधिद्वाभ्याम** ॥ વાઘ જોતાંજ ભયકંપ થાય. પણ તેને કેળવ્યા પછી જ્યાં મુખમાં હાથ નાખ્યો કે પછી ભય જાય-હાથ ખાસો ગરમ થાય. વાઘ નરમ છે. તેમ, વ્યાકરણનાં મુખમાં હાથ નાખતાં આવડયા પછી નિર્ભયતા. અને ગીતા છે તે ગોમુખ શાસ્ત્ર છે. છોકરાં બચપણમાં ગાય સાથે રમે, હાથ ફેરવે, પણ શિંગડું ન મારે. મુખ પણ મધુર લાગે એવી છે. પરંતુ હાથ મુખમાં નાખે તો કચડાઇ જાય. વાઘ બહારથી ગભરાવે પણ અંદરથી નરમ. અને ગીતા પ્રથમ ભાગમાં ઠીક લાગે, પણ અંદર પેંસીએ તેમ વેદાંત પોતાનું મુખ દેખાડે. હાલસુધી **मामकाः** ની વાત થઇ. હવે પાંડવો શું કરે છે તે કહે છે. **ततः** એટલે ત્યારપછી... એટલો **ततः** લાલ શાહીથી લખો. **मामकाः** (કૌરવો)નું વર્ણન ૧૧ શ્લોક સુધી થયું. વચમાં ૧૨મો ભીષ્મ વિષે, અને ૧૩થી પાંડવોનું વર્ણન (વચમાં ભીષ્મને

રાખીને) કીધું. તેમાં સંધિ એવી કહી કે, દુર્યોધનનો ગભરાટ ગયો. (વાહ વાહ ! વ્યાસ વિશાલ બુદ્ધે !) ભીષ્મને એવો હર્ષ હતો કે રૂંવાંટાં ઉભાં થાય. "ભીષ્મનું રક્ષણ કરજો" એવું દુર્યોધનનું બકવું ક્યાંએ ઉડી ગયું. તેને બદલે ભીષ્મ બધાનાં રક્ષણરૂપ થઈ ગયા. બારમા શ્લોકમાં ભીષ્મની વાત (વચમાં) કહી. અર્થાત્ એ ભીષ્મ તારા નથી, તેના નથી, કે કોઈના નથી, એમ સંજયે સૂચવ્યું. અને ચૌદમા શ્લોકથી પાંડવનું ચાલ્યું. **ततः श्वेतैः** શ્વેત ઘોડાવાળા મોટા **स्यंदने** રથમાં બેઠેલા માધવ કૃષ્ણ અને અરજુન દિવ્ય એવા બે શંખ વગાડતા હવા. એવી વખતે આસુરી સંપત્તિવાળા ગભરાયજ. ભીષ્મને કશી પણ શંકા કે ભય નહીં હતાં. ભીતિ હતી તે પહેલી દુર્યોધનમાં આવી ગઇ. બસ. એજ પરાજયનો પાયો. દુર્યોધન રથમાં, ઘોડાપર કે ચાલતો આવેલો તે કશું કહ્યું નથી, અર્થાત્ ખાડામાં ગયો, એવી ઉપેક્ષા કરી છે. અહીં પાંડવના રથનું વર્ણન છે તે જુવો. એ તો શ્રી વ્યાસજીએ ભગવાનનું ધ્યાન બતાવ્યું છે. મહત્પુરૂષનું જે આસન હોય તે ઐતિહાસિક થઈ જાય છે. જેમકે, તુકારામનું સ્થાન, જ્ઞાનદેવની બેસવાની શિલા, નરસિંહ મહેતાનો ચોતરો, દત્તાત્રિનું સ્થિતિ-બેઠક સ્થાન, વગેરે હાલ પણ પ્રસિદ્ધ છે. અત્રે શ્રીહરિનું આસન રથ છે. ધન્ય છે એ અશ્વોને પણ !! એ રથસ્થ મુદ્રા કહી. **स्थितौ** આનંદથી બેઠેલા. દુર્યોધન માફક ગભરાટ નહીં. "ચુમતલ ચિકિતલ, ચુ० ચિ०" એવો ઘોડાનો અવાજ હોય છે. મિની મિની કરવાથી કુતરો નહિ આવે. સઉના અવાજ જુદા હોય છે. અત્રે અશ્વ નહિ કહેતાં હય શબ્દ વાપર્યો છે. **हय-गतौ** ધાતુ છે= ગમન કરવું. ગત્યર્થ છે તે જ્ઞાનવાચક છે. તેથી **हय** છે. શ્રી ભગવાને રથ જોડયો, પછી પોતે અર્જુનને કહ્યું કે, **पराजयाय शत्रूणाम् दुर्गास्तोत्रमुदीरय** । શત્રુઓનો પરાજય થવા માટે શ્રી દુર્ગાદેવીનું સ્તોત્ર બોલ—દેવીનો આશિર્વાદ લે, પછીથી રથપર ચઢ. તે રથ સ્વર્ગ-લોકનો—દેવે આપેલો હતો. આલોકનો લાકડાંનો ન હતો. ખાંડવ વન બાળ્યું તે વખતે અગ્નિએ પ્રસન્ન થઇને નજરાણામાં આ પ્રસંગને

માટેજ અરજુનને આપેલો હતો. એ રથમાં બેસે તેનો વિજયજ થવો જોઇએ. દુર્ગાની સ્તુતિ સર્વ ભીતિનો નાશ કરે છે. **मत्प्रसादात् तरिष्यसि सर्वदुर्गाणि।** દુર્ગા સ્તોત્ર બોલ્યા પછી દેવીનો આશિર્વાદ લઇને જોડેના રથમાં પ્રથમ માધવ પછી અરજુન ચઢેલા. માધવ હંમેશાં લક્ષ્મી સાથેજ હોય, અને ત્યાં વિજય અને શ્રી ધ્રુવ હોયજ. પાંડવમાં ધૃષ્ટદ્યુમ્ન સેનાપતિ હતો, તેમ ભીમ પણ મુખ્ય હતા. ત્યારે કૌરવના સેનાપતિ ભીષ્મે શંખ વગાડયો અને અહીં તે સેનાપતિએ કેમ ન વગાડયો? અત્રે ખરેખરા સેનાપતિ તો માધવ-કૃષ્ણજ હતા તે હવે સ્પષ્ટ કીધું. અરજુન કૃષ્ણની જોડીજ હતી તેમાં પ્રભુ મુખ્ય હતા. મહા સમર્થ પિતામહ ભીષ્મ ભક્તરાજની સામું તે ધૃતરાષ્ટ્ર શું!! એ તો શ્રીહરિજ હોઇ શકે. વારૂ—ઠીક છે, તોપણ રથી—અરજુન પ્રથમ હોય. છતાં કૃષ્ણ કેમ? યુદ્ધમાં મોખરે સામે રથ ઉપર આગળ ભગવાન હતા, અને અરજુન તો પાછળ રથની અંદર હતો.

पृष्ठतः अर्जुनं कृत्वा સર્વની આગળ પ્રભુ થયા. **पांचजन्यं हृषिकेशो**૦થી બે શ્લોક વિષે કહેવાય છે. ઉપલા ચૌદમા શ્લોકમાં **दिव्य** શબ્દ છે. જેની ઉત્પત્તિ સ્વર્ગ લોકમાં તે દિવ્ય અને ભૂર્લોકમાં જેની ઉત્પત્તિ તે પાર્થિવ કહેવાય છે. ભૌમ ઉદક (પૃથ્વિમાંનું જળ) છે તેની સ્થિતિ ૨૪ કલાકમાં બગડે છે—બદલાય છે, અને દિવ્ય છે તે બગડે નહીં. અહીંની પુષ્પમાળા કરમાય છે. દિવ્ય પુષ્પમાળા હજારો વરસે તેવીને તેવીજ શોભા અને ખુશબો આપે છે. દિવ્ય બોલી બતાવતાં U આમ ચત્તો હાથ—ઊર્ધ્વ બતાવાય, અને પાર્થિવ-ભૌમ બતાવતાં ∩ આમ નીચો હાથ બતાવાય છે. **यद्यदाचरति श्रेष्ठः** તે સૂચવવાને શ્રી કૃષ્ણ ગુરૂ સંદીપનીને ત્યાં વિદ્યા ભણવા રહેલા (ધર્મપ્રવાહ ચાલુ રાખવા). તે ગુરૂપુત્રને એક રાક્ષસ જળમાં તાણી ગયલો તે ગુરૂદક્ષણામાં માગવાથી હરિએ તે જળમાં બુડકી મારી પડયા, અને તે રાક્ષસને મારી તેનાં પેટમાં શંખ હતો તે પ્રભુએ લઇને પાસે રાખ્યો, અને ગુરૂપુત્રને જીવતો આણી આપ્યો. તે રાક્ષસનું નામ

પંચજન્ય હોવાથી તેનું નામ કાયમ રાખવા શંખનું નામ પાંચજન્ય રાખ્યું. દક્ષિણાવર્તમાંના શંખોદકથી વિષ્ણુને અભિષેક કરાય તો તે શંખ મહારત્ન છે. પાંચજન્યમાં એવો ગુણ હતો કે, સઘળા શત્રુની બધી ઇંદ્રી શિથિલ કરી નાખે. તેઓનાં હૃદય વિદારી નાખે. આગળ ભગવાને કહેલું છે કે, **मया हताः** બધાને મારી મુકેલાજ છે. તે એ શંખ વગાડયો ત્યારનાજ મારી મુકેલા, તે દિવ્ય શંખ હતો. અને દેવદત્ત શંખ દેવે અરજુનને આપેલો તેથી તેનું નામ દેવદત્ત હતું. તે બેઉ શંખ વગાડયા. દુર્યોધને કંઈ વગાડયો કે નહિં તે તો કોણ જાણે, તે તો **ततः शंखाश्च मेर्यश्च** કહ્યું તેમાં ગેબ. શિવાજી પોતાની તરવારને જેમ ભવાની નામથી કહેતો, તેમ કૃષ્ણ અને અરજુનના શંખનું નામ છે. યજ્ઞ વખતે અપાર ધન અરજુને આણેલું-સુવર્ણના ઢગ (ડુંગરો) વાળેલા, તેથી તેને ધનંજય નામથી સંબોધ્યો. તે વખતે દુર્યોધન તે ઢગલા જોઈ બહુ બળેલો **सुवर्ण तैजसं**. તેથી સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે, આ તે તેજ મૂર્તિ છે. ખાંડવવન બાળ્યું ત્યારે ઇંદ્રાદિ દેવોની પ્રસન્નતાથી અગ્નિએ, તે શંખ આ પ્રસંગ માટે આપેલો. તે વગાડતાં બધા ભડકી ઉઠયા, કેમકે તેમાં અગ્નિજ ભરેલો.

उत्तमा आत्मना ख्याता, पितु ख्याताश्च मध्यमाः ॥
अधमा मातुलात् ख्याता, श्वशुराच्या धमाधमाः ॥ १ ॥

જે પોતાની મેળવેલી કીર્તિ–ખ્યાતિથી પંકાય છે તે ઉત્તમ, જે બાપથી પ્રખ્યાત થાય તે મધ્યમ, માતાથી પ્રખ્યાત થાય (ઓળખાય) તે કનિષ્ટ, અને સસરાથી ઓળખાય તે અધમથી અધમ છે. દુર્યોધને પોતાની સેનાના બહુ ઉપરી કહેલા **नायका मम सैन्यस्य** પાંડવમાં એકજ ઉપરી; અને તે શ્રીહરિ પોતેજ. તે કૃષ્ણ અને અરજુનના શંખ વાગવાનીજ રાહ જોતો ભીમ બેઠેલો હતો. તેણે સાહસ ન કીધું. નર નારાયણની જોડીએ વગાડયા પછી ભીમે વગાડયો તેને પૌંડ્ર એટલે મહા શંખ કહ્યો. પૌંડ્ર શબ્દ બોલતાંજ અવાજ ભયંકર લાગે છે તે;

ભયંકર જેનું કર્મ છે એવા ભીમે તે વગાડતાં બધાને ભયંકર જણાય તેમાં શી નવાઈ! વૃક એટલે વરૂના પેટમાં જઠરાગ્નિ બહુ હોય છે તેથી તે કાદવને પણ ખાઇ જઇ હજમ કરે છે. એવા વરૂઓને પણ જે ખાઇ–ગળી જઈ હજમ કરે છે, એવો ભીમ હોવાથી તેને વૃકોદર કહ્યો છે. વળી તે દુઃશાસનનાં રૂધિરપાન માટે ક્ષુધિત થયલો હોવાથી વ્યાસે તેને **भीमकर्मा वृकोदरः** કહ્યો છે. તે ભીમનો મહા શંખ સાંભળતાં દુઃશાસનનું હૃદય કાંપવા લાગ્યું. પછી રાજા યુધિષ્ઠિરે "અનંતવિજય" શંખ વગાડયો; અને નકુલ સહદેવે, સુઘોષ અને મણિપુષ્પક નામે શંખ વગાડયા. અત્રે શ્લોક ૧ થી ૧૬ પુરા થાય છે.

ગીતા અ૦ ૧ શ્લોક ૧૭–૧૮–૧૯.

વક્તાની જવાબદારી ઘણી છે. શ્રોતા અને ગ્રંથની મધ્યમ છે. **वक्तुरेवहिजाड्यं** ॥ જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો શ્રીમત્ ભ૦ ગીતા માતાની દયાથી વક્તા જો પિષ્ટપેષણ કરે તો તેને અધિકરસ પડે, અને એવાજ અભ્યાસથી ગીતાનાં યથાર્થ રહસ્યનું ભાન થાય. એક છોકરાને તેના બાપે શ્લોકો મોઢે કરાવ્યા; અને જ્યારે જ્યારે તે છોકરો વગર ભુલે બોલી જતો ત્યારે તેનો બાપ ચુંબન લેતો. છોકરાએ પુછ્યું કે, બાપુજી! હું એકજ ચીજ વારેવારે બોલું છું છતાં તેથી દરરોજ ખુશી કેમ થાવ છો? બાપે કહ્યું કે, એજ અભ્યાસથી ત્હારો અધિકાર વધતો જાય છે.

ભીષ્મ પિતામહનું ક્ષત્રીય શરીર અને યુદ્ધનું ટાણું જોઈ, દુર્યો-ધનના સર્વ અપરાધોને ભુલી જઈ, લડાઇનો શ્વેત ડ્રેસ (dress-પોશાક) પહેરી શંખનાદ કીધો. પોતાનું સ્વકર્મ સ્વિકાર્યું. એમનો ડ્રેસ, દાઢી. ઘોડા વગેરે બધું શ્વેત હોવાથી જાણે પુર્ણિમાના ચંદ્ર જેવા શાંત લાગતા હતા. તુમુલ (શંખ), પણવ, ભેરી, વગેરેનો નાદ, મારકીટના અવાજ જેવો ઘોંઘાટવાળો થયો. ચૌદમા શ્લોકની શરૂઆતમાં ભગવાન અને છેવટે અભિમન્યુથી પાંડવોનું વર્ણન ખલાસ થાય છે. તાત્પર્ય કે.

શ્રી કૃષ્ણ જેટલુંજ બળ અભિમન્યુમાં હતું. **परमेष्वासः**=પરમ+ઇશુ+આસઃ=બાણ ફેંકવાવાળો. વૈરાટ રાજાએ, ભગવાન એમની તરફ હોવાથી ઘણીજ મદદ કરી છે. જેટલા દૈવી સંપત્તિવાળા હતા તે બધાને પાંડવ પક્ષે બોલાવ્યા હતા. **पृथिवीपते**=પૃથ્વીના જેટલી સહનશિલતાવાળા રાજા, સંજયે ધૃતરાષ્ટ્રને એમ કહી સંજ્ઞાથી જણાવ્યું કે સહનશીલતા રાખી સાંભળો. **पृष्टे लीला बलय रणितम्** અનેક પ્રકારના અવાજ છે તેનું વર્ણન કીધું, કે,–હરિનાદ ભાલુકપિ કરહીં, ડગમગાહી દિગ્ગજ કરહીં. અટ્ટહાસ=જગદંબા અને મહિષાસુરનું યુદ્ધ ચાલ્યું તે વખતે માતાએ બે હાથ જમીનપર પછાડયા, જેથી સમુદ્રે ખળભળી ઉપર મોટો ઉછાળો માર્યો. **व्यनुनादयन्**. ભગવાનના શંખના અવાજથી આખું ત્રૈલોક્ય ખળભળી ઉઠયું, એટલે દેવો એની મેળે યુદ્ધ જોવા આવ્યા. સામો જણાય તે પ્રતિઘોષ. પાંડવ પક્ષમાં શાંતિથી વીરરસ ભરેલો છે.

ગીતા અ. ૧ શ્લોક ૨૦–૨૧

ગીતાનો પહેલો શ્લોક છે તે આખી ગીતાનો પ્રશ્ન છે. અને ૧૮મા શ્લોક સુધી પ્રસ્તાવના થઇ છે. મહાભારતનાં પર્વ ૧૮, લઢાઈ ચાલી તે ૧૮ દિવસ, ભીષ્મ પર્વમાં આ ગીતાના અધ્યાય પણ ૧૮, અને પ્રસ્તાવનાના શ્લોક પણ ૧૮.

યુદ્ધ ચાલુ થયું. જે મુખ્ય હોય તે જાણી જોઇને મોડો આવે. હિંદુઓનાં નાનામાં નાનાં ગામડાંમાં પણ હનુમાનનું દેવળ હોય. અને જ્યાં હનુમાન ત્યાં શ્રી રામચંદ્રજી આવીજ ગયા. કારણકે શ્રી હરિએ કહ્યું છે કે, મારા ભકતને રાજી કરવાથી હું ઘણોજ રાજી થાઉં છું. અરજુનમાં મોટામાં મોટો દોષ "ગર્વ" હતો. અને તેથીજ આ ગીતા રૂપી અમૃત આપણ સર્વને મળ્યું છે. શ્રી ભગવાનને અનન્ય શરણ નહિ થઇને ધનુષ્ય ઉચકયું નહિં તેથી ભગવાને તેનાં મનને પોતા તરફ ખેંચ્યું. **हृषिकेश**=બુદ્ધિના પ્રેરક–ઇંદ્રિઓના માલીક. સંસારથી ત્રાસ થયલા માણસને જો કાંઇ શાંત થવાનું સાધન હોય તો તે ગીતાનું

કારણ અરજુન છે. અરજુને જ્યારે પોતાનો રથ બેહુ સેનાની વચમાં રાખવા કહ્યું ત્યારે પ્રભુએ વિચાર્યું કે, જ્યારે એની દ્રષ્ટિએ બે સેના જણાય છે તો એ યુદ્ધ શું કરશે! જો બધું ઐકયજ જુવે તોજ એ જીતે. તેથી શ્રી હરિએ તેનાં હૃદયની વૃત્તિઓ પોતાના તરફ ખેંચી લીધી.

ગીતા અ૦ ૧ શ્લોક ૨૨–૨૩.

સંસ્કૃત ભાષા બીજી ભાષાઓ કરતાં ઘણીજ સહેલી છે. જો એનોજ અભ્યાસ ચોવીસે કલાક વાતચિતમાં પણ થતો હોય તો ઘણીજ સહેલી થઈ પડે. પરમાત્મા શ્રી કૃષ્ણને ખુદ અર્જુને કહ્યું કે, મારો રથ બે સેનાની વચમાં ઉભો રાખો. ત્યારે એના જેવો ભાગ્યશાળી કોણ!!! એક ભાગ્યશાળી પુરૂષ એક ગરીબ કુટુંબી હતો. તે એક વખત દાતરડું લઇ ખેતરમાં ઘાસ કાપવા ગયો. ત્યાં કાતરડાંને એક પથરપર ધાર કાઢવા ઘસતો હતો તેવામાં, તે પથ્થર પારસમણિ હોવાથી, દાતરડું સોનાનું થઈ ગયું. પછી તો સોનુંજ કરવા માંડયું, અને તે બહુ સુખી થયો.

અશ્વવિદ્યામાં સાડા ત્રણ જણા જ ઘણા નિપુણ હતા. તેમાં સુભદ્રા પણ હતી. ભગવાનને સારથી તરીકે હુકમ કીધો, પણ પોતે તો પોતાનું સ્વકર્મ જ કર્યું. પાણી જાણી પીવા જતાં તે અમૃત નિકળ્યું, અને જન્મ મરણ રહિત થયો. પ્રભુએ દોરી ખેંચી કે અરજુનનું મન ડગમગ્યું–લડવું કે નહિં લડવું. એનું કારણકે ભગવત્પ્રેરણાજ એવી થઈ કે, અરજુનને એકવાર મોહિત કરી માયામાં રંગીને પછી એને બ્રહ્માનંદનો લ્હાવો આપવો છે. શ્લોકાર્થ એવો છે કે,–યુદ્ધની ઇચ્છાથી ઉભા રહેલા કૌરવ સૈન્યનું જ્યાંસુધી હું નિરીક્ષણ કરૂં ત્યાં સુધી મારો રથ બે સેનાની મધ્યે ઉભો કરો. મારે કોની સાથે લડવું છે તે જોવું છે. અહિં જોકે અરજુનને બધું ખબર છે, છતાં તેનું હૃદય પરપ્રેરિત થએલું તેથી આવું બોલ્યો. આ વખતે અર્જુનનું હૃદય નહિં હતું. અર્જુનનો કહેવાનો ભાવાર્થ એમ છે કે, જે પુરૂષો કૌરવપક્ષમાં લડવા

આવ્યા છે તે **અર્થસ્યપુરુષોદાસઃ** હોવાથી દુર્યોધનને સારૂં લાગે માટે આવેલા છે. મારી માથે કોઇને વૈર નથી, તેમ મેં કોઇનું ખરાબ કીધું નથી. તેમ, સામા પક્ષમાં ભગવાનના શંખનાદને લીધે સર્વનાં મુખ નમ્ર—નીચાં થઈ ગયાં છે.

ગીતા. અ૦ ૧ શ્લો૦ ૨૪–૨૫.

આ બે શ્લોકો મળીનેજ એક શ્લોક છે. એવા બે શ્લોકને સાહિત્યમાં "યુગ્મ" કહે છે. એક શ્લોકનો અન્વય પુરો ન થતાં બીજા શ્લોકમાં આવે તો તે બે શ્લોકને "યુગ્મ" કહે છે. **एवमू**થી આરંભી **इति** સુધી એકજ શ્લોક છે. ત્રણ શ્લોક મળી અન્વય પુરો થાય તેને "વિશેષક" કહે છે. ચાર શ્લોકને "કુલક" કહે છે. આ યુગ્મમાં જાણે ભગવદ્વાક્ય મોતીરૂપે બે સીપમાં હોય એમ લાગે છે. "મારો રથ બે સેના વચ્ચે ઉભો રાખો" એવી રીતે અરજુન બોલ્યો છતાં ભગવાનને બીલકુલ ગુસ્સો આવ્યો નહીં. જ્યાં અપમાન નથી ત્યાં માનની શી કિંમત હોય ?! હે ભારત ! એમ જો સંબોધન વાપરતાં આવડે તો માલ ખાય, અને ન આવડે તો માર ખાય. આપણા તરફ હસ્ત સંજ્ઞા વગેરે જે જે કાંઇ લક્ષ કરાવવામાં આવે તે બધુંજ સંબોધન કહેવાય છે. ગુડાકેશ=નિદ્રાનો ઇશ. નિદ્રા અરજુનના તાબામાં હતી. દક્ષતા તેનામાં ઘણીજ હતી, તેમજ પૂર્ણ સાવધાન હતો. દરેક પ્રાણી હંમેશાં નિદ્રાને સર્વસ્વ આપી તેને તાબે થાય છે. અંજાણપણે એટલે અજ્ઞાને કરીને તે ઊંઘને શરણે જાય છે. દરેક પ્રાણી ઊંઘથી પરતંત્ર છે. અસલના વખતમાં કડક શિક્ષા કોઈ ગુનેગારને કરવી હોય તો તે એ હતી કે, તેનું અંગ ઉઘાડું રાખી તેનાં શરીરમાં સોય કોચ્યા કરવી, અને સુવા ન દેવું. પણ સોય કાઢી પાછી ખોસે તે દરમ્યાન, પ્રાણી એટલો નિદ્રાને વશ થયલો કે, તેટલા વખતમાં ઊંઘ લઈ લે. એટલામાં સોય ખોસાય કે તરત મરવા જેવું લાગે. નેપોલીઅનની લાઈફ (Life) જેણે વાંચી હશે તેને ખબર હશે કે, જો ઇંદ્રિયોને ગમે તે પ્રકારે થકવ્યા ન કરે

તો ઊંઘ ક્યાંથી આવે ?! નેપોલીઅન પોતાના તંબુમાં આવે અને પોતાનાં માણુસોને કહે કે, હમણાં સાડાપાંચ વાગ્યા છે, હું પોણાછ વાગે આવું છું. એમ કહીને ખુરસીપર તકીએ ગાલ ટેકવી પંદર મીનીટ સુધી પડી પાછો બરાબર પોણાછ વાગેજ, જરા પણ આળસ વગર ઉઠી, મોઢું ધોઇ પોતાનાં માણુસ પાસે હાજર થાય. કોઈ એક માણસને પુછ્યું કે ભાઈ! તમારૂં આયુષ્ય કેટલું? તેણે કહ્યું, ૧૦૦ વર્ષનું. તે સાંભળી સુજ્ઞજને તેને કહ્યું કે, અરે મૂર્ખ! તારૂં અરધું આયુ તો ઉંઘમાં જાય છે. રોજ મનુષ્યને આઠ કલાકનું મૃત્યુ છે. મોટા માણસને દસ કલાકનું મૃત્યુ હોય. એ મોતને જીતે તોજ મૃત્યુથી બચે. જિત નિદ્ર અને હંમેશાં દક્ષ એવા અરજુનના રથને બે સેનાની વચમાં ઉભો કર્યો, કે જ્યાંથી પહેલા ભીષ્મ, દ્રોણાચાર્યના અને પછી બીજાનાં નિશાનો જણાવા લાગ્યાં. નાનો છોકરો જો અંગારા પાસે જાય તો કાંઇ પણ પુછ્યા વિના, તેનાં કલ્યાણ માટે, છોકરાને ઉપાડી તેની માતા બાજુએ મુકે છે. તે પ્રમાણે ભગવાને અરજુનને કહ્યું કે, હે પાર્થ! આ કુરૂવંશ માહેલા ભેળા થયલા માણુસોને જોઈ લે. અહીં કુરૂનો અર્થ ત્હારા બાંધવોને જોઈ લે, એમ કહેવાનો ભગવાનનો ભાવાર્થ છે. એક વખતે અશ્વત્થામાએ દ્રૌપદીનો કાંઈ અપરાધ કરેલો તે વખતે અરજુને પ્રતિજ્ઞા કરી કે, હું એનું માથું કાપી લાવીશ. તે પ્રમાણે તેને પકડી દ્રૌપદી પાસે આણ્યો. દ્રૌપદીને દયા આવ્યાથી માથાંમાંથી મણી કાઢી હજામત કરાવી, શાસ્ત્રાધારે જીવ બચાવી, છોડી મુકયો. એ પ્રભુની દયાની કોથળી પાર્થ અરજુનનાં હૃદયમાં જઈ ફુટતાંજ અરજુનને બન્ને પક્ષ સરખાજ લાગ્યા.

ગીતા અ. ૧ શ્લોક ૨૬–૨૭.

લોક ઉપર ભગવાનની દયા અર્જુનમાં રેડાઈ ત્યારેજ પ્રભુએ કહ્યું કે, હે પાર્થ! તારા ભાઇબંધોને જોઈ લે, એટલે એકાંતમાં વિચાર કરી લે **આચાર્યાન્** કૃપાચાર્ય દ્રોણાચાર્ય વગેરે. પહેલા કૃપાચાર્ય રાજ-પુત્રોને શિખવતા હતા. તેને ત્યાં દ્રોણાચાર્ય આવેલા હતા. અને તેમણે

દુર્યોધન પાસે દ્રોણને રખાવ્યા હતા. **मातुलान्** શૈલ્ય અને શકુની, કૌરવોના મામા છે. તે બંધુભાવથી એના પણ મામાજ કહેવાય. બધા ૧૦૫ ભાઇઓ સાથેજ રહેતા હોય અને મામા કોઇના પણ આવે તો મામાજ કહેવાય. એક જણને મુસાફરી કરવાનો શોખ હતો. તેણે સરસ લુગડાં પહેરી બળદની નવી છકડીમાં બેસી બહારગામ નિકળ્યો. એક ગામમાં પટેલને બારણે ગાડી બળદ છોડી, ચોતરાપર અંદર બેઠેલા સરવે જણાને "રામ, રામ" કર્યા. પટેલને ત્યાં ખાવા પીવાની ખોટ નહીં. તરત ગરમ પાણી આપ્યું. નાહ્યા. જમ્યા. પછી તેમને નામ પૂછતાં કહ્યું કે, મારૂં નામ "મામા કંસ" છે. બધાં છોકરાંએ જાણ્યું કે, મામા છે. તેથી બધાજ મામા કહેવા લાગ્યા. વડીલ વર્ગ કહેવા લાગ્યા કે, સ્ત્રી પક્ષનો મામો હશે. પંદર દીવસ સુધી કોઇ બોલ્યું નહીં. મામાની ખુબ બરદાસ કરી. પછી સ્ત્રીને કહ્યું કે, આ ત્હારા પક્ષનો મામો ક્યાં સુધી રહેશે? સ્ત્રી બોલી કે, મારો કે તમારો (મામો)? પછી તેનેજ પૂછતાં કહ્યું કે, બે દીવસ પછી જવાનો છું. જગન્નાથ પંડિત-મોટા સંસ્કૃતના પંડિત હતા, તેણે પોતાની પત્નીને બંધુ શબ્દ વાપર્યો છે. પ્રેમથી બંધન કરે તેજ બંધુ. શ્રી રામચંદ્રના નલ નીલ જાંબુવાન સુગ્રીવ વગેરે અનેક યોનિના પ્રેમબદ્ધ થયલા બંધુજ હતા. અર્જુનને વીરરસની સામગ્રી તેને બદલે વિરૂદ્ધ દયા આવી. **शूरेनिर्घृणता०** ક્રૂર હોય તોજ શૂર. અર્જુનમાં હમણાં પારકી કૃપાનો આવેશ થયો છે. તે ભગવાનની કૃપાનો આવેશ થયો છે. **परया कृपया** ઉંચી કૃપા. **आविष्टः** વિશ્ ધાતુ છે. ભુત જેમ કોઇમાં આવેશ કરે છે ત્યારે તેનું હૃદય રેહેતું નથી. તેમ આ વખતે અરજુનનું હૃદય નથી. સૂક્ષ્મ પદાર્થનો પ્રવેશ થાય તેને આવેશ કહે છે. અને દ્રશ્ય પદાર્થનો પ્રવેશ તે પ્રવેશ કહેવાય. **विषीदन्** ખેદ પામતો. મનુષ્યને હંમેશાં જે ખેદ આવે તે વિષાદ. અર્જુનને વિષાદ આવ્યો હોય તો આજ હતો. તેથી વિષાદ યોગ. રાજા ભર્તૃહરિને રાણી પિંગળાનું કાળું મનમાં આવ્યું ત્યારે **धिक्तान्** × × ઉદ્ગાર કાઢયા. ભગવાને જ્યારે કાળિયા મર્દન

માટે કદંબનાં ઝાડ ઉપરથી પતન કર્યું તે પતનયોગ. અર્જુનનો, આ વિષાદયોગનું બોલવું છે તે, પ્રજ્ઞાવાદ છે. એ કોઇને પણ ભગવાન શિવાય સમાધાન આપી શકે તેમ નથી. અરજુન હવે પરવશ થયલો —પારકી દયાના તાબામાં કંઇક બોલશે.

ગીતા—અ. ૧ શ્લોક ૨૮-૨૯-૩૦-૩૧.

અરજુન હવે બોલેબોલમાં તથા પદેપદમાં ખેદ પામતો બોલે છે. આંખનું તેજ, જાણે કોઈ સાધુ પશ્ચાત્તાપ પામેલો હોય, તેના જેવું છે. બાકી નહિ તો અરજુનની આંખો કોઈ દિવસ એવી થયલી નહીં. નરસોબાવાડી તથા ત્ર્યંબકનાથ આગળ કુશાવર્ત તીર્થ છે. ત્યાં નર-નારાયણની સ્થાપના છે. ત્યાં બલિ ક્રિયાથી વડિલ કોઇ હોય તો તે અથવા પિશાચ હોય તો તે આવે છે. એક દક્ષિણી બાઇનાં અંગમાં પિશાચ આવ્યો ત્યારે તે બાઇ એકદમ હિંદુસ્થાની બોલવા લાગી. જે ભાષા તેની જીંદગીમાં તે બાઇને ખબર નહિ. તે વખતે નદીને સામે પાર પુર જોસમાં તરી ગઇ. શુદ્ધિમાં આવતાં તે બાઇને પૂછ્યું તો કહે, બીલકુલ મને ખબર નથી. તેવીજ રીતે ભગવાનથી પ્રેરિત થયલી દયા હવે અરજુનમાં બોલે છે. તે અરજુન હવે બે પક્ષો જોઈ ન્યાયપૂર્વક અને રસિક બોલશે. દાખલા તરીકે "સુકું ઝાડ સામે ઉભું છે" એમ બોલવું હોય તો **शुष्को वृक्षः तिष्ठत्यग्रे** એ જરા કઠોર લાગે. અને રસયુક્ત બોલવું હોય તો **गतरसतरु इह विलका ।** તેથી અરજુનદ્વારા ભગવાન જે સ્થિતિ જાહેર કરે છે તે જો અંતરમાં ચિત્ર-યુક્ત ખબર પડે તો યથાર્થ સ્થિતિ પણ ખબર પડે. અર્થાત્ ભવાબ્ધિ તારક બ્રહ્મવિદ્યા માટે કેવો અધિકારી હોવો જોઇએ, તેનું લક્ષણ સૂચવે છે. લડવૈયો પૂર જોસમાં લડવા તૈયાર થાય ત્યારે તેનું વજન ઘણું હલકું માલમ પડે છે. અને જ્યારે શોકગ્રસ્ત થાય છે ત્યારે તેનું વજન ઘણુંજ વધી પડે છે. ઉત્સાહયુક્ત હોવાથી હલકું લાગે છે. શ્લોકાર્થ કહે છે કે,—હે કૃષ્ણ ! આ સ્વજનને જોઈ, તથા લડવાને તૈયાર થયલા

જોઇ, મારા અવયવો ગળી જાય છે અને મુખ પણ સુકાઇ જાય છે. (અંદરના શોકાગ્નિથી સુકાઈ જાય છે) મારાં શરીર ઉપર રોમાંચ ઉભાં થાય છે, અને ગાંડીવ ધનુષ્ય જાણે મને કહે છે કે, હવે મને માફ કર. દયા મમતા એવી છે કે, એના આગળ ગાંડીવ કંઈ કરી શકતું નથી. નહિ તો ગાંડીવ ધનુષ્ય ઉપડેલું કામ સિદ્ધ થયેજ બેસે. ભમરો મજબુત લાકડું કોરી કાઢી ઘર કરે, પણ અતિ કોમળ કમળમાં મમતાને લીધે, જો કે તે કમળને ક્ષણુમાત્રમાં છેદન કરવા સમર્થ છે છતાં છોડી શકતો નથી અને કહે છે કે, रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं। રાત જતી રહેશે ને સ્હવાર થશે. પોતાના દાંતનો વિચારજ આવતો નથી.

बंधनानि किलसंति बहूनि प्रेमरज्जुकृत बंधनमन्यत् ।
दारु भेद निपुणो हि षडंघ्रि, निष्क्रियोभवति पंकजबंधनेन ॥

જાત જાતની વસ્તુથી બંધન. સ્કુલનાં દફતરોને, વેપારીના ચોપડાને પંડિતોનાં પુસ્તકો વગેરેને બંધન. શ્લોકાર્થ—મારી ચામડી બળવા માંડી, મારાથી હવે બેસી શકાતું નથી, મારૂં મન ભ્રમર ગતિને પામેલું છે—ચક્કર આવે છે. નિમિત્ત શાસ્ત્ર એ ડુબી ગયલી વિદ્યાઓમાંની એક વિદ્યા છે. ભવિષ્યકાળ જાણવાની ઇચ્છા દરેકને થાય છે, પણ તે તૃપ્ત થતી નથી. સામુદ્રિક શાસ્ત્ર પણ તે માહેલુંજ છે. નિમિત્તશાસ્ત્ર=સુકન-શાસ્ત્ર. શ્રીરામ જ્યારે અરણ્યમાં જાય છે તે વખતના પ્રસંગમાં તુલસી-દાસજી લખે છે કે, જ્યારે રામ અરણ્યમાં ગયા ત્યારે ભરતજી પોતાના વડીલ ભાઇને મળવા વલ્કલ પેહેરીને સર્વ અયોધ્યાના લોકો સાથે જાય છે. તે વખતે ચિત્રકૂટ પર્વત આગળ “ગુહ” નામનો એક ભીલ પ્રભુ રામનો ભક્ત રહેતો હતો. તેણે વિચાર્યું કે, માના રામને અરણ્યમાં મોકલી પાછા મારવા જાય છે. તેથી સિંગ ફુંકી બધા ભીલોને બોલાવી કહે છે કે, ભાઇઓ! કાલની આપણુને ખબર નથી. “સમર મરણુ પુની સુર તરી તીસ, રામ કાજ શરિર ક્ષણુ ભંગુરા.” પછી ત્યાં એક બુઢ્ઢા ભીલે કહ્યું કે, આજ કાગડો બોલી ગયો છે તેથી મને લાગે છે

કે, અલભ્ય લાભ થવાનો છે. માટે વિચારીને કામ કરવું. તેથી દુતને મોકલ્યો છે, અને ભરતજી રામને માટે અનુતપ્ત થયલા જોઈ ઘણોજ આશ્ચર્ય પામ્યો છે. ઇશ્વરના ભક્તને દેવનું સ્મરણુ એજ શુકન જાણુવા. પક્ષિઓની બોલી ઉપરથી આ શાસ્ત્ર નિકળ્યું છે. અપશુકન થાય તો પ્રતિકાર જોઇએ. અરજુન નિમિત્તશાસ્ત્ર જાણુતા હતા. **परिव्राट् योग युक्तश्च, रणेचाभिमुखो हतः ।** રણુમાં સામો ખડો રહી મરી જાય તેને પુણ્ય–સ્વર્ગલાભ, પણુ મારનારનું કલ્યાણુ નથી.

ગીતા. અ. ૧ શ્લોક ૩૨–૩૩

મનુષ્ય સ્હવારે જ્યારે જાગે ત્યારે બે દલાલ આવી સલામ ભરે. તે બે દલાલ **श्रेयश्च प्रेयश्च**–શ્રેયસ્ અને પ્રેયસ્. જે શરૂઆતમાં કડવું લાગે પણુ પછવાડે તેનું પરિણુામ સારૂં આવે તે શ્રેયસ્ છે, અને શરૂઆતમાં માલ (સારૂં–સુખપ્રદ) દેખાય, પણ તેનું ફળ પછવાડે ઘણું દુઃખરૂપ લાગે, તે પ્રેયસ્ છે. સ્હવારે શ્રેયસ્ કહે કે નાહી ધોઈ સંધ્યા સ્નાન કરો, અને પ્રેયસ્ કહે કે ચાહા પીઇને અંતરવૃત્તિ શાંત કર. **लोभमूलानि पापानि ॥ फलेसक्तो निबध्यते ॥** વાલ્મિક રૂષિએ રામાયણુ કર્યું તેમાં સીતાનું વર્ણન કીધું. પછી સુરપણુખાનું વર્ણન કર્યું છે તે વાંચીએ તો આશ્ચર્ય થાય. રામચંદ્રને સુરપણુખા કહે, આ સીતા તમને સુખરૂપ નથી. હું સુંદર છું. રામે કહ્યું. હમારા ક્ષત્રિઓના રિવાજ પ્રમાણે મારાંથી તો બીજી બાયડી થાય નહીં, પણુ તમે હમારા લક્ષમણુ પાસે જાવ. તેથી ત્યાં ગઈ તો લક્ષમણે નાક કાન કાપી નાંખ્યાં. તરત રાવણુ પાસે જઈ જુઠું બોલી કે, હું ત્હારે સારૂ સીતા લાવવા ગઈ તો મારૂં નાક કાપી નાખ્યું. સુરપણુખા એ પ્રેયસ હતી. તેવી રીતે આ યુદ્ધ કરવાથી શ્રેયસ લાગતું નથી. નરદેહમાં થોડું શ્રેયસ અને થોડું પ્રેયસ હોય તો નરદેહની શોભા. અરજુન કહે, પ્રીય મને કંઇ લાગે તો પોતા માટે અથવા સ્વજન માટે. સ્વજન માટે હું યુદ્ધ કરૂં એ પણુ મને ઇષ્ટ નથી. મનુષ્ય પોતાની વાછરડી માટે પાંહડાં, છોકરાં

માટે બોર, અને દેવતા માટે અનેક જાતનાં ખુશબોદાર પુષ્પો લાવે, તેને પુછીયે કે તમારે માટે શું લાવ્યા ? તો કહેશે કે, મને કાંઇ જરૂર નથી. કેટલાંક દ્રષ્ટ અને અદ્રષ્ટ બે ફળો છે. શ્લોકાર્થ એવો છે કે, હે કૃષ્ણ ! મને વિજયની ઇચ્છા નથી, અને રાજ્ય સુખની પણ ઇચ્છા નથી. જ્યારે વનમાં હતા તે વખતે મને, તમારી કૃપાથી, સિંહની: માફક બહુજ સુખ હતું. તેવુંજ સુખ હંમેશાં આપો. ભગવન્ ! કદાચ તમે કહો કે, મરી ગયા પછી તેને રાજ્ય મળે, તો મરે તેની ગતિ કંઇ શાસ્ત્રમાં બતાવી નથી. રામાયણમાં ભરત વિષાદયોગ થયો છે. જ્યારે ભરતજી અયોધ્યામાં આવ્યા ત્યારે વસિષ્ઠ પુરોહિતે દરબાર ભરી (જો કે ગુરૂજી પોતે ત્રિકાળજ્ઞ હતા તે જાણતા હતા કે, કાલે તો શ્રીરામને વનવાસ જવાનુ છે, છતાં રાજ્યાભિષેકનું મુહુર્ત કહ્યું હતું) કહ્યું કે, તમારા પિતાની આજ્ઞા છે માટે તમારે રાજ્યગાદી પર બેસવું જોઇએ. હવે, ભરતજી કોઈ દિવસે વસિષ્ઠ ગુરૂ સામું બોલેલા નહીં તે, તેજ વખતે બોલ્યા કે, ગુરો ! તમે રાજ્યાભિષેકનો ઉપદેશ કરો છો તે તમારાં કલ્યાણ માટે કે મારાં કલ્યાણ માટે ? જો મ્હારાં કલ્યાણ માટે હોય તો, હું જાણું છું કે, રામની સેવામાં મારૂં હિત છે; અને જો તમારાં કલ્યાણ માટે હોય તો મારા રાજ્યાભિષેકથી તમારૂં અકલ્યાણ છે. એક પુરૂષે ખુબ ભાંગ પીધી તે પહેલાં બાયડીને કહેલું કે, હું જ્યારે ખુબ નિશામાં આવું ત્યારે મને ઘરમાં ઘાલી બારણા દઇ છાશ પાવી. બાયડીએ તે પ્રમાણે કર્યું ત્યારે તેના ઉપર લોકોએ અપવાદ મુકયો. પણ તે સ્ત્રીએ તો આગળથી આજ્ઞા લીધીજ હતી. ભરત કહે, આ ભયંકર પ્રસંગમાં પૃથ્વી રસાતળ જવી જોઇએ, પણ જાણે મારા આવવાની રાહ જોઇ બેઠેલી હોય તેવી રીતે હું રાજ્યપર બેસું છું કે કેમ !! પણ જો હું રાજ્યપર બેસું તો પૃથ્વી તો રામની સાસુ છે તે અન્યાય–અણુઘટતું કેમ સહન કરશે !! ઘણુંખરૂં મોટા માણુસો પોતાના અનુયાયીઓ, ભાઇઓ રાજી થાય તેમજ કરે છે. સામા કૌરવો પ્રાણ તથા ધનની ઇચ્છા વગર યુદ્ધમાં તૈયાર થયલા છે. આ સૃષ્ટિમાં મનુષ્ય એક મોટો

જુગાર રમી રહ્યા છે. મુંબઇમાં પહેલો પ્લેગ ફાટયો ત્યારે ધનની ઇચ્છા છોડી દુકાને તાળાં મારી ન્હાસી ગયાં અને પ્રાણ બચાવ્યા. કેટલાક એ વખતમાં આવી પૈસા કમાયા, અને પ્રાણની દરકાર રાખી નહીં. તે વખતે ભુલેશ્વર લત્તામાં બોટીઙ પેહેરીને કોઇ માણસ ચાલી જાય તો કોઇ તેને અડકવાવાલો મળ્યો ન હતો. તેમ મારા ભાઇઓએ પ્રાણ તથા ધન બેહુ જુગારમાં લગાડયાં છે. ઘણા વૈરાગ્યશીળ છે.

ગીતા–અ. ૧ શ્લોક ૩૪–૩૫.

શ્રેયસ્‌ના સિદ્ધાંતમાં પ્રથમ અહિંસા પાળવી જોઇએ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, વગેરે પાળવાં જોઇએ. સન્યાસધર્મમાં "અભય" એ મોટું સુખ છે. સન્યાસ ધર્મ ગ્રહણ કરતી વખતે જન્મથી તે સન્યાસ સુધીમાં મ્હારા સ્વાર્થ ખાતર મેં અનેક લોકોને કષ્ટ આપ્યાં તેનો પશ્ચાત્તાપ કરી સૂર્ય સામું પાણી મુકવું. **अभयं सर्वभूतेभ्यो** કહી પ્રાણીમાત્રને મારા તરફથી અભય હો. એમ અભયદાન આપવું. એક સંગ જમાવી ચાલે તે એક દિવસ શ્રેયસ્‌નો કાયદો કરવા કહેતો. ભર્તૃહરિ મહારાજે કહ્યું છે કે,–વેદાંત સૂર્ય ઘરઘરમાં છે. અન્ન જેમ માણસનો ખોરાક છે તેમ વેદાંત પણ મનુષ્યનો હંમેશનો ખોરાક છે. અને જો તેમ ન થાય તો મનુષ્યનું મન છાણ માટીનું કહેવાય. જેમ છાણની આફુસ (કેરી) બનાવી કોઇને મોકલે તો ખરીજ લાગે પણ હાથમાં લઈ જુવે તો ખબર પડે. **प्राणघातान्निवृत्तिः** કોઈના પ્રાણને દુખાવવો નહીં. **परधनहरणे संयमः सत्यवादी**–વગેરે કહીને બતાવી દીધું કે **श्रेयसां एष पंथः** શ્રેયસનો એજ માર્ગ છે. વેદવ્યાસ ત્રૈલોક્યને જાણનાર છતાં અરજુન પાસે વારંવાર આવતા હતા. કારણ કે અરજુન પાસે વિદ્યા હતી. તે શ્રેયસ્‌નો માર્ગ જાણતો હતો. અરજુનનું કહેવું, બીજા કોઈની મગદુર નહિ કે તોડે. સ્વજન માટે રાજ મેળવું અને તેનેજ મારૂં તો પછી રાજ બતાવું કોને ? ! ! આચાર્યો કૃપાચાર્ય, દ્રોણાચાર્યની દયા અરજુનની ધ્યાનમાં આવી. જ્યારે વિદ્યા ભણતા ત્યારે

અરજુનને કલાક છાતી સાથે ચાંપતા. તેથી ઈચ્છા થઈ તો બધુંજ ઓછું લાગે. પુરૂષોત્તમ માસમાં એક બાઈ ૩૩ પતાસાં લાવીને પગે લાગી. મહારાજ તે બાઇને કહે, શું કરવા લાવ્યાં? પણ મનમાં તો હતું કે એનું શરબત બહુ સરસ બને છે. આવી અરજુનની મનોવૃત્તિ રૂપી રથ ઉપર ભગવાન સારથી થયા છે. નિજ ભક્તને પીઠે બેસાડી તેને રક્ષી પોતે સારથીપણું કરે છે. જ્યારે અડચણો દૂર થયલી જોઈ ત્યારે ભક્ત વિચારે કે આપણે બચ્યા; પણ ભાઈ બચ્યા નથી પણ પ્રભુએ બચાવ્યા છે. અરજુન કહે કે, શિષ્ય હોઇને ગુરૂનો વધ કરે તો પછી કાલથી તમારા વેદો ઉથલાવવા પડશે. ગુરૂ શિષ્યભાવ રહેશે નહિ. ભરતજી, રામ પાસે કહેવા ગયલા કે મારે રાજ્ય નથી જોઈતું. તેથી રામે સમજાવ્યા છતાં ભરતે ન માન્યું ત્યારે રામે ભવાં ચઢાવ્યાં ત્યારે માન્યું. **कृतिश्रुति वृद्धमतेषु त्वपरित्वकं न चेत् कुर्याः। विच्छिद्यमानेपि कुले भविष्यति॥** તમારે પુત્ર કામેષ્ટિ યજ્ઞો શાસ્ત્રમાંથી કાઢી નાખવા પડશે. વંશ જેમ કાયમ રહે તેમ વાસના મૂળ પણ બહુ ઉંડા હોય છે. એ લોકને મારવાનું મારાં મનમાં પણ આવતું નથી. તેઓ ભલે મારે. મને ત્રૈલોકયની ઇચ્છા નથી તો આ પૃથ્વીને માટે શું હોય?! (કૈમુત્યન્ ન્યાય=સત્તરવાર તેડું કરે તો પણ ન જાય તો પછી તે વગર નોતરે તો જાયજ શાનો!!)

ગીતા-અ. ૧ શ્લોક ૩૬-૩૭.

શાસ્ત્રનું અવલોકન કરતી વખતે યાદ રાખવું કે હજાર (અનેક) શંકાઓ જ્યારે થઈ હશે તો તેનું સમાધાન શાસ્ત્રકારો આપે. મરાઠી કોરટમાં મારામારીનો કેસ હતો. ત્યાં સાક્ષીને પૂછ્યું કે તમે તે વખતે ક્યાં જતા હતા? જવાબ-નદીએ ન્હાવા જતો હતો. રોજ ન્હાવા જાવ છો કે તેજ દિવસે? રોજ ગંગાજીમાં ન્હાવા જાઉં છું. ત્યાં એક જણ ફક્ત જવાબજ લખતો હતો તે ઉપરથીજ સવાલ ધ્યાનમાં આવે. તેમ સમાધાન વાંચતાં તેની સર્વ શંકાઓ તરત ધ્યાનમાં આવે. ધૃતરાષ્ટ્રના

પુત્રોના દોષો ધ્યાનમાં લેતાં તેઓ પુરેપુરા આતતાયી હતા. આતતાયીના છ દોષ તે બધા કૌરવોમાં હતા. તે છમાંનો એકજ દોષ ફક્ત હોય તો તેવાનો ઘાત કરનારને શાસ્ત્રમાં કોઈપણ જાતનું પાપ લખ્યું નથી. એવાને તો વિચાર કીધા વગર હણવો એમ લખ્યું છે. એવા એક અથવા બે ગુનાહ કરનાર હોય છતાં તે આતતાયીજ કહેવાય. કલિયુગમાં તો એવાનો સંસર્ગજ છોડી શકાતો નથી. સત્યુગમાં એવાનો સંસર્ગજ છોડવામાં આવતો હતો.

अग्निदो गरदश्चैव शस्त्रपाणि र्धनापह ।
क्षेत्रदारापहारिच षडेते आततायिनः ॥

બે જણની સખ્ત લડાઇ થઈ. એકે કહ્યું જોઇ લઇશ; અને પછી ઘર બાળી મુક્યું. તે બાળનાર આતતાયી. કોઈ મિત્રભાવે જમવા તેડી લાડુમાં ઝેર આપે. તે લાડુ અને જરા મીઠું ચોળતાં રંગ બદલાઇ માલમ પડે. એવા તે લાડુ આપનારને મારી નાખે તો મારનારને દોષ નથી. ગરદ એટલે ઝેર. ગરદી શબ્દ એના પરથી નિકળ્યો. **गरद्: विषम् ददाति इति गरदिः ।** કોઈ તલવાર લઇ સામો મારવા આવે, ધન (અથવા આપણો રોટલો) લઇ લે, કોઇ ભોળા માણસ પાસે ખોટો દસ્તાવેજ લખાવી ખેતર પચાવી પાડે, એવા એ બધા દરેક આતતાયીનાં ખાતામાં આવે છે. અરજુન કહે, હે જનાર્દન ! આ ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને મને શું લાભ થવાનો છે. જેમ છોકરો માતાને દાઢીમાં રમતમાં લાત મારે છતાં માતા મમતાને લીધે ગણકારતી નથી, તેમ અરજુન મમતાને લીધે મારતો નથી. એ આતતાયી છે તો પણ હું એને મારૂં તો, મારૂં મન કહે છે કે, મને પાપ લાગશે. હું જો એને મારૂં નહીં તો મારી આડે કાંઇ ધર્મશાસ્ત્ર આવતું નથી. કદાચ એ લોકો આતતાયી છે તો મૂર્ખાઇથી બન્યા છે. તેથી સ્વજનોને મારી હું શું સુખી થઇશ. મારે તો એમનો ઘાત ન કરતાં કોઇપણ ઘાતમાંથી એમને બચાવવા, એજ સુખી થવાનો સરસ ઉપાય છે. ક્રોધ છે તેજ મનુષ્યનો ઘાત કરે

છે તો જિત ક્રોધ બની ક્રોધનેજ શા માટે ન મારવો ? કોઈ બ્રાહ્મણને કુતરૂં કરડયું તો તેના બદલામાં તેનાં ઉપર આતતાયીનો દોષ મુકી તેનો પગ મરડી નાખ્યો. અહીં એ જાનવરનો સ્વભાવ છે. એ આતતાયી ન કહેવાય, પણ એને દૂર કરવા બીજા ઉપાય યોજવા જોઇએ.

ગીતા—અ. ૧ શ્લોક ૩૮–૩૯.

હું સ્વજનને મારવામાં પાપ જોઉં છું તે છતાં ખાડામાં કેમ પડું ?! કૌરવો પોતાની મૂર્ખાઈથી એ જાણતા નથી તો શું આપણે એના જેવા મૂર્ખ થઇએ ?!! કારણમાં જે ગુણ હોય તે કાર્યમાં આવે. સોનું ગુણે ગરમ છે. એના દાગીના બનાવ્યા તોપણ સોનાનો ગુણ સર્વમાં એક સરખો છે. કૌરવોના પિતા આંધળા ત્યારે એના છોકરા પણ એવાજ. છોકરીઓ જે કુળની લેવી તે કુળનો વિચાર કરવો. શ્લોકાર્થ,–કુળનો નાશ થતાં કુળનો સંપૂર્ણ ઘાત થાય છે. અને મિત્રદ્રોહ કેટલો કરે છે તે એઓની ધ્યાનમા આવતું નથી. ધૃતરાષ્ટ્ર રાજા એની માતાના દોષથી આંધળા અને છોકરા લોભના દોષથી આંધળા બન્યા છે. દુર્વાસા ઋષિ શકુંતલાના આશ્રમ આગળ આવી તેને બોલાવે છે, પણ શકુન્તલાની આંખમાં દુષ્યન્ત ભરાયલો તેથી સાંભળ્યું નહીં. દુર્વાસાએ જોયું કે દુષ્યંત છે માટે જવાબ નથી. **उपहत** (ઢંકાઇ ગયલો). ધનના મદમાં કાંઇ પણ ધ્યાનમાં આવતું નથી, પણ જ્યારે કંગાળતા આવે ત્યારે સઘળું ધ્યાનમાં આવે છે. દુષ્યન્ત અને શકુન્તલા મળે છે ત્યારે પૂછે છે કે દરબારમાં મને કેમ ન ઓળખી ? જવાબ દીધો કે, તે વખતે વિકાર ન હતો.

छाया न मुर्च्छेति मलोपहत प्रसादे। शुद्धेतु दर्पण कले प्रतिबिंब कार्ये॥ કહે છે કે, **अस्माभि** અર્થાત્ પોતાને કેટલાં વજનમાં ભારે ગણે છે. **असंभवं हेम मृगस्यजन्म, तथापि रामो लुलुभे मृगाय।** સાંખ્ય શાસ્ત્રમાં કપિલમુનિના સંવાદમાં કહ્યું છે કે, **ना अंधा द्रष्टाच क्षुष्मतां अनुपलंभाः।** તે આંધળા હોય તેથી આપણે પણ

આંધળા બનવું ! ! **प्रपश्यद्भिः=विद्वद्भिः। विद्वान् विपश्चित् दोषज्ञः सन् सुधिः कोविदो बुधः। शिशुर्वेत्ति पशुर्वेति वेत्ति कानर संकणे॥** જે વિદ્વાન ન હોય અને સભામાં જાય તો શું કહે. જે વિદ્વાન હોય તેને આગળ બોલાવે. કિરલોસ્કર આત્મા પુણેથી ઈંદોર ગયલા ત્યાં ગાયનનો જલસો થયો. તેમાં પુનેથી ગવૈયાઓ બોલાવ્યા પુનામાં તે વખતે મ્હાડ રાગ બહુ પ્રસન્ન પડવાથી દરેક ગાયનમાં એ રાગ મિશ્રણ કરવા લાગેલા તેવીજ ઢબથી ત્યાં ગાયું કે તરત ખરેખરા ગાયનને જાણનારા ઉઠીને ચાલતા થયા.

ગીતા અ૦ ૧ શ્લોક ૪૦–૪૧

યુદ્ધ કરવું તે સ્વકુળ ક્ષય કરવામાં નિમિત્તભૂત થવું. આ વખતે કુરૂકુળ તથા યદુકુળ ખૂબ ઉન્મત્ત થયલાં હતાં તેથી પ્રભુએ એ બેહુનો ક્ષય કરાવવાનો હતો. હવે કુરૂકુળ માટે તઈઆર થયલાં શસ્ત્રરૂપ જે અરજુન તે નિમિત્ત થયલો તેને આવી ઉલટી દયાની વાત ધ્યાનમાં આવી તે બહુજ ખોટું. દુનિયામાં જાણવું હોય તો બે ચીજ છે. કુળ અને શીળ તે જાણવું જોઇએ. કુળનો સામાન્ય અર્થ તો સજાતીય પ્રાણીનું ટોળું. **सजातियैः कुलं युथं, किरश्वान्पुञ्ज यूथकम॥** પશુ, પક્ષી, મહીશ, હરણ, હંસ વગેરેના સમુદાયને કુલ કહે છે. આ શરીરને કુળ કહે છે. કાંટો પગમાં જરાક આશ્રય લે છે તો લેવા દેતા નથી, કેમકે વિજાતીય છે. આંખમાં ધૂળ–રજ સહન થતી નથી, પણ પેટમાં બચ્ચું સહન થાય છે; કારણ કે તે ખુંચતું નથી; અને ખુંચવા માંડે કે તરત ત્યાં ટકી શકતું નથી. તેમ કન્યા જે કુળની લેવી તે એવી લેવી કે જે આપણા કુળમાં આવી ખુંચે નહીં. અને નહિં તો કુળનાં મનુષ્યને ઠરવા પણ દે નહીં. રૂપ, ગુણ, તનદુરસ્તી, તથા ટિપ્પણ પછી, પણ પહેલાં શું જોવું. દશ કુલ જોઈ પછી બીજું જોવું. **कुलमग्रेपरीक्षेत** તેનું કુળ પહેલે તપાસવું. માબાપની અંદર કુળ તપાસવાનું છે. કુળને ઉંચે ચઢાવવાની જેની ઇચ્છા છે તેણે કન્યા બહુ

તપાસીને લેવી. જો કુળ સારૂં ન હોય તો ગમે તેટલું દ્રવ્ય, ગાય, ઘોડા, ગાડી, ભેંસ, જમીન મળતાં હોય તે પડતાં મુકવાં–જતાં કરવાં.

હલકું કામ કરવાવાળો ન જોઇએ. રામાયણમાં ધોબી બાપ દીકરાનો સંવાદ છે તેમાં દીકરો બાપને કહે–આપણું કુળ કેવું, તો કે બગલાંની પાંખ જેવું. અને રઘુકુળની નિંદા કરી છે. કોઇ બ્રાહ્મણ રસોઇઓ હોય તો તેની કન્યા લેવી નહીં. **हीनक्रियम** હોવાથી.

निष्पुरुषम्. જે કુળમાં સ્ત્રીઓજ ઘણી હોય, અને કાગળ લખવા પારકાને બોલાવવો પડે તો તે કુળની વાત જાણે.

निश्छंदः તેનો પિતા વેદાધ્યયન કરવાવાળો જોઇએ.

એકવાર એક પંડિતજી ઉજ્જન ગયલા ત્યાં શાક બજારમાંથી કાકડી લીધી. તે એવી સરસ–માત્રા જેવી ઘણીજ મીઠી હોવાથી અવાજ કર્યા વગર ખાઇ ગયા. પછી પાકી ચાર આના આપી લીધી તે દેશમાં લઈ જઈ બીજ સુકવી નવ ઘેર આપી આવ્યા. તે સાલ કાકડી ખૂબ ખાધી, પણ પેલા નવે જણાએ આવતી મોસમ માટે બીજ રાખેલાં નહીં. બીજી મોસમે પંડિતે પાછાં બધાને આપ્યાં. ત્રીજી મોસમે એનાં રાખેલાં બીજ ઉંદરે નાશ કરી નાખ્યાં. પેલા નવે પાસે પણ બીજ નહિ, એટલે કુલ નાશ થયો. તેવી રીતે આપણે માબાપની કાકડી છીએ.

મોટા મોટા કાળાવાળ આખે શરીરે હોય તેની, હરસનો, ક્ષયનો, અપસ્માર, કોઢ વગેરે રોગવાળાની, અજ્ઞાત કુલ શીલવાળાની. કન્યા ન લેવી...તુલસીદાસજી કહે છે કે,—

રઘુકુલ રીત અબીચલઆઈ, પ્રાણ જાય અરૂ બચન ન જાઈ, કુલ બનાવવું એજ વાત કઠણ છે. કુલ શબ્દાર્થ ભયંકર છે. દીલીપ રાજાએ કામધેનુની ઉપાસના કરી પુત્ર માગ્યો અને તે એવો માગ્યો કે જે કુલ વંશ થાય–સર્વ ગુણસંપન્ન થાય. ત્યાર પછી રઘુરાજા આવ્યા. એ કુળમાં રામચંદ્રજી જનમ્યા, છતાં પણ તેનું નામ રઘુકુલ ભૂષણ રાખ્યું. ત્યારે રઘુરાજાકુલના બનાવનાર થયા. (**वंशस्य कर्तारम्**) કુલમાં

કોઈ એવો ક્વચિતજ આવે કે જે કુળમાં તેનોજ પ્રથા પડી જાય. એક વકીલ મિત્રને ગીતાનો છંદ એવો લાગેલો કે સ્હવારે રાત્રે તેના ઉપરજ ધ્યાન—એક દિવસે મહારાજે પુછ્યું કે, કેમ વકીલ સાહેબ! ત્યારે કહે, તે વકીલાત મરવા ઘોને. ત્યાં તો ૧૧ થી ૫ જવું તે જવુંજ. કુકડામાં ગરમી એવી પ્રવિષ્ટ થયલી હોય છે કે તેની વિષ્ટામાં પણ ગરમી. એ પ્રવિષ્ટ ધર્મ છે. એ અધાર આજારીને ગોળી કરી આપે તો તેને ખૂબ ક્ષુધા ઉપજાવે. મોતી ખાય તો તેનું પેટમાં પાણી થઇ જાય છે. રોજનો રૂપીઓ આપી ખેતરોમા બકરાંઓને રખાવી મળ મૂત્ર ત્યાગ કરવા દે છે, જેથી જમીનમાં ખાતર મળે છે. કોઇને સર્પ કરડે અને તે મરી જાય. પછી તેને બીજે દીવસે અડકે અથવા જરાપણ માંસ કોઈ પશુ પક્ષી આદિ ભક્ષણ કરે તો તે ભક્ષણ કરનાર મરે છે. તેવી રીતે ધર્મ (વિવેક વિચાર વગેરે) એટલો તો વ્યાપેલો હોવો જોઇએ કે સામા મનુષ્યમાં પણ તે છાપ પડે. દયા અગર કોઈપણ એકજ ગુણ પુરો પચવો જોઇએ. ધનવાનને ધનની ઠંડક, ગરીબ હોય તો બેદરકાર. જે મરો છે તે મધ્યસ્થનોજ છે. રેલવેવાળા પણ ઘણાજ તવંગર છે. વડોદરાના રાજાને પણ જવું હોય તો ટાઈમસરજ આવવું પડે છે, નહિં તો કંપની કંઈ તેની બંધાયલી નહીં. એટલે સદ્‌ગુણ જોઇએ. તે પરતંત્ર ન જોઇએ. ગમે તેવા પ્રસંગે પણ તે ગુણ જાગ્રતજ હોય. સાધુ પુરૂષોના પગ ધોઇ પીવા અને સમાગમ કરવાનું કારણ, તેના પસીનામાં તેના પડછાયામાં તેના સદ્‌ગુણો વણાજ કરે છે. પાપીનો પડછાયો લેવાની ના કહે છે. જૈમિનીના મતથી મનુષ્ય મરતો નથી પણ સ્વર્ગવાસ થાય છે. જૈમિનીએ પોતાની આંખમાં સદ્‌ગુણો લાવી એક કન્યા ઉત્પન્ન કરી. તેને તેવાજ ગુણવાળો માણસ પરણાવ્યો. પછી એક કન્યા માગી તેથી બીજાં કુળમાં પણ તેવાજ ગુણવાળા વંશજોની ઉત્પત્તિ થઈ. બાર છોકરા થયા તેમાં માતાપિતાનાજ સદ્‌ગુણ. પછી એક એકને બાર બાર થયા. તે પણ તેવાજ. તેનું નામ કુલ. હાલ તો વર્ણસંકરત્વ જોવામાં આવે છે. જૈમિનીએ જે કન્યા ઉત્પન્ન કરી તેને યથાર્થ પતિવ્રતા ધર્મ શિખવ્યો

હતો. જેનાં શરીરમાં શૌર્ય હોય તેના શૂરા પુત્રોજ થાય. સ્ત્રીના ગુણ જમીનના ગુણની માફક ગુપ્ત છે. છોકરી ગુણવાળી હોય તેને ગુણહીન પુરૂષને આપશો નહીં. તેના લાયક વર ન મળે તો ભલે રહે. મનુસ્મૃતિમાં છે. કર્મકાંડ બધું જૈમિનીના મતનું છે. તે વેદવ્યાસના મુખ્ય શિષ્ય હતા. ખેડુત વરસાદમાં ભીંજાતો હુવો જમીન ખેડી કાદવપાણીમાં ઉભા રહી જે મહેનત ઉઠાવે છે તે શા માટે ? આઠ મહીના ચોખા ખાવાને. તેમજ આ મૃત્યુલોક ખેતીવાડી છે. અત્રે કર્મો કરી સ્વર્ગમાં પુણ્યભોગ ભોગવવાના છે. મનુષ્યનાં સ્થાન બે. મૃત્યુલોક અને સ્વર્ગલોક. આપણા પિતરો શ્રાદ્ધનેદિવસે વચલા પિંડમાં આવે છે જે શ્રાદ્ધ કરનારને પ્રેમથી સુંઘાડી તેની સ્ત્રીને ખાવા અને તેજ રાત્રે ગમન કરવા કહે છે. જૈમિનીના મતથી તેનો પિતૃજ આવે. રોજ પિતરોને ઉદક અને શ્રાદ્ધને દિવસે પિંડ આપવાથી પિતરોથી કોઇ જાતની અડચણ આવતી નથી. જેમ શેઠ લાનોલીના બંગલામાં શાસ્ત્રપુરાણ સાંભળે છે અને દીકરાઓ અહીં તહીંની બધી વ્યવસ્થા રાખે છે. બાપ નફો વગેરે જોઇ ખુશી થઇ વિચારે છે કે, છોકરા સારી રીતે સંભાળે છે. તેવીજ રીતે પિતરો આપણને ધર્મથી ચાલતા જોઇ આનંદ પામી પોતાના આત્માનું શોધન કરવા મથે છે. હાલમાં તો કુળના ત્રણ પિતરોની હિસ્ટરી પણ ખબર નહીં. Wireless telegraphy જેવું ખાતું છે. જે જેમાં હોય તે તેની પ્રતિષ્ઠા. શકુંતલાના પેટમાં ભરત હતો તે જ્યારે દરબારમાં આવી ત્યારે ના કહેલી. પછી ભરત છોકરાને જોયો અને બધી વિગત ખબર પડી ત્યારે તેની પ્રતિષ્ઠા શકુંતલા થઇ. **पाति इति पतिः** જે રક્ષણ કરે તે પતિ. સ્ત્રી લિંગાપતિ ઘરનું રક્ષણ કરે. જે કુળનો ઉદય થવાનો હોય તે કુળમાં એવો પુરૂષ ઉત્પન્ન થાય છે કે, તે કુળજ તેવું બની જાય છે. રામચંદ્રજીમાં જે ગુણો હતા તે દશરથ રાજામાં ગુપ્ત હતા. સાધન નહિં મળવાથી તે ખીલ્યાં નહીં. રામજી. સાધન મળતાંજ તેમાં ખીલી નીકળ્યા. મુંબઇવાસી જ્યારે બહારગામ જાય ત્યારે સાથે ચાહ ગિની વગેરે લઇ ગામડે હવા ખાવા જાય. ગામડે રોજ જ્યારે

ચાહનું ખાતું ચાલે અને કંઇ ચીજ જોઇએ ત્યારે ગીની (અથવા નોટ) વટાવવા કાઢે ત્યારે ગામવાસી જાણે કે કોઈ મુંબઇવાળા છે. તેવીજ રીતે મુંબઈનો માલ ખલ્લાસ થયે પાછા મુંબઇ આવે છે. તેમ સ્વર્ગવાસમાં શેષ પુણ્ય રહેતાં મનુષ્ય પાછો મૃત્યુલોક આવી પડે છે. ધર્મમાં વારે ને વારે ટકો રાખવાની જરૂર છે. પુત્રને પેહેલાં શિખવે. પછી તે બધું કરતો હોય છતાં થોડો વખત મધ્યસ્થ બેસી જોવું પડે, તેમ સુંદર સદ્‌ગુણવાળી સ્ત્રીને કુલની પ્રતિષ્ઠા કહે છે. કુલ એટલે સજાતીય સધર્મ તથા સવર્ણ જે સમુદાયમાં હોય તે. પિતરોનો ઉદ્ધાર કરવા માટે ગ્રહસ્થાશ્રમજ ઉચ્ચ છે. **अरक्षिता गृहे बद्धाः प्रसह्य परिरक्षितुम ॥ एतै रूपाय योगैस्तु सक्तायाः परिरक्षितुम् ॥** કુલનો લોપ કરવો હોય તો કાંઇ વાર નથી. **कु विवाहैः क्रियालोपैः ॥ त्यजेत् एकम् कुलस्यार्थे ॥** જ્યારે દુર્યોધન જનમ્યો ત્યારે તેને ત્યજી દેવાને ધૃતરાષ્ટ્રને બહુ કહેલું પણ માન્યું નહીં ત્યારે હવે તે કુળનો ક્ષય કરનાર નિવડયો છે. કુલનો (ધર્મ પ્રવર્તક) પુરૂષ જતાં ધર્મનો ક્ષય થાય છે, એટલે કુળનોજ ક્ષય સમજવો. જે કુળના સદાચારોજ પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવી આપે તેજ કુલ (ખલો કપોતન્ ન્યાયે). ધર્મ જાય ત્યારે અધર્મ એકદમ આવે. એક રજપુત વંશ પ્રવર્તક પુરૂષ હતો તેને એક જણે હજામ કહ્યો તેથી તરત તેને ચોટલી પકડી એવો જમીન સાથે ઘસડ્યો કે તે ફરીથી બોલવાનુંજ ભુલી ગયો. હવે તેનાજ છોકરા હાથેવતી હજામત બનાવતા થયા તેને પુછ્યું કે, ભાઈ, આશું કરો છો ? ત્યારે કહે, એમાં કોઇને ઈજા તો નથી ને ?! બાપથી હજામ કહેલું સહન થયું નહીં, અને છોકરા જાતે હજામત કરે; એજ કુલની અવનતિ. કુલનો ઇતિહાસ કહેનારાની એક જાત જુદી છે તેને "સુત" કહે છે. એ લોકો ચારે વર્ણથી બહાર છે. એટલે, તેની મા કોઈ જાત તો બાપ કોઈ બીજી જાતનો. એવી રીતે એ લોકની ઉત્પત્તિ હોવાથી તેનો પછી એ ધંધો ઠર્યો. એને વહીવંશા પણ કહે છે. એ લોકો કુળના ગમે તે પુરૂષની હિસ્ટરી (ઇતિહાસ) કહે છે. એ લોકો અસલના વખતમાં યજ્ઞમાં

વ્યાસપીઠે જઈ બેસતા. સૌનકઋષિના સત્રમાં સુત ગયા ત્યાં જનમેજયના યજ્ઞની વાત કહી. યજ્ઞમાં થોડો વખત મળે છે તેમાં એ સુત લોકો બોલતા હતા. કુલની કથા મહાભારત અને મનુસ્મૃતિમાં ઠીક વર્ણવી છે. ચિત્રસેન ગંધર્વ જળક્રીડા કરતો હતો. તે રસ્તે પાંડવોને હેરાન કરવા દુર્યોધન વનમાં જતો હતો. ચિત્રસેને લસ્કરનો અવાજ સાંભળી દુર્યોધનને પકડયો. તે વાત યુધિષ્ઠિર રાજાને ખબર પડતાં ભીમ અને અર્જુનને બોલાવી કહ્યું કે, આપણે કુલમાં ગમે તેમ લડીએ છીએ, પણ કોઈ બહારનો માણુસ આપણા કુલનાં માણસને સતાવે તો આપણે ૧૦૫ જણાએ ઉઠવું જોઈએ. માટે ઉઠો. તેથી અરજુને જઈ દુર્યોધનને છોડાવ્યો. જ્યારે કુલમાં અધર્મનો હુમલો આવી પડે તો પેહેલાં સ્ત્રીપરજ આવે. અને સ્ત્રી જાતિનું ચિત્ત રાજસ તામસ થયું પછી પુછવું શું!! સ્ત્રી દુષ્ટા થઈ જાય છે. પ્રોફેસરે એક બુદ્ધિમાન છોકરાને પુછયું કે, તારી સેકન્ડ લૅંગ્વેજ કઈ? તેણે વિચારી કહ્યું, sir! not second language but third. તરત તે પ્રોફેસર સમજી કાંઇ બોલ્યો નહીં.

संकरમાં **कृ** ધાતુ અને **सम्** ઉપસર્ગ છે. પૈસાદાર લોકો કચરો ઘણો કરે, અને બુદ્ધિમાનો તેનો ઉપયોગ કરે. કચરો ઉકરડે એકઠો થાય અને તેનું ખાતર થાય. તે ખાતર શ્રીમંત પોતાને ત્યાં ગુલાબના છોડમાં મગાવી નાખે, તેથી ગુલાબનું ફુલ થાય તે શેઠને નાકે અડે (સુંઘે) ત્યારે તે કચરો કહે કે તમે મને કાડી મુકેલો તે હું પાછો આવી તમારાં નાકે બેઠો, **संस्कार** એનો પણ ધાતુ **कृ** છે અને **सम्** ઉપસર્ગ છે. તે કચરો હતાખરો. પણ સંસ્કાર પામેલો. શાસ્ત્રમાં મનુષ્યને સોળ સંસ્કાર કરવા કહેલ છે તેનો લોપ થઈ સંકર વધતો વધતો ચાલ્યો. ગુલાબનું ફુલ એ કચરો સંસ્કાર પામીને થયલો.

ગીતા અ. ૧ શ્લોક ૪૨

આ શ્લોકમાં જાણે અરજુનને જ્ઞાન થયું છે અને ભગવાન જાણે તે જાણતાજ ન હોય તેથી કુલનો ક્ષય થતાં શું થાય તે અરજુન ભગવાનને કહે છે. નાળીએર મળતાં, પ્રથમ તેનો ત્યાગ ચાલતાં છેવટે

માલ (કોપરૂં) મળે છે તે ખાવાવાળાને ખબર છે. નાળીએરને પુછીએ તો કહે છે કે, એ સ્વાર્થી મૂર્ખ છે. **संकरो नरका यैव** એ શ્લોકનો મુદ્દો છે. સંકર છે તે નરકને વાસ્તે છે. વર્ણાશ્રમ ધર્મો રહ્યા હોત તો વર્ણસંકર લખતે. પણ હવે વર્ણ છેજ કયાં ?! તેથી અત્રે **संकरो** લખ્યું છે. પંડિતો અને દેવોનો નિશ્ચય છે કે, સંકર છે તે નરકને માટે છે. વર્ણસંકર થવાથી તેનું પરિણામ નરક છે. કુલધર્મ નાશ પામતાં સ્ત્રીઓ દુષ્ટા બને છે, અને તેમ થતાં તેનો પરિણામ નરક. કોઇએ પુછ્યું કે તે નરક કયાં છે ? તેના જવાબમાં તેનેજ (પુછનારનેજ) બતાવ્યો. સજ્જન અને દુર્જન બેહુએ વિદ્યા, ધન, અને શક્તિ મેળવ્યાં. પણ તેનું પરિણામ તે બેહુનું જુદું જુદું છે.* **नरान् कायति इति नरकः** માણસો ત્રાસ પામી બુમ પાડે તે નરક. કુલનો નાશ કરે તેને તથા કુળને બેહુને અસહ્ય દુઃખ ખમવું પડે છે. અસલ જુના વખતમાં મનુષ્ય જ્યારે સ્વર્ગે જવા તૈયાર થાય ત્યારે આગળથી કહેતા અને સુખથી જતા. માણુસની ખેતીવાડી હોય તો ફક્ત નોકરો રાખી ઉપજની માલિકી ભોગવે છે. તે કંઈ કરતો નહિં છતાં ફલોપભોગ કરે છે. **अकर्तुरपि फलोपभोग अन्नाद्यवत्** કોઇ પોતાના મિત્રના તાવનું નિવારણ કરવા માટે અનુષ્ઠાન માંડે છે. તેનું ફળ તેના મિત્રનેજ મળે છે અ.ા તેનો તાવ ઉતરે છે. અસલ વર્ણાશ્રમ ધર્મ ઘણા સરસ હતા. કોઇ પાપ કરતા તો ત્રિકાળદર્શિ પુરૂષો તે જાણતા, તેથી પાપ કોઈ કરતું નહીં. કોઇ અભાગીઆએ કુલનો ધર્મ તોડયો તેને નરક પહેલું. કર્મનું ફળ દ્રષ્ટ અને અદ્રષ્ટ. **भृगुणा तपसा तप्यध्वम् ॥ आंगिरसान् तपसा तप्यध्वम्.** દ્રષ્ટાભાવે પ્રયોજનં અદ્રષ્ટાય. **नरकः=क**=અજ્ઞાત, કુત્સિત, (નિંદિત) અને અલ્પ. **अश्वः** પાંચસો રૂપીઆનો ઘોડો. અને **अश्वकः** કથેકરીબાવાનું ટટ્ટુ. વૃક્ષકઃ, પુત્રકઃ, અજ્ઞાતઃ નરઃ=નરકઃ કુત્સિતઃ નરઃ અલ્પ–બહુ સંકોચ નરઃ=નરકઃ

***विद्या विवादाय धनं मदाय शक्तिः परेषां परपीडनाय ।**
खलस्य साधो विपरीत पतत् दानाय भोगाय च रक्षणाय ॥

યોગશાસ્ત્રમાં એક બીલાડીનો ઘાત કરે તેનો દોષ ગણ્યો છે, તો જેણે કુળનોજ ઘાત કર્યો તેને કેટલું પાપ ગણવું ! ! તેની ધર્મક્રિયા પણ સફળ થાય નહીં. મનુષ્યનો કાળ આવે એતો સામાન્ય છે તેમાં પણ નિમિત્ત કારણ હોવું જોઇએ. **घटोत्पत्ति कुलालवत्** ધર્માચરણ તેજ કર્મ માર્ગ. તે કર્મ કરતાં જો જરા ભુલ થઈ તો કર્મ કાંઈ દયા નહિં કરશે. પેન્સીલ ઘડતાં હાથ કાપ્યો તો એ ભુલનું પરિણામ. કર્મમાર્ગમાં કર્મ જરા વધુ કે ઓછું થાય તો તેનું ફળ નહીં. **अधिकस्य अधिकं फलं** એ દાન કરવાની બાબતમાં છે. અજાણતાં જો કામમાં ભુલ થઇ ગઈ તો તેનું પ્રાયશ્ચિત્ત છે. કર્મ માર્ગ પ્રાયશ્ચિત્તથી સુધરેલો છે.

વિન્ચુરકર દરબારમાં અન્નાસાહેબ વિન્ચુરકર દર અમાસે શ્રાદ્ધ કરે. તે ૪૭ બ્રાહ્મણોને દર વખત બોલાવી વિધિથી કરતા. તેમાં બધા તો વિદ્વાન હોયજ નહિ, તે વિ૦ જ્યારે ચાંલ્લા કરવા ઉઠતા ત્યારે પેહેલાં ત્રણ વિદ્વાનને પોતે જાતે કરે, પછી નોકરને કહે ચાંલ્લા કરધો. તે વખતે એની પછવાડે બેઠેલા એના વિદ્યા ગુરૂ, મામા, વગેરે ધુસ્સે થયા પણ કરે શૂ ? **न्यूनाधिक दोषपरिहारार्थं**. આપણું શરીર છુટયા પછી પુત્રોએ આપણાં કલ્યાણ માટે ક્રિયા કરવાની છે. **अकर्तुरपि फलभोग अन्नादिवत्**. જેને ઉદ્દેશીને કર્મ કરવામાં આવે તેનેજ ને ફળ મળવું જોઇએ, બીજાને નહીં. પોસ્ટ ઓફીસનું કોઇ પારસલ હોય તે માણસ કોઇ દેશાવર ચાલી ગયો હોય તો તેને જેમ ત્રણ માસ સરકાર કબજામાં રાખી પછી લીલામ-હરાજ કરી નાખે છે. તેમ, મનુષ્ય મરી ગયા પછી તેનું સૂક્ષ્મ શરીર તેર દિવસ સુધી ત્યાંજ રહે છે. તેનો પુત્ર સંસ્કૃત બ્રાહ્મણથી ક્રિયા કરાવી સર્વને ભોજન આપે છે તેથી તેનું યાતના શરીર ઉચ્ચ ગતિને પામે છે. તે કર્મના પ્રકાર બે. પિંડક્રિયા અને ઉદકક્રિયા એ બેહુ ક્રિયાનો સંબંધ ધણીધણીઆણી જેવો છે. પિંડક્રિયા એટલે શ્રાદ્ધ; અને ઉદકક્રિયા એટલે તરપણ. મરી ગયા પછી આપણું શૂં થશે, એ વિચાર મનુષ્યને રાત્રિદિવસ ડંખ્યા કરે છે; અને

તેથીજ જુના વખતમાં કર્મ કરતાં પહેલાં તેનાં ફળનો વિચાર કરી નઠારાં કર્મથી ડરતા. ઐાર્ધ્વદૈહિક ક્રિયા એટલે આપણું શરીર પડયા વગર આપણે કરવાની ક્રિયા. આત્મા નિત્ય છે. આ શરીર નટના વેશ જેવું છે. નાટકમાં સ્ત્રી પુરૂષનો વેશ લે, પણ તે ડાબો પગ પહેલાં મુકતાંજ પરખાય છે કે સ્ત્રી છે. પારૂ વેશ્યા હતી તે ખુદ પોતાની કાઢેલી કંપનીમાં પોતે રાવણ, દુષ્યંત, એવાજ પાઠ (Part) આબેહુબ ભજવતી; પણ મનમાં સમજતી કે હું તો પારૂં વેશ્યા છું. આત્માનાં નિત્યત્વમાં જૈમિની અને વેદ વ્યાસના મતમાં ફેર નહીં, તેની બ્રહ્મરૂપતામાં ફેર.

આ ગીતામાં બેહુના મતો યથાસ્થિત છે. જુનાકાળમાં પૂર્વજન્મનું જ્ઞાન હતું. મરણ એ મોટી ઉંઘ છે. માણસ રોજ ઉંઘી બીજે દિવસે ઉઠે છે તો તેને જેમ આગલા દિવસનું જ્ઞાન હોય છે તેમ પૂર્વજન્મનું સ્મરણ અસલ રહેતું. નાના છોકરા નાસ્તિક હોય, એ તેનો સ્વભાવ છે. તેનામાં આસ્તિકતા લાવવી એજ આપણું કામ છે. **यथा आम्रे फलार्थे छाया गंधो निमित्ते.** ઈહ લોકનું જે દ્રષ્ટફળ છે તે છાયા અને ગંધવત્ છે અને અદ્રષ્ટ ફળ મુખ્ય છે. **शुक्र शोणितयोः सांकरया भावे.** ગર્ભાધાન સંસ્કાર છે તે સોળ સંસ્કારમાંનો પહેલો સંસ્કાર. માતા રૂપી ક્ષેત્રને સુંદર ખેડવાથી ફળ સુંદર આવે. ચોખાને આઠ વખત ખેડીને પકવ્યો હોય તો જેટલો મિષ્ટ લાગે તેવો બે ત્રણ વખત ખેડેલી જમીનમાં થયલો કસવાળો ન આવે. ગર્ભાધાન વખતે માબાપ પૂર્ણ સંસ્કૃત હોવાં જોઇએ. જૈમિનીના મત પ્રમાણે મનુષ્યનું સ્થૂળ શરીર તો છેજ, પણ તેનું લિંગ શરીર તેના ઇષ્ટિમય થયલું હોય તો તેને તેજ લોક મળે. બીજો સંસ્કાર ગુરૂને ત્યાં બાર વરસ વિદ્યાભ્યાસ કરી માગી આણેલું અન્ન ખરી ક્ષુધા વખતે ખાવા મળતું તેથી તેનાં શરીરનો દરેક પરમાણુ બદલાઈ જતો, તેનાં માતા પિતાને ત્યા હતો તે લોહીનો એકે પરમાણુ રહેતો નહીં. (**निष्कृति**=માતા પિતાના કરજમાંથી કેમ છુટવું) ગુરૂને ત્યાંથી આવે ત્યારે માબાપ તેનું લગ્ન કરે પછી પુત્રે માતા પિતાનાં ૠણમાંથી છુટવાનું છે. સો

વરસ સુધી સેવા કરે તોપણ પુત્ર તેમનાં કરજમાંથી મુક્ત થતો નથી. તેથી પછી પિતા આશિર્વાદ દે છે કે, **आत्मावै पुत्र नामासि सजीव शरदः शत्तम** ॥ ઉંઘ એ મૂર્છા છે. મરી ગયા પછી સ્વર્ગે જતાંસુધી જે બેભાન અવસ્થામાં રહીએ છીએ તેને "પ્રેતત્વ" કહે છે. પછી ત્યાં સ્વપ્ન આવી યાતના શરીર ઉત્પન્ન કરી, જો પુત્ર બ્રાહ્મણથી યથાવિધિ ઔર્ધ્વ ઉદક ક્રિયા ન કરે તો, યમ યાતના ભોગવે, પણ, જૈમિનિના મત પ્રમાણે, જો ક્રિયા કરી રીતસર પ્રકાશ પાડે તો ત્યાંથી એ છુટી સીધો સ્વર્ગે જાય. એક જણનો બાપ મરવાની પથારીએ પડેલો તેને મૂર્છા આવી. પુત્રે મોટા ડાકટરોને બોલાવ્યા અને કહ્યું કે દસ વીસ હજાર ભલે થાય, પણ મારા બાપાને એક વખત ઉઠાડો. એક રસવેત્તા ડાકટરે તેને દવા આપી સારો કર્યો. પછી તેના બાપે કહ્યું. શાબાસ! પચીસ હજાર ખરચ્યા હોત તો એ વખતે તો હું કાંઈ બોલતે નહીં, પછી તેના બાપે બધા ડાકટરોને બોલાવી પારટી આપી. તેમ, રસવેત્તા જેવો બ્રાહ્મણ દસા અગીઆરમાએ ક્રિયા કરાવનાર મળે તો તેના બાપાને એક વખત બોલાવે, પછી જમાડે.

ગીતા અધ્યાય ૧ શ્લોક ૪૫–૪૬–૪૭.

અરજુનનાં મનનો આશય એવો કે જો તમે મને આ યુદ્ધ પહેલાં કહ્યું હોત તો ઠીક થતે, પણ હવે ભુલ થઈ. ભગવાન કહે, રણમાં આવીને તું આવું બોલે એ તો ઠીક નહીં. અરજુન કહે, જે થયું તે ખરૂં. **गतं न शोचामि** ॥ **गतं न मन्ये.** યુદ્ધ કરતાં જે પરિણામ આવે તેના કરતાં યુદ્ધ ન કરવું, એ શું ખોટું! અરજુનની ભુલ થઇ તેનું ઓસડ પશ્ચાત્તાપ. **अहोबत**=અરેરે. **बत**=ખેદ. સખેદ આશ્ચર્ય બતાવે છે. **व्यवसिता=कृतनिश्चयाः वयम.** એ પોતાને ડાહ્યો સમજે છે. ક્ષણિક રાજ્ય સુખના લોભથી સ્વજનને ઉત્પન્ન કરવાની મારી શકિત નહીં, અને તેનો ઘાત કરી મારે નિરંતર નર્કમાં રખડયા કરવું પડે. મનુષ્ય યોગી હોય, નગ્ન અવધૂત હોય તો પણ દરેક જણ પોતાને સુખી થયલો જોવાને હંમેશ ઇચ્છે છે. ઘોડા અરજ-

સ્તાનમાં થાય ત્યાંથી તેનાં સ્વજનોથી વિમુખ કરી અહીં લાવી તેને ગાડીમાં જોડી આપણે સુખ ભોગવીએ છીએ; પણ ઘોડાને જો વિચારશું તો તે શ્રાપ દેતોજ હશે. દરેક મનુષ્ય બીજાને દુઃખ આપ્યા વગર પોતે સુખ મેળવી શકતો નથી. તે ઘોડાના શ્રાપમાંથી બચવા દશેરાને દિવસે ઘોડાને પગે લાગવામાં આવે છે. પૂજાને માટે વૃક્ષપરથી તુલસી બાલ લેતાં પહેલાં તેની સ્તુતિ કરવી પડે છે કે, હે વૃંદે! તને વિષ્ણુનાં પૂજન માટે હું લઉં છું; કારણ તું વિષ્ણુને પ્રિય છે, અને આ જન્મથી મુક્તિને પામશે. પછીથી તોડાય છે. ઘરમાં પણ સાફસુફ રાખતાં રોજ અનેક પ્રાણીને તકલીફ પડે છે, તેનું પ્રાયશ્ચિત રોજ હોમ કરવોજ જોઇએ. આપણે ઇંદ્ર, કુબેર વગેરે દેવતાના નોકર તરીકે તેને આહુતિ આપવા આવ્યા છીએ. અને ક્રમે કરી કર્મફળ પણ તેનેજ આપવાનું છે. સરકારી નોકર જેમ ઉપજ કરી સરકારને ભરે. તેમ આપણે કર્મફળ દેવને અર્પણ કરી હોમ કરી પ્રસાદ ખાવાનો છે. આત્મદ્રષ્ટિએ જેટલાં પ્રાણી છે તે બધાંજ સ્વજન છે. દરેક મનુષ્યને એક વખત એવો આવશે કે તેને અફસોસ કરવો પડશે, અને અરજુન જેવાજ બનવું પડશે; કે અરે! મારાં ક્ષણિક સુખને માટે મેં કેટલાં પ્રાણીને સતાવ્યાં છે. પ્રસૂતિ સમયે માતાને કેટલી સંકટમાં નાખી. પછી મોટા થતાં સુધી માતાપિતાને કેટલા તકલીફમાં નાખ્યા. પરણ્યા ત્યાં સુધી માબાપને ખૂબ તકલીફ આપી. એવા વિચારો આવવાજ જોઇએ. **कष्टं खलुमूर्खत्वं कष्टं खलुयौवनेच दारिद्र्यं ॥** અને છેવટે કહ્યું કે, **कष्टादपि कष्टतरं परान्न भोजनं विद्धि ।** અરજુન **रथोपस्थ उपाविशत्** રથના મધ્યભાગમાં બેઠો. **कर्मचितान् लोकान् परिक्ष्य** કર્મ કરો તેનું ફળ નશ્વર છે. આત્માનો વિચાર કરી દરેક વસ્તુના અનિત્યત્વનો વિચાર કરતાં કરતાં નિત્ય આત્મા છે ત્યાંજ પહોંચવું જોઇએ. ક્ષણિક સુખ નષ્ટ થયે છતે પાછા તેવાંને માટે કર્મ કરતાં બસવું તેના કરતાં નિત્ય પૂર્ણ આત્માનો આનંદ કેમ ન લેવો! જેને સંસારનાં સુખ ઉપર કંટાળો આવ્યો હોય તેનેજ એનો આનંદ આવે છે.

॥ ગીતા અધ્યાય ૧ સમાપ્ત. ॥

૪

શ્રીમદ્‌ભગદ્‌ગીતા અધ્યાય ૨ જો-શ્લોક ૧.

युद्धस्य वार्ता रम्या । લડાઈની વાત કોઇને કહેવી હોય તો અનાદિકાળથી તેને સંવાદરૂપમાં કહેવામાં આવતી હતી તેવો સંપ્રદાય છે. પૂજ્ય પદાર્થને એકદમ પગ અડાવવો નહીં, શાસ્ત્રમાં નિષેધ છે. અરજુનનો રથ દેવતાધિષ્ઠિત હતો. એણે ધનુષ્ય લેતી વખતે, મન વાણી કે કાયા કશાથી ભગવત્સ્મરણ કરેલું નહીં તેથી ભગવાને જાણ્યું કે, આ હારશે, તેથી તેનામાં ભગવાને દયાનો પ્રવેશ કરાવ્યો. તે દયા (કૃપા) અરજુનમાં એટલી તો પ્રવેશી કે અરજુનની આંખમાં પાણી આવી ગયાં. ધારા-નગરીમાં ભોજરાજાના વખતના થાંભલાપર કોતરકામ એવું છે કે, જો ધ્યાનથી જોઈ ચિત્રકાર તે થાંભલાપરના સર્પનો ફોટો કાઢી લાવે તો તે સર્પની અંદર અક્ષરો માલમ પડ્યા અને તેનો તો મોટો ઇતિહાસ નિકળ્યો. "પ્રભુ ચિત્રકુટ બસે નાના, ચરિત કરે અતિ નાના." જેમાં સાભિપ્રાય અલંકાર હોય તે કાવ્યલિંગ અલંકાર કહેવાય. પાંડવોને બચપણથી બાપનું સુખ નહીં તેથી દરેક વખતે ભગવાને તેનું રક્ષણ કર્યું. જેનાં માબાપ નહીં તેના છોકરા ઘણા લાયક વિવેકી નિવડે. મધુસૂદન સરસ્વતી પોતે ટીકામાં લખે છે કે, અહીં, ભગવાન ઉવાચ, નહિ બોલતાં, મધુસૂદન ઉવાચ, એમ બોલ્યા, તેનું કારણ એ છે કે, મધુ દૈત્યને માર્યો અને કૈટભ દૈત્યને પણ માર્યો તેથી **परित्राणाय साधुनाम विनाशायच दुष्कृताम ।** એ વચન પ્રમાણે ભક્તપાંડવોનું રક્ષણ કરીને મદોન્મત્ત કૌરવોને મારવા પ્રભુએ અવતાર ધારણ કીધો. પ્રભુ પોતાના ભક્તને પડતીમાં મુકે છે, છતાં ત્યાં પણ તેની ચઢતીજ થાય છે. અરજુનમાં દયા આવી તેથી નિષણ્ણ બન્યો, એટલે પડતીજ થઈ, પણ તેમાં પ્રભુએ તેની તો ચઢતીજ કરી. મારવાડીના છોકરાએ ધુળમાં બે તોલા સોનુ દીઠું. તે બે રૂપીઆનું તેલ લઈ જતો હતો તે પત્થરની ઠોકર વાગવાના મિષથી તેલ ઢોળી નાખી સોનુ લઈ રડતો ઘેર ગયો, પણ અંદરથી હસતો હતો. તેમ ભક્ત પડે તે ચઢતી લઇનેજ ઉઠે. હવે **कृपया** એ શબ્દ જો કાંઢી લઇને "મધુસૂદન" પછી લગાડીએ

તો અર્થ જુદોજ થાય છે. અરજુનમાં જાણે ભૂત પેઠું તેથી ડોળા ફરી ગયા, અને રડી ખેદ કરવા લાગ્યો. **विषीदंतम्** આ શબ્દમાં પ્રભુએ જણાવ્યું કે, **विषीदन्** એટલે સંસારના તાપથી તપ્ત થયલા, જેને આપણું શું થશે, અને આપણે ક્યાં જવું છે, એવું જેનાં મનમાં આવ્યું, એવા દુઃખી જીવ વૈરાગ્યશીલ હોય તો તેને માટે હવે ભગવાન બોલે છે. નારદ ખૂબ વિદ્યા ભણ્યા પણ તેનો શોક ગયો નહીં ત્યારે આત્મવિદ્યા શિખ્યા તેથી શોક ગયો. **सोहं भगवन् शोचामि॰**

ગીતા અ૦ ૨ શ્લોક ૨.

અરજુન જે ખિન્ન થઇને બેઠો છે તે મારવાડીના છોકરા માફક નિષ્કામ કર્મયોગ લઇને બેસશે. અરજુનનો સખાભાવ શ્રીભગવાન સાથે છે તેથી પ્રભુનો ઉપદેશ એને બહુ કહેણુ પડે છે. ભગવાનનું ભાષણ કડવું લાગે છે. ગુણીજીવોની એ રીત છે કે, તેના ઉપર ફટકો પડે નહીં ત્યાં સુધી તેના ગુણ પ્રકાશે નહીં. જેમ ચતુર શિકારી સુતેલા સિંહને, આકાશ તરફ ગોળીનો બાહાર કરી, જગાડયા પછી તેનો શિકાર કરે છે. તેમ, અર્જુનને હવે પછીના બે શ્લોકથી જગાડે છે. **कश्मलं**= અંધારૂં—અવિચાર—મૂર્ખાઇ. અર્જુનને આ મોહ ક્યાંથી આવ્યો. એમ હરિ કહે છે. **दैवाद्वा कालदोषाद्वा कर्मविपाकृवा शत्रु कृत्वा थवा मन्यै ॥ अंतर महदंतरम् ॥** અરજુન ક્યાં અને એનો મોહ ક્યાં!! આ શ્લોકમાં અરજુનને બનાવે છે. અરજુનને ત્યાં ભગવાન જમવા ગયલા ત્યારે અરજુનનું આસન ઉંચું જોઇને, જ્યારે સુભદ્રા પીરસવા આવ્યાં ત્યારે કહેલું કે મારે ન જોઇએ—તમારા સ્વામીને મુકો. તે સાંભળી સુભદ્રા શરમિંદાં થઇ ગયાં. એવી મશ્કરી કરવાની ભગવાનને ધણીટેવ હોવાથી અત્રે અરજુનની મશ્કરી કરે છે. અનાર્યજુષ્ટ, અસ્વર્ગ્ય અકીર્તિકર, એ ત્રણ વિશેષણો અરજુનને આપ્યાં તે એને બાળી નાખવા જેવાં છે. યુધિષ્ઠર મહારાજનું વર્ણન ચાલતાં ધર્મ વધે છે, ભીમનાં સ્મરણ કીર્તનથી પાપ ન્હાસે છે. અરજુનનાં સ્મર્ણથી શત્રુ નાશ

પામે અને નકુળ સહદેવનાં સ્મર્ણથી રોગ નાશ થાય છે. વિષમ એટલે કઢંગો વખત વિષમ ,ઉપન્યાસઃ તે ન્યાય શાસ્ત્રથી વિષમ વાત. એકી એટલે ૧–૩–૫–૯ એ વિષમ, અને બેકી ૨–૪–૬–૮ એ સમ. વાગ્દેવતાનું સર્વોત્તમ શાસ્ત્ર તેને સાહિત્ય કહે છે. સંસ્કૃતમાં વિષમ અલંકાર છે તેમાં જે બે પ્રસંગો વર્ણવે તેમાં એક છેક ઉંચે ચઢેલો, અને બીજો છેક નીચે. હમણાં અરજુન કેવા મોહમાં છે અને તેનું ખરૂં અર્જુનત્વ કયાં છે. કયાં મહારાજા જનકનાં પુત્રી સીતા અને કયાં રાવણ મંદિરે નિવાસ ! !

ગીતા અ૦ ૨ શ્લોક ૩.

અરજુનનાં મન ઉપર આ વખતે જે અયોગ્ય વિચારો ભરાયા તે બધામા સમાવેશ "કલૈબ્ય"માં ભગવાન કરે છે. પ્રભુનો ઉપદેશ પ્રાણીમાત્ર પ્રતિ છે. કલૈબ્ય એટલે નપુંસક અર્થાત્ ન સ્ત્રી કે ન પુમાન્, ષંઢ, પંડ, વગેરે. કલૈબ્યં એટલે નપુંસકત્વં. **संकरो नरकायैव.** આ વખતે અરજુન સંકર થયો છે. **क्लीब आधारष्ट्रे** ધાતુ છે. એવા કેટલાક શબ્દો છે જેનું ક્રિયાપદજ નથી. ક્રિયા હોય તો કલીબ શાનો ? **धन** ધાતુનો અર્થ ધાન્ય ઉત્પન્ન કરવું. તેનું **धनम्** રૂપ થાય છે. **ककलौल्ये** એ ધાતુ છે. એનું રૂપ **काकः** થાય છે. ક્રિયાપદ નથી. **क्लैब्यं मा स्मगमः**=તું નપુંસકત્વને પામ મા (નહિ). અરજુનને એક વરસ સ્વર્ગમાં કલીબ તરીકે ઉર્વશીના શ્રાપથી રહેવું પડેલું તેથી તે ટેવ પડેલી તે, ચાળા યાદ આવ્યા કે શૂં ! એમ પ્રભુ ટીકા કરે છે. સ્વર્ગમાં કલીબ હતો તેવો વનવાસમાં એક વરસ ગુપ્ત રહેવું પડેલું ત્યારે કલીબ બનેલો હતો. તે વખતે દુર્યોધન લડવા આવેલો ત્યાં ઉત્તરા કુંવરડરી ગયેલો તેને પગે ડાબી રાખી શત્રુનો પરાજય કરેલો; અને આ વખતે આવા ચાળા શા ! ! ઉર્વશીએ બહુ સમજાવ્યો–મોહજાળમાં ફસાવવા પ્રયત્ન કીધું, પણ. ચલ્યો નહીં ત્યારે ઇંદ્રે પોતે આવી બહુ વખાણ કીધાં એટલામાં બગલમાં ધનુષ્ય જોઈ કહ્યું કે, હે અરજુન ! તેં કોઇ કામનાથી આ સાધુવૃત્તિ રાખી છે. અને ઉર્વશીને તેં કહ્યું કે હું વૃત્તસ્થ

છું, કેમકે હમે હમારા વડીલભાઇની આજ્ઞામાં છીએ. **न उप पद्यते** તને છાજતું નથી.

અરજુન જેવો દ્રઢ મનનો તે વખતે બીજો કોઇ ન હતો, તેથી તેને પ્રભુ કહે છે કે, આ ત્હારાં હૃદયની દૌર્બલ્યતા છોડી દે. મનુષ્ય માત્રને સંસારમાં અનેક વિકટ પ્રસંગો આવે પણ અરજુન જેવા દ્રઢ મનના દરેક પ્રસંગમાં રહેવું જોઇએ. દુર્બળતા એકવાર મનમાં પેઠી તો બધી ઇંદ્રિયો ગળી જાય છે, માટે દુર્બળતા ત્યજવી.

ગીતા અ૦ ૨ શ્લોક ૪.

ભગવાને પોતેજ કૃપાદેવીને પ્રેરેલાં છતાં જાણીને પુછે છે કે, કેમ થયું ? સળેખમથી રોગ કાઢવાના હેતુથી વૈદે જેમ દવામાંજ સળેખમ થવાની દવા નાખેલી હતી પણ રોગીને તે ખબર નહીં. તેથી રોગી કહે છે કે, દવાથી સળેખમ બહુજ થયો; પણ વૈદ તો સમજતો હતો. જેમ વ્રણ ઉપર ટાઢમાં મીઠાંનું પાણી રેડીએ તેવી રીતે અરજુનને ધુસ્સો થયલો તે પાંચ શ્લોકમાં કહે છે. તે **शोक वशात् मोह वशात् क्लैब्याद्वा** ॥ ગમે તે કહો.

ભગવાન પોતે યુદ્ધ માટે દૂતપણું કરવા ગયલા ત્યાં તેને બાંધવા દુર્યોધન પ્રવૃત્ત થયલો તેને પ્રભુએ ધુસ્સે થઇ કહેલું કે, તું જેના ઉપર કુદે છે તેનેજ હું મારૂં તારે ખરો. **जयोस्तु पांडवानाम**. એવું હંમેશાં દૈવીજન બોલતાં. અરજુન–પૂજ્ય માણસ તરફ જો આપણે હુંકાર કે ત્વંકાર કરીએ તો નિર્જન અરણ્યમાં બ્રહ્મરાક્ષસ થવાય, એવું શાસ્ત્રમાં છે. અરજુન કહે મેં કંઈ મોહથી ધનુષ્ય મુકયું નથી, પણ આ પ્રસંગ જોતાં ધનુષ્ય ચલાવ્યાથી પાપ છે અને નહિં ચલાવવાથી પુણ્ય છે એમ માનુ છું. ભીષ્મ જેવા આ લોકમાં કોઇક મળે **पपप्तामि हहा मम भूतले** અર્થાત્ કોઈ ધુસ્સે થઈ બોલતો હોય તો આવુંજ બોલે તેમ, અરજુને ભગવાનને એક શ્લોકમાં **मधुसुदन अरिसुदन** કહ્યા છે. **मूर्छं, आस्कंदनम, सांरब्यं, समीकं, स्वंपराधिकम्**. એ પાંચેનો

અર્થ લડાઈ થાય છે. કોઇવાર એ શબ્દો આવે છે. અરજુન કહે, કાયા વાચા મનથી હમે જેની પૂજા કરીએ, અને ત્રૈલોક જેની પૂજા કરે, તેને હમે મારીએ. એ તે શુ ? ! ! **पुजा र्हौ** (વિશ્વવંદ્ય). લડાઇમાં શિખંડી આગળ છે અને પછવાડે અરજુનનો રથ છે. આ સંસારમાં શત્રુ મિત્ર ન હોય તો મઝા ન આવે. પૂજ્ય એવા એ બેના પ્રતિ કેમ લડું એ બેનો ઘાત મારાથી તો કોઇકાળે ન થાય.

ગીતા—અ. ૨ શ્લોક ૫.

अनार्य जुष्टं=ચાર સજ્જન રસ્તે જતાં આંગળી બતાવે, કશું માન નહીં. ગુરૂ છતાં પણ જો તે ગર્વિષ્ટ થયો હોય તો તેને ત્યજવો, અને બીજો ગુરૂ (ગોર) કરવો. ~~उपदेक्ष्यंति~~ **ते ज्ञानं ज्ञानिनस्तत्व-दर्शिनः।** એવા તત્વજ્ઞાની ગુરૂ પાસે ઉપદેશ લેવો. ત્યજવા યોગ્ય ગુરૂઓ તો બજારમાં પાવલીના પચીસ જડે. આ દ્રોણ, ભીષ્મ તો પ્રસંગે ઉભા છે. એમની જીંદગી તો પ્રતિભાસંપન્ન છે. અરજુન કહે, યુદ્ધ કરવું એજ અનાર્ય જુષ્ટ, અસ્વર્ગ્ય અને અકીર્તિકર છે. **महानु-भावान्**=મહાપરાક્રમ, ધૈર્ય, વીર્યવાળા એવા ભીષ્મ એક વખતે પરશુરામ સામે બોલેલા, કે બધા શૂરવીર તો છે પણ મોત આગળ કોઇનું શુરાતન ચાલતું નથી. ભીષ્મના તંબુ આગળ યમદૂતો રોજ યુદ્ધ શરૂ થયા પછી બહારથી હળવે રહીને પૂછે કે શેઠ ક્યાં છે ? ભીષ્મથી મોત પણ ડરતું હતું. કારણ કે એનામાં જે બળ હતું તે બધું યથાર્થ **પિતૃભક્તિનું** હતું; અને તેથી તેને આશિર્વાદ મળેલો કે તું મૃત્યુને જીતશે. ભીષ્મ પોતે દ્રઢ નિશ્ચયી હતા. તે જ્યારે શરતલ્પપર પડ્યા હતા તે વખતે ધર્મરાજાને રાજ્યાભિષેક માટે ઘણા સમજાવ્યા પણ સમજેલાજ નહિ. આખરે ભીષ્મ પાસે લાવ્યા, અને શાંતિપર્વમાં કહ્યા પ્રમાણે તેમણે બોધ કીધો ત્યારે રાજ્યાભિષેક કરાવ્યો. બ્રહ્મચારી અને સન્યાસીને ભિક્ષાવૃત્તિ પૂજ્ય છે. છેલ્લે ભગવાન કહેશે કે, આપણે બધાજ પરબ્રહ્મ છીએ. બધાં શાસ્ત્રો સંતોની છેવટે એક વાક્યતા એજ છે કે, **शमि-**

स्वाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठं । હમે પાંચે ભાઇ ગુરૂને બ્રહ્મ જાણી વર્તવાવાળા છીયે. **महारूबर्ध**=જુના કાળમાં સજ્જન કરવાટાણે બપોરે ભિક્ષા માગવા મોકલતા ત્યારે પ્રાણ નીકળી જવા જેવું થતું, એ શિક્ષા હતી. કોઇ પણ કામ શરૂ કરતાં ગુરૂને નમસ્કાર કરિયે છિયે તથા જે ચીજ હમે ઉપભોગમાં લેતા તે પ્રથમ ગુરૂને અડધી આપીને લેતા. પણ તેનો વધ કર્યા પછી કોને આપવા જઇશું. માર્યા પછી તેમાં તેના રૂધિરનુંજ દર્શન થશે. વૈરાગ્ય ઉંચો અને ભોગ નીચો છે. પ્રભુએ જેને સજ્જન કરવો છે તેને ખરૂં ખોટું ભોગવાવે તો તે ભોગવેજ છુટકો. આ શ્લોકમાં અરજ્જુન જાણે ગુસ્સાથી કહેતો હોય તેમ કહે છે, કે શું તેવા ભોગ હું ભોગવીશ કે ! ! અર્થના દાસ હોવાથી દુર્યોધનની સેવા કરવાને ભીષ્મ દ્રોણ આવ્યા છે.

અરજ્જુન કહે છે કે, બાપ કદાપિ નઠારો થયો તો તેનું પિતૃત્વ જતું નથી. તેમ દાદા ભીષ્મ અને ગુરૂ દ્રોણાદિ છે તે અર્થકામ ભલે છે પણ તેઓ ગુરૂ–પૂજ્ય છે. ધર્મશાસ્ત્ર ભલે એવાનો ત્યાગ કરવાનું કહે છે, પણ ગુરૂનો ધર્મ શું હોવો જોઇએ, તે શિષ્યે જોવાનું નથી. તે મહાનુભાવ છે, અથવા **हिमहा** એટલે સૂર્ય જેવા સામર્થ્યવાળા છે; કેમકે સૂર્ય છે તે હિમને હણે છે તેથી હિમહા કહેવાય છે. ચંદ્રમાં કલંક છે પણ ચાંદનીમાં નથી. તેમ ગુરૂની કીર્તિમાં કલંક નથી, તે તો પ્રકાશે છેજ. સકામ છે તોપણ ગુરૂ છે, દાદા છે. નિષ્કામ હોય તોપણ તે ગુરૂ છે. સકામ ગુરૂ હોય તો તે, જો " ગુરૂ નહિ " એમ કહો તો બાપ પણ સકામ હોય તો શું બાપ નહિ કે ? નિષ્કામ હોય તેણેજ ગુરૂ થવું જોઇએ, એમ હોય તો માતાપિતા છે તે ગુરૂ થઈ શકેજ નહીં; કેમકે તે અર્થકામવાળા છે. એવા ગુરૂને મારવા તેજ અનાર્ય જુષ્ટ છે, એમ હું સમજું છું. શું ઇહૈવ ભોગ માટે મારવા કે ? ! એજ અસ્વર્ગ્ય છે. મારવાથી મારી કેટલી બધી અકીર્તિ થશે !! અરજ્જુનનું આવું કહેવું સાંભળી પ્રભુ ગાલમાં હસ્યા. ત્યારે અરજ્જુન વિચારમાં પડયો કે મહાત્મા છે.

એક પવિત્ર અગ્નિહોત્રીએ, વાયુનો રોગ થવાથી, વૈદ્યને પૂછ્યું. તેણે લસણ ખાવાનું કહ્યું. તે કદિ ખાતા નહીં પણ રોગ ખાતર ખાવા લાગ્યા છતાં વ્યાધિ તો ગયો નહીં. **भक्षितेपि लसुनो न निवृत्तो व्याधिः।** યુદ્ધ કરવાને ગુરૂ સામે ઉભા થયા તો વળી પરાજય થયો કહેવાય. તે બીજી વાત. જીત્યા તો ગુરૂનો ઘાત થયા પછી જીવવાની ઈચ્છા નથી.

પ્રભુ કહે, જ્યાં લગી કોઇનો શિષ્ય નથી થયો ત્યાં લગી તે ગુરૂજ છે. એક ખાડામાં તો તું પાપભીરૂ થઇને પડયો છે અને બીજો ખેદરૂપ ખાડો છે તેમાં તું નહિ પડ. ભાઈ! શિષ્ય થશે તો શિષ્યના ધર્મ પાળવાજ પડશે—આજ્ઞા પ્રમાણે વર્તવું પડશે. માટે માફ કર. એવું શિષ્ય થવાનું સાહસ ન કર—તારી પદે પદે માનહાનિ નહિ કર. તેમાં તો આપણાં સખ્યનો વિઘાત છે તેથી તે કરવા હું ચાહાતો નથી. ત્યારે અરજુન કહે, હું આંધળો બન્યો છું—જે કરવાથી મારો શોક જાય તે હું જોતો નથી. રાજ કે સ્વર્ગ મળેથી મારો શોક જાય તેમ નથી. **नहि प्रपश्यामि॰**

ગીતા—અ. ૨ શ્લોક ૬.

यन्मनसा मनुते तद्वाचा वदति, यद्वाचा वदति तत् कर्मणा। करोति, यत्कर्मणा करोति, तद् अभि संपद्यते ॥

આર્યાવર્ત દેશમાં ભટ્ટિકવિ રામના પૂર્ણ ભક્ત હતા. તે વ્યવહારની વાત કરતાં પણ વચમાં રામનું વર્ણન બોલે. તાત્પર્ય કે જેનું હંમેશાં ચિંતવન તેવીજ વાણી નીકળે છે. અને જેવી વાણી નીકળે છે તેવુંજ કર્મ અને જેવું કર્મ તેવુંજ ફળ. જેવો અરજુન વિષમમાં પડયો હતો તેવા ભગવાન પણ દરેક પ્રાણીને સંબોધીને કહે છે કે, આ સંસાર છે તે વિષમ છે. ચેતન અને જડ; દ્રષ્ટાદ્રશ્ય; ભોક્તાભોગ્ય; પુરૂષપ્રકૃતિ; અને બ્રહ્મ તથા માયા. એ રીતે બે પદાર્થ છે. હવે બે પદાર્થજ છે તો દુ:ખ કેમ? ત્યાં કહે છે કે, દ્રષ્ટાદ્રશ્યનું મિશ્રણ થઇ પોતે દ્રશ્ય

જે સંસાર તેમાં મળી ગયો. દ્રશ્ય સંસાર છે તેજ વિષમ છે. અને **निर्दोषं हि समंब्रह्म** । ચેતન તત્વ બ્રહ્મજ સમ છે. ત્રિગુણમય સંસારમાં પ્રાણીમાત્ર વિષમતાને લીધે નાચી રહ્યાં છે. એક સત્તા છે તેમાં હું તું અને તે થી વિષમતા કરી દીધી. દિવસ અને રાત્રી એ વિષમતા છે. વિષમતાને લીધે તો મનુષ્યને મઝા છે. હે મનુષ્ય! આ ત્રણ ગુણયુક્ત વિષમ સંસારમાં તને **कश्मलं** મોહ ક્યાંથી પ્રાપ્ત થયો! તેનો તું વિચાર કર. **त्वा**=તું જે અલૌકિક છે એવા તને મોહ ક્યાંથી! આત્માનો યથાર્થ વિચાર કરી સમજમાં આવતાં બદ્ધતા છેજ નહીં. અને વિષમથી દુ:ખ દૂર થતું નથી, તેજ અજ્ઞાન. કપિલમુનિનો મત છે કે, પ્રાણીમાત્રને જે દુ:ખ છે તેજ પ્રભુની કૃપા છે. તે નહિ હોતે તો પ્રભુ સ્મર્ણ થતે નહીં. તેમ અરજુનરૂપ આપણા જીવને પુછીએ કે આ ત્રિવિધ પૂર્ણ સંસારમાં આ કશ્મલનું જે જે કરે છે તે બધું કશ્મલ ક્યાંથી આવ્યું સવાલથી જાણે લાત મારી ઉઠાડી કાઢી તને કર્મમાં પ્રેરે છે તે વિષમતાને લીધેજ છે.

તે તારાં હૃદયની દુર્બળતા સિવાય બીજું કાંઇજ નથી. એક દુ:ખ દૂર કરીએ છીએ તો અનેક બીજાં આવતાં જાય છે, એજ સંસારની વિષમતા. એક સન્યાસીને કોઇ શેઠે ગીતા આપી તેને ઉંદરોથી સાચવવા બીલાડી રાખી. તેને દુધ પાવા ગાય રાખી. તેને માટે ચાકર રાખ્યો. એવી ખટાટોપ કરી વધારે વધારે દુ:ખમાં પડેલો પોતે વિચારી મનમાં નિશ્ચય કીધો કે, હું બધું છોડીને આવ્યો છતાં આ બધી ઉપાધિ શા માટે?! તરત ઉઠીને ચાલવા માંડ્યું. જે મનુષ્યને દુ:ખ પડ્યું હોય; સંસારના અનેક ઠોંસા ખાધા હોય તેવાને પ્રભુશ્રી આ ઉપદેશ કરે છે. અધ્યાત્મવિદ્યા એ સામાન્ય વાત નથી. જેના ઉપર પ્રભુની કૃપા છે તેનેજ એ તરફ લક્ષ લાગે છે. તેવાનેજ આ બધી ખટાટોપ નકામી છે એમ સમજાય છે. અરજુને પાંચમો શ્લોક બોલીને જ્યારે જોયું તે વખતે ભગવાને એવી મુદ્રા કરેલી કે એક પણ શબ્દ બોલ્યા વગર જાણે અરજુનને કહેતા હોય; તેમ અરજુનના વિચારો કૂર્યાજ કરતાં

હતા. न चैतद्विद्मः=મને કાંઈ સમજ પડતી નથી. જીવનો વિચાર જીવને નથી સમજ પડતી તેજ જીવ છે.

दिनमपि रजनी सायं प्रातः शिशिर वसंतो पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायुः तदपि न मुंचत्याशापाशः ॥ १ ॥

ઝાડનો રોપો (છોડ) હોય ત્યારથી જે સંસ્કાર કરવા હોય તે જો યથાર્થ કરવામાં આવે તો પાક અવસ્થા થતાં ખૂબ ફળ આપે. તેમ બચપણમાં બચ્ચાંને વિશે જે સંસ્કાર નાખવામાં આવે તે પાક અવસ્થાએ પ્રકાશી નિકળે છે. તેમજ વેદાધ્યયનમાં ક્રમશઃ ચાલતા જઇએ તો પછી તેની ખરી ખૂબી માલમ પડે. રઘુરાજાનો રથજ એવો બનાવેલો કે દરિયો, પહાડ, અને હવા, એ દરેકમાંથી તે પસાર થઈ જતો. એક પાનવાળો સાઠ વર્ષ થઈ ગયાં તોપણ રોજ પટીઓ બનાવે. એક વખત વિચાર આવ્યો કે, અરેરે ! આવી ખટાટોપ ક્યાં સુધી ! ચમકી ઉઠયો, અને સત્સંગ કરતાં વેદાંતનો છંદ લાગતાં શાન્તિને માર્ગે પડયો. વસિષ્ઠ ગુરૂ એક વખતે જ્યારે એકાંતમાં બેઠેલા ત્યારે રામચંદ્રજી આવ્યાને ચરણમાં માથું મુકવા જતાં બોલ્યા કે, પ્રભો ! આ રાજ્યનું પુરોહિતપણું નરકનું દ્વાર છે, પણ આપ પધારવાના હતા જાણીનેજ અત્યારસુધી રહ્યો. હવે મને મુક્ત કરો. **नच एतद्विद्मः** ॥ આ જે કાંઇ આપણે કરીએ છીયે તેમાં કાંઈ સમજણ પડતી નથી. એ રોજની ધમાલ ક્યાં સુધી ! આ શરીરને કોણે બનાવ્યું, એમ જ્યારે કોઈ આપણને પુછે ત્યારે આપણે માતાને પુછીએ તો તે કહે હું પણ તેજ વિચાર કરૂં છું કે આવું સુંદર વ્યવસ્થિત શરીર કોણે કેવી કારીગિરીથી બનાવ્યું હશે. બાપે પણ એવોજ જવાબ દીધો. પછી શરીર વિજ્ઞાન-વેદાંતશાસ્ત્રનું મનન કરવા માંડયું ત્યારે કંઇક ધ્યાનમાં આવ્યું. ભર્તૃહરિ હતા તે શાસ્ત્રોમાં પારંગત હોવાથી પોતાને કૃતકૃત્ય માનતા, પણ જ્યારે વેદાંત સાંભળ્યું ત્યારે મનમાં વિચારે છે કે, મારા જેવો મૂર્ખ કોઇ નહીં. અત્યારસુધી હું ખોટી ધમાલમાં હું અથડાયો. પછી વિચારે કે આ

કરૂં કે તે કરૂં. કરિયે કે ન કરીએ. એવી ચિંતા થાય. પછી "યદ્ભાતદ્ભા ભવિષ્યતિ" એમ લઈ ચાલે. ઉપરના બે શ્લોકમાં અરજુન જરા મરડાટમાં બોલતો હતો, તોપણ જ્યારે ભગવાન બોલ્યા નહીં અને સામુંજ જોયા કીધું ત્યારે બોલ્યો કે હવે મને સમજ પડતી નથી. બે ચીજો હોય ત્યારે તેમાંની એક ચીજ બોલવી કે બીજી, તેને **कतरत्** કહે છે. પિટરસન સાહેબે શાસ્ત્રીની પરિક્ષા લીધી તે વખતે બેસવાને આદર કર્યો તેમાં **अत्र उपविश्यतु भवान्**. તેની પોણોસો વર્ષની ઉંમર થયલી છતાં એક મીનીટ પણ ગુમાવ્યા વગર ઋગ્વેદની ત્રીજી આવૃત્તિ બનાવતો હતો. તેમાં એક પાઠ બે આવૃત્તિમાંથી કહ્યું કે, **कतरः समिच्चिनः कतरत् नगरीयः ॥** યુદ્ધ કરવું કે ન કરવું (એટલે ભીખ માગવી), કયું સારૂં ? **वा** ની મઝા છે. **एको देवः केशवो वा शिवो वा, एकोमित्रः ॰ पतिर्वायातेर्वा । एका भार्या सुंदरी वा दरी वा, एकोवासः पत्तने वा वने वा ॥**

ગીતા અ. ૨ શ્લોક ૭ મો.

એકવાર ધનુષ્ય લીધું અને હવે પરાંગમુખ થવું, એ ક્ષાત્ર ધર્મને લાત માર્યા બરાબર છે; અને તેથી જાણે અરજુન કહે છે કે, હે ભગવાન્! જેવી રીતે મારો રથ અહિં અટક્યો છે, તેમ મારો મનોરથ પણ અટક્યો છે. તેથી હું પુછું છું તે શિષ્યભાવે પુછું છું. અત્યારસુધી એવી રીતે મેં કદી પુછેલું નહીં. ત્યારે જાણે પ્રભુ કહેતા હોય કે હું ત્હારો સારથીજ છુંને. જ્ઞાની પુરૂષો નગારખાનાંનાં નગારાં જેવા હોય છે. જેમ નગારાંને ખૂબ તપાવીએ પછી તેમાંથી મૃદુ અવાજ નિકળે છે તે રીતે જ્ઞાની પુરૂષોને પુછ્યા વગર કદી બોલે નહીં. હીંચકા ઉપર બેઠેલો માણસ આ બાજુ ને પેલી બાજુ જયા કરે તેવી, અરજુન કહે, મારી સ્થિતી થઇ છે. ધર્મની કસોટી તો જન્મમાં કોઇ વખતજ આવે, તેમાંથી નિર્વિઘ્ને નિકળી જાય તોજ ધર્મ પાળ્યો કહેવાય. ભીષ્મે પિતૃધર્મ, ભરતે ભ્રાતૃધર્મ, રામે પુત્ર ધર્મ, અને સીતાજીએ જેમ પત્નિ ધર્મ પાળ્યો.

તેવોજ ધર્મ જો પળાય તોજ ધર્મ પાળ્યો કહેવાય. તેથી અરજુન હવે ધર્મનાં બારાંમાં મુઝવણમાં પડ્યો છે. મને મારો ધર્મ ખબર નથી. તેથી પુછું છું. મારે મારો ક્ષાત્ર ધર્મ જાળવીને આ પ્રસંગથી બચવું છે, પણ તેને માટે શું કરવું તે ખબર નથી. **स्वधर्मे निधनंश्रेयः** પોતાનો ધર્મ પાળતાં કદાચ મરવાનો પ્રસંગ આવે તો તે મરવું સારૂં છે. અરજુન કહે છે કે, હમણાં ક્યાં ગયો છે તેની મને કાંઈ ખબર પડતી નથી. કૃપણનું મુખ સવારમાં નહિં જોવું જોઇએ કૃપણ પુરૂષનો ફોટો (છબી) જો મનમાં આવી ગયો તો દીવસ ખરાબ જાય. અને તેથીજ ઉદાર પુરૂષોના ફોટાનું ધ્યાન ઉઠતી વખત કરવાનું છે. જે જે ઇષ્ટ પદાર્થનો વિયોગ થતાં પ્રાણ નિકળવા જેવું લાગે તેજ કૃપણ. કેમકે તે પદાર્થ છોડવાની તેની ઇચ્છા નહીં. **सर्वेवयं कृपणः** આપણે બધાજ કૃપણ છીએ. કોઇની સ્ત્રી મરે ત્યારે ત્યાં જઇ કહે કે, ભાઇ! **संयोगाश्च वियोगान्ताः** પણ જ્યારે પોતાની મરે ત્યારે આંખમાંથી પડે છે, તેથી તે પણ કૃપણજ છે. તુકારામ બાબાને ત્યાંથી મરચાંના બેથેલા ચોરાયા. બીજે દહાડે વિચાર થયો કે જો ચોરે માગ્યા હોતે તો હું આપત નહીં. ખરે, હું એટલા બધા ક્યાંથી આપતે. માટે ભલે તે લઇ ગયો. કર્ણ એટલો ઉદાર કે પોતાની ચામડી ઉતારી આપી; શિબી રાજાએ પોતાનું માંસ અને દધિચી ઋષિયે હાડકાં આપેલાં; કારણ શરીરપર મમત્વ નહીં. તેથી તેજ ઉદાર છે. જેમ હનમાનની સ્થાપના કરે છે ત્યારે જેવી શુદ્ધ મૂર્તિ હોય છે તે કાળે કરીને સિંદુર અને તેલના રગડાથી હનમાનજી કેટલા બધા જાડા બની જાય છે કે તેનું અસલરૂપ કોઇની ધ્યાનમાં આવસ્તું નથી. કારણ કે ઢંકાયલા છે. તેમ આપણું બ્રહ્મસ્વરૂપ અપરોક્ષ છતાં ઢંકાયલું છે. દેહ મિત્ર સ્ત્રી પુત્ર, અનુચર, હય, હેમ, ઉપરથી મમત્વ ઉઠાવી-ઉખેડી નાખી પોતાના મૂળ અસલ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી જોઇએ. યાજ્ઞવલ્કય મુનિની બે સ્ત્રીઓ હતી. કાત્યાયની અને મૈત્રેયી. તે જ્યારે સન્યાસ લેવા તૈયાર થયા ત્યારે પોતાનું દ્રવ્ય બેહુને વેહેંચવા માંડયું. તે વખતે મૈત્રેયી કહે છે કે;

येन अहं अमृतं नस्यात् किमतु कुर्याम्. અર્થાત્, એ ધનથી તમારા જેવી અમૃતત્વની પ્રાપ્તિ થશે? જો નહિ તો, એને હું શું કરૂં?! હું તો તમારી સાથે આવીશ. પછી મુનિ સાથેજ ગઇ છે. ત્યાં તેને યાજ્ઞવલ્કયે ઉપદેશ આપ્યો છે તેમાં કૃપણતા વિશે કહે છે કે, જે મનુષ્ય પોતાનાં સ્વરૂપને જાણ્યા વગર પશુ માફક આયુષ્ય ખોઇ નાખી પાછો જાય છે–મરે છે તેજ ખરો કૃપણ છે, અને ઉદાર પુરૂષ તો તેજ છે કે જેને આત્મજ્ઞાન થયું છે.

ગીતા અ. ૨ શ્લોક ૮

ગુરૂ પાસે જઇ શરણુ માગવું હોય ત્યારે **शाधिमाम** કહેવાય છે. અને બલિષ્ઠ પાસે શરણુ માગીએ ત્યારે **त्राहिमाम** કહેવાય. અરજુન ભગવાનને પગે લાગી કહે છે કે, હું તમારો શિષ્ય છું. પ્રભુ વિચારે છે કે, એજ તારી મૂર્ખાઇ છે, કારણ કે ગર્વિષ્ટને આવું હોય નહીં; પરંતુ આ વખતે અરજુનનું હૃદય દ્રવિભૂત થઇને કહે છે કે, હે પ્રભો! મારૂં રક્ષણુ કરે એવું તમારા શિવાય કોઇ નથી. મારૂં હૃદય શોકથી છવાઇ ગયું છે. મને કાંઇ સુજતું નથી. **नहि प्रपश्यामि.** જેને ઇહામુત્ર ફલભોગેચ્છા નથી તેને ગત્ જન્મની તો પરવાજ નથી. વર્તમાન જન્મ તો ગમે તેમ જશેજ, પણુ આવતો જન્મ નાશ કરવા માટે પ્રયત્ન કરવોજ જોઇએ. સંસારમાં જો સુખ એવું કાંઇ માનતા હોય અને તે પ્રાપ્ત થયું હોય તો તે મહામુશીબતે મળેલાં સુખ ઉપર હજારની આંખો હોય. એક બ્રાહ્મણુ દોડીઆંનું દહીં દડિયામાં ઘેર લઇ જતાં રસ્તામાં કાગડા વિચારે કે ચાંચ મારી પાડીએ, તો પછી બ્રાહ્મણુ તો ખાશે નહીં એટલે આપણુંજ છે. આ મિથ્યા ક્ષણિક સુખને માટે મનુષ્ય દેહનો અડધો ભોગ આપવો પડે છે. પંચ પ્રાણુ સુખના સાધન છે, પણુ બપોરે અન્ન ન મળે તો તે કહે હમે જઇએ છીએ. અન્ન મળે કે પાછા બેસે પાછું સાંજે પણુ એમજ. દર્શનની અદર્શન દ્રષ્ટિ વખત આવે થાય છે.

જ્યારે નિયમિત રીતે મનથી વિચાર થાય કે, અરે આ હું શું કર્યા કરૂં છું. મારી સાથે કાંઈ આવવાનું નથી. જે બધાં છે તે મતલબી છે. ત્યારે આંખ ખુલવા માડે. એક સજ્જનને પૂર્વસંસ્કારથી કાંઈ વેદાધ્યયનનો છંદ લાગેલો તે એક બ્રહ્મનિષ્ઠ મહાત્મા પાસે રોજ જતો. તેને સંત કહે, એ સ્ત્રી પુત્રાદિ મતલબી લોકને માટે તું શા માટે રોજ દુઃખ સહે છે. તે કહે, મહારાજ ! બધા મારે માટે પ્રાણ પાથરે છે. ઠીક. પછી તેને પ્રેતાસન પ્રાણાયામાદિ શિખવ્યાં અને કહ્યું કે આજે પ્રેતાસન કરી સુઈ રહેજે, પછી જોજે. ઘેર જઇ પેટમાં દુખે છે એમ કરી સુઈ ગયો. બધાં સગાં વ્હાલાં દાક્તર વૈદ્ય દોડી આવ્યાં. પ્રેતાસન કરી પડેલો જોઈ કહેવા લાગ્યાં કે, આ તો મરી ગયો. ગભરાઇ જઈ છેવટે મહારાજને તેડી લાવ્યા. તેણે જોઈ નિઃશ્વાસ નાખી કહ્યું કે,–અરેરે ! છતાં પણ આને હું બચાવું, પણ આ દવા છે તે એને બદલે બીજો કોઇ પણ પી લેશે તો એ બચશે અને પીનાર એકજ મરશે. છે કોઈ એની વતી પ્રાણ આપે તેવું ? તે સાંભળી સસરો સરી જઈ ઝાડે ફરવા નાઠો. બીજાં હતાં તે એક પછી એક પોબાર ગણી ગયાં. પછી મા તથા સ્ત્રીએ પણ ના કહી. તે સાંભળી સંત કહે, ભલા, ઠીક, કીસીકું બચાનેકી મરજી નહિ હૈં. અપના જીવકી દરકાર લગી હૈં તો સંસાર ઐસા સ્વાર્થમયજ હૈં. તો અચ્છા, હમ પી જાતાં હું. તરત બધા ખુશ ખુશ થઈ ઉઠી પગે લાગ્યા. પાણીમાં સાકરની ભુકીનું પડીકું નાખેલું તે દવા સંત પોતે પી ગયા. પેલા સજ્જને જોયું કે, ખરે, હું કેવળ ભ્રાંતિમાંજ અકૂળાતો હતો. સંતે ઉઠી ચાલવા માંડયું. પછી તે પણ તે બધી મોહજાળ તોડી છટકી જઇ સ્વતંત્ર સુખી થયો. સુખ છે તે પહેલાં પણ મહાઘાતકી છે, અને પરિણામે તો વિયોગ છેજ. (**अपनुद्यात्**=દૂર કરે–હાંકી કાઢે.) મનુષ્ય પ્રાણી પ્રેમી છે–તે સ્વાર્થના બહુ પ્રેમી છે. **स्नेह**=દ્રવતા. હૃદયમાં દ્રવિત ઇંદ્રિયોને લીધે સંસાર પ્રિય લાગે. લ્હેરમાં પાણી નાખતાં લાડુ બને તેમ. **उच्छोषणम्**=સુકાવી નાંખે એવા.

ગીતા—અ. ૨ શ્લોક ૯–૧૦.

ભ૦ ગીતા માલામંત્ર કહેવાય છે. તેથી અક્ષરમાં ફરક થાય તો મંત્રમાં ફરક થાય. સ્વર વ્યંજનમાં પણ બીલકુલ ખંડિત થવું જોઇએ નહીં. શેરડી ચક્ષુથી સારી લાગે, પણ ખરીદ કીધા વગર તેના રસની પરીક્ષા નહીં. તેમ ગીતાનો હૃદયમાં પડછાયો પડે ત્યારેજ ખરૂં. રીતસર જેને નિંદ્રા હોય તેજ **गुडाकेश.** આપણે તો નિદ્રાના દાસ છીએ. તેથી ઉંઘને બનતી જોગવાઇએ તાબામાં લેવી જોઇએ. ખરી રીતે દરેકની માતા તો ઉંઘ છે. ગમે તેવાં જરૂરી કામમાં હોઇએ છતાં કહિયે છિયે કે, ભાઇ! હવે બસ. એમ કરી સુઈ જાય છે. શરીર ઇંદ્રિયો વગેરે નિદ્રાવીદેવીના તાબામાં સોંપીને તેને શરણે જાય છે. તેથી જિત-નિદ્રા થવું જોઇએ. સર્વશક્તિમાન અને સર્વજ્ઞ પ્રભુ સામે, હું લડીશ એવું કહે તો પણ પાપ, અને નહિં લડીશ કહે તોપણ પાપ છે. ઘરમાં વડીવહુ જો કે ૪૦ વરસની થયલી, તેના છોકરાની વહુ પણ ઘરમાં આવેલી છે, છતાં છાસ લેવા આવનારીને જો કહે કે, "છાસ છે" તોપણ વૃદ્ધ સાસુજી ગુસ્સે થાય, અને "નથી" કહે તોપણ ગુસ્સે થાય. ત્યારે તેણે તો એમજ કહેવું કે, બેસો—મારાં સાસુજી આવે છે. તેમ મનુષ્યે પરમાત્મા પાસે, આમ કરીશ કે તેમ કરીશ અથવા નહિ કરીશ, એમ કહેવાનો અધિકારજ નથી. આ અરજુન તો **नयोत्स्ये**=લડીશ નહીં, એમ કહી ચુપ બેઠો.

મોટા માણસને કહેવું હોય ત્યારે વચમાં સંબોધન મુકીને કહેવું. કેમકે તેનું મન બીજે કયાંઇ દોડી ગયું હોય તો તે ખેંચાઇને આપણા તરફ આવે. તે વિચારથી સંજયે ધૃતરાષ્ટ્રને **परंतप** કહી સંબોધ્યા છે.

અરજુન શિષ્ય થયા, પ્રભુને શરણે થયા, તે છતાં શિષ્યધર્મથી વિરૂદ્ધ **नयोत्स्ये** "નહિં લડું," કહી દીધું; તોપછી શિષ્ય થવાનું કામ શું હતું! રાજાએ ચોરને છોડી દેવા તે પાપ છે, તેમ શિક્ષા કરવાનું ટાણું આવ્યું તે વખતે "નહિં લડું" કહી મુકવું, એ શૂં!! પ્રભુ

વિચારે છે કે તારો અહંકાર ભલે છે, પણ હું હમણાં લડાવીશ. ઉપસંહારમાં (અ. ૧૮ માં) સોનેરી શાહીથી છે કે,–

यदहंकार माश्रित्य नयोत्स्य इति मन्यसे ॥

અરજુનનું બોલવું સાંભળીને હસી કાઢતા હોય તેવી મશ્કરીની ઢબથી પ્રભુ કહે છે. શ્લોક ૧૧ છે તે **अशोच्यानन्व शोचस्त्वं** એ ગીતાનાં બીજરૂપ છે. વ્યવહાર દૃષ્ટિથી જોતાં આતતાયીનો શોક શા માટે કરવો ? ! તે હણુવા લાયકજ હોવાથી અશોચ્ય છે. કચરો નિકળી જશે. અને પરમાર્થ દૃષ્ટિથી બધાંજ પ્રાણી–જીવો અશોચ્ય છે. કોઈ મરતું કે જન્મતું નથી. સર્વ કોઈ નિત્ય છે. તેથી બધાં અશોચ્ય છે તેનો શોક શા માટે કરે છે. **त्वं** પદ વાચ્ય જીવાત્મા એકવાર “ નહિં લડું” કહી ડહાપણુ કરે છે, વળી કહે છે કે **शिष्य स्तेहं** અને તેમાં સ્વતંત્રતા દેખાડે છે, તે નહિં બને. શૂં બધું જગત તેં રચ્યું ? શું તું તેને ચલાવે છે ? ઇશ્વરને જગતની વ્યવસ્થા કરવાની ફુરસદ નથી ? ગુરૂજનો ઉપરના પ્રેમથી કદાપિ તું એમ કહે, તો પણ તે તારૂં અજ્ઞાનજ છે. ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા પાળવા ગુરૂ સાથે યુદ્ધ કરેલું તે શું ગાંડા હતા કે ? અપરોક્ષ સાક્ષાત્કારવાળા પંડિતો મુવાજીવતાનો શોક નથી કરતા. તે તો આ દ્રશ્યને સ્વપ્ન જુએ છે. ખરૂં ડહાપણુ તો એજ છે. તેઓ બધું બ્રહ્મરૂપ જુવે છે, અને જાણે છે કે, હું પણ વાસુદેવ–બ્રહ્મજ છું. તેની દૃષ્ટિમાં ભિન્ન કશું નથી. ભેદદષ્ટિ તને ભમાવે છે. શ્લોક ૧૧નો બીજો અર્ધ ભાગ છે તે અધ્યાત્મશાસ્ત્રનું સિદ્ધાંત છે. બીજરૂપથી અધિકારી પણ દેખાડયો. શ્લો. ૧૨થી ૧૯ સુધી **अशोच्या०** એ એકજ વિષયપર કહેશે; અને ૩૦માામાં ઉપસંહાર કરશે. ૩૧ થી અરજુનના પ્રજ્ઞાવાદનું ખંડન કીધું છે. આત્માનું અશોચ્યત્વ ધ્યાનમાં લેવા બીજા ઘણા વિષયો કહ્યા છે. બીજામાં નિત્યત્વ દેખાડયું છે. ગર્ભમાં હતા તો બહાર આવી ૫૦ ના થયા અને પૂર્વે બીજે હતા તો ગર્ભમાં આવ્યા. જન્મતાં રડે છે શું કામ ? ગત જન્મમાં સ્ત્રીપુત્રાદિમાં આસક્તિ હતી તે છોડવી પડેલી તે યાદ આવ્યાથી રડે છે. જેમ જેમ તે યાદી

ભુલતો જાય તેમ તેમ રડવું ભુલતો જાય છે. મરણનો ભય છે તેજ કહે છે કે, આપણે નિત્ય છીએ, હતાજ, અને હોઇશુંજ. જનમ્યા પછી ભુખ લાગે છે તે ગત જન્મનું સ્મર્ણ દરેક પ્રાણીને સ્તન શોધાવે છે. તેજ રીતે આગળના લાખો-અનેક જન્મમાં હોયજ. અર્થાત્ આપણે સર્વ નિત્ય હોવાથી અશોચ્યજ છે.

(પ્રશ્ન) આત્મા નિત્ય છે, અને જન્મ મર્ણ છેજ નહિ. તો લોકો કહે છે કે, ફલાણો જનમ્યો અને અમુક મરી ગયો; વળી જન્મ્યા પછી જાત કર્મ વગેરે સંસ્કારો થાય છે, તેનું શું? (ઉત્તર)=બાલ્ય, કિશોર, યુવા, પ્રૌઢા, જરા, એ અવસ્થા શરીરને થાય છે. શરીરજ મરે જન્મે છે. આત્માને તે અવસ્થા નથી તેમ જન્મ મર્ણ નથી. દેહ દ્રષ્ટિથી જાત કર્માદિ સંસ્કાર થાય છે. **चलं च गुण वृत्तं.** ગુણોથી થયલું તે બધુંજ ચલ છે. દેહ ત્રિગુણાત્મક છે. તેની અવસ્થા બદલાયા કરે છે. બાળક હતા ત્યારે લખોટે રમતા હતા. યુવામાં તે જતું રહે છે. એ લખોટે રમવાનો સન્યાસ કયારે લીધે તે ખબર ન પડે. એની મેળે છુટી જાય છે. જેમ, અમૃત મળતાં સુધી સમુદ્ર મંથન કર્યાજ કરેલું, પણ તેમાં વચગાળે વિષ પણ નિકળ્યું તો તેને પીજનારા શંકર બહાદુર હાજરજ હતા, છતાં મંથન જારી રાખ્યું. ત્યારે છેવટ અમૃત નિકળ્યું કે એની મેળે મંથન બંધ પાડયું; તેમ,—આત્મજ્ઞાનરૂપ અમૃત મળતાં સુધી કર્તવ્ય કર્યાજ કરવું. તે જ્ઞાનામૃત મળતાં કર્મ એની મેળેજ છુટી જાય છે.

> **यद्दुस्तरं यद्दुरापं; यद्दुर्गं यच्च दुष्करं ।**
> **सर्वंतु तपसासाध्यं, तपोहि दुरति क्रमम् ॥** (મનુ ૧૧-૨૩૮)

ગીતા—અ. ૨ શ્લોક ૧૧.

અર્જુનને ભગવાન કહે છે કે, તું શોક નહીં કરવાનો કરે છે, અને ડાહ્યું ડાહ્યું બોલે છે. તું સમજતો હશે કે જાણે દેવે થોડાક વખત ત્હારા હાથમાંજ સત્તા આપી હશે, અને તેથી મારવાનું તે જાણે તારા

હાથમાંજ છે; પણ તેને તું શું મારવાનો હતો; તે તો મરેલાજ છે. સુખ મળવું તે પણ જાણે તારા હાથમાં હોય. તું નહીં મારશે તેથી શું તે મુડદાં જીવવાનાં કે ? વૃથા ચિંતાથી તારામાં દુર્બળતા વધે છે. જેમ એક સાધુ હનમાનનાં દેવળપર રોજ બેસી રહે. સદાવ્રતમાં ખાય, અને ગમે ત્યાં પડે, તેથી અલમસ્ત બનેલો. રાજાની સ્વારી હાથીપર જતી જોઇ વિચાર્યું કે, મારાથી ઉંચે બેસીને એ કોણ આવે છે. તેથી તે હાથીના પગ ઉપર પગ મુકી પુછડું પકડી ઉભો, તેથી હાથી ચાલી શકયો નહીં. રાજાએ તે ફકીરને બોલાવી કહ્યું કે, તુમ રોજ જલેબી ખાવ, અને રોજ છ વાગે બરાબર હનુમાનનાં દેવળમાં તેલનો દીવો કરજો, પછી રોજ જલેબી ખાઇ પાંચ વાગ્યા સુધી ઉંઘે. પછી ગભરાઇ જહેલો વ્હેલો ઉઠી દીવો કરે. એક મહીના પછી પાછી રાજાની સ્વારી આવી ત્યારે સાધુ પાછો આગળ પ્રમાણે પુછડું પકડી ઉભો. તે વખતે તરતજ હાથીએ લાત મારતાં ચાર ગોડીમડાં ખાઇ દૂર જઈ પડયો. શાથી ? ચિંતાને લીધે.

શિષ્યભાવે એટલે ગુરૂ જે કહે તે મારાં સારાંને માટેજ છે એમ સમજી શરણે જવું, એજ શિષ્યત્વ છે; પણ અહીં તો અરજુન કહે છે **શાધિમામ્** પરંતુ **નયોત્સ્યે**. યુદ્ધ કરવાનું કહ્યા શિવાય જે કહેશો તે કરવા તૈયાર છું. પ્રભુ તેના મનની વાત જાણતાજ હતા તેથી તેણે યુદ્ધની વાતને છેડીજ નહીં. બીજીજ રીતે છેડી. તેને કહે કે, ભાઈ! લડવાની વાત તો બાજુએ મુક, પણ તું શોક નહીં કરવાનો કરે છે, અને શોક જેનો કરવાનો તે કરતો નથી. મૂર્ખાઇ અને ડહાપણુ એ બેનું પ્રદર્શન મનુષ્ય છે. દરેક મનુષ્ય પોતાને ડાહ્યો સમજે છે, અને પોતે દુઃખી છે. પણ ડાહ્યો તો તેજ કે જેણે ત્રિવિધ દુઃખની નિવૃત્તિ કરી હોય તે છે. "જટિલો મુંડી લુંચિત કેશઃ" જૈન લોકના જટીલ જ્યારે મોટી સભા કરી ત્યાં પોતાને હાથે પોતાના મસ્તકના વાળ કાઢે છે ત્યારે **પરમ સુખમ્** રિવાજ પ્રમાણે બોલે છે, પણ અંદરથી જાણે દુઃખ થતું હોય તેમ બોલે છે. તેમ મનુષ્ય ડહાપણમાં સ્ત્રી પુત્રાદિથી ફસાતો

જાય છે. પોતે પોતાનુંજ કાલે શું થશે તે જાણતો નથી. પ્રજ્ઞાવાદ મનુષ્યમાં છે તેથી તે બોધને તો લાયક છે. એક જગે રોગ ફાટી નીકળ્યો. તેની દવા કોઇએ એરંડીનું મૂળ શોધી કાઢ્યું. તે ગામો–ખેડામાં લખ્યું. ત્યાં કોઇને ખબર નહીં તેથી ગાડાં ભરી મોકલ્યાં. પેલા ધણીએ રૂપીએ તોલો વેચવા માંડયું. તેની ખેડાવાળાને ખબર પડી એટલે તેણે પણ પાંચ રૂપીએ તોલો કર્યું. તેમ, જ્યારે અધ્યાત્મજ્ઞાનની જરૂર પડશે ત્યારે એટલીજ અમુલ્ય કીંમતનું એ થશે. હાલ તો એની કીંમતજ નથી. માણસ જો દુઃખી છે તો અધ્યાત્મજ્ઞાનની જરૂર છે. જ્યારે મનુષ્યને બ્રહ્મનિષ્ઠત્વ પ્રાપ્ત થાય ત્યારે બુદ્ધિતત્વની જરૂર નથી. મરે છે તેનો જો તું શોક કરતો હશે તો મરતું કોઇજ નથી. ગુરૂ જ્યારે અન્યાયથી વર્તવાનું કહે તો સામુ બોલવુંજ પડે. ભીષ્મ જ્યારે અંબા, અંબિકા, અંબાલિકા, એ ત્રણ કન્યાને લઇને જતા હતા ત્યારે રસ્તામાં અંબિકાએ જાણ્યું કે, આ લઇ જનાર મને પરણનાર નથી; તેથી તરત ઉતરી પરશુરામને શરણે ગઇ. તેમણે બહુ કહ્યું કે તું એને વર. કેમકે એ કન્યાની ઇચ્છા છે. ભીષ્મ કહે, મારી પ્રતિજ્ઞાનો ભંગ હું કદાપિ કરનાર નથી. પછી ભીષ્મે પોતાનું પરાક્રમ ગુરૂને બતાવ્યું. ગુરૂએ ધન્યવાદ આપ્યો. પંડિતપણું તે ક્યારે કહેવાય, કે જો શોકરહિતપણું હોય તોજ.

ગીતા અ. ૨ શ્લોક ૧૨

નિત્યાનિત્ય વસ્તુનો વિવેક પહેલો કરવો જોઇએ. અર્જુનની જ્ઞાનની વાતોમાં પ્રભુ પ્રહાસ–મશ્કરી કરે છે. અનેક જન્મોનાં પુણ્ય કર્મો પરિપાક-દશાને પ્રાપ્ત થયાં હોય તોજ મનુષ્યને માણસનાં મૃત્યુનો શોક થતો નથી. **त्वं जातु न आसि**=તું કોઇ કાળે નહીં હતો **इति अपि न**=એમ હતુંજ નહીં. આ રાજા પણ નહીં હતા એમ હતુંજ નહીં. જે કામ આપણે કરવા ધારીએ તે આપણી દ્રઢ ધારણા ઉપર આધાર રાખે છે. કલિયુગમાં સંઘશક્તિ કામ કરી શકે છે, એટલે બધાના વિચારો એકત્ર થઈ જે કામ કરવામાં આવે છે તે ઘણુંજ મજબુત થાય છે. (તે

સજાતીય વિચાર). ગીતાજી એ જીવંત પુસ્તક છે. એના સર્વ કોઇ અધિકારી છે. આપણને કોઇ પુછે કે તમે પાંચ વરસના હતા? વિચાર કરી એકે, પાંચ વર્ષના ન હોઇએ તો આવડા મોટા ક્યાંથી થયા. પછી એક વર્ષના હતા કે નહીં? તે પણ હાજ કહેવી પડે. માતાના પેટમાં પણ હોવાનું કબુલજ કરવું પડે. કાળને નામ છેજ નહીં. તે જગ્યાનેજ નામ છે. આજે શુક્રવાર વર્તમાન કાળમાં છે, અને શનીવાર ભવિષ્ય કાળમાં છે તેજ કાલે વર્તમાનકાળ થશે, અને શુક્રવાર ભૂતકાળમાં જશે. પાછો એજ વાર આવે છે. વર્તમાનકાળ તો છેજ, તેજ ભૂતભવિષ્ય થતો જાય છે. વર્તમાનમાં જેને ભવિષ્ય કહેતા હતા તેજ વર્તમાનકાળમાં આવે છે. આવી સૃષ્ટિની ઘટમાળ છે. હરિઃ ૐ

એવો કોઈ પ્રાણી નહીં હશે કે જેના ઉપર ત્રિવિધ દુઃખના ફટકા નહીં પડયા હોય. દીવાના પ્રકાશથી ચાહા ખાંડ પુષ્પ શ્રીફળ વગેરે વસ્તુઓ ક્યાં છે તેનું જ્ઞાન થાય છે. પણ પછી જાતે ઉઠી ચાહા મુકે નહીં, પુષ્પ શ્રીફળ હાથમાં લઈ નહિં લે, તો તૃપ્તિ કે પ્રસન્નતા થાય નહીં. તેમ, આ ગીતા કરકમલવત્ પોતાનું ભાન કરાવવાનો માર્ગ બતાવે છે પછી પ્રમાદ સેવી ને તરફ નહિં જઇએ તો તેમાં દોષ કોનો? એટલું તો છેજ કે, જે શાસ્ત્રસંપન્ન છે તે કોઇપણ પ્રસંગમાં ઉચ્છૃંખલપણું કરતો નથી; અને શાસ્ત્રને નહિં જાણનારો તેમ કરે છે. શોક અને ક્રોધ સરખા છે. શોક થતાં શરીરનાં લોહીને ઉકાળે છે; અને તેથીજ અતિશય શોક વશ થવાથી કોઈપણ સત્ વર્ષ આયુ ભોગવી શકતા નથી. કોઈ ભાગ્યશાળી જનજ જીવે છે. માટે શાસ્ત્ર જે સમજ્યા તેને જેમ ગોળ અને પીપેર (ચિત્રા નક્ષત્રના તડકામાં સુકવેલી)ને ચોવીસ કપડછાણ કરી જરાપણ થોભ્યા વગર ઘુંટવાથી જેમ તે પ્રાણને બચાવે છે તેમ શાસ્ત્રનું મનને (ઘુંટવું) અથવા વિચાર વારંવાર કરવાથીજ તેનો મર્મ (ભેદ-રહસ્ય અથવા ખુબી) સમજાય છે. એક રાજસભામાં ગાયન હતું તેમાં તે ગવૈઓ ફક્ત એકજ લીટી બોલતો કે,-મેરા હીરા હરાઈ ગયા કચરેમેં. હવે એનો અર્થ મગજમાં ઘુમે તોજ રસ ઝરે. આ

શ્લોકમાં આત્માનું નિત્યત્વ સિદ્ધ કીધું છે. આપણે કોઇ કાળે પણ મરવાના નથીજ. ત્રણેકાળમાં અખંડ એકરસ છીએ. માટે જન્મવું તે શુ, મરવું તે શું, અને તે કોને શા કારણથી, ગંતવ્ય સ્થાન કયું, વગેરેનો વિચાર કરતા રહેવાથી નિઃસંદેહ થવાય છે. આપણે હંમેશ છીએ કહિને ડાબી છાતીપર હાથ મુકીએ છીએ. એજ આત્માનું સ્થાન છે. આત્મા સર્વત્રપૂર્ણ છે. તેના ત્રણ ભાગ કર્યા. હું, તું, અને તે જનાધિપાઃ

अहं जातु न आसंइतितुनैव. त्वं न असि इत्यपिन—

અરજુનની દ્રષ્ટિ એ હું તું અને તે, છે. પણ પરમાત્મ દ્રષ્ટિએ સઘળા એકજ છે. અરજુન ભગવાનને પોતાના જેવાજ સમજે છે પણ જ્યારે વિશ્વરૂપ દેખાડયું ત્યારે ચમકયો.

મોટા લોકને કાંઈ કહેવું હોય તો આપણે પણ ન કહેવાય. તળાવમાં પાણીનાં મોજાં અથડાય છે તેમાં પાણીને પુછી એ તો કહેશે કે પાણીજ છે. શોક કાંઈજ કરવાનો નથી. પરમાત્માએ, મરવું તે શું, તે રોજ નિદ્રામાં સમજાવ્યું છે. મરતી વખતની નિદ્રા છે, એમાં કાંઈ ગભરાવાનું નથી. અસલ વૃદ્ધોમરતી વખતે સમજીને ઇષ્ટનું ધ્યાન કરતાં પ્રાણ છોડતા હતા. આ રીતે ૩૦ શ્લોક સુધી સમજાવી "**तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर**" વગેરે કહી અભય કીધો છે.

ગીતા અ. ૨. શ્લોક ૧૩.

આ શ્લોકમાં **धीरस्तत्र नमुह्यति** એ કટકો દરેક પ્રસંગમાં વ્યવહાર કિંવા પરમાર્થમાં દુઃખ આવતાં, કંઠા ભરણુ કરેલો, તે વખતે તરત ધ્યાનમાં આવવો જોઇએ. સ્વપ્નામાં કોઈએ રૂપીઆ ચોર્યાનું કહે, તો બીજો ઉપાય નથી, તો તકતામાં ચોંટાડી બતાવે કે, પેલા તારા રૂપીઆ. "આપો" કહે તો સ્વપ્નાના રૂપીઆ અપાય નહીં. સંસારમાં માનસિક દુઃખો ઘણાં હોય છે તે આપણી સમજ ફેરથીજ સહન કરીએ છીએ. ભૂત વર્તમાનમાં તો આપણું અસ્તિત્વ છે, એ તો નિશ્ચય

છેજ. ભવિષ્ય માટે પણ કોઈને કહીએ છીએ કે, કાલે જરૂર આવીશ. તો કાલ સુધીનો નિશ્ચય તો છે. તેવો મહીનાનો પણ નિશ્ચય થાય એટલે આપણે ત્રણે કાળમાં છેએજ. મરી ગયા પછી આપણે છીએ કે નથી, એવો સંશય આવતાંજ ધીરજ છુટે છે. અને ધીરજ છુટી કે મોતથી ડરે છે. ભીષ્મદાદામાં કેટલી ધીરજ કે પોતે છ માસ સુધી શરતલ્પ (બાણુશૈયા)માં સુતાં ધર્મ રાજાને કેવો ઉપદેશ કીધો છે!! તેને ખાત્રીજ હતી કે હું તો અખંડ છુંજ. મરતી વખતે કર્મફલ પ્રદાતા ઉપર પૂર્ણ વિશ્વાસ જોઇએ. તે વખતે ટાંટીઆ પછાડવાના નથી. તેજ વખતે મનુષ્યની પરીક્ષા છે. બુદ્ધિતત્વ છે તે સ્ત્રી લિંગ છે તેની સાથે "ધૃતિ" એ પુંસતત્વ હોય તો મનુષ્ય મરતી વખતે ગાફેલ નહિં રહે. ગાફેલ કોણ રહે કે જેની ધૃતિ તુટે. જે બચપણથીજ ઇષ્ટ શરણમાં હોય. તેની છાતીમાંથી ધૃતિ કદી તુટેજ નહીં. **संशयात्मा विनश्यति**. માટે આત્માનાં બારામાં સંશય હોય તેને કાઢી નાખવા. આત્માનો વિષય બુદ્ધિથીપર છે તેથી દ્રષ્ટાંત્તથી ધ્યાનમાં આવે છે. મરવા પૂર્વે "હું છું" એનો વિશ્વાસ જતાંજ અધીરો બને છે. જો મર્યા પછી આપણે નથી તો ધર્મની શી જરૂર છે; પણ પુનર્જન્મ છેજ—કર્મ ભોગ છેજ. જે નાનપણથી સંસ્કારી હોય તેની એ બારામાં શાંતિ અપૂર્વજ હોય. **द्रष्टा अंतोयस्यसः** ॥ દ્રષ્ટાંત જોવામાં સિદ્ધાંત આવે તેજ દ્રષ્ટાંત. **लौकिक परीक्षकाणाम यस्मिन् अर्थे बुद्धि साम्यं स द्रष्टांतः** ॥

બાલ્યાવસ્થા એ દેવસ્વરૂપ છે. માટે બધાને પ્રીય છે. બચ્ચાં વિશે માનાપમાન, દંભ, મોહ વગેરે નથી. માતાનાં દુધથી રહેલું બાળક શરીર છે તે યુવાન શરીરથી જુદુંજ છે. દરેક ક્ષણે શરીર બદલાય છે. બાળપણનું શરીર યુવામાં નથી અને યુવાનું વૃદ્ધાવસ્થામાં નથી, છતાં તે દરેક અવસ્થામાં હું છુંજ. પરમાત્મ નિષ્ઠા છે તે ધૈર્ય લાવવાનો રસ્તો છે. વેદભણવાનું ભુખ્યા બ્રાહ્મણને કહ્યું તો કંઈજ આવડયું નહીં. પછી જમાડીને બોલવા કહેતાં ઝટ બોલી ગયો; કેમકે અન્નની બૅટરી ભરી હતી. આ શરીર ત્રણ વખત રીપેર (repair) થાય છે. ધરોને નવાં

બનાવાય છે તેવીજ સ્થિતી શરીરની છે. બચ્ચું જન્મે તેને ભુખ લાગે તેથી રડે છે; કેમકે ભુખથી મરી જવાય એ જ્ઞાન છેજ.

ગીતા અ. ૨ શ્લોક ૧૪ મો.

આત્માની વાત તે આપણીજ વાત. આત્મા તે હુંજ છું. ગોદાવરીમાં કેશવાય નમઃ કરીને આચમન લીધું કે વર્તુલાકૃતિ પડી. બીજું લેતાં તો વર્તુલ કેટલે દૂર ગયું. તેમ ત્રણે અવસ્થા જુદી છે. પણ જેમ નાશિકમાં ગોદાવરી સ્વયં તેજ છે તેમ ત્રણે અવસ્થામાં હુંજ છું. "હું છું" એવો નિશ્ચય જ્યાં સુધી દ્રઢ છે ત્યાં સુધી તો ધૈર્ય છે; પણ હુંમાં શંકા થતાં ધૈર્ય તુટે છે. શેરડી શરૂઆતથી ખાતાં છેવટે મૂળીઆંમાં મીઠાશ આવે છે તેમ ધીમે ધીમે સમજતાં છેવટે અંતિમ પદને પામે છે. જેમ મહીના પછીનો, અને પછી વરસનો વિશ્વાસ બેસે છે, તેમજ ગયા જન્મમાં હતા વર્તમાનમાં છીએ, અને ભવિષ્યમાં હોઈશુંજ તેની ખાત્રી થાય છે.

સ્વપ્નમાં ફુલનો હાર પહેરી રાજગાદીપર ચંમર ઢોળાય છે તેટલામાં તોપનો અવાજ થતાં જાગી ઉઠી જોયું તો હાર ગાદી કશું નથી. તે વખતે હુંજ હતો અને આ શૂં !! તે નિર્માણ કરેલાં શરીરમાં પણ હુંજ હતો. હમણાં પણ હુંજ છું. સર્વ કાળમાં હુંજ સ્વયં જ્યોતિ છું. તેમ બીજે જન્મ થતાં પણ હુંજ છું. મરતી વખતે તેનું ગળુંજ ક્યાં છે. બીજા જન્મે ગળું થતાં રડે છે. નિઃસંદેહ વૃત્તિમાંજ ધૈર્ય હોય. જેવી રીતે ત્રણ અવસ્થા (દેહ)માં રડતા નથી તો ચોથો દેહ–અવસ્થા જે પુનર્જન્મ છે તેમાં રડવું, એ મૂર્ખતા–અજ્ઞાનજ છે. દેહથકી દેહી જુદો છે. ધન કરતાં જેમ ધની જુદો છે તેમ. જરા મૃત્યુ દેહના ધર્મ છે. આત્મા સર્વ દુઃખોથી રહિત છતાં આ દુઃખો કેમ આવ્યાં ? આત્મા–હુંમાં નિશ્ચય ન હોવાથી. શરીર છે તે બ્રહ્મની પ્રાપ્તિનું યંત્ર છે. એ શરીરમાં ઘણાં જણ છે, પંચભૂત, પંચપ્રાણ, પંચકર્મેન્દ્રિય, પંચજ્ઞાનેંદ્રિય, ચાર અંતઃકરણ, વગેરે બધાં ચુપકીથી બેઠાં છે. અંતઃકરણમાં બુદ્ધિતત્વ શ્રેષ્ઠ છે.

માત્રા સ્પર્શા=સાંભળવાની ઇચ્છા થતાં કાનમાં આવી બેસે, વગેરે. વિષય સુખ માટે ઈંદ્રિયો છે તે આત્મજ્ઞાનથી વિમુખ કરે છે. કોઇ વેપારી જેને પૈસાને માટે ખૂબ જિજ્ઞાસા છે તે ચિત્રાના તાપમાં રસ્તામાં મહેનત કરે છે તે વખતે તાપ નથી લાગતો, પણ ત્યાંથી પરવારી ઘેર આવે છે કે પંખો લઇ બેસે છે. રસ્તામાં પરસેવો થતાં પણ તાપ ન લાગ્યો, કારણ કે મન બીજે હતું. મનની પ્રીતિ જ્યાં હોય ત્યાંજ તે ચોંટે છે, અને દૂષીથી દુઃખ પામે છે. સુખ દુખ જે કંઇ છે તે રાગદ્વેષથીજ છે તે રાગદ્વેષને કાઢો તો સુખ દુઃખ તમને કાંઇ કરવાનાં નથી. રાગદ્વેષયુક્ત સુખ દુઃખ મનને લાગે છે. તે પોતે પોતાપર આરોપ કરે છે. ગાડીમાં ઝાડને દોડતું જોઇએ છીએ. ઝાડ તો સ્થિર-જ્યાં છે ત્યાંજ છે છતાં તેમ આરોપિત કરી મિથ્યાભ્રાંતિથી કુટાઇએ છીએ. મનનાં દુઃખો આપણાપર આરોપિત ન કરો અર્થાત્ તિતિક્ષા-સહન કરો. પોતાનામાં જો નિશ્ચયવૃત્તિ છે તો પોતાનો હાથ ચુલામાં બળતાં પણ રડતો નથી. તે જાણે છે કે હું બળતો નથી; એજ તિતિક્ષા. સતી સ્ત્રી જાણતી હતી કે, આ નશ્વર કાષ્ટ (પતિનું શબ) છે, પણ ભવિષ્યકાળ ઉપર ઇચ્છા છે તેથીજ સતી થાય છે. ઘરની પાછળ મેદાનમાં ઝાંઝવાના જળનો દરીઓ દેખાય છે તે વિશે પરિશ્રમ કરી અનુભવ મેળવ્યો, પછી તે ત્યાં તેમજ દેખાય છે છતાં ઉપેક્ષા (disregard) છે. કેમકે ખોટુંજ ભ્રાંતિજન્ય જાણી લીધું છે. તેમ, આ શરીરની ઉપેક્ષા કરવી છે.

ગીતા અ. ૨ શ્લોક ૧૫.

પ્રેમનું નિદર્શન જો હોય તો તે ચક્રવાક પક્ષીમાં માલમ પડે છે. ક્રૌંચ પક્ષીની જોડીમાંથી વાલ્મીકીએ એકનો વધ કીધો તો તે બીજું પક્ષી પણ તરત મરણ પામ્યું. તેના શોકથીજ રામાયણ રચાયું છે. જે જે વસ્તુઓનો પંચ ઇંદ્રીઓદ્વારા ભોગ થાય છે તે માત્રા સ્પર્શા કહેવાય છે. પ્રાણીનો પ્રાણી સાથેનો પ્રેમ છે તેનો વિચ્છેદ થતાં દુઃખ થાય છે, અને વિચ્છેદ તો છેજ, તો તે સમજી ધૈર્ય ધરવું-જેનાં

હૃદયમાં સંશય ભરેલો છે તેનામાં ધીરજ ન હોય. એક બુઢો બળદ ઉપર માલ લઈ જંગલમાંથી જતો હતો. તેને ચોરે લુટયો. તે માલ લઈ ન્હાસી ગયા. બળદની ડોકમાં ઘંટ હતો તે પડી ગયો તે નાખી બળદને પણ ઉપાડી ગયા. બુઢો પણ પોબાર ગણી ગયો. ત્યાં વાંદરાઓ ઘણા હતા. તેમાંના એકે તે ઘંટ લઈ ઝાડ ઉપર ચઢી વગાડયા કરવા માંડયો. બાજુના ગામમાં વિચારે છે કે, આ જંગલમાં કોણ છે. એક ઉસ્તાદ ડોસીએ કહ્યું કે. ભાઇઓ ! ઘંટાસુર નામનો રાક્ષસ પેદા થયો છે તે બધાને ખાઇ જશે. માટે પાંચ હજાર રૂપીઆ તથા ફુલફળાદિ મને આપો. હું તેને મારી હઠાવીશ. લોકોએ આશ્ચર્ય પામી રકમ કરી આપી. ડેસીએ રૂપીઆ લઇ ઘરમાં મુકયા. જંગલમાં જઈ પેલો ઘંટ વગાડનાર વાનર હતો તે ઝાડ નીચે ચોતરો બનાવ્યો. તે ઉપર ફળો ગોઠવ્યાં. થોડીવારમાં પેલો વાંદરો જે ઘંટા વગાડતો હતો તે નીચે ઉતરી આવી ઘંટા ફેંકી દઇ ફળો લઈ ઉપર ચઢી ગયો. ડોસીએ તે ઘંટ લઇ લીધો. તેને ભોંયમાં દાટી તે ઉપર માટીનું પુતળું કરી તેને સિંદુર ચડાવ્યું. પછી ગામના લોકોને બતાવી કહે કે, તે ઘંટાસુરને મેં અહીં દાટયો છે. તેમ, કોઇપણ મરતું નથી, છતાં મનમાં મરવું મરવું કરીને નાહક ગભરાઈ મરે છે. દુનીઆમાં મનુષ્ય રોજ દુઃખ સહે છે. સ્ત્રી ગર્ભિણી હોય તો પુત્રના લોભથી કલેશ સહન કરે છે. નોકરીમાં મહીને પગારની લાલચથી ત્રીસ દિવસ સુધી કષ્ઠ વેઠે છે; કેમકે મહીનાનો છેલ્લો દિવસ ધ્યાનમાં છે.

સંશય રહિત થયા વગર ધૈર્ય આવે નહીં; મોક્ષનાં બારાંમાં અધિકાર વગર પ્રવેશ કરાય નહીં; અને ધર્મ સંકટ વગર અધિકાર આવે નહિં. યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરંતિ ॥ માટે મોક્ષ સુખ ઉપર ધ્યાન આપી આ મિથ્યા સુખને ત્યજવું.

ગીતા અ. ૨ શ્લોક ૧૬ મો.

સત્ય વસ્તુનું જ્ઞાન થાય ત્યારેજ તેનો શોક ઉડી જાય છે, અને ત્યારેજ તેનામાં તિતિક્ષા આવે છે. જેને સત્ અસત્નો વિવેક આવે

તેનેજ ધૃતિ પણ આવે છે. જેને સત્ અસત્નો વિવેક નથી તેને દૃઢ મોહ ઉત્પન્ન થાય છે, અને તેમાં "હું કોણ" તેનો પત્તોજ નથી. દ્રષ્ટાંત કે, કાગડો એક નાની બારીમાંથી ઘરમાં પેઠો. બધા દરવાજા બંધ છે. અંદર આવી અવાજ કરવા લાગ્યો. કૃષ અવાજને લીધે ઉરાડ્યો, તે ઉડીને એક કાચની બારીમાં અથડાયો જે રસ્તે આવેલો તે રસ્તો ભુલ્યો. પછી તો હાથેવતી આંમળી કરતાં પણ ઉડે નહીં. ધૈર્ય ગયું. માટે જેને ખરા ખોટાનો રીતસર વિવેક કરતાં આવડશે તોજ તેનો શોક ઓછો થશે. ઉદ્દાલક અને શ્વેતકેતુના સંવાદમાં એ વિશે સમજ છે. અહીં બેઠાં વિચાર તે પિંડ બ્રહ્માંડનો વિચાર. સાખ્યદર્શનમાં એ વાત દ્રષ્ટા અને દ્રશ્ય. આ દુનીઆમાં તત્વ કેટલાં છે ? પ્રકૃતિ અને પુરૂષ. એ બેના સંયોગથી શરીર બન્યું. પ્રકૃતિમાં સત્વ, રજ, અને તમ. એ ગુણો છે. અને પુરૂષ સાક્ષી તે સમજે છે.

मूल प्रकृते रविकृति महदाद्या प्रकृति रविकृति च ॥

આખું શરીર પ્રકૃતિનોજ વિકાર છે. પ્રાકૃત છે. પ્રકૃતિમાંથી પ્રથમ બુદ્ધિ–નિશ્ચયાત્મિકા ચિત્તવૃત્તિ, અને તેમાંથી અહં નિકળ્યું. અને પછી ઇંદ્રિઓ વગેરે આખાં શરીરમાં જોતાં એક ચિત્ શક્તિ બહુ મોટી. વેદાંતમાં પેહેલું વાક્ય **तत्वमसि** છે તે પર બ્રહ્મનું છે. **सदेव सौम्येदमग्र आसीत् एकमेवाद्वितीयम.** ॥ કુંભારને ત્યાં જતાં હાથી, ઘોડા, ઘડા, માટીજ છે. અલંકારો જુદા છે, તે સોનું તો સર્વત્ર એકજ છે. પેહેરનારની દ્રષ્ટિનો દોષ છે. સોનાની ખુદ દ્રષ્ટિ એ સોનુજ છે. **विद्या विनय संपन्ने०** દ્રષ્ટાની ધ્યાનમાં ભેદ છે. એક વસ્તુ સત્ છે તેનાજ વ્યતિરિક્ત પદાર્થ બનેલા છે. સાંખ્ય કહે, બે–પ્રકૃતિ અને પુરૂષ છે. અને વેદાંત કહે કે, **सत् एव** (એક સતજ છે). અસત્નો ભાવ નથી, અને સત્નો અભાવ નથી. માટીની દ્રષ્ટિએ માટી અવિકૃત છે. બ્રહ્મ કહેવાવાળો કાંઈ બ્રહ્મથી જુદો નથી. દુનીઆમાં બ્રહ્મની સમજ આપવા માટી અને લોઢાંનો કટકો બસ છે. **तदनन्यत्वं आरंभण**

છાન્દોગ્ય :॥ वाचारंभणं विकारोनाम धेयं मृत्तिकेत्येव सत्यं ॥ દેશ, કાળ, અને વસ્તુથી પરિચ્છિન્ન વસ્તુ તે સત્. પરિછિન્નમાં સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદ, વૃક્ષમાં આંબો અને લીમડો, એ સજાતીય ભેદ. વૃક્ષ અને પથર, એ વિજાતીય ભેદ. અને થડ અને ડાળીઓ એ સ્વગત ભેદ.

ગીતા અ. ૨ શ્લોક ૧૭–૧૮

ઘટ, પટથી જુદું નથી, તેમ આ સર્વ એકજ છે. **ईशावास्य मिदं सर्वं यत्किं च जगत्यां जगत** (ઈ. ઉ.) તે બ્રહ્મથી વ્યાપ્ત, તે તુંજ છે. **वाचारंभणं** એ શ્રોત શબ્દ છે. કાર્યની અંદર કારણરૂપે સત્ વસ્તુ રહેલી છે. કલ્લોલ, લલ્લોલ, લેહેરી, બુદબુદા, તરંગ, વગેરે નામોથીજ જુદું કલ્પાય છે, વાસ્તવે સર્વ પાણીજ છે. કારણરૂપ બ્રહ્મથી આ કાર્યની પ્રતીતિ. વસ્તુનો નાશ એટલે જ્યાંથી આવ્યું તેમાં તેનો લય. સત્ શબ્દ વાચ્ય બ્રહ્મ છે તે કારણરૂપે વ્યાપેલું છે, તેને તું અવિનાશી જાણ. આપણી અક્કલ ઋષિ મુનિઓ સાથે બાંધેલી છે. કાત્યાયન સૂત્રમાં, શરૂઆતમાંજ **अथातोऽधिकारः** (પ્રથમથીજ અધિકાર જોઇએ). ફળની ઇચ્છાવાળા સર્વને અધિકાર છે. વૃદ્ધ પુરષ ઘરમાં ભગવત્સ્મરણ કરે તે છોકરાં સાંભળે અને તેનું વર્તન પણ તેવુંજ થાય. ઋષિ મુનિઓનાં ઋણથી છુટયા વગર અક્કલ ઠેકાણે નજ આવે. **मतिरेव बलात् गरीयसि.** શરીર નાશવંત છે. આત્મા અવિનાશી છે, માટે હે અરજુન! આત્માનો વિચાર કરી શોક ન કર, અને લડવા ઉઠ.

ગીતા અ. ૨ શ્લોક ૧૯

શરીરસ્થ આત્મા અવિનાશી છે. પ્રમાણ પૂર્વક જે વસ્તુનું સ્વરૂપ ધ્યાનમાં આવે તે **પ્રમેય**. સાચું ખોટું પ્રમાણથીજ સિદ્ધ થાય છે. આત્મા કાંઈ પ્રમેય થઇ શકતો નથી. આત્મા સર્વ જાણવાવાળો છે. ઈંદ્રિયોથી પણ જાણી શકતો નથી એવો જે દ્રષ્ટા તે **અપ્રમેય** છે. તે શા ઉપરથી? "હું છું" એમ તો દરેક જણ કહે છે. પણ કેવા છીએ,

ત્યાં અટકીએ છીએ. સ્વાનુભવથી "હું છું" એ સિદ્ધ છે. **મનોયસ્ય દૈવ ચક્ષુ:॥** આત્મજ્ઞાનનું સાધન તે પ્રમાણ. તે ભક્તિ છે. વૈરાગ્યશાળી પુરૂષ આમ હોય છે. મરવું અને મારવું એ આત્મામાં છેજ નહીં. એટલું કહી અરજુન તરફ જોયું તો દેહાત્મવાદ ચાલી રહેલો. જ્ઞાન અને અજ્ઞાન સાથેજ ઉત્પન્ન થયલાં છે. ચાર્વાકમત પણ, તેમ, અનાદિ, અને તેનું ખંડન પણ અનાદિ છે. દુનીઆમાં બે મત છે. (૧) લૌકાયિક મત. ચૈતન્ય વિશિષ્ટ દેહજ આત્મા. (૨) આત્મા છે અને તે કર્તા ભોક્તા છે. ઘાસ જેમ વાવ્યા વગર ઉગે છે તેમ આ ક્ષેત્રને ખેડશો નહીં તો દેહાત્મવાદજ આવશે. "વૃદ્ધ સ્તાવત્ ચિંતા મગ્ન:" પછી રોગ આવ્યા કે ધૃતિ ગઈ; કે ચાર્વાક મત નષ્ટ થાય છે. જેમ ડગલો નવો બદલીએ છીએ ત્યારે જે આનંદ થાય છે તે તરફ જોતાં આ જુનું શરીર ત્યજીને નવું ઉત્તમ શરીર (જન્મ) કેમ ન લેવું ? ! અને તેમાં શોક શા માટે ? ! આત્માનું નિત્યત્વ જો ધ્યાનમાં રહે તો પુનર્જન્મ ધ્યાનમાં રહે. જૈમિનીનું મત છે કે, આત્મા કર્તા ભોક્તા છે. વેદવ્યાસે આત્માનું વ્યાપકત્વ સિદ્ધ કર્યું છે અને જૈમિનીને એકાંતમાં બોલાવી વ્યાસે કહ્યું કે, વ્યાપક આત્મા છે એ સિદ્ધાંત તું સમજ્યો છે; પણ દુનીઆ ઢળી પડશે માટે જૈમિનીએ આત્માનું કર્તૃત્વ સિદ્ધ કર્યું છે. હવે શ્રીકૃષ્ણ ભગવાન આ બે મતનું ખંડન કરે છે. મુવા પછી આપણે છીએ કે નથી. બ્યાજ-શ્રવસમુનિએ યજ્ઞ કર્યો તેમાં દરેક ચીજ દાનમાં આપી દેતાં દીકરાએ વિચાર્યું કે બાપા આ શું કરે છે ! તેથી બે ચારવાર બાપને પુછ્યું કે, મને કોને આપશો ? તેથી ગુસ્સામાં આવી બાપે કહ્યું કે, **મૃત્યવે त्वां ददामि.** (તને મૃત્યુને આપું છું). તે એકવચની હોવાથી તેને યમને ત્યાં મોકલી આપ્યો. યમને ત્યાં ત્રણ દિવસ બહાર ભુખે ઉભા રહેલા અતિથીને જોઈ ત્રણવાર પ્રસન્ન થઇ ત્રણ વર માંગવા કહ્યું. ૧–પિતા શાંત થઇ આલિંગન આપે. ૨–અગ્નિવિદ્યા આપો. ૩–માણુસ મરી ગયા પછી છે કે નથી. શ્લોક ૧૯–૨૦ બેઉ કઠવલ્લી ઉપનિષદના છે. કર્તા થવું એના જેવું પાપ નથી. કર્તા થઇને જોયું તો કહે મરી ગયા.

કરણુ છે તે સુખી છે. કર્તા દુઃખી છે. વેદવિદ્યાનો પ્રચાર દરેક ઘરમાં થવો જોઇએ.

ગીતા અ. ૨ શ્લોક ૧૯–૨૦

એ બે શ્લોક કઠોપનિષદના છે. નચિકેત પ્રત્યે યમરાજે કહેલાં વાક્ય છે. બોલનારની યોગ્યતાપર વાક્યનો આધાર છે. બ્રાહ્મણોને પાંચ પાંચ મોહોર અગર સો સો રૂપીઆ અમુક આટલા સો કે હજાર બ્રાહ્મણોને આપવા. એમ લખી રાજાનો સહીસિક્કો કીધો (રાજાના હુકમથી). બીજા કાગળપર બીજા રાજાએ આજ્ઞા કરી તેમ લખ્યું કે, દાન કરવું ઉચિત છે માટે દરેક બ્રાહ્મણને દાન આપવું. એ રીતે બે ઠરાવ કીધા; પણ તેમાં કેટલો ફેર–કેટલી મહત્તા–કિંમત!! એ બે ઠરાવ છે તેમાં ઇચ્છા હોય તેમ કરે.

નચિકેતે યમને પ્રશ્ન કરેલો કે, મનુષ્યાદિ પ્રાણી મૃત્યુ પછી છે કે નથી. કેમકે જુદા જુદા મત છે. તેમાં આત્મા નિર્વિકાર છે, એમ સમજાવ્યું છે. દુધમાં છાસ, આમલી, લીંબુ કે રૂપીઓ વગેરે નાખવું તે વિકાર છે. સારૂં કે નઠારૂં ગમે તે હોય, પણ તે વિકારજ છે. દુનિયા વિકાર પામી રહી છે. **चलं च गुण वृत्तं ॥**

આત્મા સ્વભાવથીજ જો બદ્ધ હોય તો મોક્ષ સાધનો વ્યર્થ ઠરશે; કેમકે સ્વભાવ જતો નથી. વાંદરાને બાંધીએ તો પણ આંખથી તે ચંચળતા દેખાડે છે. તેમ, ગુણો છે, તો પણ પરિણામ થાય તે વિકાર. દુનીઆ એક સરખી દોડતી રહી છે, કેમકે ગુણવૃત્તિ ચંચળ છે જગત ક્ષણે ક્ષણે વિકાર પામે છે. આત્મા સદા નિર્વિકાર છે. **अभयं सर्व भूतेभ्यः ॥ तरति शोकमात्मवित् ॥** અનેકમાંથી એક નિયમ કાઢવો. નદીનું પાણી દોડે છે તેમ સંસાર પણ એમજ દોડે છે. ત્રણ ગુણને વિશ્રાંતિ નથી. વિરાટમાં–મોટી દુનીઆનું આ શરીર નાનું પુતળું છે, તેથી એ પણ વિકારવાળું છે. કાંઇ છે (સત્તા–અસ્તિત્વ) એ પહેલો વિકાર. કેરીના ગોટલામાં આમ્રવૃક્ષ છે કે નહીં–તે અસ્તિ

છે; તો પછી **जायते** (ઉત્પન્ન થવારૂપ) બીજો વિકાર થશે. પછી **वर्द्धते** વૃદ્ધિ પામશે. ચોમાસાની મોસમમાં ગોટલામાંથી આંબો ફુટી વધીને ધટાવાળો થશે. તે વધવાનું તેટલું વધી રહ્યું કે ચોથો વિકાર **विपरिणमते** લાગશે. અર્થાત્ હવે વિરૂદ્ધ પરિણામ પામવા લાગ્યું. પછી **अपक्षीयते** ક્ષીણ થાય છે. કંમર દુખે છે, પગમાં શક્તિ નથી, વગેરે બોલે છે. તેમ કરતાં-કિંચિત્ પરિહાનિ થતાં હળવે હળવે **विनश्यति**–કારણમાં લીન થાય છે. **जायते** થી **विनश्यति** સુધીમાં **अस्ति** વિકાર શેતરંજી જેવો પાથરેલો છે. **जायते** વિકાર થયો કે તે **विनश्यति** નાશ થશેજ. જે થયું તે જશેજ. **जातस्यहि ध्रुवो मृत्यु**. એ ષડ્ભાવ વિકાર છે તે આત્મામાં નથી. પાથરેલી સેતરંજી ઉપાડવા બે છેડા ઉંચકી ઉપાડવામાં આવે છે. તેમ, અસ્તિ અને વિનશ્યતિની વચમાં ચાર વિકાર આવી ગયા સમજવું. **नायंभूत्वा भविता वानभूयः ॥ अयं=એ** આત્મા ઉત્પન્ન થઇને નાશ પામનાર નથી થતો. દરીઓ અને નદીના તરંગો થઇને નથી જેવા થાય છે, તેવો એ આત્મા નથી. **नजायते** એટલે **अजः** અને **नम्रीयते** (મરતો નથી માટે) નિત્ય છે. "અજ" છે, એ વાત બરાબર બેસે (સમજાય) માટે **शाश्वत** (અખંડ) પુનઃ કહ્યું, **पुराणः** બહુ જુનો. ઇતિ+હાસ=જે થઇ ગયું હોય તે લખવું. મહાભારતને ઇતિહાસ, અને ભાગવતને પુરાણ કહે છે. પુરાણ એટલે **पुरा नवं भवति**. પૂર્વે જે નવું હતું તે આજે જુનું થયું તે. ત્રણ શરીર છે તે પુર છે. તે પુરા (આગળ) નથી. તે પુર **अणति–गच्छति** એક એક શરીર છોડીને બીજાંમાં જવાવાળો. શરીર હન્યમાન છતાં, એ આત્મા હણાતો નથી, તેમ ઉત્પન્ન થતાં શરીરમાં એ ઉત્પન્ન થતો નથી. મૃત્યુને યોગ્ય શરીર છે તે મરવાથી મરતો નથી.

ગીતા અ. ૨ શ્લોક ૨૧-૨૨.

વ્યાકરણ, ન્યાય, વેદાંત, વગેરે કોઇએક શીખ્યો હોય તેને રસોઇ વગેરે બીજું ન આવડે. એકજ બરાબર આવડે. પણ સર્વ દુઃખની

નિવૃત્તિ કરવી હોય તો અધ્યાત્મ વિદ્યાનો સાક્ષાત્કાર કરવા અહીં **वेद** મુકયું છે, **आत्मानं वेद** એટલે, તને–તારાં સ્વરૂપને જાણ. કેવો? **अविनाशिनं नित्यं ॥ यएनं वेद अजं अव्ययं**=જે એને અજન્મા અવ્યય જાણે છે. આત્મા અવિનાશી છે, એટલે આપણો પોતાનો નાશ થતો નથી, એમ જાણવું. ભીંત ચણે છે તેનું ચણતર સુકાવા ન દેતાં પાણી રેડી લીલું રાખે છે કે તે ઉપર બીજું છોનું ચણે–સંધાન કરે ત્યારે બરાબર ચોંટી જાય. તેમ, શ્રવણ મનન કરતાજ રહેવું. પછી નિદિધ્યાસ કરતાં સાક્ષાત્કાર થશે. માટે **वेद** શબ્દ વાપર્યો છે. એ આત્માથી વ્યતિરિક્ત (બાકીનું) બધુંજ વિનાશવાળું છે. **अंतवंतइमे देहा**. હું કેવો છું? નિત્ય છું. ત્રણે કાળમાં અખંડ છું માંરા શિવાય બધુંજ અનિત્ય છે, એમ સમજે. હું અજ છું. ઉત્પન્ન થયોજ નથી. તથા વ્યયરહિત, એટલે વધઘટ રહિય એવો અવ્યય છું, એમ સમજે–જાણે. જ્યાં, ત્યાં, કયાં, ફરીથી, કયારે, કેમ, વગેરે શબ્દો વધઘટ ન થનારા હોવાથી તે બધા અવ્યય કહેવાય છે.* અવ્યય હોય તે ત્રણે લિંગમાં, સાતે વિભકિતમાં, ત્રણે વચનમાં (એક, દ્વિ, બહુવચનમાં) સરખોજ હોય. **कथं** છે તે બધે **कथं**જ રહે છે. મધુર શબ્દ છે તે નર, નારી, નપુંસક જાતિમાં **मधुरः, मधुरा, मधुरं** થાય છે. તેવો ફેરફાર અવ્યયમાં નથી થતો. **न विद्यते व्ययोयस्य** જેનો વ્યય નહિં થાય તે અવ્યય. પરબ્રહ્મ પણ તેવુંજ છે. તેજ આત્મા છે. **निर्दोषं हि समं ब्रह्म.** હું કેવો છું, કે અવિનાશી છું, નિત્ય, અજ, અવ્યય છું, એમ પોતાને જાણે. અનાત્મા દેહાદિને આત્મા માની તેના ધર્મ પોતાનામાં આરોપી લીધા છે તે ભુલી જઇને પોતે ખરો જેમ છે તેમ સમજે. એવો જ્ઞાની કોઇને મારે નહીં અને મરાવે નહીં. કેમકે બીજું કોઇ છેજ નહીં–હુંજ છુ, એમ જાણે છે. તેથી એ શ્લોકમાં **कथं**ની જરૂરજ શું હતી?! ક્રિયા અને કર્તા જોઇએ તો તે

---

*सदृशं त्रिषु लिंगेषु, सर्वासुच विभक्तिसु ॥
वचनेषुच सर्वेषु यं न व्येति तदव्ययं ॥ १ ॥

છે નહીં. **कं**=કોને. **कथं**=કેમ. એવી રીતે **कथं** શબ્દની જરૂર શું તે સમજાતું નથી. ત્યાં કહે છે કે, તમે અરજુન બનીને નહીં વાંચો. પણ ભગવાન બનીને વાંચી જુઓ. ભગવાને રોકડી વાત કહેલી કે, **क्लैब्यंमास्मगमः पार्थ.** અરજુને કહેલું કે, **कथं भीष्ममहं संख्ये द्रोणं च०** તે "**कथं**" ખુંચી રહ્યું હતું તેથી તેજ **कथं** આવ્યું. તત્વજ્ઞાનની દ્રષ્ટિએ જોતાં શરીરનો અને આત્માનો (આપણો) સંબંધ છે તે, શરીર અનેક કપડાંમો જેવો સંબંધ છે તેવો છે. જુનું વસ્ત્ર ત્યાગી નવું પહેરીએ છીએ, તે રીતે જુનુ શરીર છોડીને મરીને નવું શરીર ધરે તેમાં રડવું શું!! જ્યાં હસવું-ખુશી થવું ત્યાં શોક કેવો?!! પગમાં જોડો કે જોડામાં પગ?! તેમ બીજાં શરીરમાં દાખલ થાય છે, તેથી અહીં ફરીથી **गृहणाति** નહિં કહ્યું. ભીષ્મ મર્ત્ય લોકને લાયક નહીં હતા. કોઇ શાપથી આવ્યા. ત્યાં પણ બહુ વૃદ્ધ-જીર્ણ શરીર થયું. તે હવે દિવ્ય શરીર-નવું કપડું મળે ક્યારે. તે જીર્ણ શરીરનો કંટાળો આવ્યો તેથી અરજુનની વાટ જુવે છે. તે છતાં **कथं भीष्ममहं संख्ये** જે કહેલું તેજ શબ્દનો **તાનો** મારવાને કૃષ્ણે અહીં તેનો તેજ **कथं** શબ્દ કહ્યો છે. કાળીદાસની સ્ત્રી એ પ્રથમ સમાગમે પુછેલું કે, **कथं कश्चित् वाग्शक्तिः ॥** બોલવાની કાંઈ અક્કલ છે કે? તે ઉપરથી કાળિની ઉપાસના કરી તેથી તે દેવી પ્રસન્ન થઇ જિવ્હાગ્રે બેઠાં. પછી કુમાર, મેઘદૂત, અને રઘુવંશી કાવ્ય કીધાં. તેમાં કુમારમાં પ્રથમ શ્લોક **कथंથી**, મેઘદૂતમાં **कश्चित्થી**, રઘુવંશમાં **वाग्लिास** શબ્દથી આરંભી, ત્રણે કાવ્ય સ્ત્રી પાસે મુકયાં. તે જોઇને, સ્ત્રી કે જે એને જડ-મૂર્ખ માનતી હતી, તે ક્ષમા માગી પગે લાગી હતી. તે રીતે કૃષ્ણે તેનોજ **कथं** યાદ રાખી તાનો માર્યો છે.

ગીતા અ. ૨ શ્લોક ૨૩-૨૪-૨૫

આ ત્રણ શ્લોકમાં પચીસમાંની છેલ્લી લીટી **तस्मादेवं विदित्वैनं नानु शोचितुमर्हसि.** લાલ શાહીથી લખવી. (એ આત્માને

એવો જાણીને તું શોક કરવા લાયક નથી.) **अर्हसि** એ હુકમ તો ખરો, પણ બહુ નરમ, અર્જુનની ઢબે દાઢીમાં હાથ ઘાલી કહેવા જેવું. જેમ, વળી કહેલું છે કે,–**लोक संग्रह मेवापि**. લોક સંગ્રહાર્થે પણ-લોક તરફ જોઇને પણ તું કર્મ કરવા યોગ્ય છે. અર્થાત્ જોર જુલમ નહીં– શાંતિથી સમજુત આપી છે, આગ્રહ (force) નથી. એ રીતે કહ્યું છે (શોક ન કર). **माशुचः** કહે તો, લુખું વાકય થઈ જાય. **अर्हसि**= તું જ્ઞાની–સુજ્ઞ–વિદ્વાન સમજુ છે તેથી એમ જાણીને તને શોક કરવો ઘટતો નથી; અજ્ઞાની કોઈ રડે તો તેને માટે તે ઠીક છે. જે બોલવા- વાળો, જે સાંભળવા–સુંઘવા–ચાખવા–જોનારાળો છે (એ તટસ્થ લક્ષણ વાકય છે) તે આત્મા છે. તેને શસ્ત્ર છેદતાં નથી. એવું આપણું સ્વરૂપ જાણીને તું શોક કરવા યોગ્ય નથી. પાર્થીવ પદાર્થને શસ્ત્ર કાપી શકે છે. શસ્ત્ર છેદી શકે તે આત્મા નહીં. આત્મા કદી છેદાતો નથી. અગ્નિ તેને બાળી શકતો નથી. થુવરને બાળી રાખ કરો તો થુવરના લાકડાં (રાખ)=થુવરનું થુવરપણું રહે છે તે મોટા સોજા ઉપર ચોપડવાથી સોજા ઉતરી જાય છે. આત્મા તે થુવર જેવો નથી. અગ્નિ છે તે પદાર્થના પરમાણુને અલગ કરે છે. એ આત્માને જળ ભીંજવતું નથી. મુડદું પાણીમાં ભીંજાયા કરવાથી પાતળી ચામડી વગેરે ફુલીને મોટી થાય છે. એ પાણી છે તે તેવું કરી દેશે, પણ આત્માને કશું કરી શકતું નથી. પવન આત્માને સુકાવતો નથી. એ રીતે પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ, એ ચાર ભૂતોથી આત્મા વિકાર પામતો નથી, એ વાત કરી. આકાશની વાત ન કરી; કેમકે **आकाशवत् सर्वगतश्च नित्यं ॥** એમ કહેવાના છે, માટે તે વખતને માટે આકાશનું લક્ષણ કહેવાને રાખ્યું. જે કપાય છે, બળે છે, ભીંજાય છે. સુકાય છે તે શરીર; આત્મા તેવો નથી. આત્માથી વ્યતિરિક્ત બધું એ રીતે નાશવાન છે– છેદ્ય, દાહ્ય, કલેદ્ય, શોષ્ય હોય છે. આત્મા અચ્છેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અને અશોષ્ય છે. કોઇને તમચો મારવો શકય છે, પણ યોગ્ય નથી. **अर्ह** તેનાથી જુદું. અચ્છેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોષ્ય, એવો આત્મા

નિત્ય છે, સર્વ વ્યાપક, અચલ, સનાતન છે. વળી અવ્યકત, અચિંત્ય, અવિકારી છે. આત્મજ્ઞાનમાં પુનરૂકિત હોય તે દોષ નથી. બીજા ગુણોની શોભા માટે એ દોષ છે. કેમકે એ વિષય ગહન છે, માટે તે ઠસાવવાને પુનરૂકિત-પિષ્ટપેષણની-ચર્વિત ચર્વણની જરૂર છે. પ્રસંગાંતરેણ, પ્રકારાંતરેણ, વકતવ્યાંતરેણ, ગમે તે રીતે જરૂર છે. જેમ, કારેલાંમાં મીઠું નંખાય, રસમાં મીઠું નંખાય, શાક કઢી અથાણાં પાપડમાં મીઠું નંખાય છે, તેમ. કોઈ બાપે પોતાના બાળક પુત્રનું ઘણીવાર ચુંબન કીધું ત્યારે પુત્રે કહ્યું, બાપા! વારંવાર પિષ્ટપેષણ શું કામ કરો છો? બાપ કહે, ભાઈ! એ પિષ્ટપેષણ નથી. બહુ પ્રીતિ હોય ત્યાં એમ હોય છે. એક વૃદ્ધ માતાએ કોઇને કહ્યું કે, ભાઈ! આજે તું અમુક જગે જમવા જજે. વળી પાછાં માતાજી કહે છે કે, ભુલતો નહીં. વળી રસ્તે જતાં બુમ પાડીને કહે છે કે, જમવા જજે હો, ભુલનો નહીં, દિકરા!* તાત્પર્ય કે, બહુ પ્રીતિ હોય ત્યાંજ એમ થાય છે. આત્મજ્ઞાન અનેક વખત કાનમાં જાય છે પણ ઉતરે નહીં—બીજે કાને નિકળી જાય; તેથી જરૂર છે. એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, જ્ઞાન ભલે બીજે કાને નિકળી જાય, પણ સંસ્કાર પડે છે. જેમ, વરસાદ બહુ પડે તે ભલે ચાલ્યો જાય-વહી જાય, પણ થંડક રહે છે. ચુંબન કરતાં બાપને કંટાળો નહિં આવે. તેમ, ઋષિમુનિને જે બહુ પ્રીય તે પુનઃ પુનઃ

---

*વકતા મહાત્મા શ્રીમત્ શાસ્ત્રીબુવાએ અનુભવસિદ્ધ વાત દ્રષ્ટાંત રૂપે અત્રે કહી તે ઉપરથી લેખકનાં માતા મહી ગંગાસ્વરૂપ ધનકોર માતાજી વૃદ્ધ હતાં. તે એજ પ્રમાણે લેખકને દસ બાર અથવા ન્યૂનાધિક વર્ષની વયે કહેતાં. અને એમ વારંવાર કહેતાં છતાં પણ બાળક જાણીને ધૈર્યની ન્યૂનતાથી અગર શંકાથી પોતે સવરામપરેથી પાછા સોનીફળીઆં સુધી [૧ માઇલ] ફેરો ખાઇને આવી માતાજી રતનમાજી [પિતાનાં માસી] ને કહી જતાં, તે પણ પુનઃ પુનઃ આવૃત્તિ કરી કરીને કહેતાં. એવાં નિર્મળ પ્રેમરૂપ વ્યકિતનું અત્રે સ્મરણ છે તે તેમનાં શ્રેયસ્ માટે હોવ. તથાસ્તુ.

કહેતા, પણ તૃપ્તિ થતી નહીં. પ્રશ્નજ ઉપસ્થિત થતો નથી. રોજ સૂર્ય શું કામ ઉદય થાય છે, કેમ કંટાળો નથી આવતો. રોજ ખાવું, પીવું, ન્હાવું, ધોવું, સુવું, સંધ્યા વંદનાદિ કર્મો કરવાથી કંટાળો નથી થતો ?! રોજ એકજ ઈષ્ટ દેવનું ધ્યાન શું કામ; નવો નવો દેવ રોજ કેમ નહીં જોઈએ ? તાત્પર્ય કે, માટેજ વેદાંતમાં એ દોષ નહિં સમજવો.

ગીતા અ. ૨ શ્લોક ૨૬-૨૭.

ભગવાને **अशोच्यानन्व शोचस्त्वं**૦થી કહેવાનું શરૂ કીધું છે. અરજુનના શોકની હદ રહી ન હતી (**त्वक् चैव परि दह्यते** એમ કહેવાથી), તે યોગ્ય નથી. શ્રીહરિ કહે છે કે, આત્મ અનાત્મ વિચારથી શોક રહેતો નથી. તે આત્મા જેવો છે તેવો કહ્યું તેથી રડ નહિં-શોક નહિં કર. એ ઉપદેશનું કારણજ એ છે કે, તું શોક નહીં કર. દુઃખી જીવને માટેજ પ્રભુનો ઉપદેશ છે. હવે કહે છે કે, શ્રુતિ સંમત મારૂં કહેવું છે, અને વળી હું ઈશ્વર જાતે તને કહું છું, છતાં તારાં દીલમાં એ મારો ઉપદેશ નહીં ઠસતો હોય તો-લોકો એમ સમજે છે કે આત્મા જન્મે મરે છે, તે પ્રમાણેજ કદી તું માને, તો પણ શોક નહિં કરવો જોઈએ. અરજુને કહેલું કે, **नहि प्रपश्यामि**.×× શોક મારામાં એટલો પેઠેલો છે કે તેને કોઈ કાઢી શકે એવું મને દેખાતું-લાગતું નથી. તેથી પ્રભુએ રાજયોગ કહેવો પડેલો. હાલસુધી આત્મા વિશે વાત કરી. હવે બીજો પક્ષ કહે છે. (**अथच** કહેવાથી=એમ છતાં જો તું એમ કહેતો હોય તો) **अथतु, अथच, अथापि,** એ રીતે પક્ષાંતર બતાવવાને એ ત્રણમાંથી કોઈ આવે છે, આત્મા જે નિત્ય છે તેને ઉત્પન્ન થતો અને મરતો (અનિત્ય) માનતો હશે તો પણ તું શોક કરવા યોગ્ય નથી. કેમકે તારા મત પ્રમાણે જે ઉત્પન્ન થયો તેનું મરણ તો નક્કી છેજ, તો પછી વચમાં રડવાનું-શોકનું કારણ શું ? તેનું કારણ **मात्रास्पर्शास्तु**૦ થી કહી ચુકયા છે. ધ્રુવનો તારો અચળ છે. તેને લઈને બીજાને પણ અચલત્વ આવે. **जातस्यहि ध्रुवो मृत्यु**૦

જે કાંઈ અપરિહાર્ય હોય—એટલે જે આપણા હાથની વાત નથી, એવી બાબતમાં શોક કરવો ઉચિત નથી. જેનો પ્રતિકાર આપણે નથી કરી શકતા એવું મૃત્યુ છે. મોટા મોટા શુરવીર, કવિઓ, પરાક્રમી, પ્રતાપી, મહારાજા, છતાં કાળ આવ્યો કે નરમ થઇ ચાલ્યા ગયા. મૃત્યુ છે તે અપરિહાર્ય છે—હઠાવી શકાય તેવું નથી. એમ જ્યાંસુધી સમજમાં આવે નહિં ત્યાંસુધી કુદે નાચે બકે બોલે; પણ તે સમજ આવી કે નરમ થયો. **त्वं** ઉપર જોર—ભાર છે. **न त्वं शोचितुमर्हसि.** રાતું મુખ હતું તે રોતું થયું. તું આવો જ્ઞાની—વિદ્વાન—ડાહ્યો છતાં પણ. એવા આશયથી "તું" કહીને ભાર મુકયો છે. માટે તારા મત પ્રમાણે પણ શોક કરવો યોગ્ય નથી. જે રીતે આપણા વૃદ્ધો ગયા તે રીતે ભીષ્મ દ્રોણાદિ પણ ઉત્પન્ન થયા છે તે જવાનાજ. અરજુન કદાપિ એમ કહે કે, હું કાંઈ તેટલા માટે નથી રડતો, પણ **स्वजनंहि कथं हत्वा**= સ્વજનને હણીને શી રીતે સુખી થાઉં, એજ શોક છે. પગ મોચવાયો તેને ડાક્તરે લેપ લગાડયો, અને શાંતિના શબ્દો કહ્યા કે, સારૂં થઇ જશે; પણ તે પગનું દુઃખ—કળતર ન ગયું. બીજે દહાડે ઘેરથી પાછો આવ્યો. ડાક્તર કહે, કંઇ નહિં—એમાં શું—સારૂં થશે. પટોપાટો કરૂં છું—બીજો ઇલાજ કરૂં છું. તેમ **अथ चैनं**થી કહ્યું છે. એ બીજો ઇલાજ કીધો. અરજુન કહે, સ્વજનોને અરજુને માર્યાં, એવા અપયશથી શોક કરૂં છું. અને ધનુષ્ય નીચે મુકયું, એજ ઉપાય સમજું છું. ભગવાન કહે, ઠીક, પણ જો તું એમજ સમજયો હતે કે, શોક નિવૃત્તિનો એજ ઉપાય છે, તો તારૂં મુખ હસતું કેમ નથી ? શા માટે શોક છે ? ક્ષત્રી જાતને માટે યુદ્ધમાં આવી પરાંગ્મુખ ન થવાય, એ ધર્મ હોવાથી અપરિહાર્ય છે—પાછા હઠાતું નથી, છતાં શોક કરવો શું કામ !! અર્થાંતર ન્યાસ છે તે અલંકાર છે. હનમાન દરીઓ તરી ગયા, એ સામાન્ય વાત કહી. પછી કહ્યું કે, મહાવીર—સમર્થને દુષ્કર શૂં છે !! તેમ, સામાન્ય વાત કહી કે, અપરિહાર્યનો શોક કેવો ?! પછી બીજી બાબત આવી ત્યારે અર્થાંતરન્યાસથી સમજાવે છે.

ગીતા–અ. ૨ શ્લોક ૨૮

એ શ્લોકમાં છેલ્લે **तत्रका परिदेवना** બોલે છે. તેનો **અર્થ** એકજ સરખો છે. એટલે, તેમાં વળી રડવાનું શૂં !! (શોક કેવો !!) એ દમ ભરાવીને કહેવાનું છે. **नत्वे वाहं**થી ઉપક્રમ કીધો છે. તેનો હવે ઉપસંહાર કરે છે. **धीरस्तत्र नमुह्यति । नानु शोचितुमर्हसि । न त्वं शोचितुमर्हसि ॥** અને **तत्रका परिदेवना ॥** એ ચરણો (પદો) લાલ શાહીથી લખવાં. આ ગીતાનો આ બીજો અધ્યાય છે તે, આગળ આવનાર સવિસ્તર અધ્યાયોના સૂત્રરૂપ છે.

અધિકારી નિરૂપણ માટે પેહેલા અધ્યાયની જરૂર હતીજ. બીજા અધ્યાયમાં ઉપદેશ કહી દાધો. **अशोच्यानन्व शोचस्त्वं**થી **तस्मात्सर्वाणि भूतानि नत्वं शोचितुमर्हसि** એ ત્રીસમા શ્લોક સુધી ઉપદેશ કહ્યો. તેમાં આત્માનું નિત્યત્વ કહીને હવે ઉપસંહારપર આવ્યા. એ શ્લોકમાં પ્રથમ **अव्यक्त** છે, પછી **व्यक्त** છે, અને પાછું ત્રીજું છેલ્લું **अव्यक्त** છે. એટલે બે વાર **अव्यक्त** અને એકવાર **व्यक्त** છે. તે ત્રણે શબ્દને સોનેરી શાહીથી લખો. મધ્યમાં "**વ્યક્ત**" છે, આદિ અંતમાં "**અવ્યક્ત**" છે. પદની રચના પણ એવીજ છે. શ્લોકનું રહસ્ય તેના અક્ષરોજ દેખાડે છે. "અવ્યક્ત" શબ્દનો **અર્થ** પણ અવ્યક્તજ છે. વ્યક્ત વાણી તે મનુષ્યની, અને અવ્યક્ત વાણી તે પશુની. ગધેડાં "**ભોં**" કરે છે તે ભકારમાંજ બધું આવી જાય. કુકડાથી "કુ" કાગડામાંથી "કા" લીધો. એ રીતે બધું મળીને ભાષા બનાવી છે. કુતરો ભસે, ગધેડું ભુંકે, ઘોડો બરાડે, તે બધું અવ્યક્ત. પાણી ટપકે છે તે "પટક્, પટક્" અવાજ થાય છે તે પણ અવ્યક્ત. એ શબ્દજ છે, પણ અસ્ફુટ–અસ્પષ્ટ એટલે અવ્યક્ત છે. બાળક બોલે છે તે પણ એવું અસ્ફુટ–અવ્યક્તજ છે. **अव्यक्ताक्षर मधुरं**. પોપટનું બોલવું વ્યક્ત છે. શ્રીરામે વાલીનું સખ્યત્વ કરવું જોઇતું હતું; કેમકે તેણે રાવણને લાંબા વખત સુધી બગલમાં ચાંપી મુકયો હતો; છતાં રામે સુગ્રીવનું

સખ્યત્વ કેમ કીધું ? તે એટલાજ માટે કે, દીનવત્સલત્વ-દીનબંધુત્વ પોતાનું જાહેર થવા. ખુલ્લું તે વ્યક્ત, અસ્પષ્ટ તે અવ્યક્ત, સૂત્રરૂપ-બીજરૂપ બીજો અધ્યાય છે. પછીના જે અધ્યાયો છે તે વૃક્ષરૂપ-વિસ્તારરૂપ છે. **अव्यक्त, व्यक्त, अव्यक्त,** એ ખૂબીનો વિચાર કરતાં શોક ઉડી જવાનો. વ્યક્તાવ્યક્તનાં પ્રદર્શનરૂપ એ શ્લોક છે. એમાં આત્માનું નિત્યત્વજ સ્થાપન કીધું છે, પણ ઢબ જુદી છે. ખુલ્લું નહિં, ખુલ્લું, ખુલ્લું નહિં (અસ્પષ્ટ). ઇંદ્રિયો જેનું ગ્રહણ ન કરી શકે તેવું શૂં ? જે અરૂપ, અરસ, અગંધ, અસ્પર્શ, અને અશબ્દ હોય તે. ઇન્દ્રિયોથી પરે કાંઈ છે તેને અવ્યક્ત કહે છે. પ્રકૃતિ પણ અવ્યક્ત છે. એકમાંથી અનેક થયા. પછી પાછા ધક્કો મારી તે એકમાં હડસેલી દીધા. છેલ્લે એક-હતો તેવો તે પદાર્થ રહ્યો; પણ તેના રંગ ત્રણ અને ઢંગ પણ ત્રણ. અતીંદ્રિયની પ્રતીતિ શી રીતે થાય ? અનુમાનથી. જગતમાં ત્રણ ગુણ દેખાય છે તો તેનું કારણ પણ તેવુંજ હોય; તેથી પ્રકૃતિને અવ્યક્તજ કહે છે. **अव्यक्तात् व्यक्तयः सर्वाः प्रभवन्त्य हरागमे०** એ આઠમા અધ્યાયમાં જુઓ. આપણે સુતા એટલે આપણું બધું સુઈ ગયું. હિરણ્યગર્ભ સુઈ જાય ત્યારે-ઉંઘમાં પડેલા બ્રહ્મદેવનું બધુંજ-જગત સુઈ જાય. સાંખ્યમાં તે પ્રકૃતિનું નામ અવ્યક્તજ કહ્યું છે. પ્રકૃતિ એટલે જગતનું ઉપાદાન કારણ. થોડું દેખાય થોડું ન દેખાય તે અવ્યક્ત કહ્યું. **यदा सदेवो जागर्ति तदा स्पष्टमिदं जगत्॥** જ્યારે તે દેવ જાગે છે ત્યારે આ જગત સ્પષ્ટ-વ્યક્ત થાય છે. ભેંસ પાણીમાં જઈ બેઠી કે તેનાં અંગપર આંચળ પર જે જુ, બગાઇ, વગેરે જંતુઓ હોય તે બધાંને પણ તેટલો વખત બેસવુંજ પડે. **अव्यक्तात् व्यक्तयः सर्वाः** એ પાંચમો અર્થ. **अव्यक्तो क्षर इत्युक्ता** અવ્યક્ત તો પર બ્રહ્મજ છે. એ ત્રણ ચરણનો અર્થ એવો કરવો કે **तत्रका परिदेवना** એમાં શોક શૂ ?। પૂર્વ શ્લોકનો એ શ્લોક ઉપર, અને એ શ્લોકનો પૂર્વના ઉપર પ્રકાશ પડેલો છે. ન્યાત જમવા બેઠી ત્યાં સામસામા પંકિત બેઠી છે તેમાં એ રીતે દીવા મુકીએ તો એક

એક દીવા પર બીજાનો પ્રકાશ પડે છે. ગત શ્લોકમાં રોકડી વ્યવહારની વાત કહી કે,—જન્મે તે મરે, મરે તે પુનઃ જન્મે છે, તેમાં શોક શું ? ! મરણનો શોક ઉચિત નથી, કેમકે મૃત્યુ છે તે અપરિહાર્ય છે. ગમે તેવાં દુઃખનો પરિહાર બનતી જોગવાઇએ કરે, પણ મોત આગળ ઉપાય ચાલતો નથી; તેથી લાચારની મુદ્રા તે રડવું—શોક કરવો. ત્યારે કહ્યું કે, **तत्रका परिदेवना** આટલું કહ્યા છતાં અરજુન જો એમ કહે કે, હજુ શોક કરવાનું ગયું નથી, તો **निष्कलं निष्क्रियं शान्तं** એવો બ્રહ્મ જણાવવા એ શ્લોકમાં ક્રિયા રાખીજ નહીં. **नत्वेवाहं जातुनासं** એજ ફરી કહે છે. **भूतानि**=પ્રાણીઓ કેવાં છે ? આદિમાં અવ્યકત, મધ્યમાં વ્યકત, અને અંતમાં અવ્યકત. આપણે પેહેલાં કયાં હતા તેનો પેહેલાં પત્તો ન હતો. માતાને સુસ્તી લાગવા માંડી ત્યારે વિચાર્યું કે બે માસ થયા હશે. અર્થાત્ **अस्ति** કાંઈ છે, એમ ધાર્યું. છોકરો છે કે છોકરી તે જાણવા જોશીને પુછ્યું. તેણે ચિઠ્ઠી લખી સીલ કરીને આપી કે જે છે તે પ્રસવ થયા પછી હું આવીને ખોલીશ. પ્રસવ થયો. જોશી ગાડીમાં બેસી ગયા. પુત્રી જોઇ ચીઠી ખોલી કહે જુવો. **पुत्रो न पुत्री.** એમ લખેલુંજ છે. પુત્રઃ ન, પુત્રી છે. કદાપિ પુત્ર હતે તો કહેતે કે, જુવો, મેં લખેલુંજ છે કે, **पुत्रो, न पुत्री.** તાત્પર્ય કે, નકાર રીતસર વાપરતાં શિખ્યો તો રળી જાય છે. એમ નવમાસે **जायते**=જન્મે. પછી **वर्द्धते** મોટો થાય. પછી **विपरिणमते** પરિણામ પામે—યુવાન થાય. પછી **अपक्षीयते** વૃદ્ધ થતાં ક્ષીણ થતો જાય. અને **विनश्यति** નાશ પામે છે. આદિ માટે માતાને પુછ્યું તો ગર્ભમાં છે, પણ તે પૂર્વેની ખબર નથી. તેથી આદિ અવ્યકત છે. તે તે કોઇને ખબર નથી. શાસ્ત્રે general સાધારણ પક્ષે ખબર પાડી કે, ચંદ્ર લોકમાં આવ્યો ત્યાંથી વૃષ્ટિદ્વારા અન્નમાં આવ્યો. તે અન્ન પુરૂષે ખાધાથી વીર્યમાં રહ્યો; અને સ્ત્રી સંગથી ગર્ભમાં આવ્યો; પણ તે કોઇને ખબર ન હતી—નથી. બાપ મરી ગયો. મરીને કયાં ગયો તે કોઈ કહેતું નથી. તે છે કે નહીં, કયાં છે, શું કરે છે, તે કોણ જાણે,

એજ પાછું અવ્યક્ત અર્થાત્ આદિ જેવું અવ્યક્ત છે તેવું અંત પણ અવ્યક્ત છે. મધ્યમાં વ્યક્ત–પ્રતીતિ તે પણ વાસ્તવે તેવીજ અવ્યક્તજ જાણવી. હિરણ્ય ગર્ભ–પ્રકૃતિ ગમે તે કહો. વેદાંત અને મહાત્મા કહે છે કે, **मध्ये व्यक्तं अनादिविभ्रम वशात् अव्यक्त माद्यंतयोः** જેનું આદિ અંત અવ્યક્ત છે, તેનું મધ્ય વ્યક્ત છે, એમ કહેવું તે ભુલ છે. તે મધ્ય (વ્યક્ત) પણ અવ્યક્ત છે. અવ્યક્ત બ્રહ્મજ છે. ભૂતો કાંઈ છેજ નહીં. **इत्येषा परमार्थता तत्रका परिदेवना** આદિ અંતે પર બ્રહ્મ છેજ, તેજ રીતે મધ્યમાં પણ બ્રહ્મ તત્વજ છે. બીજું જોવું તે ભ્રાંતિજ છે. એ સાંભળીને અરજુન કદી કહે કે, તો પછી તે રીતે મને કેમ ખબર પડતી નથી, તો ભગવાન કહે છે કે,—

ગીતા અ. ૨ શ્લોક ૨૯

મનુષ્યને ઉદ્દેશીને ભગવાન બોલે છે. અરજુને જેમ કૌરવોની (આસુરી સંપતિરૂપ દુર્યોધનની) સેના સાથે લડવાનું છે, તેમ સૌ કોઇએ લડવાનું છે. રૂપ સાથે લડવું. આંખમાં શકિત ઘટી કે લડવાનું ગયું. કાનમાં શકિત ઘટી એટલે સાંભળવાનું ગયું. કીડીથી બ્રહ્મા સુધી શોક તો બધામાંજ સરખો. ડાહ્યા ઉપર પણ આરૂઢ છે. **विदुषोपि तथाऽरूढः ॥** બ્રહ્મદેવ ઉપર પણ એ શોક આવી બેસે છે. તેથી **अशोच्याथी** વાત ચાલી તે હવે ખલાસ થાય છે. તેમાં આત્માનું નિત્યત્વજ સિદ્ધ કર્યું છે. કોઈ પણ કદી મરતુંજ નથી. આત્મા નિત્ય છે, એટલે આપણે મરતા નથી. ધીરજ તુટે, અથવા હું છું એ વૃત્તિ તુટે, એજ મૃત્યુ. હું અમૃત છું, એમ સમજ્યો કે બધીજ ધીરજ આવી. આત્મા નથી જન્મતો કે નથી મરતો. જે જન્મે મરે છે તે ભૂતો છે. તેનો આદિ અંત અવ્યક્ત છે. તો હવે અવ્યક્તને આદિ અંત છે કે નહીં? **आदि मध्यान्त हीनाय** નિધન=મોક્ષ–અંત–લય. **अनादि निधनो धाता** (વિષ્ણુ સહસ્ત્ર નામ). અવ્યક્ત કેવું? અનાદિ નિધન. જેને આદિ અને નિધન–અંત નહીં, તે પરમાત્મા. ત્યારે એમાં **मध्य** શબ્દ કેમ છોડી

દીધો ? "મધ્ય" ગુપ્તજ રાખ્યો. જેને આદિ અંત નહીં તેને મધ્ય હોયજ નહીં. એવો પર બ્રહ્મ છે. તે જાણવો બહુ કઠણ છે. એજ આશ્ચર્ય–અજાયબી છે. એ શ્લોકમાં **आश्चर्यवत्** ત્રણ ત્રણવાર છે. તેથી એને "આશ્ચર્ય શ્લોક" નામ આપીએ. તેને લાલ શાહીથી લખીએ; અને શ્લોકમાં જે ત્રણવાર **आश्चर्यवत्** છે તેને લાલ શાહીથી લખો. એક જગે જમાઇ જમવા આવ્યો. તેણે એવી રીતનો શ્લોક જોયો. મર્યાદાથી સસરાને તો પુછાયું નહીં, પણ એક શાસ્ત્રી આવી ચઢયા તેને પુછ્યું કે, આમાં ત્રણવાર આશ્ચર્ય છે, પણ ચોથું કેમ નથી ? શાસ્ત્રી કહે છે કે, એજ આશ્ચર્યને, બીજું શું ? જો ચોથું લખતે તો તમે પુછતે શૂં ? ! (તમારી બુદ્ધિ કેવી છે, એજ ચોથું આશ્ચર્ય.) એ સાહિત્યની ભાષા. અને જે ત્રણવાર લખેલું છે તે વર્તમાનપત્રની ભાષા સમજો.

આશ્ચર્ય શબ્દની વ્યુત્પત્તિ, आ+श+चर्य. " ચર " ધાતુને " ય " પ્રત્યય લાગી **चर्य** થયું. **आश्चर्यं मनित्ये**. જે રોજનું નહિં તે–નવું હોય તે આશ્ચર્ય. ચલીઆં સમડી ઉડે છે તે જુવો બાપા. એમ છોકરૂં કહે છે, ત્યાં બાપ કહે છે કે, એમાં શું–છે. બલુન આવ્યું ત્યારે આખું ગામ આશ્ચર્યથી જોવા ભેગું થયું. તેની અનિત્યતા જોવા બધા ભેળા થયા. **अति परिचयादवज्ञा**. પણ આ બલુન તો અતિ પરિચયવાળું નહિં, નવું જ. કોઇએ ફળ ઉપર ઝાડ બતાવવા કહ્યું, તે નવું–આશ્ચર્ય જેવું જાણી બધા મળી જાય. લોકને રોજ કાંઇ નવું જોઇએ. વસ્ત્ર, આભૂષણ, ભોજન, બુટ, સ્ત્રી, રમત, ગમત, જોવાનું, સાંભળવાનું વગેરે નવું નવું જોઇએ; પણ તે આશ્ચર્ય અનિત્ય છતાં તેમાંજ આનંદ જાણે–માને–સમજે છે. યક્ષે યુધિષ્ઠિરને પુછેલું કે, **किं माश्चर्यं** (આશ્ચર્ય શૂ ?) ત્યારે ઉત્તર આપેલો કે,–રોજ બધા ચાલ્યા જાય છે–મરેછે તે નજરે જોતાં છતાં **शेषा स्थावर मिच्छन्ति किमाश्चर्य मतःपरं** બાકીના સૌ એમ સમજે છે કે, હમે તો જાણે અમર છીએ; તો એનાથી બીજું આશ્ચર્ય શૂ ? ! !

વિસ્મય, અદ્‌ભૂત, આશ્ચર્ય, ચિત્રં, એ ચારેનો એકજ અર્થ થાય છે. ભોજ રાજાએ લખ્યું કે, **किंचित्रं ?** એક વિદ્વાને જવાબ દીધો કે,—રાજનીતિ કુશળ રાજા છતાં ધર્મથી વિરૂદ્ધ ન હોય, એવો રાજા દુર્લભ છે, રૂપ યૌવનવતિ સ્ત્રી હોય છતાં તે પાપાચરણવાળી ન હોય, એવી સાધ્વી હોય તો તે દુર્લભ છે, તે આશ્ચર્યવત્ છે. હવે શ્લોકમાં "આશ્ચર્યવત્" શબ્દ છે તેને બાજુએ રહેવા દઈ જુવો, તો શું છે કે, **पश्यति कश्चित् एनं**=એ આત્માને કોઈક જ જુવે છે; અથવા આત્મ દર્શન કોઈક જ કરે છે–બધા આત્મજ્ઞાની નથી હોતા. **मनुष्याणाम् सहस्त्रेषु कश्चित्**० લાખો કરોડોમાં (હજારોમાં) કોઈક જ (ભાગ્યશાળી) મને જાણે છે. શ્રુતિ પણ એમજ કહે છે કે; **कश्चित् धीरः प्रत्यगात्मा नमैक्षत् ॥** વળી ગીતા પણ કહે છે કે, **समहात्मा सुदुर्लभः** એવો મહાત્મા સુદુર્લભ છે. તાત્પર્ય કે, આત્માને જાણવું કઠણ છે. આત્માને શી રીતે જાણે ? **आश्चर्यवत्.**

એક મહાત્મા ત્ર્યંબકમાં આવેલા તે રાત દહાડો હસ્યા જ કરે. કોઈ રાજાએ પેહેરો મૂકયો કે; જુવો રાત્રે શું કરે છે. ખાત્રી થઇ કે રાત્રે પણ હસતોજ રહે છે. ત્રણ દહાડા તજવીજ કરી કપુર મંગાવી તેની ઝાંગ ઉપર બાળ્યું તો પણ હસ્યા જ કરે છે. ત્ર્યંબકમાં લોકોની બારે ગીરદી છતાં બોલેજ નહિં—હસેજ. એવા સાધુ મહાત્મા આશ્ચર્યવત્ છે. પરમાશ્ચર્યરૂપ આત્માને જેણે જોયો તેને ખબર પડી. જોનારો, આત્મા, અને જોવું, એ ત્રિપુટી–ત્રણે આશ્ચર્યવત્જ છે. તે મહાત્મા–જ્ઞાની–જોનાર છે તેને તે ત્રિપુટી–ત્રણ નથી. તેને તો તે એક જ છે, તો જુવે કોને ?! **केनकं पश्येत्.** તે જુવે ખરો, પણ બીજો નથી જોતો. અદ્વૈત સિદ્ધ પોતાનાં નિર્વાણ સ્વરૂપમાં દ્વૈતાદ્વૈત રહિત અખંડ રૂપે અચલ સ્થિત છે.

एतस्मात् किमिन्द्रजालमपरं यद्गर्भवासस्थितं (પંચદશી). શુક્ર શોણીતનાં બે ટીપાં ગર્ભમાં એક જગાએ થઇ જાય, પછી માતા

કે પિતા કોઇ કાંઈ પણ કામ ન કરે, છતાં તેનું આ બધું દ્રશ્ય શરીર–જગત. એના કરતાં ઇંદ્ર જાળ બીજી કઈ ? ! **अहो शास्त्र महो शास्त्र, अहो गुरु रहो गुरुः ॥ अहो आत्मा०** અત્યંત અપાર હર્ષ–આનંદનો ઉદધિ ઉછળી આવતાં સ્વામિ વિદ્યારણ્યે એ રીતે **अहो** શબ્દથી ઉદ્‌ગાર કાઢયા છે. આનંદ કેટલો તેનો છેડો નહિં **परमाश्चर्यमयो ह्यात्मा**. એવા આત્માને આખ વિનાનું જોવું, તે મોટું આશ્ચર્યકારક જ.

द्रष्टुमिच्छामिते रुपं તે એકજ વિશ્વરૂપ જોવાને અરજુને જે પ્રેમ ભકિત ઉત્સાહથી કહ્યું તે લક્ષમાં લેતાં ભગવાને પણ તેવાજ કૃપા પ્રેમના આવેશમાં કહી દીધું કે, **पश्य मे पार्थरुपाणि** ભાઈ અરજુન! લે–મારાં અનેક રૂપો જોઇ લે. **शतशोतसहस्रशः ॥** પ્રભુને બહુ આનદ થયો. તેથી કહ્યું કે, એક નહિં પણ હજારો રૂપ જોઇ લે. **इहै कस्थं जगत् सर्वं मम देहे०** આ નાનકડાં ૩॥ હાથના કૃષ્ણ દેહમાંજ એક ખુણામાં બધું જગત જોઈ લે. અર્જુને હજી એકજ વિશ્વરૂપ જોયું તેટલામાં ગભરાઈ ઉઠયો ને બોલ્યો **सर्वाश्चर्यमयंदेव.** તેમ, લોક પોતાના અંતરમાંજ જોવાનું છતાં જોતા નથી. બહારનું જ જોયા કરે છે. સર્વની પાસેજ આત્મ વસ્તુ તત્ત્વ વિદ્યમાન છતાં નહિં જુવે, એજ આશ્ચર્ય. તેથી જ કહે છે કે, એવા સ્વ સ્વરૂપ ભૂત આત્માને જોનાર છે તે આશ્ચર્યરૂપ જ છે–તેવો મહાત્મા દુર્લભ છે. તેજ રીતે **कश्चितूएनं वदति.** કોઇકનેજ એ આત્મા વિશે કહેતાં આવડે છે. વેદની શ્રુતિ પણ **नेति नेति** કહેતાં–એ નહિં, એ નહિં કહેતાં જે બાકી રહ્યું તે તમે (આત્મા) શાસ્ત્રો જ્યારે એમ સંશયમાં નાખે ત્યારે ગુરૂની જરૂર પડે. તે કહેનાર ગુરૂ પણ આશ્ચર્યરૂપ છે. અને તે સાંભળનારા પણ તેવાજ આશ્ચર્યરૂપ છે. શુકદેવજી કહેનાર અને પરીક્ષિત શ્રોતા. સાત દિવસમાં બેહુ જણ ક્યારે ઉઠયા ને ફરાળ કીધી તેનો પત્તો કયે મળતો નથી. એકજ દૃષ્ટિથી શ્રોતા અને વક્તા, એજ આશ્ચર્યવત્. હવે શ્રીકૃષ્ણ કહે છે કે, ચોથું આશ્ચર્ય કહું છું. અરજુન તરફ આશ્ચર્ય મુદ્રા પ્રદર્શક હાથ કરી પ્રભુ કહે છે કે,–તને આ બધું સંભળાવ્યા

છતાં, અને તેં સાંભળ્યું છતાં ત્હારા ધ્યાનમાં નથી આવતું. એ પણ એક આશ્ચર્યજ—એ ચોથું સમજ. કોઈ એવો હોય છે કે સાંભળીને પણ ધ્યાનમાં લેતો નથી-જાણતો નથી, એ પણ આશ્ચર્યજ છે ને ?!! કર્ણાટકની એક બાઇ ૪૦-૪૫ વર્ષની શ્વેત વસ્ત્રવાળી ફરતાં ફરતાં એક મોટા સમર્થ ગુરૂ કે જેની પાસે સો પચાસ વિદ્યાર્થી ભણે ત્યાં આવી ઠાઠ જોઈ, કાગળ ખડીઓ કલમ એક વિદ્યાર્થી પાસે મંગાવી ફક્ત એક શ્લોક લખ્યો. તેનું છેલ્લું પદ એ હતું કે, **कोयं चंद्राननने चमत्कारः ॥** તે છેલ્લું પદ તો વિદ્યાર્થીએ બેસાડયું કે, હે ચંદ્રાનને (સ્ત્રી) ! એ શું ચમત્કાર ! એટલે આશ્ચર્ય છે; પણ ત્રણ પદનો ભાવાર્થ બેસેજ નહીં. બીજાએ જોવા માગ્યો. તરત આપી બોલ્યો કે, ભાર ઉતર્યો. પચાસે થાકયા, તે ગરબડ જોઈ ગુરૂ કહે, શું છે. તરત ગુરૂ પાસે મુકી બધા તે બોજાથી છુટયા. ગુરૂએ જોતાં જોતાંજ તપખીર સુંઘવા માંડી. જાણે સુંઘીને જોઉં છું એમ દેખાડયું. પણ શ્લોક બેઠો નહીં. ત્યારે હાથમાં લઈ જોયું. ચસ્મા કાઢયા. જોયું. ન બેઠો. એટલામાં હસાવ્યા કરનાર એક રમુજી શાસ્ત્રી આવ્યા તેને ગુરૂએ આપ્યો. તેને પણ તે શ્લોક ન ખુલવાથી તેણે ટીખલ-હાસ્યની ઢબ પ્રમાણે કહ્યું કે, એમાં શું ! આ બાર વરસના વિદ્વાનો પચાસ, અને છત્રીસ વરસથી ગુરૂ શ્રમ લે છે તે બધાને એ શ્લોક સમજાયો નહીં, એજ કેવો ચમત્કાર (આશ્ચર્ય) ! છે. એજ રીતે અરજુનને શ્રી હરિએ કહ્યું. **श्रवणा यापि बहुभिर्यो नलभ्यः××आश्चर्यो वक्ता आश्चर्यो श्रोता.** સાંભળ્યાં છતાં ઘણાને તે અપરોક્ષ થતો નથી, તેથી તેનો વક્તા શ્રોતા આશ્ચર્યરૂપ છે.

ગીતા અ. ૨ શ્લોક ૩૦

परिच्छेदोहि पांडित्यं ॥ પરિચ્છેદ-કટકા પાડતાં ન આવડે તે શું કામનું. આ બીજા અધ્યાયના ૧ થી ૧૦ અને ૧૧ થી ૩૦ કટકા છે. તે ૧૧ થી ૩૦ નો આત્મજ્ઞાનનો છે. **सेनयोरुभयोर्मध्ये रथं स्थापयमेऽच्युत.** મારો રથ બે સેના મધ્યે રાખો. એમ કહેવાથી

"મારો" કહેવામાં તારાં શિરપર ભાર હતો. મારે શરણે નહોતો આવ્યો ત્યાંસુધી **यावदेतान्निरीक्षेहं ॥** એ બધાને હું જોઉં; એમ હતું ત્યાંસુધી તો, **"લે-જો"** કહી હું માથે નહિં રાખતો; પણ હવે શરણે થયો છે. માટે પ્રભુ કહે છે કે, હે ભારત ! એટલે, **ભા**=ઉત્તમ શુદ્ધ બુદ્ધિમાં રત થયલો તેથી પણ તું ભારત છે. **भायांरत:** તે ભારત અથવા પુણ્યશાળી ભરત કુલોત્પન્ન.

ચારે ભૂતોનાં ઓસડ બને છે. વૈદને ઘેર જઈ પેટનાં અગર બીજાં કોઇ દરદ માટે પુછતાં ચૂરણ આપ્યું તો તે પૃથ્વીનુંજ ઓસડ. પણ તરત અસર થવા અપ-જળનું બનાવી આપવા કહેશો તો ગળોનાં પાણીમાં નાખી આપે. તેનાથી ચઢીઆતું અગ્નિનું છે **दश वैद्य समो वन्हि: ॥** તેનાથી ચઢતું વાયુનું. તે શ્વાસ વગેરે (વિજળી જો અગ્નિનું કહો તો.) તેમજ પ્રાણાયામાદિ ક્રિયા વગેરે. તેવી રીતે સઉથી શ્રેષ્ઠ સુંદર સરળ દૈવી એવી તો સંસ્કૃત ભાષા છે. એના ઉચ્ચારજ શ્રેષ્ઠ પ્રીતિકર છે. એ જેવી બહુ નરમ છે તેવી ગરમ પણ છે. દવા ખાતાં પણ મીઠાસ અને થંડક; તથા પેટમાં ગયા પછી વ્યાધિનો નાશ કરવા અગ્નિ જેવી. અંદરનું ઝેર-વિકાર દરદ-રોગ બહાર કાડવાનું જેમાં સામર્થ્ય છે. વિસર્ગ બોલતાંજ અંદરના નબળા પરમાણુ જાણે બહાર નિકળી જતાં હોય તેમ લાગે છે. તેને discharge કહે છે. આ દેહી આત્મા છે તે નિત્ય છે અને અવધ્ય છે, અર્થાત્ મરતો નથી, અને કોઇથી તે મરાતો નથી. નિત્ય છે તેથીજ તે અવધ્ય [સઉના દેહમાં] છે. તેથી કોઇપણ પ્રાણીનો શોક કરવો તને ઉચિત નથી.

ગીતા અ. ૨ શ્લોક ૩૧

સંસાર છે તે બેનો છે. જ્ઞાન અને અજ્ઞાનનો. ગમે તે એકથી નહિં ચાલે. એકલાં જ્ઞાનનો તો બનેજ નહીં, કેમકે અજ્ઞાન જન્ય છે. અને એકલાં અજ્ઞાનનો કહો તો તે પણ બને નહીં. "વદતો વ્યાઘાત" દોષ આવે. અથવા એકલાં જડથી કશું બને નહીં.

એક બાજુ **अशोच्यानन्वशोचस्तं.** બીજી બાજુ **प्रज्ञावादांश्च.** [ડાહ્યો બોલે તેમ બોલે છે].

રથમા ચઢતી વખતે અર્જુનની ઉન્મત્તવૃત્તિ હતી. શુરવિરની હોય તેવી હતી, પણ ભગવાનને તે ઇષ્ટ ન હતું. કેમકે પ્રભુ જાણુતા હતા કે મહા સમર્થ ભીષ્મ દ્રોણુ જેવા સામે અહંકારથી લડશે તો ધાત થશે, પણ નિરહંકાર થઈ શ્રીહરિનો–મારો દાસ થઇ–મારૂં શરણુ પકડી લડશે તો સુખી થશે. બંદુક કહે છે કે, **नैव किंचित् करोमीति.** હું કાંઇજ કરતી નથી. તે રીતે નિષ્પાપ રહેવાય તેમ કરવું–રહેવું.

હાથને અક્કલ નથી તેથીજ વ્યવહાર ઠીક ચાલે છે. મારી ખુશી છે કે લખવું, અને હાથ એમ કહે કે નથી લખવું, તો શી રીતે બને. ક્ષત્રી બાહુ છે તેનો મત કંઈ હોય, અને પરમાત્માનો મત બીજો હોય તો નહિં બને. પ્રભુના ભુજ ક્ષત્રી છે. **बाहु राजन्यः** અને બ્રાહ્મણ મુખ છે. **ब्राह्मणस्य मुखमासीत्** તે ઠીક છે. કૃષ્ણનું મત એ હતું કે લડવું, અને બાહુનું બાહુત્વ ગયુ હતું–એટલે ક્ષત્રી અરજુન શિથિલ થઈ લડતાં અટકયો હતો, તે ઢીલો થઈ બોલ્યો કે, મારે નથી લડવું; કેમકે વૃદ્ધ, ગુરૂ, અને સ્વજનને મારવાની વાત આવી પડેલી; તો તેવીજ રીતે તે વૃદ્ધ અને ગુરૂ વગેરેનાં મનમાં કેમ નથી? ત્યાં કહે છે કે, તેમને રાજ્યલોભ છે. તેથી **नार्हा वयं हंतुं** હમને લડવું યોગ્ય નથી. એ રીતે "હમે–હમને" કહી ગર્વિષ્ટ થયલો પણ **तं तथा कृपयाविष्टं** માયાની કૃપા આવી કે શરણે આવ્યો. ત્યારે કહ્યું કે, **यच्छ्रेयः० निश्चितं ब्रूहि तन्मे० शिष्य स्ते हंशाधिमाम्०** ધર્મમાં મને કલ્યાણુ લાગતું નથી. **नच श्रेयोऽनुपश्यामि०** સવારની ઉંધ અને પવન બધાને અમૃત જેવું લાગે છે. કાયદો બધાને માન્ય છે. શામાટે? કાયદાત્વાત્–કાયદો છે તેથી. સ્વજનોને હણુવાથી ધર્મ હોય સ્વર્ગ મળતું હોયે તો બીજા લોક પણુ શું તેવો ધર્મ કરશે કે?! તે મુજવણુથી અરજુન પુછે છે કે મારૂં શ્રેય શામાં છે. એંસી વરસની એક સુહાસણુ બાઇ ઉભી છે. તેને એક જણુ મારવા ઉભો છે. તેને

આઇ કહે છે કે, મને શું કામ મારો છો. બીજી બાજુ પાછળ જુવે છે તો તરવાર લઇ એક જણ માથું ઉડાવવા ખડો છે. આ ધર્મ સંકટ આવ્યું. તે આઇને નહીં મારવાની કરૂણા એક તરફ, અને બીજી તરફ ધર્મ. તેવું અરજુનને થયું. સુખમાં ધર્માચરણ કરે તેમાં તો નવાઈ નથી, તે તો ધર્મ નહોતે તોપણ કરતે; પણ દુખમાં તેની પરિક્ષા. દુખમાં ધર્મથી રહે તોજ ખરો કહેવાય. જરત્કારૂ મુનિ મળે ત્યારે તો વગર તકરારે ધર્મ સેવી ખુશી થાય, પણ દુર્વાસા આવે ત્યારે તેનાથી રહેતા ભયમાં ધર્મ પાળે ત્યારે ખરો. રાજા હુકમ કાઢે કે, સઉ પોતાનાં ધર્મનાં પુસ્તક ભણે. હિંદુ ગીતા ભણે તો તેને પાલખીમાં બેસાડવો, તો બધા એ ગીતા ભણનારા બની બેસે. પણ એવો હુકમ કાઢે કે, જે ગીતા ભણે તેને તોપને ગોળે ઉડાવવો, તો હજારોમાં કોઇકજ તોપને ગોળે ખડો રહી ભણનાર નિકળે, તો તેજ ખરો. બે સેનાની મધ્યમાં રથને ભીષ્માદિ સામે ખડો કીધો, ને કહ્યું કે, જોઈ લે આ ત્હારાં બધાં સગાં. ત્યારે અરજુન બધાં સગાંજ જુવે છે, ને યુદ્ધથી પરાંગ્મુખ થયો–ખસ્યો નહીં. તેને પ્રભુ કહે છે કે,—**धर्म्याद्धि युद्धात् श्रेयो न्यत्**. રોજ બહુજ ખમીએ છીએ, પણ ધર્મમાં તેટલું ખમીએ તો પાર પડાય. હાથમાં ધનુષ્ય લેતી વેળા અરજુન (અહંકારથી) શ્રીભગવનને પગે નહીં લાગ્યો, એજ મોટી ભુલ કરેલી. પ્રભુ કહે છે કે,—**न[illegible]र्हसि**=ધ્રુજ નહીં–શોક ન કર, એક બ્રહ્માત્મૈક્ય જ્ઞાનવાન શોક નહિં કરે; અને સ્વધર્મ તરફ જોતાં તને પણ શોક કરવો ઉચિત નથી. ક્ષત્રીનું કલ્યાણ ધર્મ યુદ્ધમાંજ છે. ધર્મ, અર્થ, પથ, ન્યાય, એટલાને **य** પ્રત્યય લગાડાય છે, ત્યારે ધર્મ્ય, અર્થ્ય, પથ્ય, ન્યાય્ય, થાય છે. તે ચારે જુદેજુદે ખાતે ગયા. ઇશ્વર–ધર્મ ખાતે ધર્મ્ય, ત્રીજોરી –દ્રવ્ય ખાતે અર્થ્ય, વૈદ ખાતે પથ્ય, અને ઇનસાફ ખાતે ન્યાય્ય. ધર્મની રક્ષા માટે જે યુદ્ધ છે તે ધર્મ્ય યુદ્ધ છે. ક્ષત્રી અધર્મ સહન નહિં કરે. અધર્મ છે તે તો **स्वभावस्तु प्रवर्तते**. અને ધર્મ તો ઇશ્વર પ્રણીત છે. પછાડી દંડની ભીતિ હોવાથી લોક ધર્મ ઉપર રહે. રાજાના કાયદાની

માફક. પણ સર્વ કલ્યાણ શામાં? ધર્મ રક્ષણમાં. ક્ષત્રીને ધર્મ યુદ્ધથી બીજું શ્રેયસ્કર નથી.

ગીતા અ. ૨ શ્લોક ૩૨

કાંઈ પણ ઈચ્છા વગર પ્રાપ્ત થયલું અથવા પરમાત્માની ઈચ્છાથી પ્રાપ્ત થયલું તે જાણે કે ઉઘાડું રાખેલું સ્વર્ગનું બારણું હોય તેવું છે. એવું યુદ્ધ સુખી ક્ષત્રીઓનેજ મળે છે. એવું ભાષાંતર છે તેટલાથીજ શ્લોકનું રહસ્ય કંઈ ધ્યાનમાં ન આવે.

પ્રજ્ઞાવાદ, એટલે, ધર્માચરણ કરતાં તેમાં સંકટ આવે ત્યારે તે ધર્માચરણમાં દોષમાની બેસે તે.

ભગવાને **यदृच्छया०** શ્લોક કહ્યો તે, તેમનું બોલવું, અરજુનના કયા વાદનું—અર્થાત્ શું કહી ગયલો તેનું ઉત્તર છે? અરજુને કહેલું કે, એ ધર્મ (ક્ષત્રીનો) તો મને ખબર છેજ, તેથીજ સામે ભીષ્મ દ્રોણ ગુરૂ જોઈને સંમૂઢ બની ગયલો છું. કેમકે ધર્મ કરતાં કર્મ નડે છે. તેથી મારૂં કે નહીં, એવી મુઝવણ પડી છે. **अप्युक्तं परमेष्टिना.** ઈશ્વરે કહ્યું હોય પરંતુ યુકિત રહિત હોય તો ઉપેક્ષ્ય છે. **युक्ति शून्यत्वात्.** કૃષ્ણે કહેલું કે, તું ભલે રાજ, ભોગ, સુખ અથવા જય માટે નહિં લડ, પણ ત્હારા ક્ષત્રી ધર્મ માટે લડ.

अधिष्ठानं तथा कर्ता × दैवं चैवात्र पंचमं ॥ પાન, ચુનો, કાથો, ને સોપારી ખાઈ, પાંચમો તમાકુ કાઢે છે તેમ, પાંચમું દૈવ છે. આ યુદ્ધનો આરંભ કંઈ ગુરૂઓનો ઘાત કરવાને તેં કીધો છે કે? ના. ફકત આતતાયી દુર્યોધનને માટે છે. તેનેજ ઉદ્દેશીને છે. ઉદ્દેશ પર બધો આધાર છે. એક ગુરૂ શિષ્ય હતા. શિષ્યને પુત્ર થયો તે લઈ ગુરૂ પાસે ગયો. ગુરૂ હાથ પર લઈ રમાડે છે, ત્યારે મુખ સામે છે અને બાળકના પગ ગુરૂની છાતી પર છે ત્યાં તે પુત્ર લાત મારે છે, તેથી શું તે બાળકને લાતનું પાપ છે કે?! નહીંજ. ગુરૂ તેથી આનંદ પામે છે. કેમકે બાળકનો કંઈ લાત મારવાનો અથવા શિષ્યનો કંઈ લાત મરાવવાનો હેતુ

નથી. તેમ, તારો કંઇ ગુરૂ વધનો હેતુ નથી. એ બધાનું નસીબ. પાંડવની–તમારી પક્ષમાં આવવાનું કહેતાં તેમણે લાચારી જણાવી હતી. (**अर्थस्य पुरुषो दासःदासस्यर्थोन कस्यचित् ॥** એવું કહીને.) યદ્રચ્છાથી વચમાં આવી પડ્યા, તો જે યદ્રચ્છાથી આવી પડયું તેમાં પાપ નથી. **कृत्वापि न निबध्यते ॥** યદ્રચ્છયા એટલે સ્વપ્રયત્ન વ્યતિરેકઃ તેથી આંખ મીચીને લડ. મન આડું આવે તો પાછળ નાખ.

ધર્મરાજા જુગાર રમવા કેમ ગયા (ધર્મ છતાં) ? બોલાવ્યાથી યદ્રચ્છા જાણી જવું પડયું. તેમ, પ્રભુ કહે છે કે. એવું યુદ્ધ કરવાથી અભ્યુદય છે. **स्वर्गद्वार मपावृतं.** ઘણા મહાત્માઓ સ્વર્ગે આવવાના તેથી ભીડ બહુ થવાની. સ્વર્ગદ્વાર જાણે આજ સુધી બંધ જેવું હતું. નસીબે–યદ્રચ્છાથી આવ્યું કે ૧૮ દિવસ તો દ્વાર ખુલ્લાંજ રાખી દેવો રાહા જુવે છે. મોટાં મોટાં યજ્ઞ યાગાદિનાં પુણ્ય વગર સ્વર્ગ નથી મળતું. ગરીબને માટે કોઇ દાદ નથી આપતું. ગરીબને તો શ્રીમંતનું દ્વાર પણ નથી મળતું, તો સ્વર્ગ કયાથી મળે ! તેવાઓને પણ સ્વર્ગનો લાભ મળવાની તક આવી છે. શેઠને મળવા પંડિત ગયા. જવાબ મળ્યો કે સુતા છે. બીજી વાર ગયા તો સ્નાન કરે છે. ત્રીજી વાર જમવા બેઠા છે. ચોથી વાર ગયા તો ભૈયો દંડો લઇ મારવા ઉઠયો, કે કૌન હૈં. ત્યારે પંડીત લક્ષ્મીની સ્તુતિ કરે છે કે, પંડિત પર કૃપા તો કર.. **श्रुति स्मृति सदाचारः, स्वस्य च सुखमात्मनः ॥** બધી રીતે ધર્મ છે.

રાવણ મારીને રામ જ્યારે અયોધ્યામાં આવ્યા ત્યારે માતા કૌશલ્યાએ રામને દીસે હાથ ફેરવતાં રોમે રોમે છિદ્રોમાં બાણના ઘા પડેલા જોઇ બોલ્યાં કે. હું વીર માતા તો ખરી, પણ ઘેર ગયું એવી માતાપણું, મારે નથી જોઇતું. પુત્રને શરીરે આટલા ઘા શા !! રાવણને મારનાર પુત્ર વીરની માતા હોવાથી યશ તો મહત્, પણ શું કરૂં તેને. છોકરો બહુ મેહેનતે ભણી પાસ થયા પછી તેની માતા કહે છે કે, બળી એ પરિક્ષા અને ઘેર ગયું એ ભણવાનું. આટલી બધી મેહેનતે

પાસ થયો. તાત્પર્ય કે, પાસ થયા પછી એક પ્રકારના હર્ષથી એ ઉદ્દગાર કાઢે છે. ધર્મના બારાંમાં પુત્ર પિતા, ગુરૂ શિષ્ય, મિત્ર કે રિપુ, જે યુદ્ધમાં સામો આવે તેમાં કશું જોવાનું નથી. સુખીઆ ક્ષત્રિને આવી તક મળે છે. જેમ, પુત્રનાં મળમૂત્રથી જેનાં કપડાં મેલાં થાય તેજ ધન્ય છે, તેમ તું મોટો ભાગ્યશાળી છે કે, **ईद्दशं** આવાં (જ્યાં તારા અશ્વની લગામ પકડી હું બેઠો છું એવાં) યુદ્ધની તક તને મળી છે.

ગીતા. અ. ૨. શ્લોક ૩૩–૩૪.

પછી અર્જુન રથમાં બેઠો, અને શંખો ફુંકયા. પછી અરજુનને આ વિચાર આવ્યો ત્યારે પ્રકારાંતરેણુ નારાયણે ઉપદેશ કીધો. એમ છતાં પણ તું નહિં લડે તો, આતતાયીને નહિં હણુવાથી–ધર્મ છોડવાથી તને પાપ લાગશે–તુંજ ધર્મનો ઘાત કરનાર થશે. કેમકે તારાં ધાર્મિક આચરણુથી સ્વર્ગમાં તું ગયેલો ત્યાં અપ્સરાથી નિઃસ્પૃહ રહી મહત્ યશ મેળવ્યો છે. ત્યાં જિતેંદ્રિય રહી તેં મિષ્ટ ઉત્તર તેને એવો આપેલો કે, ત્હારૂં શરીર સ્વર્ગનું અને મ્હારૂં મર્ત્ય લોકનું હોવાથી સંભોગ કરવો યોગ્ય નથી. તેથી તને શાપ આપેલો તેને તેં વરરૂપ માની લીધેલો. એ રીતે તું જિતેંદ્રિય દ્રઢ રહેલો. તે બધી કીર્તિ ખોઇ બેસશે. તું તપ કરતો હતો તેની ઇંદ્રે સ્તુતિ કરેલી, પણુ પાસે ધનુષ્ય બાણુ જોઇ કહ્યું કે, આવું ભારે તપ છતાં સકામ છે તો ધિઃકાર છે એ તપને. ત્યારે તેં કહેલું કે, પ્રભો! હું મોટાભાઇને આધીન છું–એ મારો ધર્મ છે તેથી તે પુછવું હોય તો ત્યાં જઈ તેમને પુછો. એવો ધર્મ પાળનાર તું છે તેથા ન લડશે તો ધર્મથી વિમુખ થશે. ધર્મ અને કીર્તિ નાશ પામશે. તેથી તને પાપ લાગશે. અકીર્તિ થશે તેથી કવિઓ તારા અપયશઃ ગાશે, અને ચોપડે લખાશે. જ્યાં સામાન્ય વાત ચાલે ત્યાં વિશેષ કહે, અને વિશેષ વાત ચાલે ત્યાં સામાન્ય કહે તેને અર્થાંતરાલંકાર કહે છે. સુતર હલકું છતાં ફુલની માળા સંગે માથે–કંઠમાં ધારણુ કરાય છે. **पुष्पमालानुं संगेन सूत्रशिरसि धारयेत्.** હનુમાનજી દરીઓ તરી ગયા. એ સામાન્ય વાત. પછી કહ્યું કે, **दुष्करंकिं महात्मनां.** મહાત્મા

શું નહિં કરી શકે ? ! બધું કરી શકે છે. એ વિશેષ વાત. વિશેષ વાત ચાલે છે કે, યુદ્ધ ન કરશે તો અપકીર્તિ થશે, ત્યાં સામાન્ય કહે છે કે, ધર્મ રહે ત્યાં કીર્તિ રહે છે; તે જશે એટલુંજ નહિં પણ લોકો ફાવી જશે. તે હજારો મુખથી બોલશે ત્યારે બહુ પસ્તાવો થશે. કર્ણ પાસે કવચ કુંડળ હોય ત્યાંસુધી તેને મગદુર નહિં કે કોઈ મારે. તેથી તે યાચના કરી લઈ આવવા કૃષ્ણે બ્રાહ્મણ બની જવા વિચાર કીધો તે જાણી રાત્રે કર્ણ સુતેલો ત્યાં સૂર્ય ગયા, અને તે વાત કહી બહુ સમજાવ્યો. તે બધું સાંભળી લઇને જવાબ દીધો કે, પ્રભો ! આપ સત્ય કહો છો; પણ આપ કહો છો તેમ દાન દેવા હું ગાંડો બનું છું તે ખરૂં છે. મારી પાસે માગવા આવશે તે પણ ત્રૈલોક્યાધિપત્તિ પ્રભુ આવશે. એનાથી બીજો પાત્ર મને કોણ મળશે ! ! પણ દાન આપવાની જો મારે મુખે ના કહેવી પડે તો હું તરતજ મરી જાઉં એમ છે, તો તે કરતાં આપ્યા પછી ઘણે વખતે કદાચ મરવાનો હોઈશ તો મરીશ. ત્યારે દીકરો તરત મરે અગર થોડું વધારે જીવીને મરે, એ બેમાંથી આપ જે યોગ્ય ધારતા હો તે કહો-હું શું કરૂં (વાહ ! ધન્ય કર્ણની દાન શૂરતા ! અરજુનનોજભાઈ !)

અરજુને આગળ કહેલું કે, **यानेव हत्वा न जिजीविषाम०** એટલે એ ભાઇઓ ગુરૂ વગેરેને માર્યા પછી હું જીવવાનો નથી. પણ આ અપકીર્તિ તો મરવા કરતાં અધિકતર છે. યુદ્ધ ન કરશે તો મરવા કરતાં અનેક ગણું મરણ છે. સંભાવિત—મોટા પ્રતિષ્ઠિત પુરૂષની અપકીર્તિ થાય તો તે સો વખત—પદેપદે મરવા જેવું છે. તું ધર્મ અને કીર્તિમાં મહાસંભાવિત સ્વર્ગ સુધી પ્રસિદ્ધ છે. તેથી એને નહિં મારતાં જીવંત રહેવું તે વારંવાર મરવા જેવું છે.

घटं भिंद्यात् पटं छिंद्यात् कुर्यात् रासमरोहणं ॥
येन केन प्रकारेण प्रसिद्धः पुरुषो भवेत् ॥

એક જણને પ્રસિદ્ધ થવા ઇચ્છા હતી. એક વિદ્વાન પાસે જઈ કહ્યું કે, બજારમાં દુકાન કાઢી છે માટે હૅન્ડબીલ કાઢવાં છે—શું કરવું ?

તેમણે કહ્યું કે, હું કહું તેમ કર. પાણી ભરીને બૈરાં જાય ત્યાં ઉભો રહે. શ્રીમંતની બાઇરીની ગાગરમાં પથરો મારજે (ઠીકરાંનીજ અસલ પવિત્રતા માટે વપરાતી). લોક પકડે ત્યારે કહે જે કે, બજારમાં નનુમીઆંની દુકાન કાઢી છે તે હું છું, પણ માબાપ! ભુલ થઈ માફ કરો. બીજો ઉપાય કહ્યો કે, બાગમાં મોટા લોકો ફરવા આવે તે બેસે ત્યાં તેની પીછોડી પકડી ચીરી નાખજે. પોલીસ લાવી પકડે ત્યાં એમજ કહેજે. પછી ગધેડા ઉપર બેસી પુંછડાં તરફ મુખ રાખજે અને ગામમાં ફરજે—ત્યાં કહેતો રહેજે કે નનુમીઆંની દુકાન બજારમાં ખોલી છે. આ પ્રસિદ્ધ થયોજ જાણજે. પણ અરજુન રે! તું કાંઈ એવો નથી. તું તો સંભાવિત છે.

ગીતા અ. ૨ શ્લોક ૩૫–૩૬.

ત્રીસ શ્લોક થયા બાદ ધર્મની વાત ચલાવી કોઈ માણુસ કાંઇ કામ કરવા લાગ્યો કે અનેક જણ પોતપોતાના જુદા જુદા અનેક અભિપ્રાયો કહેશે. વેદાંતી કહેશે કે, **अनारंभो मनुष्याणम् प्रथमं बुद्धि लक्षणं.** ॥ તે બધાની વાત સાંભળીને ડાહ્યો માણુસ નિશ્ચળ રહે છે. **निन्दन्तु निति निपुणा यदि वा स्तुवन्तु०** × × × એ રીતે. એક ટટ્ટુ ઉપર બાપ દીકરો બેહુ બેઠા જાય છે. રસ્તે લોક કહે કેવા નિર્દય છે. ટટ્ટુને શું મારી નાખવું છે. બાપે ચાલવા માંડયું ત્યાં લોક કહે, બુઢાને ચલાવે છે દીકરો નિર્દય છે. બાપ બેઠો—દીકરો ચાલે છે, તો કહે, ડોસો સ્વાર્થી છે. ત્યારે બેહુ ચાલે છે તે જોઈ કહે કે, કેવા મૂરખ છે—ટટ્ટુ શું કામ રાખ્યું. એમ લોકનું સાંભળ્યા કરે તો છેડો ન આવે. તેમ, અરજુન કહે, ભલે લોક અપકીર્તિ કરે. બધા ઉપર દયા જોઇએ. જેમ, જગતપાલક દેવમાતાથી અધિક દયાળુ છે, ભીષ્મ વગેરે બહુ દયાળુ છે, તો મારામાં પણ કેટલી દયા છે તે દેખાડું. ત્યારે કૃષ્ણ કહે, મહારથીઓ તો સ્વપ્ને પણ એમ નહિં સમજશે. બધા લોકો નિંદશે. મોટા મોટા અતિરથી મહારથી એમ સમજીને નથી આવ્યા કે, અરજુન હમને મારશે. ભીષ્મ દ્રોણ કદી પણ એમ નહીં સમજે કે અરજુનો

દયા કરી. એવું તો દીનજનોજ માનશે. તેઓ તો બીજાપર દયા કરવા વાળા છે, કોઇની દયા લેનારા નથી. દયા હતી તો યુદ્ધનો આરંભજ શું કામ કીધો. તેથી દયાને લીધે અરજુન અટકયો એમ કદી નહિં કહેશે, પણ ભયથી રણથકી ઉપરામ થયો, એમ માનશે. આગળ ભીષ્મ દ્રોણનો યુદ્ધમાં મુકાબલો થયો નહીં હતો. આ પ્રથમજ છે. તેથી તેઓ કદી નહિં કહેશે કે, દયા કરી. દયાનો બુરખો ઓઢી લઈ હમને ડરાવવા આવ્યો, એમજ કહેશે. યુદ્ધ દેવતા-જગદંબાએ કહેલું કે તું નર છે, સાથે નારાયણ સહાય છે. ત્હારો વિજયજ થશે. ભાઈ-પાર્થ! તારાં પરાક્રમો તરફ નજર કર. તું ખસ્યો નથી ત્યાં સુધી શોભામાં છે. ખસ્યો કે પત્યું. હલકો પડી જશે. મહારથીઓ તને માન આપે એવો છતાં ગુરૂત્વ ગુમાવશે.

તું રૂપીઓ નહિ થા. રૂપીઓ થશે તો નિઘર્ષણ, છેદન, તાડન, તારી પછાડી લાગશે. રૂપીઆને ઘસે છે, કાપે છે, જમીનપર અફાળી ખખડાવે છે તેમ થશે. કોડી જેવો રહેજે. કોડી ગમે તેવી ફુટેલી તુટેલી કે કાણી હોય તો પણ કોઇ છેડે નહીં-ચાલી જાય છે. એવા તો મહાત્મા-સંત છે. તું તો વધી ગયો. દ્રુપદને જીવતો પકડી લાવી દ્રોણને આણી આપ્યો ત્યારથી તારી કીર્તિ ચાલી. તેથીજ દ્રુપદે એવા શુરવિરને જાણી કન્યા આપીને અરજુનનું મુખ જોયુ. પછી વનવાસમાં શિવજી સાથે યુદ્ધમાં જીતી ગાંડીવ ધનુષ્ય લાવ્યો. ગઉહરણ વખતે બધાને નિદ્રાસ્ત્રથી ત્યાં પાડેલા. **येषांचत्वं बहुमतो भूत्वा.** જેને તું બહુમાન્ય થઇને હવે લાઘવને પામશે-એથી બીજું દુઃખ શું!! સજ્જન પાસે લોકોના ગુણ દોષ આવે, પણ તેઓ તો લોકોના ગુણોનેજ જાહેરમાં મુકે, અને દોષ ગળે રાખે. જેમ શ્રીશંકરે હળાહળ વિષને પી જઈ ગળાંમાંજ રાખેલું તેમ રાખે. એ રીતે મહારથીઓ સમજી લેશે; પણ કર્ણ દુર્યોધન તેવા નથી. **अवाच्य वादांश्च बहून्.** શત્રુઓ તો નહિ બોલવા જેવાં વેણ બોલી પોકાર કરી મૂકશે. કર્ણ, દુર્યોધન, શકુનિ, ને દુઃશાસન, એ ચોકડી મળીને વાતો કરશે કે, કેમ

હું કહેતો તે સાચું કે જુઠું. એમ કહી તાળીઓ પાડશે. પછી નિંદા ચલાવશે કે, અરજુનનો ખરો સ્વભાવ પંઢનો હતોજ. તે અજ્ઞાતવાસમા બહાર પડેલો. ખરો નર હતે તો પાછો હઠતે કે?! તારામાં જેટલું સામર્થ્ય છે તેની જેટલે પ્રકારે નિંદા થાય તેટલી કરશે. એ સાંભળવું તેનાથી વધારે દુઃખ કયું! આ યુદ્ધ છે તેમાં દુઃખ લાગે છે તો, એ દુઃખ કે તે દુઃખ જાદે? તેથીજ એને દુઃખતર કહ્યું છે. "લડ" એવું ન બોલતાં ભગવાનનું કહેવું એજ છે કે, "માટેજ તું લડ."

ગીતા અ. ૨ શ્લોક ૩૭-૩૮

हतो वाप्राप्स्यसि स्वर्गं०××× એમ કહેવાથી ધર્મ સંબંધી કહેવાની વાત ખલાસ કરી. સ્વધર્મ ઉપર તારી નજર હોતે તો તું આટલી વાત કરતેજ નહિં. આંખ જુવે છે. શા માટે? આંખનો ધર્મ છે તેથી. તેમ, લડવાને કેમ ઉભો? ક્ષત્રીનો ધર્મ છે તે માટે. મનરૂપ ઘેડાને ધર્મ ઉપરજ ચલાવવું હોય તો તે ધર્મ ઉપરજ નજર રખાવવી. ઘોડાની આંખની આસપાસ બે પટા બાંધે છે કે તેથી ઘોડો આજુ-બાજુનું કંઇ ન જોઈ શકતાં સીધે માર્ગે સીધું જોતો ચાલ્યો જાય. તેમ, મન બીજી બાજુ જોઈ ન શકે- ન જઇ શકે માટે તેને ધર્મ ઉપરજ નજર રખાવવી. યુદ્ધ ન કરે તો કીર્તિ ગઇ-એટલે ઇહ લોક-ધર્મ ગયો, અને પરલોક ગયો. ધર્મનો શું ધર્મ છે? સુખ આપવું. જો ફાવ્યા તો ફાયદો છે, નહિં ફાવ્યા તો બમણો-અનેક ગણો ફાયદો છે. દાન આપનારને ખાવાનું ખૂબ મળે તો કહેવાશે કે, એવાને પ્રભુ આપેજ છે-દાતાને પ્રભુ ભુખ્યો રાખતોજ નથી; અને તેને ખાવાનું ન મળ્યું તો-અગીઆરસનું અપવાસનું તે તપથી મોટું પુન્ય થશે, તેમ, તું હણાશે તો સ્વર્ગ મળશે, અને હણુસે તો પૃથ્વીનું રાજ ભોગવશે. એ રીતે ફળ કથન કીધું. પણ અરજુને કહેલું કે, **न कांक्षे**० હું તો જય, રાજ્ય, અને સુખની ઇચ્છા નથી કરતો. પ્રભુ કહે છે કે તું એ ત્રણે માટે નહિં લડ. એ ફાયદા માટે ધર્માચરણ કરવાનું નથી.

જગતમાંનાં સુખદુઃખ, જય અજય, લાભ અલાભ, એ સરખાંજ છે એમ સમજીને લડ. દ્વંદ્વથી રહિત મત્સર વગરનો થઈ, ધર્મ છે એમ સમજીને લડ, તો તને પાપ નહિં લાગશે. કામનાથી જે ધર્માચરણ કરે છે તેને, તથા ધર્માચરણ નહિં કરે તેને પાપ લાગે છે. શ્રૌત સૂત્ર, ગૃહ સૂત્ર, ધર્મ સૂત્ર, એ ત્રણ સૂત્રો છે. અર્થ અને કામની વચમાં ધર્મ ઉભો છે. મોક્ષ અલગ રહ્યો. અર્થનું કે કામનું વધારે સેવન નહિં કરવું, સમસેવન કરવું. એકને વિશેષ આસકત થાય તે હલકો છે. કોઈ કામના માટે નહિં, પણ ઇશ્વર પ્રીત્યર્થે એટલે ચિત્તશુદ્ધિ માટે ધર્માચરણ કરવાનું છે.

આપસ્તંબ ગૃહ્યસૂત્રમાં લખે છે કે, **आम्रफलार्थे**. એક પુરૂષ કેરી લાવ્યો. રસ્તે લોકોને આપી, પણ ગોટલો માગી લીધો. તે લાવીને ઘરના વાડામાં રોપ્યો. વૃક્ષ થયું. છોકરાં વાતો કરે છે કે, બાબાએ ઝાડ કેમ વાવ્યું? કોઈ કહે, પાંતરાંનું દાતણ કરવા, કોઇ કહે છાયાં માટે, કોઇ કહે ગાય બાંધવા, કોઇ કહે સુગંધ માટે, કોઈ કહે ફળ ખાવા માટે. તો, એ દરેકની વાત ખરીછે. સુગંધ તો મોગરાથી પણ આવતે. ગાય તો ખુંટે પણ બંધાતે, છાયાં તો વડ રોપતે તેથી પણ થતે. તાત્પર્ય કે બધું એનાથી થાય છે તે માત્ર પ્રાણીનું કલ્યાણ થવા માટે છે. બાપે બીજાનું હિત વિચારી વાવ્યું છે. તેમ, ધર્માચરણ કરનાર સુખી થાય છે. **धर्मो नित्यः** ધર્મ નિત્ય છે. કેમ? **धर्मत्वात्** ધર્મ હોવાથી. ધર્માચરણ કીધા પછી સુખો આવે તેને કોઇ **ના** કહેતું નથી. પછી તે સુખો ભલે તમારે લેવાં હોય તો લો. ખૂબ મળે તો વૈરાગ્ય થાય છે.

ગીતા અ. ૨ શ્લોક ૩૯-૪૦

આપણાં મુખમાં ૧૬ દાંત ઉપર છે, અને ૧૬ નીચે છે. તેજ જાણે અનુષ્ટુપ છંદ હોયને. હાડકાં મુખમાં લઈ ફરીએ છીએ. **द्विजत्वात् शुद्धः** એ રીતે અલંકાર કહે છે કે, હાડકું છે ભલે, પણ દ્વિજ-દાંત હોવાથી શુદ્ધ છે. પણ કુતરો મુખમાં હાડકું લઇ આવે તો

અભડાઈ જવાય છે. આઠ આઠ અક્ષરની એક લીટી, એટલે ૧૬ની બે લીટી. પ્રથમની આઠમાં પૂર્વે શું કહેવાઇ ગયું તે કહ્યું. બીજી આઠમા હવે શું કહેવાશે તે વિશે કહે છે. તે બે પ્રસંગને જોડવાની સાંકળ જાણે હોય તેમ.

રોજ રોજ સ્નાન સંધ્યા વંદન પૂજન શ્રવણ વગેરે કરવાનું કારણ શું ? ઉત્તર કે, રોજ રોજ દાતણ કરવાનું, જમવાનું, દીવા કરવાનું શું કામ ? ! જેમ, આરોગ્ય માટે, તૃપ્તિ માટે, અંધારૂં ટાળવા માટે એ કરવું પડે છે, તેમ તે વિશે પણ સમજી લેવું. એમ જે કહી ગયા તેનું સિંહાવલોકન કરે છે કે, **एषातेऽभि हितासांख्ये**. સિંહ ઉઠીને વનમાં નિકળે છે ત્યારે બેધડક–નિર્ભય હુવો ચાલે છે, ત્યારે આમ જુવે છે પછી આમ–બીજી બાજુએ જુવે છે. તેવાજ વ્યાસજી સિંહ જેવા છે. પૂર્વે **अशोच्याथी** આત્મજ્ઞાનની વાત શરૂ કરી. તે **नैवं पापमवाप्स्यसि** સુધી કહી. આ ૩૯માં **कथिता** નહી બોલતાં **अभिहिता** કહ્યું. તેથી એમ દેખાડયું કે, ચારે તરફથી જોતાં–તપાસતાં એમાં ત્હારૂં હિત ભરેલું છે. (આ બોધ જે કીધો તેમાં) સાંખ્ય=સમ+ખ્યા. **सम्यक् ख्यायते आत्मतत्वं येन** સ્પષ્ટ રીતે જણાવવું તે શું ? ઉપનિષદ્. ઉપનિષદ પ્રતિપાદ્ય જે આત્મા, તે સાંખ્ય. તે આત્માનો (બુદ્ધિઃ એટલે) બોધ કીધો. તે બુદ્ધિ કેવી ? **अभिहितं यस्मात्**=જેમાં હિત રહેલુ છે એવી. માટે અભિહિતા કહ્યું. આત્મા અનાત્માની, ધર્મ કર્મની, અને પછી વ્યવહારની વાત કહી છે. જેટલું સમજાવાનું તે સાંગોપાંગ સમજાવ્યું. છેલ્લે નિષ્કામ કર્મયોગ પણ કહ્યો. ભાઈ ! શોક જાય તેટલા માટેજ કહ્યું ને,–મારી બુદ્ધિ–અક્કલ તને આપી. એ આપેલી અક્કલથી કંઇ તારા હૃદયમાં બોધ થયો નહીં. બોધ થયો હોત તો **नैवं पापमवाप्स्यसि** કહેતાંની સાથેજ ઉઠી ખડો થતે–લડવાને સજ્જ થતે. અરજુન ચાતક છે. કૃષ્ણ મેઘ છે. ચાતક પક્ષીની ચાંચ નાની. તે તળાવ નાળાં ઘણાંએ ભરેલાં હોય ત્યાં પાણી ન પીએ, પણ મેઘનુંજ પાણી પીએ, પીહુ–પીહુ એવી રાહાડ પાડે, અને મેઘ પડે ત્યારે બે ટીપાંજ પાણી ચાંચમાં

સમાય. એવાં બે ટીપાં આપતાં નથી આવડતાં. કૃષ્ણ કહે, મારી પાસે એવી યુક્તિ (યોગ) છે કે, જેથી ત્હારી ધ્યાનમાં આવી જાય-આવર્ણો ધોવાઈ જાય, એટલે ધ્યાનમાં આવી જશે. તેથી તેનાં સમાધાનમાં કહે છે કે,-યોગનાં બારામાં આ બુદ્ધિ એટલે બોધ સાંભળ.

યોગ, એટલે નિષ્કામ કર્મયોગ. એમાંથી નિષ્કામ અને યોગ કાઢી બાજુએ રાખો તો, "કર્મ" ફક્ત રહે. તે "કર્મ" એટલુંજ બોલતે તો અરજુનની શ્રદ્ધા બેસતે નહીં. તે નિષ્કામ કર્મયોગ એટલે જ્ઞાન પ્રાપ્તિનું સાધન. એ શ્લોકની બે લીટી મથક છે.

તે નિષ્કામ કર્મયોગની સ્તુતિ કરે છે-Hand Bill જાહેર ખબર વ્હેંચે છે. ભગવાનને સ્તુતિ કરવાની હોંસ બહુ, પણ કોની સ્તુતિ કરે ?। જો પોતાનીજ કરે તો આત્મશ્લાઘા કહેવાય. તેથી જીવન્મુક્ત મહાત્માની, ભકતલોકની, કર્મયોગ જેવાં ઉત્તમ સાધનનો પ્રસંગ આવે ત્યાં તે સાધનની સ્તુતિ કરે છે. (આપણે તો હાલ "સા" ને છોડી દઈ "ધનનીજ" સ્તુતિ કરી રહ્યા છીએ). હવે જે બોધ તને આપું છું તે કર્મની વાત એવી સુંદર છે કે, કર્મથી થતો બંધ તુટી જશે. કર્મ કરવાની ઢબ એવી કહીશ-ધર્મ કેવી બુદ્ધિથી આચરણ કરવો તે બતાવીશ

કર્મથીજ કર્મ જાય-કપાય-હટે. જેમ, કાંટાથી કાંટો નિકળે છે તેમ. કામના ઢીલી થઈ ગઈ તો કર્મનો બંગલો પણ ઢીલો થઇ જાય છે. આ સંસારમાં કામનાનીજ ફજેતી ભરેલી છે. ઘુવડો દીવસે આંધળાં, રાત્રે કાગડા અંધ; પણ કામાંધતો દીવસે અને રાત્રે જોતો નથી, એટલે રાત છે કે દહાડો જોતો નથી. **अपूर्वं कोपि कामांधो दिवानक्तं न पश्यति.** ધર્માચરણથી તારૂં કલ્યાણ જરૂર થવાનું છતાં નથી થતું તેનું કારણ શૂ ? **कामएष क्रोधएष०** રીતમાં ભુલ થઇ છે તેથી. ધર્માચરણમાં શુરવિર જોઇએ. શૌર્ય ન હોય તો કલૈબ્ય-બાયલો. તેવાથી કંઈ ન થઇ શકે. કામનાની ગુલામ એવી ૧૧ ઇંદ્રી જોડે રોજ લડવું જોઇએ-તે વખતે ધર્મનું રક્ષણ કરવું જોઇએ-કામને જીતવો જોઇએ,

રાગદ્વેષને તાબે કરવા જોઇએ. કામને જીતવાને વૈરાગ્ય અને નિશ્ચય જોઇએ. **धर्मएव हतो हंति धर्मो रक्षति रक्षितः ॥** ધર્મને હણે તો તે હણાયલો ધર્મ (હણનારને) હણે છે; અને ધર્મનું રક્ષણ કરે તો તે રક્ષાયલો ધર્મ આપણું રક્ષણ કરે છે.

જે લોક દુઃખને દૂર કરવા ઇશ્વરને ભજે છે તે કંઈ ઈશ્વર છે એમ જાણીને નહીં. તેથી હજી તેવા છે તે ભકત રહ્યા-અર્થવાળા. અને એથી ઉચી ભૂમિકાવાળા છે તેને ગમે તેવું દુઃખ પડે છતાં તેને માટે ઇશ્વરને કશું નહિં કહે. કંટકોદ્ધરણ ન્યાયે કર્મયોગથી કર્મ બંધ છુટશે.

રાવણ મારીને આવી રાજ્યપદે બેઠા પછી રામ અશ્વમેધ યજ્ઞની દીક્ષા લઈ બેઠા. વિશ્વામિત્રનો પોતાના યજ્ઞનું રક્ષણ કરવા રામને લઈ ગયલા; પણ અહીં રામ પોતેજ દિક્ષા લઇ બેઠા ત્યાં કોણ રક્ષણ કરે. તેથી વિભીષણને સેના સાથે બોલાવ્યા. તેને પોલીસનું કામ સોપ્યું. વિઘ્ન કરનારા પણ સામા રાક્ષસો જ હોય છે, તેની સામે રાક્ષસોજ ઉભા કીધા. આ વિભીષણ તો રામભકત. તેનું સૈન્ય જોઇને, બીજા જે વિઘ્ન કરવા આવે તે કહે છે કે, અરે ! આ તો આપણા રાજા છે-આ બધું તો આપણું જ, તે જોઇ ઉલટા કહેવા લાગ્યા કે હમને કાંઇ કામકાજ ફરમાવજો **राक्षसाएव रक्षिण :॥** રાક્ષસો જ રક્ષક છે. તેજ રીતે જે સતાવે તે પણ કર્મ છે, અને કામના કાઢી નાખવાનો રસ્તો તે પણ નિષ્કામ કર્મયોગ. બધી ધાસ્તીનું નામ વિઘ્ન છે. ગમે તે કામમાં કંઇ કંઈ વિઘ્ન તો હોય, તેને લાત મારી કાઢવાં. કારેલાંની કામના-ઇચ્છા થઇ તો લાત મારી ચાલવું, કામનાને હટાવી ન શકવાથી બધી સિદ્ધિ અટકી ગઇ. ધર્માચરણ કરવા ઉઠે છે કે અનેક વિઘ્ન આવે. **प्रारभ्यते नखलु विघ्नभयेननीचैः ॥** નીચ-હલકા લોકો વિઘ્ન આવવાના ભયથી કોઇ વાતનો આરંભ જ કરતા નથી. તે ચોકખા બાયલા છે. બીજા મધ્યમ છે તે આરંભ તો કરે છે પણ વિઘ્ન આવે તો અધુરૂંજ પડયું મુકે છે-વિઘ્નોને લાત મારી આગળ વધી શકતા નથી; અને **विघ्नैः पुनः पुनरपि हन्यमाना पारब्ध मुत्तमजना नपरि त्यजन्ति ॥**

ગમે તેટલાં વિઘ્ન આવ્યા છતાં ઉત્તમ લોક છે તે પ્રારંભ કરેલાંને છોડતાં નથી. ભારેમાં ભારે વિઘ્ન–દુઃખ છેવટનું જો કાંઈ હોય તો તે મર્ણ છે. તે મૃત્યુ પણ જો કદી આવ્યું તો પણ શું થઈ ગયું. એ બધાની પરીક્ષા ઉપલા લોકમાં થાય છે. મધ્યમ લોક માટે કહે છે કે, કામના સાથે બહુ યુદ્ધ થયું પણ કામે ફટકાવ્યો. ઉત્તમ તો કામનાથી ડર્યોજ નહીં. વીંછી જેવો બની કામનાને ડંખ મારીને નસાડી મુકી. આ દુનીઆં શ્રી પ્રભુની છે–આપણો હક નથી. આપણે શું કામે અહીં આવ્યા છીએ તે વિચારવું. શાસ્ત્રની આજ્ઞા પાળવી. વર્ણાશ્રમાદિ ધર્મ પ્રમાણે વર્તતો જા, તો તારો યોગક્ષેમ હું ચલાવીશ, એમ પ્રભુ કહે છે. **न जातु कामात् न भयात् न लोभात्।** કામનાથી, ભયથી, લોભથી જીવની ઇચ્છા કહેશે કે, ધર્મ છોડો; પણ પ્રભુની આજ્ઞા છે કે ન છોડો, તો પ્રભુ રક્ષા કરેજ. મનુષ્ય પ્રભુનો એક અવયવ છે. ઇચ્છા પ્રભુનીજ ચાલે. અનુશાસન પ્રભુનુંજ પાળવું તે કાંઈ ફળની ઇચ્છાથી નહીં. **मत्कर्म कृन्मतपरमो** એવાને વિઘ્ન નહીંજ આવે. વિઘ્નહર ગણેશજ પરમાત્મા છે. તેનાં શરણથી વિઘ્ન ન આવે. નિષ્કામ કર્મયોગમાં વિઘ્ન છેજ નહીં. તેમાં કોઇનો પ્રત્યવાય (અટકાવ) પણ નથી. સ્વધર્મ–નિષ્કામનું થોડું પણ આચરણ કરાય તો મોટા ભયથી બચાવે છે.

ગીતા–અ. ૨ શ્લોક ૪૧.

ધર્માચરણનો બધો આધાર બુદ્ધિપર રહેલો છે. મુક્તિના સાધન ભૂત નિષ્કામ કર્મયોગમાં કામના ન જોઇએ. **अकामस्य क्रियाकाचित्।** અકામ પુરૂષને ક્રિયા શી ? ! કામના વગર કોઇ કર્મ કરે, એ વાત અસંભવિત્ (મનુસ્મૃતિ).

अकामस्य क्रियाकाचित् द्रश्यते नेह कर्हिचित् ।
यद्यद्हि कुरुते कश्चित् तत्तत् कामस्य चेष्टितं ॥

નિષ્કામતા આવે ત્યાં કર્મ શી રીતે રહી શકે ? ! શરીર છે કર્મ કરવાનું એક યંત્ર છે, અથવા બ્રહ્મપ્રાપ્તિનું યંત્ર છે. એવું અમુલ્ય યંત્ર છતાં મૂર્ખના

(કે છોકરાંના) હાથમાં આવ્યું તો કુંચી ઉંધી ચત્તી ફેરવી ૩૦-૪૦ વરસમાં ભાંગી નાખે, એટલે ગમે તેવી વિષયાસક્તિમાં ઘસી તોડી નાંખે. આયુષ્ય ક્ષીણ કરી નાખે ને મરે. બ્રહ્મવિદ્યામાં કર્મની કાંઇ જરૂર નથી તો શું કામ કરવાં? જેમ ઘોડા બળદ વગેરેની જરૂર જગતમાં છે, તેમ ચિત્તશુદ્ધિ માટે કર્મની જરૂર છે. **तमेतं वेदानुवचनेन०** × × કયા સાધનથી બ્રહ્મને જાણવા ઇચ્છે છે તે કહે છે—વેદ વેદાંતના વચનથી, યજ્ઞ દાન તપથી. **ऋषयः संशित व्रताः** પ્રથમ વેદાનુવચનથી એટલે બ્રહ્મચર્યાશ્રમથી, પછી યજ્ઞ દાનાદિ માટે ગૃહસ્થાશ્રમથી. તપ કેવું કે, જેથી નાશ ન થાય એવું, તપને વિશે મોટો ધોકો છે તેથી કહ્યું કે, શરીર ઈંદ્રીનો નાશ ન થાય તેવું તપ. **आद्दौ स्ववर्णाश्रम वर्णिता क्रिया** તે કર્યા વગર પ્રસાદ ન આવે, ત્યાં કામના વગર તે થતું નથી; શ્રુતિ છે કે **आत्मावाऽरे द्रष्टव्यो०** × એવા આત્માને જાણવાનાં સાધન કયાં? તેને માટેજ આશ્રમ ધર્મ કહ્યા. ધર્માચરણની કામના એવી હોય કે, હું જરૂર તરીશજ. તે સ્વધર્મ ઉપરની દૃઢ નિશ્ચય વૃત્તિ—ધર્મજ મ્હારો તારક છે. તે ધર્મની પાછળ કોણ રહેલું છે? ઋષિ મુનિઓ. તેઓ હાલના બ્રાહ્મણ જેવાં નહીં. **परान्नेन मुखं दग्धं हस्तदग्धं प्रतिग्रहात्।** પારકે ઘેર ખાઇ જમીને મુખ—જીભ દગ્ધ થયલા, હાથ દાન લેવાથી દગ્ધ થયેલા. તે ઋષિઓ એવા ન હતા તેથી પવિત્ર હતા. એવા મુનિના વાકય હોવાથી તેઓ તે ધર્મની પાછળ રહેલા છે. તેમની પાછળ હિરણ્યગર્ભ છે અને તેની પાછળ અવ્યક્ત—સગુણ પરબ્રહ્મ છે. તેમાં સર્જન ઇચ્છા છે. સુતેલાને જગાડ્યા પછી તેને વાર કેટલી! તેને તમે કહો કે તમે તો શાસ્ત્રી છો, તમે બ્રાહ્મણ છો, તમારૂં નામ અમુક છો. પણ જાગ્યા પછી એવું કશું તેને કહેવું નથી પડતું. ૐ શબ્દ કાને પડતાં ઋષિઓ જાગી ઉઠયા. તે **महर्षयः सप्त पूर्वे** (જ્ઞાનયોગ) અને **चत्वारो मनवस्तथा॥** તે મનુએ કર્મયોગ કહ્યો. તે ઋષિમુનિઓએ ધર્મ ફેલાવ્યો. વ્યાસે તો ઉંચા હાથ કરી કહ્યું કે, **धर्मादर्थश्च कामश्च सकिमर्थं न सेव्यते**. ઉત્તમ ધર્માચરણમાં માત્ર

દુઃખની નિવૃત્તિની ઇચ્છા–કામના છે. છતાં કાગડો જેમ પાણીથી ભરેલાં તળાવ નદી નાળાંને છોડીને સ્ત્રીનાં મસ્તકપર મુકેલાં બેઢાંમાં ચાંચ બોળે છે, તેવી કામના ન જોઇએ. ધર્માચરણમાં વેદવાક્ય કોણ બોલે છે તે જુઓ. ઋષિમુનિ,–તે પહેલાં હિરણ્યગર્ભ,–તે પહેલાં પરબ્રહ્મજ છે તે બોલે છે. તે ધર્માચરણને અનુકુળ કામ રાખવો. યથેચ્છ ખાવાની કામના ઉઠી કે, કાંદાનાં ભજીઆં કરીએ; શાસ્ત્રીનાં મનમાં એમ આવ્યું તો ધર્માચરણને પુછવું. શાસ્ત્રમાં જોતાં જવાબ નિકળ્યો કે, **नपलांडुं भक्षयेत्**. જો કાંદા ખાશે તો જ્ઞાન નહિં થશે. એટલે તરત જીભને કહે કે, ખબડદાર. જીભ ઉપર સખ્ત પહેરો મુકી દીધો. ઇંદ્રીઓને રોકવામાંજ મઝા છે, તોજ રીતસર કામ તે (ઇંદ્રીઓ) કરી શકશે. રોકયા વગરનું મન ચિત્ર જેવું છે. **घृतः शरीरे मृतस्य जीवति ॥** અપથે પગ મુકે છે. નિષ્કામ કર્મયોગમાં ફળ નાશ થતું નથી, ચિત્ત શુદ્ધિ થશે. સ્વર્ગની કામના નહીં હોવાથી સ્વર્ગ નહિં મળે. પરમાત્મપ્રાપ્તિ થવી એજ તે ચિત્ત શુદ્ધિનું મુખ્ય સ્થાન છે. એ કર્મયોગમાં સાધન કયું ? દ્રઢ નિશ્ચય જોઇએ.

ધર્મરાજા વનમાં જવા નિકળ્યા ત્યારે બધા લોક સાથે ગયા. તેને પાછા જવા ખૂબ સમજાવ્યા, પણ તેઓમાં સાધુ બ્રાહ્મણો કાંઈ માને તેવા નહિં હોવાથી સાથે આવતા જોઈ (યુધિષ્ઠિરને) યજ્ઞ અને દાન એ બેની ફીકર રહી, એમ બોલી રડયા ત્યાં (દયાકૃપાથી) સૂર્યે આવી અક્ષય પાત્ર આપ્યું. બધી તરફથી તપાસવું કે, હું આમ કરીશ તો લોક શું કહેશે. દેવ, ઋષિ, સંત, વિદ્વાનો તો કહેશે કે, વાહ વાહ !! બસ. **कौंतेय प्रति जानीहि नमे भक्तः प्रणश्यति ॥** ધર્માચરણમાં ઢચુપચુ નહિં જોઇએ. દ્રઢ નિશ્ચય કરીને ઉઠ. જેટલાં પડ કાઢે તેમાં–તે બધાંમાં દ્રઢ નિશ્ચયજ દેખાય. જેમ, કેળકે ઝાડમેં પાંતપાંતને પાંત કેળનાં ઝાડનાં પડ ઉખેડયાજ કરો તો પાંતરાંજ નિકળ્યાજ કરશે. બુદ્ધિએ નિશ્ચયનું રૂપ લીધું કે ત્યાં શ્રદ્ધા ભકિત બધું આવે. દ્રઢ નિશ્ચયવાળી બુદ્ધિ છે તે **दृढ पक्का** આ નિષ્કામ કર્મયોગમાં એકજ જોઇએ. રામ-

ચરિત્ર જુવો. રામનો દ્રઢ નિશ્ચય કે પિતાની આજ્ઞા પાળવી, એકજ પત્નિવ્રત, એકજ બાણુ. રામના વખતના વાંદરામાં જે નિશ્ચય હતો તેને આજે આપણે મનુષ્ય પણુ પાત્ર નથી. કેમ ? કામનાને લીધે. ગીતાનો પાઠ અમુક કાળ સુધી અથવા ચાતુર્માસ તો કરીશ, એવો દૃઢ નિશ્ચય હોય તો તાવ પણુ ઉતરી જાય. બંત્રાની અક્કલ જુદી, પણુ નિશ્ચયાત્મિકા બુદ્ધિ હોય તો તે એકજ બુદ્ધિ છે. ધર્મ માર્ગમાં-સંન્યાસ માર્ગમાં પણુ એકજ બુદ્ધિ જોઇએ. જેઓનો કંઇ નિશ્ચય નહીં એવા અનંતની બહુ શાખા-અનંત ફાંટા, અર્થાત્ બુધ્ધિઓ પણુ અનંત, અને તેની શાખાઓ પણુ અનંત છે. તેથી વિદ્વાન પોતાની અલંકારિક ભાષામાં કહે કે,- **अलमिति पल्लुवितेन**=બહુ સુશોભિત વાણી-સુંદર અક્કલ હવે રહેવા દો-બસ કરો. નિશ્ચયાત્મિકા બુધ્ધિ વિશે ટીટુડીએ દરિઓ સુકાવ્યો હતો તે વાત જુવો.

ગીતા અ. ૨ શ્લોક ૪૨-૪૩-૪૪

આ ત્રણુ શ્લોક, જોતાં, એ માહેલો માર્ગ ડુબી ગયલા જેવો હાલ લાગે છે, પણુ તેનું લખાણુ છે. એમાં એક પંથનું વર્ણન છે. દરેક શ્લોકે શ્લોકમાં દેવતા છે. મંત્ર માત્રના દેવતા. **श्रीमद्भगवद्गीता माला मंत्रस्य**××તે માર્ગ ડુબ્યો નથી, પણુ આખા મર્ત્ય લોકનાં પ્રાણી તેના અનુયાયી છે. જે પંથનો ઝાઝો પાક તેજ આ પંથ (સકામ કર્મયોગ) છે. શ્રેષ્ઠ એવો નિષ્કામ કર્મયોગ છે પણુ તેની અંદર એ-સકામ કર્મયોગ ઘુસી ગયો છે. શેરડીનું ખાવું કેવું છે કે, તેને ઉંધીચત્તી આડીઅવળી, ચાલતાં સુતાં કે બેસીને, ગમે તે રીતે ખાઇ શકાય છે. તેવી રીતનો નિષ્કામ કર્મયોગ છે. તેમાં કોઇ અટકાવ નથી. **प्रत्यवायो नविद्यते**. એમાં સામગ્રી કઈ જોઇએ ? નિશ્ચયાત્મિકા બુદ્ધિ. પણુ એ નિષ્કામ કર્મથી વિરૂધ્ધ જે સકામ કર્મયોગ મત છે તેજ તેમાં આડો આવનાર છે. "**બિચારો**" એક શબ્દ છે, તે "**વિચારો**" ને બદલે બોલાય છે. હજારોમાં કોઇકજ નિષ્કામ કર્મવાળો નિકળે. આ

નિષ્કામ કર્મયોગના વિષયમાં (વર્ણનમાં) આ ત્રણ શું કામ જોઇએ? આપણે તો સકામ તેથી એ નિષ્કામના વિચારો બેસતા-ઠસતા નથી. મારે અમુક જોઇએ ને આમ જોઇએ, એવું મનમાં આવે કે પછી તે મેળવવા ઉપાય શોધવા લાગે. આપણને એવાજ મનોરથો છે કે, દ્રવ્ય જોઇએ, ઘોડા ગાડી સ્ત્રીપુત્રાદિ, મહેલ માન પાન જોઇએ. આત્મ કલ્યાણના મનોરથો નથી, તેથી.

એક રાજાને શાક બહુ ભાવે. તેથી જમતાં કલાક થાય તેમાં બહુ મઝા આવે, પણ બીજીવાર જમતાં સુધીના બીજા બધા કલાક મઝા વગરના જાય, તેથી વૈદને બોલાવીને કહ્યું કે, વચલો વખત નકામો જાય છે માટે જમી ઉઠયા કે પાછું જમાય, એવી દવા કરો. વૈદે કહ્યું કે, જમીને ઠસોઠસ દુધ પીવું, તે સાથે એક ગોળી લઈ લેવી. વૈદે માખી (ઉડે છે તે-)ની પાંખની ગોળી બનાવી ખાંડથી લપેટી (Sagar Coated Pills) આપી. રાજા જમીને એક ગોળી સાથે દુધ પીએ કે બધું વમન (Vomit) થઇ જાય, કે ફરી જમવા બેસે. એમ કલાકે કલાકે ચાલ્યું. તેમ, કામના છે તેજ નિષ્કામ કર્મથી વિરૂધ્ધ છે. આ ત્રણ શ્લોકમાં કહેલા મતના હોય છતાં ઉપદેશ કરે નિષ્કામ કર્મનો. શાહુકાર પાસે રૂપીઆ લેવા જાય, અને કહે કે; આવતે જન્મે ટટ્ટુ થઇને આપીશ-હાલ તો નહિં આપું. એવી શરતે મને આપો. ત્યારે શેઠ કહે છે કે, ઠીક છે, તો હું પણ તને ત્યારે-બીજે જન્મે કુબેર થઇને ખૂબ ભરીશ. નિષ્કામ કર્મ વિશે સાંભળીને રાજી થવાવાળાં છે તે મનુષ્ય, અને બીજાં તે પશુ છે. આ જમાનો એમજ ચઢતો ચાલ્યો. ઋગ્વેદનું પુસ્તક આવ્યું તે જોશે અને ફેંકી દેશે. અને કહેશે કે, એ કંઈ Novel (કલ્પિત વાર્તા) નથી. અમેરિકાવાળા મંત્ર શાસ્ત્ર જીવતાં રાખશે. અહિં તો શત્રુને વશ કરવાની કે જીતવાની કામના છે. તેથી પુછવા જતાં મંત્ર શાસ્ત્ર બતાવશે ત્યારે કહેશે કે, કરો. દ્રોણાચાર્ય પાસે શું હતું?! ધનુર્વેદના સિધ્ધ થયલા મંત્રો હતા. મંત્રથી, યોગથી, પ્રાણાયામથી બધી સિધ્ધિ પ્રાપ્ત થતી લાગે-સ્વર્ગ મળે. ઇંદ્ર પણ સકામ

હોય તો તેની પણ તેજ ગતિ છે. વેદ છે તે પ્રાણી માત્રને માટે છે. વેદ કાંઇ વેદને માટે નથી. અનેક લોક સકામ છે. વેદમાં સકામ નિષ્કામ બેહુ વિશે છે. શ્રુતિઓ છે તે માતા છે. તેની ફરજ છે કે, જેને જે જોઇએ તે આપે.

बुद्धि पौरुष हीनानाम् जीविकेति बृहस्पतिः। અક્કલ અને પુરૂષાર્થ વગરનાઓને બેઠાં ખાવાનું જોઇએ. દવાખાનું કંઇ દાક્તરને માટે નથી, રોગીઓ માટે છે. રોગી પથ્ય ન પાળે, દવા નહિં ખાય, અને દુઃખી થાય કે મરી જાય, તેમાં વૈદનો, દવાખાનાનો, કે દવાનો શું દોષ ?! કાંઇજ નહીં. રાજાને પુત્ર નહીં થતો હતો તેથી તે શોકગ્રસ્ત રાજાને ઋષ્યશૃંગ ઋષિએ કહ્યું કે, વેદમાતા વિદ્યમાન હોવા છતાં—જેમાં દ્રષ્ટ અદ્રષ્ટ બધા ઉપાય છતાં, તારો શોક રહે શા માટે ?! કર્મકાંડ સમર્થ છે. ભલે તે કામ્યકર્મ છે. જે જે કામના—રોગ થયો કે તેનું દવાખાનું—વેદ છે.

પરમાત્મા દેવ પાસે જઇને રડીએ કે, પ્રભો! મારાથી નિષ્કામ કર્મયોગ કે કાંઈ નિશ્ચય થતો નથી, આપની કૃપાનીજ યાચના કરૂં છું, તો પ્રભુ આપણો હાથ પકડીને કરાવે.

तेषामहं समुद्धर्ता मृत्युसंसार सागरात् ॥

धावतः स्खलनं न दोषः ॥ દોડતું માણુસ કોઇવાર પડી પણ જાય. તેમ ભુલ થઇ જણાઈ તો તે સુધારતા રહેવું. જ્ઞાનપૂર્વક જે કર્મ, તે કર્મયોગ છે. નિષ્કામથી વિરૂદ્ધ તે સકામકર્મ. તે સકામ કર્મયોગ નહીં કહેવાય. સંસારિક સુખની જે ટોચ, તે સ્વર્ગ. તે ટોચપર ગયો કે કૃતકૃત્ય થયો. એ પુર્ષાર્થ.

અનંત—દીર્ઘકાળ જો સ્વર્ગમાં રહેવાનું મળતું હોય તો એક જન્મ ભલે નિષ્ફળ જવા દે. જીવતાં સુધી અગ્નિહોત્ર કરવારૂપ પુરૂષાર્થની સમાપ્તિ જેની થઈ ગઈ તેને પુછો તો તે એમજ કહેશે. કાચબો જળમાં હોય ત્યાં સુધી કેવી શોભા હોય છે; પણ ઉંધો નાખી જુવો તો તેનું

પેટ કેવું નરમ. કે કાગડો જરા ચાંચ મારે તો પ્રાણ જાય. તેમ, અત્રે જેવા રાગ દ્વેષથી આપણે સડેલા છીએ તેવાજ વનેખાં ત્યાં છે. **यदेवइह तदमुत्र** અને **यदमुत्र तदेवइह** । જે અહીં છે તે ત્યાં છે, અને જે ત્યાં છે તે અહીં છે. તપ કરી કરીને જે સ્વર્ગ મેળવવા સારૂ લાખો–અનેક ક્લેશ સહન કરવા પડે, ને તે સ્વર્ગ તો મુવા પછીજ મળે. જે ત્યાં ગયા તે ત્યાં કહેવા લાગ્યા કે, ત્યાં હતું તેજ અહીં છે. મરીચિ ઋષિ કલ્પવૃક્ષ તળે હોવા છતાં ભુખ્યા કેમ રહે. સ્વર્ગ સુધીજ પુરૂષાર્થની ગણના કરી; પણ નિષ્કામ કર્મમાં તેટલીજ મેહેનત કરે તો સંસાર તરી જાય.

એક શેઠે પોતાનાં ઘરમાં એક ઉંદરને દરમાં ભરાઇ જતો જોયો. તેણે રાત્રે આવી શેઠને પગે જરા કરડી પાછો દરમાં ગયો. સવાર થતાં મજુરોને બોલાવ્યા. ખોદાવી નાખ્યું, અને કહે કે, બસ **देहं पातयामि वा अर्थं साधयामि** । ઘણે વખતે બધું ખોદી ખોદી આખરે કાઢયો ત્યારે "ઉંદર" એવાં સકામકર્મ છે **क्षीणेपुण्ये मर्त्यलोकं विशंति.** સ્વર્ગમાં ગયા પછી જેમ જેમ પુણ્ય ઘટતું જાય, તેમ તેમ માન ઘટવા લાગે છે. હલકા લોક પણ તિરસ્કાર કરે છે; પરંતુ નિષ્કામકર્મ કરનારો યોગ ભ્રષ્ટ થાય–વચમાં મરે તોપણ શુચિ મહાત્માને ઘેર અગર શ્રીમાનને ઘેર જન્મી આગળ વધી મુક્ત થાય છે. અને સકામ કરનારો પાછો સ્વર્ગથી નીચે પડે છે. ચુપચુપ પાછલે બારણે પાછો મૃત્યુલોકમાં આવી બારણું ઠોકે છે. માતા કહે, કોણ? બારણું ઉઘાડે છે, અને કહે છે કે, હું છગન × × ચુપચાપ ઘરમાં ભરાઈ જાય છે–ગર્ભમાં જઈ પડે છે.

જૈમિનીનું મત માનો તો એટલા પુરૂષાર્થી થવાય ખરૂં; પણ શ્રીકૃષ્ણ કહે છે કે, એટલેથીજ પતી જવાતું નથી. માટે વેદાંતશાસ્ત્ર તે સકામની નિંદા કરે છે. મૂર્ખો કેવા છે કે તે વેદવાદમાં–એટલે અર્થ-વાદમાં રમી રહેલા હોય છે. અર્થવાદ એટલે શું તે ખુલાસે કહેવાય છે. દવાની એક અમુક રોગ ઉપર પેટંટ ગોળી બનાવી, તેની જાહેર ખબરો

કાઢી, વ્યાખ્યાનો વગેરેમાં પણ તેની હદપાર સ્તુતિ કરી તે ક્યાં સુધી? ભાટ લોક લબાસ હાંકે છે કે, એક બાઇની વાળી રૂા. ૯૦૦)ની ખોવાઇ ગયલી તે, એ ગોળી આપતાંજ જડી આવી. વાહ! ક્યાં સુધી!! દવાની ગોળી સાથે વાળીનો સંબંધ શું! એનો તાત્પર્ય એજ કે, એવી સમર્થ ચમત્કારી ગોળી છે, માટે બધા ખરીદ કરી લો. એમાં પોતાને કમાઇ કરી લેવાનીજ મતલબ. આ એક અર્થવાદ છે. પોતાની વાત વખાણે અને બીજાની વાત (ગોળી, દવા, વસ્તુ વગેરે)ની નિંદા કરે, એ બીજો અર્થવાદ. શકુંતલાને ગાંધર્વ વિવાહ કરવા શંકા થવાથી, દુષ્યંત રાજાએ, આગળ મોટા મોટાએ ગાંધર્વ વિવાહ કરેલા તે, કહી બતાવેલા. એ પરકૃતિ અર્થવાદ ત્રીજો. પ્રાચીનકાળનું વર્ણન કરે=પ્રથમ બ્રહ્મમય આ જગત હતું. તો હમણાં પણ શું વાધો?! એ પુરાકલ્પ —ચોથો અર્થવાદ. ઇષ્ટ વસ્તુ ઉપર બીજાનું ધ્યાન લગાડવા શ્રુતિએ કહ્યું. **अक्षय्य०** ચાતુર્માસ્ય યજ્ઞ કરે તેને અક્ષય સ્વર્ગ મળે. એ અર્થવાદ— સ્તુતિ. એજ પુષ્પિતવાણી. બાગમાં વૃક્ષ કેવું છે કે, સદા પાંદડાં લીલાંજ, અને તેથી તેને પર્ણ વક્ષ કહીયે. એ પુષ્પિતવાણી. **यामिमां निष्फलांवाचं**. પુષ્પિતા—નિષ્ફલાં—ખીલેલી. સ્વર્ગ મળ્યું કે પુરૂષાર્થ સમાપ્ત થયું એમ બોલે છે. કર્મરૂપી વેલીપર ફુલ અને ફળ બે આવે; પણ છોકરાંને તો ફુલની મઝા પડે, તેથી તેમાંજ આનંદની પૂર્ણતામાની લઇ ફળ આવવા નથી દેતાં. ફુલરૂપ સ્વર્ગ વગેરેમાંજ રાજી થઇ જાય. મોક્ષરૂપ ફળ નહિં આવવાદે. ફુલ ન તોડે તો ત્યાંજ ફળ આવે, અને ફળ પાકયું કે, વેલી એની મેળેજ મરી જાય. **क्षीयंते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥** માટે જે કોઇ ઉપર પ્રમાણે ખીલેલી વાત બોલે છે તે મૂર્ખ છે. તેઓ "વેદ વાદ રતા:" છે, તથા કામનાના ગાંસડાવાળા, સ્વર્ગનેજ પરમ પુરૂષાર્થ માનનારા છે. તેઓ વળી કહે છે કે, એ સ્વર્ગ સુખથી વધારે બીજું કાંઇ નથી. એવી વાણી જન્મ આપે, કર્મ કરાવે, ને ફળ પણ આપે. એમાં જે લોભાયા તેની બુદ્ધિ નિષ્કામ થઇ શકતી નથી.

ગીતા અ. ૨ શ્લોક ૪૫

જગતમાં નિંદા સ્તુતિ ન હોતે તો કોઇ પદાર્થનું સ્વરૂપ બહાર નહિં આવતે. દરેક પ્રાણી માત્રનું સ્વરૂપ ગુપ્ત છે. તત્વોનો સ્વભાવજ એવો છે કે, પોતે ગુપ્ત-સુરક્ષિત રહેવું. તેને બહાર કાઢવું હોય તો મંથન કરવું પડે છે. નિંદા સ્તુતિમાં લક્ષ ન રાખતાં તાત્પર્યમાં લક્ષ રાખવો. કામ્ય કર્મ કરનારાને પ્રભુ હલકા સમજે છે. એવા ઉપલા ત્રણ શ્લોકરૂપી સંકટમાંથી છુટયા. જેનું ઓળખાણ રાખવું હોય તેનું નામ રાખવું જોઇએ. નામમાં ઘણા આવે તો આઠ અક્ષર આવે. શ્લોકનું નામ તે શ્લોકનું જે પેહેલું ચરણ હોય તેજ સમજવું. તેજ રીતે આજના શ્લોકનું નામ **त्रैगुण्य विषया वेदा.** છે. ઇશાવાસ્ય ઉપનિષત્ એવું નામ પડયું છે. કેમકે તેના પ્રથમ મંત્રમાં **ईशावास्य मिदंसर्वं,** એવું છે. આ શ્લોક ૧૦૦ વાર સાંભળવા લાયક છે શ્લોક ૧૧ થી ૩૦ માં આત્મજ્ઞાન કહ્યા પછી ધર્મ કર્મની વાત ચાલી. પછી છેલ્લે **एषाते०** નિષ્કામ કર્મની વાત ચાલી. તે વાતનો બોધ સમજે તો સંસાર તરી જાય **बुद्धया युक्तो यथापार्थ०** તથા **स्वल्पमप्य स्य धर्मस्य०** એ રીતે નિષ્કામ કર્મ યોગની. સ્તુતિ કરી. બ્રાહ્મણ વગેરે દ્વિજ થઈને નિષ્કામ કર્મપર આરૂઢ નહિં થયો તો, પછી તે, બંમન હુવા તો કયા ભયા.-અર્થાત્ વ્યર્થ છે. તે નિષ્કામ કમમાં “ નિશ્ચયાત્મિકા બુદ્ધિ ” સાધન જોઇએ. ત્યાર પછી સકામ કર્મની નિંદા કરી. પછી પ્રભુ કહે છે કે તું કામનો ગુલામ નહિં થઇશ. તું નિષ્કામ થા. તેનો રસ્તો બતાવે છે. અર્થાત્, વેદ શું છે, તેનું શું કહેવું છે, તે કહે છે.

त्रैगुण्य विषया वेदा. એટલો એક કટકો-ચરણ લખીને વધારે જગા છોડી દેવી. ત્યાર પછી બીજાં ત્રણ ચરણ **निस्त्रैगुण्योथी** લખવાં. એ ત્રણમાં ઉપદેશ છે-આશિર્વાદ પણ છે. **त्वं भव आयुष्मान् भव, पुत्रवान् भव, धनवान् भव, विद्वान् भव,** એવા **भव** ઉપર રીઢા થઇ પડીએ તો, **ભવ** એટલે સંસારજ આવે. એ વાકયો તો

પુષ્પિત વાણીજ છે; પણ આ શ્લોકમાં તો શ્રીહરિ આશિર્વાદ દે છે કે. તું નિસ્ત્રૈગુણ્યોભવ, નિર્દ્વંદ્વોભવ, નિત્ય સત્વસ્થોભવ, નિર્યોગ ક્ષેમોભવ, આત્મવાન્‌ભવ (થા) એવા પાંચ આશિર્વાદ આપ્યા છે. નકાર નહિં બોલવો. સદા શુભજ બોલવું, કે આમ કરશો તો પ્રભુ આપણી ઉન્નતિ જરૂર કરશેજ. કૃષ્ણ કહે છે કે, હું અને તું બે નહિં રહે–મદ્રૂપ થઇ જા. વેદો કેવા છે ? દવાખાનાં જેવા Hospital બધા રોગનું ઓસડ તેમાં છે. રોગ છે તે પાપનું પરિણામ છે. રોગ, શોક, પરિતાપ, એ બધું પાપનું પરિણામ છે. ભીખારી ભીખ માગે છે તે જોઈ કેટલાક કહે છે કે, એવાં પાપકર્મ કીધાં શું કરવા? કીધાં તો પ્રભુની ક્રૂરતા તેના પર થઈ છે તો પછી તે ભોગવે. તેમાં પ્રભુથી વિરૂદ્ધ થઈ આપણે શા માટે મદદ કરવી–તેને શા માટે આવવું ?! ત્યારે બીજા કહે છે કે. પ્રભુએ આપણને દયા પણ આપી છે તે શા માટે ? એવા ગરીબનાં દુઃખ જોઈ મદદ કરવાનેજ ગમે તેવા મોટા ગુન્હા કરનારને કેદમાં પુરવામાં આવે છે, છતાં શું તેને ભુખે મારે છે કે ?! નહીંજ. ખાવાનું તો આપેજ છે. જેમ ન્યાય Justice છે, તેમ દયા mercy પણ છે. એમ વાદ ચાલે છે. તેમ ગમે તેવા પાપ કર્મથી ગમે તેવા રોગ હોય તો પણ તે બધાને માટેજ દવાખાનું છે. તે કર્મ કરનારે તેનું ફળ ભોગવ્યું, પણ આપણે તો શ્રી પ્રભુનું કામ કરવું છે. આપણી પાસે દયા છે તે એમ વાપરવી.

વાત, પિત્ત, અને કફ, એ ત્રણજ દોષ છે. એ ત્રણનાજ અનેક પ્રકારે ન્યૂનાધિક મિશ્રણથી હજારો દોષ–રોગ થાય છે. તેજ રીતે સત્વ, રજ, તમ, એ ત્રણ ગુણરૂપ ત્રણ દોષો છે તેનાં અનેક પ્રકારનાં ન્યૂનાધિક મિશ્રણથી અનેક–અસંખ્ય રોગ ભોગ સુખ દુઃખાદિ થાય છે. દુનીઆને કામનાનો મહારોગ લાગ્યો તેનાથી ડુબવા લાગ્યા. તેથી તેને બચાવવા સારૂ ઋષિમુનિઓનું પ્રયત્ન ચાલ્યું. કામનાના રોગથી અતૃપ્ત રહે છે. ખાયાજ કરે–તૃપ્તિજ થાય નહીં. પોતે કશું જાણે–સમજે નહીં અને કોઇનું માને નહીં. એવી એ દુનીઆં છે તે ગાંડાની હૉસ્પીટલ

Mad House–Lunatic Hospital છે. તેથી તેને માટે ઉપદેશક રાખ્યા,–દાકતરો રાખ્યા. તે ઋષિમુનિઓ ષટ દર્શનકાર ત્યાં રાખ્યા છે. તેમને હુકમ એવો કે ખબરદાર,–કોઇને પણ મારશો નહીં. બધાં મારાં છોકરાં–દીકરા છે. તેઓ ભલે ગાંડા છે તેથી શું ? તેમ કોઇને ભીતિની પણ વાત કરવી નહીં. બુદ્ધિની કુશળતાથી તેમનું ગાંડપણ ઉતારી નાખો. તે દાકતરો–વૈદરાજ બધા તેવા જ હતા. કેવા હતા ? **निर्मान मोहाजित संग दोषा ०** એવા મોટા મોટા સમર્થ દયાસાગર મહર્ષિ મહાત્મા –દાકતરો રાખ્યા હતા. તેઓ તે બધા ગાંડાઓને ધીમેથી સમજાવી કહેવા લાગ્યા કે,–હમે આજે બડા ભાગ્યશાળી છીએ કે આપ લોકોનાં દરશનનો લાભ મળ્યો. તમે બધા જ શ્રી પરમાત્માનું જ સ્વરૂપ છો. હમે તમારી સેવા કરવા હાજર છીએ. જે લોક અખંડ બ્રહ્મને જાણે છે તેઓ જડભરત જેવા થઈ જાય છે. તે પંથના હમે પણ તેવા જ છીએ. તે પંથે દૂનિઆ ચાલી રહી છે. પછી ત્યાં Electric Power વીજળીની શકિત–દબાણ એવું આપ્યું કે, **चैलाजिन कुशोत्तरं** અર્થાત્, આસન વિધી, પ્રાણાયામ, ધારણા, ધ્યાન, સમાધિ, સંયમ, વગેરેથી થતા લાભ બતાવીને સમજાવ્યું, કેદી લોક mad man માટે દિશા પિશાબ માટે જે એક જગા મુકરર કરી હોય ત્યાંજ તેઓ જાય, વગેરે. એ રીતે શ્રુતિ–વેદવાણીના ઋષિઓ બોલ્યા. રોગનું નામ ' કામ " આપ્યું. તે નિષ્કામ પુરૂષોએ, સકામ લોકો–વિષયાસક્ત લોકોમાં (mad house)માં દાખલ થઈ, તેમનાં મન હરી લીધાં–રંજન કીધાં.

દુનિઆ છે તે ત્રણ ગુણનો વિષય છે–બધા જ ત્રણ ગુણથી બનેલા છે. મન, સત્વનું; ઇંદ્રિયો સુખ દુઃખાદિ રજનાં; વિષયો, તમનાં; એ ત્રણેમાં આસકત થયલાને, તેમની મરજી મુજબ, હા–હા કર્યા કીધી. કોઈ કહે, મારે પુત્ર જોઇએ, તો કહે, હા; પણ એક થશે. એમ અનુકુળતા જોઇ વર્તન કરી–યજ્ઞ યાગાદિ કર્મ કરાવી, છેવટે ત્રણ ગુણ રૂપ રોગથી મુકત કરવાનું તાત્પર્ય છે. તેથી અર્જુન–ને કહ્યું કે તું તેવો થા. **कर्मबन्धं प्रहास्यसि** ની જ ટીકા કરી. સંસાર સુધારવાનો

ઢેકો લઇ વેદો થયા છે. એક એક મનુષ્યમાં અનેક કામના છે. એક પાઈ નહિં ખરચતો હતો તેની પાસે પુત્ર માટે, ખૂબ ધન મળવા માટે, સ્ત્રી માટે, પ્રથમ સકામ કર્મ કરાવ્યાં. તેથી કુબેર રાજી થયા–ખૂબ ધન સ્ત્રી પુત્રાદિ ઇષ્ટ મળ્યું; તેથી શ્રદ્ધા બેઠી. એમ છેવટે વિવેક વૈરાગ્યથી નિષ્કામ પર આવે.

वेदाः त्रैगुण्य विषयाः संति. સંસારના સર્વ પદાર્થ માત્રનું એકજ નામ આપીએ તો તે "ત્રૈગુણ્ય" છે. એ ત્રણમાં રજતમની નિંદા કરી, અને સત્વની સ્તુતિ કરી. પછી મિશ્ર સત્વ અને શુદ્ધ સત્વ કહ્યું **ऊर्ध्वं गच्छंति सत्वस्था ॥** તે મિશ્ર સત્વવાળો ઉંચે જાય છે, અને શુદ્ધ સત્વ તે પરમાત્માકાર–બ્રહ્માકાર બુદ્ધિ. **सन्यास योगात् यतयः शुद्ध सत्त्वाः ॥** ત્રાંબુ, પીત્તળ, કલઇ, લોઢું, જસત, ચાંદી, વગેરે બીજી ધાતુઓ કરતાં સુનું ઉંચું–શ્રેષ્ઠ. તેમાં જે શુદ્ધ કરેલું –શોધેલું છે તે ૧૦૦ ટચનું–ચીપાનું શ્રેષ્ઠ–ઉત્તમ છે. હલકી ધાતુઓ રૂપ ધુળ કચરો જે તેમાં ભળીને એકમેક થઇ ગયેલો તે બાળી નંખાઈ ને ચોખ્ખું રહેલું સુવર્ણ છે તે શ્રેષ્ઠતર છે. તેવો શુદ્ધ સત્વ છે સંસારી લોકને વિષયોમાંથી પરાંગ્મુખ કરી સ્વ સ્વરૂપ દેખાડવું છે. છોકરાં લાતો મારતાં હોય–દીલપર મુતરે, તેથી વસ્ત્ર પણ બગડે છે, છતાં માતા તેને વઢતી–મારતી નથી, પણ દયા દયા દયા જ કરે છે. તેમ, શ્રુતિ-માતાનાં મગજમાં દયા છે. ઉપનિષદને, શ્રુતિ શિરો ભાગ–મસ્તક (મગજ) કહે છે. તે શ્રુતિના મગજમાં શું છે? તે પરમાત્મ પ્રતિપાદન માટેજ ઉભી છે. **सर्वे वेदायत्पद मामनंति ॥**

વેદમાં કામના પરત્વે **स्वर्ग कामो यजेत् ॥** એમ કહીને મર્ત્ય લોકોની ઇચ્છા ઉડાવી દીધી. જેમ જેમ રાજસત્તા જામતી ગઈ તેમ તેમ કાયદા કીધા. રાજા છે તે પિતા છે તે કહે તે માનવું. તેમ, શ્રુતિ આપ્તવાક્ય કહેવા લાગી. મૂર્ખને "હા–હા" કીધા વિના આપ્તપણું જળવાતું નથી. છુટથી વર્તનારો જે ત્રૈગુણ્યવાળો પ્રાણી હતો તેની કુટેવ

હળવે હળવે નિકળતી ચાલી. એક પંડિત કહે છે કે, ત્રણ ગુણનો અમલ-કેફ ચઢે છે તેથી સ્વરૂપને ભુલે છે. તેઓ ત્રૈગુણ્યરૂપ વિષ ખાવા લાગ્યા. (**त्रैगुण्यविष या वेदा**) તેથી મરવા લાગ્યા. રૂચિ એટલી વધી કે મરીશું તો મરીશું, પણ ખાઇશું. અફીણથી નુકશાન છતાં ખાધા વગર રહે નહીં. તેને તે વ્યસન કેટલી બધી મુશીબત પાડે છે. કાળી માટીમાં જરા જરા અફીણ ભેળી ખવાડે તો, એ યુક્તિ-કળથી ધીમે ધીમે છુટે છે. એવાં (વિષયાસક્તિથી વિષયોનાં) વ્યસન છોડાવવાને શ્રુતિ ઉભી રહી છે. **सुखं तदेव सौख्यं** સુખ તેજ સૌખ્ય. **चत्वारो मासः चातुर्मास्य.** તેજ રીતે ત્રૈગુણ્ય-ત્રણ ગુણ **त्रयो गुणाः** તે રૂપી ઝેર. **या**, એ ધાતુ છે. અર્થાત્ **याति**=નિકળી જાય. **यापयति** એટલે, કાઢે છે. વેદો કેવા છે કે, **त्रैगुण्य विषं यापयंति** ત્રણ ગુણરૂપ વિષ કાઢી નાખે છે. તે ઝેર નિકળી જાય ત્યારે શુદ્ધસત્વ-નિત્યસત્વ કહેવાય. દવાખાનાંનો ખરો વિષયરોગ નિવૃત્તિ કરવાનો છે, તે રીતેજ શ્રુતિનો છે. તે વેદના અભિપ્રાય પ્રમાણે તું ત્રિગુણરહિત થા. એટલે સ્વસ્વરૂપ જાણી પરમાત્મામાં લીન થઈ જા. ત્રૈગુણ્યરૂપ દરીઆમાંથી ડુબતો બચી નિકળ્યો કે કીનારે આવી ઉભો રહ્યો. આ મનુષ્યજન્મ છે તે કાઠે આવી ઉભા જેવો છે. એ કર્મભૂમિ છે. નિસ્ત્રૈગુણ્ય એટલે નિષ્કામ થતાં વાર શી ! ! સ્વરૂપમાં હોય ત્યારે કામનાનો અભાવ છે. કામનાવાળા બધા કંગાલ છે. નિષ્કામતા છે તે દરબારીપણું છે. તેમાં અત્યંત આનંદ છે. તું સંસારમાં-દુઃખમાં ડુબ નહીં, નિકળ. તું શુદ્ધ બુદ્ધ નિત્યમુક્ત છે. અને ત્રૈગુણ્ય છે તે મલીન, મૂઢ, અનિત્ય, પરસ્પરમાંજ બાંધનારા છે. એવો શુદ્ધ નિત્ય તું, અને અનિત્ય તે ત્રણ ગુણ તે બેનો (નિત્ય અનિત્યનો) સંયોગ હોયજ નહીં. માટે તું ત્રણ ગુણથી રહિત થા. શી રીતે ? રોજ તું નિત્ય સત્વ-શુદ્ધમાં રહેતો જા.

ભાગીરથી ગંગા છે તેમાં પણ કાશીમાં મિશ્ર સત્વ ગંગાજળ છે. તે કરતાં ગંગોત્રીમાં શુદ્ધ સત્વ જળ છે.

શુદ્ધ સત્વ એટલે સમાધિમાં રહેતો જા. જે એવા હોય છે તે

નિર્દ્વંદ્વ હોય છે; તેની પાસે ઇષ્ટ અનિષ્ટ, સુખ દુઃખ, એવા દ્વંદ્વ (જોડકાં)ની મારામારી–ઉપાધિ–ખટપટ ન આવે.

यावत् राग तावत् सुख જમતાં સુધી ભોજનના સ્વાદનું સુખ. ધરાઇને તૃપ્ત થયા પછી કોઈ લાખ રૂપીઆ આપે અને જમવા બેસાડે તોપણ ઝેર જેવું લાગે. **सुख दुःखे समे कृत्वा** સમાધિ હોય તેજ નિર્દ્વંદ્વ થઈ શકે (કર્મસમાધિમાં રહેનાર) જે નિત્ય શુધ્ધ સત્વમાં રહે તે નિર્દ્વંદ્વ થાય. યોગ ક્ષેમ એટલે મેળવી લાવીને રક્ષણ કરે–સાચવી રાખે. પણ રીતસર ન્યાયથી જો મેળવ્યું હોય તો દેવરક્ષણ કરે. તેમાં અન્યાયથી મેળવ્યું હોય તે ઢોળાઈ–વેરાઈ–કે ખોવાઈ જાય. તે યોગક્ષેમની ફીકરમાંથી પણ નિકળી જા. કર્મ કરતા રહેવું. ફલપ્રદાતા ઇશ્વર (કુદરત) બધું કરે છે. બાળકને માબાપ માથે હોય ત્યાંસુધી ફીકર નથી હોતી. બચપણ તરફ નજર કરીએ તો, બાળક ન્હાસી જાય, રમવાના રંગને લીધે ખાવા પણ નહિં આવે તો જોરથી પકડી લાવીને માતા જમાડે છે. **दैवी ह्येषा गुणमयी०** માબાપ જેવા કોઇ પુરૂષ મળી જાય છે. ગર્ભાશયમાં આવ્યા ત્યારથી ફરક થવા લાગ્યો. છેવટે એટલો ફરક થયો કે, સ્તનમાં પુષ્કળ દુધ આવ્યું. પછી તે મોટો થતાં જેટલું જેટલું–જેટલે અંશે યોગક્ષેમ જોવા લાગ્યો તેમ તેમ તેટલું ઓછું થતું ગયું. તેટલી તેટલી ફીકર ઇશ્વરને ઓછી થતી ગઈ. પંદર રૂપીઆના નોકર કરતાં પાંચસોવાળાને વધારે ફીકર. પંદર તો ગમે ત્યાં મળશે. પાંચસો કોણ આપશે.

योमे गर्भगतस्यापि वृत्तिं कल्पितवान् प्रभुः ॥
शेषवृत्ति विधानाय स किं सुप्तोऽथवामृतः ॥ અર્થાત્,

ગર્ભમાં હતો ત્યારે જે પ્રભુએ મારૂં રક્ષણ કીધું તે, બાકીની વૃત્તિ*વિધાન માટે–બાકીનાં આયુષ્ય માટે શું ઉંધી ગયો છે અથવા મુવો પડયો છે! ત્રૈગુણ્ય છે તે સાધ્ય છે, અને નિર્દ્વંદ્વ વગેરે ૨–૩–૪–૫ આશિશ છે,

*વૃત્તિ=ઉપજીવિકા.

તે સાધન છે. નિષ્કામ પુરૂષો કેવા કેટલા આનંદી સુખી હોય છે તે હવે કહે છે.

ગીતા અ. ૨ શ્લોક ૪૬

જ્ઞાનોબા–જ્ઞાનેશ્વર મહારાજ એક સામાન્ય નદી કીનારે એક સામાન્ય પથરાપર બેસતા હતા, તેથી તે પથરનું પણ મહાત્મ્ય વધ્યું તે હાલ પણ પૂજાય છે. તેમ વિદ્વાનો–પંડિતો જે શ્લોક ઉપર કસીને બોલવા લાગ્યા તે કઠણ મનાયો. તે હિસાબે આ શ્લોક કઠણ છે. **यावानर्थाः** વિદ્વાનો જુદા જુદા અર્થ કરે, પણ છેવટે જ્યાં તેમનું એકમત થઈ જાય છે.

चिंता परब्रह्म विचारणाय. ચિંતાને પરબ્રહ્મના વિચારમાં જોડી દીધી હોય તો તે સંસાર દુઃખમાંથી બહાર કાઢી નાખે છે.

अनंता वै वेदाः ॥ વેદો અનંત છે. તેનું ખાતું એવું મોટું છે કે. અનેક જન્મે પણ કોઈ કર્મ વિશે બધું જોઇ ન શકે. જેમ, એક રોગપર અનેક ઉપાય છે. એવા અનેક રોગ ઉપર જોઈએ તેટલી પ્રકારની દવાઓથી દવાખાનું ભરેલું હોય છે તેમ.

સૂર્ય ઉગે છે તે આંખના સંબંધે હજારો રસ્તા દેખાડે, પણ તે બધે રસ્તે કંઈ જવાનું નથી. જ્યાં જવું હોય તે ઇષ્ટ રસ્તેજ જવું, કે જ્યાંથી પ્રાપ્તવ્ય મળતું હોય તેજ માર્ગે જવું. તેમ, તું તો ત્હારે માટે યોગ્ય કર્મ કરતો રહી નિષ્કામ થઈ રહે. ભલે, હજાર કે લાખ રસ્તા હોય, પણ તે બધા આપણે માટે નથી. દવાખાનામાં તો હજારો દવા પડી છે, તેથી એક રોગીએ શું તે બધી ખાઈ–ચાટી–કે પી જવી કે ! ! નહીંજ. એણે તો એના રોગને કાઢે એવી જરૂરી દવા માત્ર લેવાની છે. મુંબાઇમાં આવે તેણે કંઇ બધી મુબાઈ નથી લેવી. પૈસા પાસે હોય તે પ્રમાણે જરૂર હોય તેજ લેવાય. સુંદર જળનું મોટું તળાવ છે તેથી શુ તે બધું પી જવું કે ? ! નાનું–અલ્પ ખાબોચીઉં તો કામમાં નહીં લેવું, પણ જેમાં ચારે તરફથી પાણી દોડતું આવે

તેવું તળાવ લેવું. **सर्वतः संप्लुतोदके** प्लु ધાતુ ગત્યર્થ છે. જેમાં. ચારે તરફથી ઉદકો વેહેતાં આવે તેમાંથી જરૂર પ્રમાણે સ્નાન પાન કરવું, લોટો ઘડો વગેરે ભરી લેવો છે. બ્રાહ્મણ અર્થાત્ મુમુક્ષુજ્ઞાતા પુરૂષ હોય તેણે વેદમાં કહેલાં કર્મોમાં જેટલાં નિત્ય નૈમિત્તિક કર્મો હોય તેનું નિષ્કામપણે આચરણ કરવું. એ રીતે આ શ્લોક વિશે જ્ઞાનોબા મહારાજ કહે છે.

ભર્તૃહરિ કહે છે કે,—યાચકોને ભર્તૃહરિ ઉપદેશ કરે છે કે, વિદ્યા ભણીને તમે શા માટે મહત્તા ગુમાવો છો! સુખદુઃખ જેટલું મળવાનું તેટલુંજ મળશે, તે છતાં શું કામ બારણે બારણે રખડી મરો છો. મારવાડમાં પણ તેટલુંજ મળશે, અને સુવર્ણના પર્વતપર જઈ બેસો તો પણ તેટલુંજ મળવાનું છે. ઘડો કુવમાં જાવ કે દરીઆમાં પડો. પાણી તો તેમાં આવવાનું તેટલુંજ આવશે. તેમ, વેદ તો મોટું તળાવ છે, તેમાંથી તમારે જેટલું જોઇએ તેટલું લઈ લો.

માધવાચાર્ય કહે છે કે, **त्रैगुण्यविषयावेदा**. એમાં વેદોની નિંદા છે, તે કર્મકાંડનો ભાગ ત્યાજ્ય છે (જ્યારે વખત આવે ત્યારે અધિકાર પરત્વે). જેમ, ભાત છે તે છોતરાં સાથે રાખીએ તો બે વરસ વધુ ટકે પણ ખાવાનું ટાણું આવે—ખાવાની જરૂર જણાય ત્યારે ખાંડીને છોતરાંને જુદાં પાડવા પડે. **सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परि समाप्यते.** ધાન્યાર્થી જેમ છોતરાં કાડી નાખે છે તેમ ગ્રંથ ભણી મતલબ સમજી લઈ, કર્મમાર્ગરૂપ છોતરાં કાઢી નાખી નિસ્ત્રૈગુણ્ય થવા રૂપ (શુધ્ધ ચોખા રૂપ) ભાગ લઇ લેવો. **पलालमिव धान्यार्थी.**

सर्वतः संप्लुतोदके सति. ચારે તરફ પાણી જ થઇ જાય—સુકી જગા કંઇ જોઇએ તો તે કીમતી માનીએ, એટલું પાણી જ્યાં થયું હોય, તેને છોડીને માણસ કુવો શોધવા શા માટે જાય?! ઘરમાંજ મધના ઘડા પાકે, તો પછી મધ લેવા જંગલમાં જઈ શા માટે કષ્ટ વેઠે?! જ્યાં સુધી જ્ઞાન નથી આવ્યું ત્યાં સુધી કર્મ ઉપાસના

કરવાં પડે. જ્યાં ચોતરફ પાણી પાણી થઈ ગયું—એટલે જ્ઞાન થયું; પછી તે કામ્ય કર્મમાં પડે શું કામ ?! નિષ્કામતા આવ્યા પછી કામ્યમાં પડતો નથી. ઘરમાં પાણીના મોટા નળ આવ્યા પછી કુવે શું કામ જાય વારૂ ?! અખંડ મહા–પરમ આનંદ આવ્યા પછી સકામના આનંદ તેને તુચ્છ લાગે છે. જેમ કોઇ મહાશય બીજા કોઇને કહે કે, હું જેટલો તૃણુને માન આપું છું તેટલુંજ આપને આપું છું. એનો અર્થ એજ કે, હું તમને બીલકુલ ઇચ્છતો–માન આપતો નથી.

શ્રીમત્ શંકરાચાર્ય કહે છે કે, આ શ્લોકમાં ઉપલી બે લીટીમાં દ્રષ્ટાંત રાખીને, નીચલી બેમાં દાર્ષ્ટાંત કહે છે. જેવું ઉપલી પ્રથમ લીટીમાં **यावान्** પહેલુંજ છે, તેવું ત્રીજીમાં પ્રથમ **तावान्** છે. **यावान्**= જેટલો, અને **तावान्**=તેટલો. ઘરમાં કુવો છે તેનાથી જેટલું કામ થાય તેટલુંજ કામ મોટાં તળાવમાં થાય. જેમ રૂ. ૧૦૦) મળ્યા તો ૫, ૨૫, કે ૫૦, તેમાં આવીજ ગયા છે. પણ કામના કોઇથી નથી છુટતી. એક દીવસ શાકમાં મીઠું નહિં નાખ્યું હોય તો ખાતી વેળા બુમ પાડી ઉઠે છે. મીઠું–ખારૂં પાણીજ નથી છોડી શકતો, તો પછી નિષ્કામતા ક્યાંથી ! તે સહેલી નથી–કઠણ છે. રૂ. ૧૦૦) હાથમાં આવી ગયા પછી રૂ. ૫) છોડવા. કામના થઈ તે મળી ગયું. કેટલો આનંદ!! એવા કામ્ય કર્મોથી જે જે આનંદો છે તે બધાને, હાથેવતી રજા આપવી, એટલે નિષ્કામ થવું. એક જણે કોઇને કહ્યું કે, આજે કબુતર આપ, કાલે તને મોહોર આપીશ; પણ એ રીતે કબુતર કંઇ તેણે છોડયું નહીં. નિષ્કામતામાં એવો મોટો આનંદ છે, કે જેમાં આવા તુચ્છ આનંદનું ભાન પણ નથી.

તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે, દુનીઆના બધા આનંદો તુચ્છ છે. તે નિષ્કામતાના મહાનંદરૂપ મહાસમુદ્રનાં એક ટીપાં તુલ્ય છે. **युवास्यात् साधु युवात् श्रोत्रियस्याकामहतस्य ॥** યુવા હોય, સુંદર બળ તેજવાળો રાજા થયો હોય (ચક્રવર્તિ), તે એક મનુષ્ય આનંદ

છે. તેનાથી સોગણો અધિક સ્વર્ગનો, તેનાથી ૧૦૦ ગણો ઉર્ધ્વલોકનો વધતો વધતો બ્રહ્મલોક સુધીનો, તે બધો મળીને એક ટીપાંતુલ્ય છે, એવો બ્રહ્માનંદ મહાસમુદ્ર છે. કાગડા બેઠેલા ત્યાં એક હંસ આવ્યો તેને પુછ્યું કે, કયાં રહો છો ? હિમાલય ઉપર માનસરોવર છે ત્યાં શું ખાવ છો ? મોતી. તમારે ત્યાં શંબુકા (છીપો જેમાં કીડા હોય છે, તે ફોડીને કાગડા ખાઇ જાય તે) છે કે ? હંસ કહે કે, તે શંબુકા શું ? તે સાંભળી કાગડા હસી પડયા, કે એને તે તો ખબરજ નથી. તેમ એવા કામ્ય આનંદ બ્રહ્માનંદમાં નહીં. **सर्वं पदं हस्तिपदे निमग्नं.** તેમ, નિષ્કામતાના આનંદમાં ક્ષુદ્ર આનંદો આવીજ ગયા નાના કુવાના જળથી જે કામ થાય તે તળાવમાં થાયજ.

स्नातं तेन समस्त तीर्थसलिलं दत्तापि सर्वावनीम०××

એવા બ્રહ્માનંદ નિમગ્ન બ્રહ્મનિષ્ઠ છે તે તો સર્વ તીર્થમાં નાહી ચુકયા, બધી પૃથ્વીનું દાન કરી ચુકયા, વગેરે. મધુસૂદન સરસ્વતિ પણ એજ રીતે કહે છે. ઉપલા પાંચ મહાપુરૂષોનાં નામ આપી તેમના અભિપ્રાયો કહ્યા. કેમકે, ઋષિઓ, જ્ઞાનદેવ, શંકર, વગેરે સંતો, તેમની કીર્તિ ગાવાથી, દયા કરે છે–કીર્તિ સાંભળી પ્રસન્ન થઈ પ્રસાદ કરે છે.

–ગીતા અ–૨ શ્લોક ૪૭–૪૮

નિષ્કામ કર્મયોગ એટલો સરળ છે કે, **नेहाभिक्रमनाशोस्ति** વગેરે, તથા સકામ કર્મની નિંદા વિષે કહી ગયા, ને તેથી નિસ્ત્રૈગુણ્ય થવા કહ્યું. અને હવે આજના બે શ્લોકમાં નિષ્કામ કર્મયોગની રીત બતાવી છે. અરજુન યુદ્ધાખ્ય કર્મથી પરઙ્મુખ થયો છે તેને રીતસર અભિમુખ કરવો છે. આ ૪૭ માં (**कर्मण्ये**૦માં) દરેક ચરણમાં એક એક વાકય પરિપૂર્ણ છે. ચાર મુદ્દા છે. કર્મ કરવામાંજ તારો અધિકાર. ગવર્નર, કલેકટર, ડેપ્યુટી, મામલતદાર, મુન્સફ, જડ્જ, કમિશ્નર, વગેરે અધિકારીજ હોય છે. મુખ્ય સરકાર છે તે તો મુખ્ય મુખ્ય અમલદારો

પ્રત્યે હુકમ કરે છે. તે સરકારને નોકર ચાકરની અક્કલની જરૂર નહીં-લોક બોલે છે કે ભાઈ, "દરબાર છે-સરકાર છે," એટલે કાંઇ પત્તોજ નહિં.

કાર્તવીર્ય રાજાને ગુરૂદત્તનું વરદાન હતું, તેથી એના રાજ્યમાં કોઈપણ ચોરને ચોરી કરવાનું મનમાં થયું કે તેની સામું ધનુષ્યબાણ લઇને રાજા ખડોજ છે. કંઇપણ ધર્મ વિરૂદ્ધ કામ કોઇ કરવા ધારે કે રાજા ઉભોજ છે. એ કારણથી પ્રજા બધી ધર્માચરણી યોગી બનાવી દીધેલી.

સીપાઇથી ગવર્નર જનરલ સુધી કોઇ રાજા નહીં.-સરકાર નહીં,-ઓદ્ધા ઉપર મામલતદાર વગેરે અમલદાર હોય પણ dismiss થાય કે પેન્શન લે, પછી પત્યું. કાઢી મુકાયલો હોય તેને કોઇ કહેકે, કેમ મામલતદાર સાહેબ, તો બહુ ખેદ થાય અને કહેશે કે **ततो दुःखतरंनुकिं** એનાથી વધારે દુઃખ શું! પરમાત્માએ આ સૃષ્ટિનું કામ બહુ વ્યવસ્થિત રાખેલું છે. આપણે આ સૃષ્ટિરૂપ મોટા ખાતામાં બધા ગવર્નર છીએ. જે પુત્રત્વનું કર્મ કરે છે તે પુત્ર છે. પુત્ર પોતાનો પુત્ર-ધર્મ છોડે તેને લાત મારી કાઢે તો બાપને પાપ ન લાગે, **पुत्रास्तो अत्र पितरो भवंति** પુત્ર છે તે (તેને પુત્ર થાય ત્યારે તેનો) પિતા થાય છે. ગવર્નરનાં કામનું (Dutyનું) નામ ગવર્નર છે. પુત્રના પુત્ર ધર્મ (કામ) નું નામ પુત્ર છે. કંઇ તે વ્યક્તિનું બાવલું (શરીર) પુત્ર કે ગવર્નર નથી. તે જતો રહે અને બીજો આવે. (એટલે પેલો ગવર્નર કહેવાતો કે મનાતો નથી.) કર્મ કરવા આવેલો જે પરતંત્ર પ્રાણી (ગવર્નર-સીવીલિયન) છે તે લંડનથી બેસી અત્રે આવી રીતસર સ્ટીમરથી ઉતરી બંગલે ગયો. તેને તો સરકારના હુકમ મુજબ માત્ર કામ કરવાનું. રાજા સ્વયંપ્રજ્ઞ છે તેને કોઇની અક્કલની જરૂર નથી. નોકરનું કામ એજ કે ઉપરી કહે તે કરવું. તેમાં પોતાનું ડહાપણ-ચુંચાં કરે તો ખત્તા ખાય. દાખલો આપે છે કે નેપોલીયનનું પરાક્રમ અને અક્કલ જોઇ, એક વખતે તેનો મિત્ર મળવા આવ્યો તેણે પુછ્યું કે આટલી બધી બહાદુરી શાથી આવી? નેપોલીઅન કહે, બતાવું છું, ૧૦ મીનીટમાં તરત ચીઠ્ઠી લખી (તમામ

લશ્કરે દરિયાપર જઈ પાણીની દોરી વણવા મંડી પડવું. એટલોજ હુકમ કીધો. ને) મોકલી. તે એક પછી બીજા અને પછી ત્રીજા પાસે એમ જતાં છેલ્લાએ લશ્કર તૈયાર કરી દરિએ મુકામ કીધો. દરેક સીપાઇ દરીઆનું પાણી લઈ (હાથમાં) બીજે હાથે દોરી વણે તેમ વણવા મંડી પડ્યા. નેપોલીઅન તેજ વખતે પેલા મિત્રને લઇ દરિયાપર આવ્યો. પેલા લોક (સીપાઇઓ)ને કહેકે, એ કયા કરતા હો. સર્વ કહે, પાણીની દોરી વણીએ છીએ. નેપોલીઅન કહે, કયા કેસા પાગલ હો ! કુચ પાણીકી દોરી (રસી) હોતી હૈ ! ! સીપાઇઓ કહે હજુર, હમારી કયા કસુર. સરકાર જાણે. હમકું તો હુકમ મીલા સોઈ કરના. તેમ, સત્તાધીશની આ વાત છે. શ્રીહરી સ્વયં જાતે રથપર વકતા છે, તે રોપ- દબદબાવાળી આંખથી અરજુન પ્રત્યે જુએ છે. ગવર્નરનું કામ, પુત્રનું કામ નકકી થઈ ગયું છે. પછી બહાર આવ્યા.

તેજ રીતે માતૃકર્મ, પિતૃકર્મ, પુત્રકર્મ, સ્ત્રીકર્મ, સમજવાં. પિતા ગયો તો પિતાનું કામ નકકીજ છે. તેમ ક્ષત્રીનું કામ (યુદ્ધ) છે. **बाहु राजन्य कृतः ॥ कर्मणी एव**=કર્મમાંજ તારો અધિકાર છે. જે કામ જેને માટે નકકી કરેલું છે (વર્ણાશ્રમ વિહિત) તે કરતા રહેવુંજ. તેના ફળ ઉપર કંઇ સત્તા નથી. પ્રત્યેક અધિકારીએ (દરેકનું શાસ્ત્રોક્ત નિયત કર્મ પુત્ર, સ્ત્રી, મુસાફર, બ્રાહ્મણ, ક્ષત્રી, વગેરેનું શું શું કર્મ તે) પોતાનું નિયત કામ કરવું. વિલાયતથી બોટમાં બેઠો–તેમ પેટમાં (ગર્ભમાં) હતો. બહાર પડયો–જન્મ્યો–હિંદુસ્તાનમાં આવ્યો. પુત્ર બાળકને પુત્ર કર્મની ખબર નથી તેથી શાસ્ત્રે કહ્યું કે **लालयेत् पंच वर्षाणि**, પછી આગળ સુખેથી રહેવું હોય તો ૧૦ વર્ષ શિક્ષા કરીને ઉત્તમ શિક્ષણ આપવું. **दश वर्षाणि ताडयेत्** તો ૧૬ મે વર્ષે મિત્રસમ તે થાય– પોતાનો પુત્રધર્મ સમજે. મા, બાપ, ગુરૂ, શિષ્ય, શેઠ, થયો પણ પોતાનો અધિકાર–કામ–ફરજ શું છે તે ખબર ન હોય તો શું કરે ? દરેકને કહ્યું કે તમારૂં કામ કરો. ફળની ઈચ્છા ન કરો. યોગક્ષેમ મારે માથે છે (હું ચલાવીશ). ફળ મારા હાથમાં છે–ફળ પ્રદાતા હું છું,

તેમાં તારો અધિકાર નથી. ફળ આપીશ કે નહિં આપું તે મારી મરજી, અમુક કર્મફળ મને મળે, એમ વીચારીને કર્મ ન કર–ત્યારે તો પછી કર્મ કરૂંજ શું કામ ? અકર્મમાં (નહીં કરૂં એવો) તારો આગ્રહ ન કરતો, જે જગે તું આવ્યો હોય તે કામ તારે કરવું એજ ફરજ છે.

ગુરૂ, શિષ્ય, પુત્ર, ભાર્યા, સ્ત્રી, બાપ, બ્રા૦ ક્ષત્રી, વૈશ્ય, જે રૂપે જે હોય તે વેશનું કામ તેણે કરવુંજ જોઇએ, એજ માત્ર અધિકાર છે. (તેમ તારો પણ ક્ષાત્ર કર્મ કરવાનો અધિકાર છે) નિર્હેતુક કામ કર. તેની જોખમદારી સરકારને (ઇશ્વરને) માથે છે. મેઘની ગર્જના થતાંજ સિંહ આંખ કાઢી બહાર આવી બરાડે છે (કે મારા જેવો બીજો વળી કોણ છે) તે કાંઈ ફળ માટે બરાડતો નથી. ગડગડાટ થતાં ઉઠવુંજ જોઇએ, એ તેનો સ્વભાવ–પ્રકૃતિ છે. માતા છે તે પુત્ર પ્રત્યે પ્રેમ કરે છે, તે શું ફળ માટે ? મોટો થઈ રોટલા ખવાડે એવું સ્વપ્ને પણ શકય નહીં હોય તે છતાં, પણ માતાનો સ્વભાવ છે. તેજ રીતે વર્ણાશ્રમ ધર્મ પાળવાના છે. (ફળ મળવામાં પાંચ હેતુ છે, અધિષ્ઠાન, તથા કર્તા, કરણ, વગેરે,)

योगस्थ=યોગ ઉપર આરૂઢ થઇ કર્મકર કર્તૃત્વાભિમાન અને સંગ છોડીને કર (ફ્લાશા છોડીને) ઉપરની લીટીનીજ ટીકા છે કે,–કાર્યસિદ્ધ થાય કે ન થાય તોએ ઠીક, બેહુમાં સમ થઇને કર્મ કરવાં એવું સમ રહેવું તેને યોગ કહે છે. (એવા સમત્વરૂપ યોગ ઉપર આરૂઢ થઇને (**योगस्थ** એટલે એવા યોગમાં રહીને) કર્મ કર.

(૪૯. **दूरेण ह्यवरं कर्म०**) નિષ્કામ કર્મયોગ છે, તે શ્રીહરિની પૂજા છે. વર્ણાશ્રમ ધર્મ કર્મરૂપ (જે કર્તવ્ય છે તે) પરમાત્માએ કહેલું કામ કરવું. શા માટે ? તે પ્રભુની પ્રસન્નતા માટે. તેને કામનાથી બગાડો નહિં તો ઠીક. ધર્મમાં કામના ઘુસે તો ધર્મનું ધર્મપણું નિકળી જાય. નિષ્કામ કર્મયોગની સાચી મૂર્તિરૂપ શ્રી હનુમાનજીને જુવો. નિર્હેતુક કર્મ કરતી વખતે અપૂર્વ આનંદ થાય છે. કન્યાદાન આપે છે ત્યારે **नमम**

બોલે છે. તેમ, કર્મ સમર્પણ કીધા પછી બધા દોષ નિકળી જાય છે. તે નિષ્કામ કર્મયોગની આ શ્લોકમાં સ્તુતિ છે.

કર્મ હલકું છે. એનો દરજ્જોજ મોટો નથી. બુદ્ધિયોગ કરતાં તે હલકું છે. **बुद्धियोगात्** એ લાલ શાહીથી લખવું. **नवरं=अवरं**=શ્રેષ્ઠ નહિં તે. સુવર્ણ ૧૦૦ ટચનું શ્રેષ્ઠ, તેનાથી ઉતરતું ૯૮-૯૬-૯૨-૮૫ ટચનું, એમ હલકું હોય છે. તેમ, કર્મ તો ખરૂં પણ **दूरेणहि अवरं**= બુદ્ધિયોગ કરતાં ઘણું છેટેનું-હલકું. કામનાથી જે જે કરીએ તે કર્મ છે, પણ નિષ્કામ કર્મયોગ એટલે બુદ્ધિયોગ કરતાં બહુજ હલકું-છેટે છે. અગાડીના વખતમાં કોઈ બ્રાહ્મણનો છોકરો, મદિરાપાન વગેરેનું કંઈ પાપ કરે, તો આખી ન્યાતને કલંક લગાડયું એમ માનતા, ને તેને દૂર કાઢી નાખતા. તેમ, અત્રે તેવું કર્મજ કાઢી નાખ્યું. વ્યવસાયાત્મિકા બુદ્ધિ છે તેજ બુદ્ધિયોગ. અથવા સિદ્ધિ અસિદ્ધિની સમતારૂપ જે **समत्वं योग उच्यते**, તે બુદ્ધિયોગ, **भोक्तारं यज्ञतपसां सर्व लोक महेश्वरं ॥** તે ભોક્તારૂપ પ્રભુ બેઠા છે તેનાં આપણે હથિયાર છીએ. નિષ્કામ કર્મયોગનેજ બુદ્ધિયોગ નામ આપ્યું; અથવા બુદ્ધિમાન માટે લખેલો જે યોગ, તે બુદ્ધિયોગ. એવાં તે નિષ્કામ કર્મ તરફ જોતાં સકામ કર્મ કેટલું બધું હલકું લાગે છે.

પાંડુરાજાએ સ્વર્ગમાંથી પોતાના પુત્ર યુધિષ્ઠિરને, નારદ સાથે કહેવાડયું કે, મારે પુણ્યની જરૂર છે, માટે રાજસૂય યજ્ઞ કરજે. યુધિષ્ઠિરે વચન માથે ચઢાવ્યું. હવે આખા ભૂમંડળના રાજાને જીતવા જોઇએ. અરજુન નિકળ્યા, તેનું નામ સાંભળીને રાજાઓ ભેટ લઈ સામા આવતા. તે બધેથી પુષ્કળ ધન (દ્રવ્ય) લાવીને સુવર્ણ રત્નાદિના ઢગલા વાળ્યા હતા. એ રીતે ધનને જીતી લાવ્યાથી ધનંજય નામથી અહિં સંબોધ્યો તેમાં હેતુ એ છે કે, એવા તને તુચ્છકામ્ય શું હિસાબમાં છે?! **राजसूयेन स्वाराज्य कामो यजेथा.** પાંડુરાજાને સ્વરાજ્ય મળે એટલું સકામ કર્મ કર્યું તેનું ફળ આ જોઈ લે. યજ્ઞમાં જેને જે

જોઇએ તે છૂટથી અપાયું જતું. અખૂટ સંપત્તિ ઉડતી. કોઈ વર્ણને અટકાવ ન હતો. ફક્ત એકજ વર્ણ **ન** નો સત્કાર થયો ન હતો; એટલે કોઇને "નહિં મળે–નહીં આપું," એવો એક **ન** વર્ણજ ત્યાંથી હાંકી કાઢેલો હતો. જે માગે તે આપ્યાજ કરતા. તેથી દુર્યોધન, કર્ણ, શકુની, દુઃશાસન, એ ચારને બહુ બળાપો–ઇર્ષા થઇ; અને બધું છીનવી લેવાને ઇરાદે શકુનીએ જુગારમાં જીતી લઇ વનમાં કાઢવા વિચાર થયો. તેથીજ આજે આ અત્રે યુદ્ધમાં તું ઉભો છે. એજ તે એક સકામ કર્મ કરવાથી પરિણામ આવ્યું તે જોઈ લે. માટે સકામ કર્મ હલકું છે. **बुद्धौ शरण मन्विच्छ** બુદ્ધિ યોગને શર્ણ જા.

ગુરૂ છે તે બ્રહ્મ છે, શાસ્ત્ર છે તે બ્રહ્મ છે. શા માટે ? સાધન છે તેથી. બ્રહ્મ સત્ય, જગત મિથ્યા છે, એમ શાસ્ત્રથી ખબર પડયું, ને ગુરૂથી પડયું. તેથી સાધન છે તે બ્રહ્મ છે. શિવાજી વગેરે રાજાઓ તરવારને ભવાની માનતા, ને પૂજન કરતા. તેમ બુદ્ધિ યોગ ત્હારો ત્રાણ કરશે; કેમકે તે નૌકા છે તે આ ભવસાગરથી તારનારી છે, તેથી તેને શરણે જા. મનમાં ફળની આશાથી કામ કરનારા કૃપણ છે. બાપડા દ્રવ્ય કમાય, સંગ્રહે, સાચવે, પાઈ ધર્મ કરે નહીં, અને અંતે બધું પડયું મુકીને હાથ ઘસતો જાય–મરે છે. એવા તે કૃપણ છે. નિષ્કામ કર્મ યોગને શરણે જા–એટલે તેનો ઉપાસક થા. કામનાને અડવા નહિં દેતો.

* ચામડાંને માટે વાઘને હણે છે, હાથીદાંત માટે હાથીને હણે છે, ચામર બનાવવા ચમરી ગાયને હણે છે. તે રીતે બુદ્ધિ યોગ–નિષ્કામ કર્મયોગ માટે જે બુદ્ધિ જોઇએ તેને માટે તું મારે શરણે આવ. **चेतसा सर्व कर्माणि०** × ઇશ્વરની–મારી કૃપા થશે તો તે નિષ્કામ કર્મયોગની બુદ્ધિ આવશે. વ્યવસાયાત્મિકા–નિશ્ચયવાળી બુદ્ધિજ માગવી, તો પછી **ददामि बुद्धि योगं तं येन मामुपयांति ते ॥**

***चर्मणि द्विपिनं हंति, [illegible] कुंजरं॥ केशेषु चमरीम् हंति.**

પહેલું સાધન તે સત્સંગ, અને છેલ્લામાં છેલ્લું સાધન જ્ઞાન છે. પરંતુ મહાત્મા શ્રી તુલસીદાસજી કહે છે કે, તે સત્સંગ "રામકૃપા બિનસુલભ ન સોઈ."

ગીતા અ ૨ શ્લોક ૫૦

ઉપલા ૪૯ મા શ્લોકમાં કહ્યું કે, **फलहेतवः** ફળના હેતુથી કર્મ કરનારા કૃપણ છે, માટે તું તેવો ન થા, તેમ "ફળ નહિં મળે તો તે કરવું શું કામ" એ રીતે અકર્મણિનો સંગ તું ન કર. **एषा तेऽभिहिता सांख्येथी** એ પ્રકરણ ચાલેલું છે. ૬૯ નિશ્ચયાત્મિકા બુદ્ધિ હોય તોજ નિષ્કામ કર્મયોગ પર આરૂઢ થવાય. તે નિષ્કામ કર્મથી–નિશ્ચયાત્મિકા બુદ્ધિથી યુક્ત થયલો પુરૂષ આ સંસારમાં તજે. ઉહાપોહ ન ચાલે તે પુરૂષ–એટલે એક વિચાર આમ ઉઠે, ને બીજો તેને દબાવી દે, તે ઉહાપોહ રહિત પુરૂષ શૂ તજે ? સુકૃત દુષ્કૃત–પુણ્ય પાપ બેહુ છોડી દે છે. જે વૃત્તિ તેની પાપ ઉપર તેજ પુણ્ય ઉપર થઈ જાય. જેને વિષય સુખ તુચ્છ લાગ્યું હશે તે, (પુણ્યનું ફળ ભલે બીજાને મન સારૂં હોય પરંતુ) તે તો તેને છોડી દે છે. મોટું કેદખાનું હોય તેમાં રાજકેદી એટલે મોટા લોકની સગવડ જુદી તેને માટે બંગલો, રસોઇઓ, ગાડી, ઘોડા, નોકર, ચાકર, વગેરે હોય છે. માત્ર જેલરને પુછીને ઠરાવેલી હદમાંજ ફરવું. સુનાનાં કડાંરૂપ તે કેદ છે. છતાં "કેદ" તો છે, તે તેને વિષવત્ લાગે છે. પાપ છે તે લોઢાંની બેડી છે, અને પુણ્ય છે તે સુનાની બેડી છે. એ બધું નશ્વર છે. એવાં નશ્વર સુખમાં રમણ કરે તો તે નિશ્ચયાત્મિકા બુદ્ધિ નહીં. **दुःखमेव सर्वं विवेकिनः** ॥ ચાર્વાક વગેરે લોક સંસારને સુખરૂપ માને છે, અને પતંજલિમુનિ દુઃખરૂપ માને છે. તેમનો વાદ સભામાં ચાલ્યો ત્યારે પતંજલિએ **दुःखमेव सर्वं**, કહેવાથી સામાપક્ષે સંસારને સુખરૂપ ઠરાવવા મથન કીધું. ત્યારે પતંજલિ કહે, હાં ભાઈ, તેમ હશે. હું કયાં બધાને માટેજ દુઃખરૂપ કહું છું. **विवेकिनः** વિવેકીનેજ તે દુઃખરૂપ છે. એટલે તે અટકયા. પણ બન્યા–મૂર્ખ બન્યા.

જેણે આત્મસુખ ચાખ્યું છે તેને પુણ્યથી થનારૂં સુખ નશ્વર લાગ્યું. સુખ આંધળું છે. કેમ-શી રીતે ? સુખમાં હોઇએ છીએ ત્યારે આંખો ઉઘાડી નથી હોતી, એટલે આંધળા બની જવાય છે, તો જાતે આંધળું કેમ ન હોય ? ! જેઓ એ સુખની સંગતમાં આવે છે તેઓને પણ અંધ બનાવે છે. તે છતાં લોક બધા તે વિષય સુખને આમંત્રણ કરી બોલાવે છે. કદી પણ દુઃખને કાઇ બોલાવતું નથી. કદી કોઈ દુઃખને બોલાવતું હોય તો પણ તે સુખને માટે જ. સુખે પોતાની પાસે એક Private Secretary રાખ્યો છે તે દુઃખ પોતેજ છે. તેને ખભે હાથ મુકી આવે છે. તેથી આગળ દેખાય દુઃખ, તેની પાછળ સુખ આવે છે. **सुखस्यानंतरं दुःखं, दुःखस्यानंतरं सुखं.** કેમકે આંધળું સુખ એકલું તો આવી શકે નહિ. બીજું કોઈ સાથે હોયજ, અને તેજ દુઃખ છે.

સમાધિવાળાને વ્યત્થાન દશામાં સિદ્ધિ આવે છે તેમાં તે લલચાતો નથી તોજ તે આગળ જઈ શકે. તે સિદ્ધિઓ આવે તેને કહે છે કે, જાવ, મારે આગળ પ્રભુપદ સુધી જવું છે, તમારૂં કામ નથી. એટલે તે ચાલી જાય છે. માટે તે સિદ્ધિનો સંગપણ નહિં કરવો; અને તે છોડી દીધાનું અભિમાન કરીને ફુલાઇ પણ ન જવું.

सर्व द्वाराणि संयम्य मनो हृदि निरुध्यच ॥ જેને જન્મ લેવાની ઇચ્છા હોય તે પુન્ય પાપ ઉપર નજર રાખે; પરંતુ જે મુક્તત્વ ઇચ્છે તેણે તો ક્રમશઃ બેહુને છોડવાં. પ્રથમ પાપને દૂર કરવું અને પુણ્યને મેળવવું; એટલા માટે કર્મ છે. **धर्मेणपापं अपनुदति.** પુણ્ય ધર્મથી પાપ હઠે છે. સંધ્યાવંદન ધ્યાન પૂજા દાન દયા વગેરે છે તે દુરિત-પાપના ક્ષય માટે છે. પણ તે બધાં નિષ્કામ કરવાથી પુણ્ય પણ જાય છે. અને ચિત્ત શુદ્ધિ થાય છે. જે જે સુખ છે તે દુઃખ મિશ્રિત છે. નિષ્કામ કર્મયોગ છે તે પરમપદ પ્રાપ્તિનું સાધન છે. કામોદાતા, કામોપ્રતિગૃહિતા; કન્યાદાન દેનાર અને પ્રતિગ્રહ કરનાર-લેનાર, તથા ગોર

બધા કામરૂપ છે. બધું જોતાં કામનાજ જગતમાં છે. તે કામનાને કાઢી નાખવી છે, માટે તું નિષ્કામ કર્મ કરવા તઇઆર થા. કામ કરવાની ગોત્કૃમાસ-કૌશલ્ય-ચતુરાઇ છે તેજ યોગ છે. કાંટાથી કાંટો કઢાય છે, તેમ નિષ્કામ કર્મ યોગથી બધાં કર્મ બંધને તોડી નાખવાનાં છે.

ગીતા અ. ૨ શ્લોક ૫૧

શાસ્ત્રને અધિકારી તે માણસ છે. શાસ્ત્રો છે તે કંઈ પશુ પક્ષી માટે નથી, તેમ દેવ વગેરે માટે નથી. અંગ્રેજી અને હોલકરની હદ આવે છે તેમાં હોલ્કરની હદ છોડી અંગ્રેજની હદમાં ગાડી બદલી બેઠા કે અંગ્રેજના કાયદા લાગુ થયા. **शास्त्रस्य मनुष्याधिकारत्वात्** વિશિષ્ટ બુદ્ધિ જેમાં રહેલી તે બુદ્ધિમાન; ધનવાળો તે ધનવાન. હિમવાન પહાડ છે. હિમતો સર્વત્ર છે, પણ તે વિશિષ્ટ હિમ છે-બરફવાળો પર્વત ચોખ્ખો છે. તેમ બુદ્ધિનો અને તે વ્યકિતનો યોગ થયો તે બુદ્ધિમાન એવી બુદ્ધિ સામાન્ય માણસમાં આવતી નથી. તે બુદ્ધિ આ બારાંમાં કામની નથી. પૂર્વ-ગત જન્મોમાં ચઢતો ચઢતો આવેલો હોય તેને દ્રઢ નિશ્ચયવાળી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એવા જે હોય તે સત્કિયા કરે છે. દુષ્કિયાને હાંકીજ કાઢે છે. ધર્માચરણ કરે છે.

फलनिष्पत्तौ. છેવટે ફળ આવ્યું. ત્યાર પછી હવે શું આવવાનું? કાંઈ નહીં. હવે એજ કરવાનું કે, આ ફળ (આવ્યું તેમાંથી) વાવવું કે ફરીથી બીજાં અનેક થાય. તે વાવેલું ફળ હતું તેણે પોતાનું ફલત્વ છોડી દીધું અને વચ્ચે અંકુર, પાંત્રાં, ડાળાં, ફુલ, બન્યાં અને પછી ફળ થયું. તે આંબાનું ઝાડ ઉખેડી જોતાં તે ગોટલો ક્યાં ગયો તેનો પત્તો નથી. કેરી આવી તેનો રસ જ્યારે ચુંસી ત્યારે તેમાંથી નીકળ્યો. જે ફલ (બીજ) વાવેલું તે છેલ્લે આવ્યું તે હવે ફરી લગાડવું. એજ કર્તવ્ય રહ્યું. ખેતરમાં ભીંડા ઉગ્યા છે તેમાં સુંદર શ્રેષ્ઠ ભીંડો હોય તે ખેડુત નહીં ખાઈ જાય, પણ તેને કાળો દોરો બાંધી મુકે અને તે કોઇને લેવા નહીં દે, તે ઉપર ધ્યાન રાખે. તેથી બીજા સર્વને એમ

લાગે કે ફોકટ ગુમાવ્યો; પણ તેની ખબર તો આવતે વરસે પડશે તેમ. ધર્મને વાવવાનો છે. સુખ મળે છે તે ફળ છે.

(ધર્માચરણ કરવાનાં પુણ્યને લીધે જે સુખરૂપ ફળ મળે છે તે.) ફળ (સુખ) આવ્યું કે આપણે ખાઈ નાખીએ છીએ. પણ તેને ચાખીએ નહિં અને રાખવાનું તેને માટે રાખીએ, તો મઝા કોઇ જુદી -ઉત્તમ પ્રકારની આવે. ચાખવાની—ખાઈ જવાની જરાક મઝા રોકો-લોભ ન કરો-જવા દો તો લાખગણું સુખ દેખાડીશ એમ તે સુચવે-કહે છે. **सर्वं खल्विदं ब्रह्म** બધાંજ સુખ તે પ્રભુના છે. ગરીબોને અન્ન આપો, સદાવ્રત ચલાવો. રોજ ૧૦૦ સુપાત્ર બ્રાહ્મણ સાથે જમો. તે જમ્યા પછી પોતે જમો. એમ કરનારને પૂછશો તો કહેશે કે, જાતેજ ભોગ ભોગવી લેવા કરતાં પરોપકાર થાય-બીજાં સુખી થાય તેમ કરવા —થવા-જોવાથી લાખગણો આનંદ છે.

પુણ્યનું ફળ, સુખ આવ્યું તેને લગાડતાં (વાવતાં) આવડવું જોઇએ. પરમાત્માને અર્પણ કરવા રૂપ-લોકોને તે સુખ વ્હેંચી આપવા રૂપ-પ્રભુમાં વાવ્યું તેથી વૈરાગ્ય પ્રાપ્તિ થઇ અખંડ આનંદ આવે. એ ખેતીવાડી જેવું જ છે. **येन केन प्रकारेण** (ગમે તેમ કરીને-મરી તરફડીને પણ) તું સ્ત્રી પુત્રાદિનું પોષણ કરે છે ને ?! તેજ પ્રકારે એ પરોપકાર પણ કર. સાધુ સંતોમાં સુકૃત અર્પણ કરવામાં આવે તેમ કર. અને એમ જાણ કે વચ્ચે પ્રભુએ મને મુનીમ ઉત્પન્ન કીધો છે તેથી તેનું કામ, તેની ઇચ્છા મુજબ, આજ્ઞાથી દાસભાવે કરૂં છું. **फलम् त्यक्त्वा** એટલું ધ્યાનમાં રાખે (મનમાં ગાંઠજ વાળે)-ગાયન-ભજન-કીર્તન આવડતાં હોય તે દેવસ્થાન વગેરેમાં બેસી ભજન કર, તો અનેક મનુષ્યનાં મનને શાંતિનું ભાન થશે. કર્મથકી થતું જે જે ફળ છે તે સુખ દુઃખ છે. તેમાંથી જે દુઃખ છે તે ત્હારા માટે રાખ, અને સુખ પારકા માટે-બીજાં માટે (પરમાત્મા રૂપ જગત માટે) આપી દે, તો તે તારે માટે રાખેલું જે દુઃખ છે તે સુખરૂપ થઈ

રહેશે. ગરીબોને ગરીબ નહીં, પણ પરમાત્મા સમજીને આપતો જા. વાસ્તવ દૃષ્ટિએ દુઃખ છેજ નહીં. બધું સર્વત્ર સુખ જ ભર્યું છે એમ સમજીએ–અથવા કયાં તો બધું દુઃખ રૂપ છે એમ સમજી તે દુઃખમાં સુખબુદ્ધિ ન કરતાં નિર્મોહ રહી પરોપકાર કરતો રહે. પોતે ઝાડની નીચે રહે અને સુજ્ઞજનોને રહેવા ઘર આપે.

नवद्वारे पुरेदेही नैव कुर्वन्न कारयन् પ્રભુને ફળ સમર્પણ કર. પુણ્યને પ્રભાવે જે સંપત્તિ આવે તેને "ના" નહિં કહે, પણ "આવો" કહી માન આપે, પણ તેને કહે છે કે, આ પ્રાણીઓ ઉપર ઉપકાર કરો–એને સુખલાભ આપો–જાવ. એવું ધર્માચરણ કરવાથી મનીષી થયા. જેને મનીષા છે તે મનીષી. **मनस्+ईशा=मनसीषा** તેમાંથી **स** ગળી ગયો તેથી મનીષા થયું (**मनीषा**, હલીશા, લાંગલીષા, પતંજલિ, એ બધા સરખા શબ્દો છે.)

મનીષિણઃ=યથાર્થ હોય તેજ જેનાં મનમાં આવે તે વિદ્વાન. બુદ્ધિયુકત થઇને કર્મફળ શ્રી હરીને અર્પણ કરે–પોતાનુ સુખ (ગાડી ઘોડા મોજ મઝામાં જાતે ખાઈ ખોઇ નહિં નાખતાં) પ્રાણીઓને આપતાં આવડે, તેને તે નિષ્કામતા–પરોપકાર છે તે ઠેઠ મોક્ષ સુધી લઈ જાય. **जन्म बंध विनिर्मुक्ताः [illegible] नामयं** જન્મ છે તેજ મુખ્ય બંધન છે. જો જન્મ નીકળી જાય તો દુઃખ નીકળી જવાનું. જન્મ લેવાની તો ઇચ્છા કરે છે, અને દુઃખ તો ભોગવવું નથી, એ વાત કદી ન બને.

રાગદ્વેષ છૂટે તો પ્રવૃત્તિ (કામ કરવાનુ) છુટશે. અને એ કર્મચક્ર બંધ પડે તો જન્મ ન આવે.

પ્રવૃત્તિ ચક્રબંધ પડે કયારે, કે રાગદ્વેષ નિકળી જાય ત્યારે, અને અજ્ઞાન જાય તોજ રાગદ્વેષ જાય છે. રોજ ઉંઘમાં પ્રભુને મળીએ છીએ પણ સમજણ–જ્ઞાન–ઓળખાણ નથી–માટે સમજીને ઉંઘ. એ રીતે એવા મનીષિ–મહાત્મા બુદ્ધિવાન જે પદને પામે છે તે પદ કેવું છે કે, **अनामयम्** । વિદ્વાનોમાં મળે છે ત્યારે પુછવાની રીત છે કે, **अपि**

कल्याणं-भद्रं-शिवं-मंगलं-शुभं-अपि अनामयम् = એટલે કેમ કુશળ છે—સારી પેઠેમ છો × × **अन्+आमय**=રોગરહિત એટલે મરણ ભયરહિત. રોગથી કેમ ડરીએ છીએ—કેમકે રોગ મારી નાખે તેથી. **आमय=राग व्याधि गदामय:** રોગ=જીવ લે તે—જે રોગનું ઓષડ નહીં. આમય આવ્યો કે મર્ણજ થાય—તેમાં વચ્ચે કોઈ અંતરાય નાંખી ન શકે એવો યમદૂત જેવો રોગ (Plague જેવો) અલંકારિક અર્થ એક કવિ કહે છે—કે, "**આ**" એ બોલતાં જાણે ભડકી ઉઠયો—ગભરાઇ ઉઠયો (**આ—ઓ—અરે** ! ! ! !) અને તે ગભરાટમાં "મય" છે તે ઉલટ પાલટ થઈ જતાંમાં "યમ" થઈ જવાથી "આ યમ"=આવ્યું રે મોત. એવી ક્ષણે ક્ષણે ધાસ્તી.

એક કવિ અલંકારિક અર્થ કરતાં કહે છે કે, મય ને ઉલટપાલટની પણ જરૂર નથી. "આ" એટલું મનમાં થડકાટ—ગભરાટને લીધે ભડકવાથી આવતાં તેની અસર વીજળી માફક આખાં સ્થૂલ સૂક્ષ્મ શરીરમાં એવી થઇ છાપ બેસી જાય છે કે તે "**આ**"=ભયમય બની જાય છે તે ગભરાટમય—ભયરૂપ બની જવું તે આમય. એવા આમય (રોગ)થી રહિત જે પરબ્રહ્મ તેને પામે છે, અર્થાત્ તે મનીષીણ: અનામયપદ (પરમાત્મા) ને પામે છે. માટે હે અરજુન, આ યુદ્ધ કરવાનું છે તે તારૂં કામ કરવાનું નથી પણ મારૂં (ઈશ્વર—શ્રી હરીનું. આ તો હું કામ કરૂં છું એમ) સમજીને કર. તું બકી ગયેલો હતો કે **न कांक्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च** તેથી શું યુદ્ધ **न करिष्ये** એમ કહેશે તે ચાલે ખરૂં કે?!!! **सुख दु:खे समे कृत्वा लाभालाभौ 'जयाजयौ"॥ ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि।** શ્રીભગવાને જાણે હું અરજુનને કાંઈ નથી કહેતો પણ **तोत्रवै त्रैक पाणये** એક હાથમાં ચારે ઘોડાની લગામ પકડી તાણુતા રહી, બીજે હાથે સમસ્યા ઈશારતથી હાથ ઉંચા કરી આંગળીથી બતાવી દીધું. (અરજુન સામું જોતા રહી) કે **पदंगच्छं त्यनामयं।** એમાં તાત્પર્ય—કટાક્ષ એજ કે, તું પણ એવાં અનામય પદને પામ, પણ "તું એવાં અનામયપદને

પામ" એમ નહીં કહેતાં એવા તે મનીષિણઃ પુરૂષો છે (બુદ્ધિવાન) તે અનામય પદને પામે છે એમ કહી મૂકયું. ભૂત ભવિષ્યકાળનો વિરોધી હંમેશાનો-અખંડ એવો જે વર્તમાનકાળ છે તે યોગી લોકોને હંમેશાંનો વર્તમાનકાળ છે તે દેખાડવાને શ્રીકૃષ્ણે વર્તમાનકાળનો પ્રયોગ રાખ્યો (અને ગર્ભિત એજ કહ્યું કે, તું પણ એવો બુદ્ધિ યોગવાળો થઈ એવાં અનામય પદને પામ.) ૐ

ગીતા–અ. ૨ શ્લોક ૫૨.

પરમેશ્વરનો અત્યંત અનુગ્રહ-કૃપા થાય ત્યારે દ્દઢ નિશ્ચયવાળી બુદ્ધિ આવે, ત્યારે કામના રહિત કર્મ કરે, અને જન્મ બંધથી મુક્ત થઈ અનામય સ્થાનને પામે. નિષ્કામ કર્મયોગ કેવું મોટું સાધન છે તે બતાવવાને શ્રીભગવાન, એ પ્રકારે કહી ગયા. તેમાં પોતાનો અભિપ્રાય એ હતો કે, તું પણ તેવો થા. તેમજ એ અનામયપદ મને પણ ક્યારે પ્રાપ્ત થાય, એવો અરજુનનો અભિપ્રાય જાણીને પ્રભુએ કહ્યું અને કહે છે. એક બાજુએ નિષ્કામ કર્મયોગ તરફ એક હાથ લગાડી બેઠા છે, અને બીજી બાજુએ સ્થિત પ્રજ્ઞનાં લક્ષણ કહેવાના છે. પૂર્વનો અને ઉત્તરનો સંબંધ બતાવે તે વિષ્કંભક કહેવાય તેવા આ બે શ્લોક છે.

નિષ્કામ કર્મયોગ સેવી સેવીને બુદ્ધિ શુધ્ધ થઈ કયારે જાણવું? મલીન બુદ્ધિને પવિત્ર કરવા નિષ્કામ કર્મયોગરૂપ ઔષધ આપવું. તે દીર્ઘકાલ શ્રદ્ધાથી નિરંતર સેવવાથી, જ્યારે તારી બુદ્ધિ મોહ કલીલ તરી જશે. (ગુપ્ત રીતે, આ, રૂપક અલંકાર કીધો છે, એટલે, અરજુનને કહ્યું છે કે જ્યારે તારી બુદ્ધિ મોહ સમુદ્ર તરી જશે ત્યારે-પરંતુ જીવનાં સંબોધન માટે આપણે લેવું અર્થાત્ આપણુનેજ પ્રભુ ઉપદેશ કરે છે કે જ્યારે તારી બુદ્ધિ મોહ વગરની થશે ત્યારે-××) હાલ સુધીની સાંખ્ય બુદ્ધિ હતી, પછી નિષ્કામ કર્મયોગની યોગ બુદ્ધિ કહી. એ બેહુનું સાધન, સ્થિર બુદ્ધિ, છે. તે બધી (કૃષ્ણ કહે છે કે) મેં

તો તને કહી, પણ એ બુદ્ધિ, તારી બુદ્ધિમાં જઈને, તે તારી બુદ્ધિ નિર્મળ થશે તો ઉગશે. તારી પોતાની બુધ્ધિ મોહ (અવિવેક—અથવા મોહ વૈચિત્ય વિક્ષિપ્ત ચિત્ત થવું તે) અર્થાત્ અનિત્યને વિશે નિત્ય બુદ્ધિ થવી એ પહેલો અવિવેક અથવા મોહ, અને અશુધ્ધમાં શુદ્ધ બુદ્ધિ થવી, અને અનાત્માને વીશે આત્મ બુદ્ધિ થવી એટલે એજ આપણે છીએ, એમ થવું તે, એવા ત્રણ પ્રકારનું અજ્ઞાન અથવા અવિવેક અથવા મોહ વગરની થશે—મોહરૂપ દરીઓ તરી જશે ત્યારે તને નિર્વેદ આવશે—દુ:ખરૂપ એવું અમંગળ—અનિત્ય—અશુધ્ધ—અનાત્મા આપણું શરીર જ છે તેમાં મંગળ બુદ્ધિ-નિત્યબુદ્ધિ—શુધ્ધ ભાવ અને એ દેહ છે તેજ હું એવી આત્મ બુદ્ધિ થાય છે અને સુખરૂપ દેખે એજ મોહ—અવિવેક છે. વમન કરેલું અન્ન અગર ખંખારીને કાઢી નાંખેલા બડખાં જેવુંજ આ બધું તું જોશે ત્યારે હુ જાણીશ કે તારી બુદ્ધિ શુધ્ધ થઈ.

અવિદ્યારૂપ દરિયામાં તારી બુદ્ધિ પડી છે, અને જેનો નહીં કરવો જોઇએ તેનો આશ્રય કરે છે. પરસ્પરની મુક્તિ માટે લગ્ન—વિવાહ કરેલું છે. એકલાથી નહીં જવાયું ત્યારે બે જણ (સ્ત્રી સાથે) હાથ પકડી ચાલ્યા. પણ છુટવાને બદલે (તરી પાર જવાને બદલે) બેહુ જણ કરવા શું લાગ્યાં કે, એ બાઈ છે તે ભાઈ (પતિ)ને ડુબાવવાં લાગ્યા અને ભાઈ છે તે બાઇને ડુબાવવાં લાગ્યા. અર્થાત્ વિષય સેવનમાંજ મશગુલ બની બેઠા. કરવાનું કંઈ ને કરી બેઠાં કાંઈ, તરવાને બદલે મરવાનું સ્વિકાર્યું. કોઇ દયાળુ પુરૂષ તેમને ઉગારવા ગયા, તો તેને બાઝી પડી તેમને પણ બુરાડવા લાગ્યાં. એવા દુસ્તર સાગરને તરી જાય. અનિત્યને અનિત્યજ માને. અનાત્માને અનાત્માજ સમજે, આત્મા (પોતા)ને અખંડ સત્ ચિદાનંદ સમજે—અનુભવે, ત્યારે એ સમુદ્ર તરી જવાય છે. દરીઆમાં ડુબતા —મરણ પામવાની અણી પર આવેલા—ને શું પુછીએ ? આ મોહસાગરમાં સુખ દુ:ખનઃ મોજાંમાં નહીં ગભરાતાં-મોહ નહીં પામતાં—ફસાઈ ન પડતાં, પાર જશે ત્યારે જાણીશ કે નિર્વેદ આવ્યો.

ઇશ્વર નિર્મિત દ્વૈત કયું ? સ્ત્રી અને પુરૂષ. એ વાસ્તવે અદ્વૈતજ છે તેથી કોઇને દુઃખરૂપ નથી. પણ જીવનું કરેલું દ્વૈત દુઃખરૂપ છે. એક જણની સ્ત્રી મરી ગઈ. ત્યાં કોઇએ આવી કહ્યું કે પચાસ સ્ત્રી મરી ગઈ—શી રીતે? અમુકની કાકી, કોઈ×ની મામી, કોઈની મા, ફોઈ, ભાભી, પત્નિ, પુત્રી, વગેરે અનેક જણે અનેક પ્રકારે સ્વિકારેલી માનિં-દીરૂપ દ્વૈત (આસકિતવાળું હોવાથી) બધાંને દુઃખનો હેતુ છે. સ્ત્રી તો એકજ મરી ગઇ, છતાં અનેક જણે અનેક કલ્પના દૃઢ કરી દીધી. એવી જે અવિદ્યા તેને તરી જા. વાંત (V‹mit) કરેલા પદાર્થ ઉપર કંટાળો આવે છે તેજ રીતે તને ત્યજેલા વિષયપર કંટાળો આવશે. વાંતિ કરીને ફરી ખાય તે તો શ્વાનજ. બીજો તેમ કરી ન શકે. તાત્પર્ય કે,–તને આત્મજ્ઞાન થશે ત્યારે તને કંટાળો (નિર્વેદ) આવશે. દરીઓ (અવિદ્યા–મોહરૂપ) તરીને પાર ગયા પછી, જે ગામમાં મુકામ કરવાનો ત્યાં પટેલ કોરૂં વસ્ત્ર આપે, ભોજન આપે તેમ, તેરૂપ નિર્વેદ ગામમાં મુકામ થાય છે. તે ગામ શ્રોતવ્ય અને શ્રુત એ બેની મધ્યમાં છે. (કર્તવ્યસ્ય કૃતસ્ય ચ). કેટલાક દેશ જોયા છે કેટલાક જોવાના છે. કાંઈ ખાધું છે, ને કાંઈ ખાવાનું છે.

પૂર્વે ઘણા પુત્રો વગેરે પ્રજા થયલી તેથી બહુ કંટાળીને પ્રભુને કહેતો કે પ્રભૂ હવે માફ કરો—મારે પ્રજા નથી જોઈતી—ત્યારે આ જન્મમાં પ્રજા નહીં થવાથી ઇન્તેજાર રહી કહે છે કે, પુત્રમુખ જોઈશું ત્યારે ખરૂં; એજ મોહ કલીલં.

સ્વામિ નૃસિંહ સરસ્વતિ દત્તનો અવતાર હતા. તેની સેવા કરનાર એક ધોબીના મનમાં લુગડાં ધોતાં એકવાર આવ્યું કે બાદશાહ થાઉં તો ઠીક. તે વાત, સ્વામિ પાસે ગયો ત્યારે સ્વામિએ કહ્યું કે, કેમ બાદશાહ થવું છે ? આ જન્મમાં કે હવે પછીના ? ધોબી કહે, ઉમર થઇ ગઇ છે તેથી બીજે જન્મે ઠીક. પછી તે થયો છે ત્યાં ગુમડું મોટું થયું (બાદશાહ થયા પછી) ત્યાં સ્વામીને બોલાવ્યા છે. તેમણે કહ્યું કે, એ તો ધોબી હતો. સ્વામી કહે, રોગબોગ કશું નથી. બાદશાહ પગે

લાગ્યોને કહે પ્રભુ! આપના દર્શન માટે આ બધું આડંબર છે, ગુંમડું રોગ કશું નથી. તાત્પર્ય કે, એમ જ્ઞાનપૂર્વક આવેલો વૈરાગ્ય તે નિર્વેદ છે, તે શ્રોતવ્ય અને શ્રુતનો કંટાળો આવશે (જ્યારે તારી બુદ્ધિ મોહ કલિલ તરી જશે ત્યારે.)

ગીતા અ. ૨ શ્લોક ૫૩.

ઉપલા શ્લોક **यदा ते मोह** (૨-૫૨)ની અલંકારી ભાષા છોડી દઇએ તો, એમ કહી શકાય કે, **यद्वा त्वं निर्मोहं भवष्यिसि.** વસ્તુ સ્થિતિનું ચિત્ર ધ્યાનમાં આવે માટે કહ્યું કે, ખરાબ પાણીનો મોહરૂપી દરીઓ તારી બુદ્ધિ તરી જશે ત્યારે તું ગામમાં આવી નિર્વેદ મઠમાં આવશે. **विद्** ધાતુ છે તેથી નિર્વેદનો અર્થ-જ્ઞાનપૂર્વક વૈરાગ્ય. શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ-અર્થાત્-ગીતા સાંભળી છે, ભારત સાંભળવાનું છે. મુંબાઇ જોયું છે, કલકત્તા જોવાનું છે, એ ખૂટતું નથી. એ ગતિ ક્યારે બંધ પડે? નિર્વેદ મઠ મળે ત્યારે.

શ્રુતિ વિપ્રતિ પન્ના તે બુદ્ધિ-ત્હારી બુદ્ધિ કેવી છે કે,-વિપ્રતિ પન્ના (અપ્રતિ પત્તિ=કાંઈ સમજણ ન પડે તે, અને વિપ્રતિ પત્તિ=વિરૂદ્ધ જે સમજાયું તે) એ વિપ્રતિ પન્ના, એટલે, દોલાયમાન થયલી-ગુંચવણમાં પડેલી-સંશય ગ્રસ્ત, કંઈ નક્કી થઇ શકતું નથી, એવી છે. અર્થાત્ જેમકે,-આત્મા છે કે નહીં; છે, તો નિત્ય છે કે અનિત્ય; નિત્ય છે તો, એકજ છે કે, પ્રતિ શરીરમાં ભિન્ન ભિન્ન છે; જો એકજ છે તો એક મરેથી બીજા બધાં મરી કેમ જતાં નથી; વગેરે પ્રકારે, જેમાં એક નિશ્ચય નહીં તેવી (તારી) બુદ્ધિ છે.

(૧) શ્રુતિ એટલે તો વેદ (**श्रुतिस्तु वेदो विज्ञेयो**) અને

(૨) શ્રવણ કરીએ (સાંભળીએ) તે પણ શ્રુતિ.

स्मृ ધાતુનું સ્મૃતિ થાય છે, મનનું મતિ, ગમનું ગતિ, એ રીતે રૂપ થાય છે, તેમ શ્રુતિ છે (**श्रु**) નું.

(૩) અને જેના વડે સંભળાય છે તે કાનને પણ શ્રુતિ કહે છે.

(૪) ગાળ-નિંદા, કે સ્તુતિ જે સાંભળો તેનું નામ પણ શ્રુતિ છે.

श्रुति शिथिलतां गता स्मृतिरपि प्रनष्टाऽधुना। વૃદ્ધાવસ્થામાં કાન શિથિલ થઇ ગયા–બરાબર સંભળાતું નથી, અને યાદદાસ્ત પણ રહેતી નથી–સ્મૃતિ પણ હવે નાશ થઇ. બીજી રીતે અર્થ એવો કે, કલિયુગમાં વેદો શિથિલ થઈ ગયા, અને સ્મૃતિઓ પણ નાશ જેવી–નહિંવત્ થઈ ગઇ. એમાં વેદ અને કાન એ બે અર્થ શ્રુતિના થયા છે.

કાન છે તે ઘરનાં બારણાં ઉઘાડાંજ છે. કંઈ અશુભ શ્રવણ–શબ્દ કાનમાં નહિ આવવા દેવા હોય તો અટકાવી શકાય એમ નથી. શુભાશુભ બધાજ શબ્દો કાનમાં ઘુસી જાય છે. તેથી બુદ્ધિ બહુ બગડે છે. છોકરાં રમવા ફરવા બહાર તો જાયજ. ત્યાં દુર્જન લોકો પોતાના સ્વભાવ પ્રમાણેનું બોલી બકીને શું તે છોકરાંના કાનમાં નહિ રેડશે કે? મોટા શ્રીમાન શેઠના કાન કરડીને એટલે ખોટી ખરી ચુગલી કરીને તેને તાબામાં કરી લે છે. કાનમાં નઠારૂં કંઈ નહિંજ આવવા દેવા માટે કશું યંત્ર કે ભૂષણ નથી. માટે પાસે માણસ એવાં રાખવાં કે, ગીતા વિષ્ણુ સહસ્ર નામ ભજન સ્મર્ણનો અવાજ સર્વકાળ કાનમાં પડયા કરે. ઝાઝું બગાડે છે તે કાન. તેથી શ્રુતિ–કાન શબ્દને આગળ કરીનેજ કહેવાય છે. **श्रोत्रादी नींद्रियाण्यन्य संयमाग्निषु जुह्वति॰** એમાં પ્રથમ કાન લીધા છે. આંખે પણ બહુ ખરાબી કરી છે. અને જીભલીએ તો ખરાબી કરતાં પાછું ફરીને જોયુંજ નથી; છતાં મુખ્ય ઇંદ્રી કાન લીધી. પ્રથમ ભક્તિ શ્રવણ ઠરાવી છે. પ્રભુના ગુણ ગાનમાંજ કાન રાખ્યા તો બધું સુધાર્યું. બાપ ખવાડે પણ ખરો, ને મારે પણ ખરો. તેજ સુધારે. નબળું કાંઇ પણ સાંભળ્યા પછી કાનમાંથી કાઢી નાખતાં મુશ્કેલ પડે, માટે તું ગમે તેનું સાંભળ નહીં. કાને એકલાએજ ખરાબી કરી એવું નથી, પણ કાનને ઉપલક્ષણ લીધું.

वृष्टिभिः प्रति पन्नाते॰ બુદ્ધિ જ્યારે વિષયોનું ગ્રહણ કરે ત્યારે જુવો. પહેલાં તારી બુદ્ધિ શ્રુતિ વિપ્રતિપન્ના હતી તેથી મોહકલીલમાં તું ડુબતો હતો. હવે તારી બુદ્ધિ નિર્વેદમાં આવી ત્યારે કેવી છે તે જો.

स्थास्यति=गतिनिवृत्तौ. બુદ્ધિતત્ત્વ સ્વભાવે સ્થિર-નિશ્ચયાત્મક છે. તેને કહે, સ્થાસ્યતિ=સ્થિર રહે-નિશ્ચળ રહે અને અચળ રહે. સમાધિમાં તો સંશય વિપર્યય રહિત ઉભી રહે-હાલેચાલે નહીં. એક ખુંટો ઠોકી તેના પર એક મુદ્‌ગર-હથોડો મારી બીજો માર્યો. અને વળી ત્રીજો માર્યો. સ્થિર કહી, નિશ્ચળ કહી, અને અચળ પણ કહી. કેમકે કુતરાની પુંછડી વાંકી છે તેને નળિકામાં ઘાલી કે સીધી થઇ રહે, પણ નળીમાંથી નીકળી કે ઝટ પાછી હતી તેવીજ વાંકી થઇ રહે છે. તેમ, સમાધિમાં તો બુદ્ધિ સ્થિર થાય, પણ વ્યુત્થાન થતાં પાછી ધુસ્સાવાળી પ્રકૃતિ ઝળકી આવે. તેથી સમાધિમાં સ્થિર રહે તેમાં શી નવાઈ! સ્વભાવે નિશ્ચયાત્મક તો ખરી, પણ અતિ સ્થિરતા બતાવે છે. નિર્બીજ સમાધિ-વાળાને તો ઉત્થાન નથી.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः। અને પછી વળી કૃષ્ણે કહ્યું કે, **न कर्मफल संयोगं स्वभावस्तु प्रवर्तते।** કોઇનું પાપ નથી લેતા. અને વળી કહે છે કે, **भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरं।** બધાનો ભોક્તા મહેશ્વર છે, એવો મને જાણીને શાંતિ પામે છે. આવી રીતે શ્રુતિઓના ભિન્ન ભિન્ન વાક્ય સાંભળી ગુંચવણમાં પડી જવાય છે તે શ્રુતિ વિપ્રતિપન્ના બુદ્ધિ છે.

श्रुतिर्विभिन्ना स्मृतयश्च भिन्ना। नैकोमुनिर्यस्यवचः प्रमाणं॥ ત્યારે કયે રસ્તે જવું? **महाजनो येनगतः सपंथाः।** શ્રુતિઓ જુદું જુદું કહે, સ્મૃતિઓ પણ જુદી જુદી છે. કોઇ મુનિ એવો નથી કે જેનું વચન પ્રમાણ હોય. તેથી કયે રસ્તે જવું? ત્યાં કહે છે કે, જે માર્ગે રહીને મહાપુરૂષો ગયા હોય તે રસ્તે જવું. સમાધિ કેવી? તો કહે છે કે, **स्पर्शान्कृत्वाबहिर्बाह्यान्०** પાંચે વિષયોરૂપ વેપારી જ્યાંથી નાસી ગયા (શબ્દસ્પર્શાદિ). આસન, મુદ્રા, પ્રાણાયામ વગેરેથી શરીર મનને પણ નિશ્ચળ રાખ્યું. એવી અડગ નિશ્ચળ બુદ્ધિ સમાધિમાં તને થશે ત્યારે તને યોગ મળશે. કોનો યોગ થશે? પરમાત્માનો-મારો યોગ થશે.

મોહ નિકળી જાય તેનું ચિન્હ બતાવ્યું; કે નિર્વેદ આવે છે. તે ઉપરથી તું જાણી લેજે કે મોહ ગયો. નિર્વેદ કરતાં વિષાદ હલકા દરજ્જાનો છે. લોકની બુદ્ધિમાં ઘડી ઘડીમાં વિષાદ આવે, ને ઘડીવારમાં રાજી ખુશી પણ થઇ જાય, પણ નિર્વેદ તેવો નહીં. નિર્વેદમાં વિષાદ ખરો, પણ વિષાદમાં નિર્વેદ નહીં. **स्थास्यति** તે પણ વળી સમાધિમાં ત્હારી બુદ્ધિ ઉભી રહે-સ્થિર થશે. તે કેવી કે નિશ્ચિળ-અચળ-કૃતકૃત્ય થયલી-એવી થશે. સંસાર નાટક ભજવી-ખલાસ કરીને નિરાંતે **Easy chair** આરામ ખુરસી પર બેઠેલી એવી થશે. જેમ, નર્તકી છે તે, રાગ-વેશ-હાવભાવ વગેરે કર્તવ્ય કામ કરી ભજવી પરવારીને નિરાંતે બેસે છે તેમ.

પ્રશ્નનો શ્લોક એક જ છે, પણ ઉત્તરમાં ૧૭ અને ૧૮મો ફલ શ્રુતિનો એટલે ૧૮ શ્લોક છે. અધ્યાયના છેવટ સુધી (૫૪+૧૮) છે. જેની બુદ્ધિ મોહ કલીલ તરી જઇ નિર્વેદ મઠમાં બેઠી છે એટલે નિઃસંદેહ થઇ છે તેનાં લક્ષણ શૂ, તે શ્રી હરી કહેશે. તેમાં તે કૃતકૃત્ય ભકતના ગુણાનુવાદ ગાશે. શ્રી કૃષ્ણના કૃપાપાત્ર ભાગ્યશાળી લોક પોતાની સ્તુતિ અન્ય લોકનાં મુખથી સાંભળતા રહે, અને પ્રભુની સ્તુતિ પોતે કરતા રહે. સર્વ કોઇ સ્તુતિ પ્રિય છે. પ્રભુને ત્યાંતો સ્તુતિ આવ્યાજ કરે છે.

नर्तकि यथा नृत्यात् તે પ્રભુને હવે છેલ્લો (નાટકનો) અંક રહ્યો છે. તે હવે સ્થિત પ્રજ્ઞ જે સ્તુતિ રૂપ છે તેના ગુણ ગાવા. ઉત્તમ ભોજનની ન્યાત કરી છે. બધું પકવાન્ન પિરસાઈ રહે; પછી સુંદર ઉત્તમ જે એક પકવાન્ન હોય (અમૃતપાક વા બીરંજ) તે છેલ્લે પીરસવાનું છે, તે પોતે જાતે પીરસવા નીકળે ત્યારે લોક કહે છે કે આ અમૃત વસ્તુ પહેલી કયાં ન પીરસી ? ભગવાન બીજા કોની સ્તુતિ કરે ! પોતાનીજ કરે છે તો આત્મશ્લાઘા કહેવાય; તેથી ભકતનીજ સ્તુતિ

કરે છે. રસોઇઆની રસોઇ જમતાં અમુક ચીજ સૂચવી કહેતો જાય કે વાહ, વાહ, આજનું તે ખરૂં-સ્વાદ મુખમાંજ રહી જાય. બહુજ સુંદર સ્વાદિષ્ટ થયું, કે તરત દોડતો બીજું લાવી પીરસે છે-ભકતની સ્તુતિનું ટાણું આવે ત્યારે પ્રભુ જાણે સહસ્ત્ર મુખ બની જાય છે, અને પોતાનું ભાન ભુલી જઇ (પોતાનીજ સ્તુતિરૂપ અથવા અંતિમ પોતારૂપેજ ભકત છે એમ કહેતાં) બોલે છે કે **ज्ञानि त्वात्मैव मेमतम्** એ પોતાનીજ સ્તુતિ-આત્મશ્લાઘા ન થાય તેથી એમ કહી દીધું.

ભરદ્વાજના આશ્રમે રામ આવી ગયા બાદ ભરત આવ્યા ત્યારે ભરદ્વાજે કહ્યું, આજે હું ખરો ભાગ્યશાળી છું. આપનાં દરશન મહત્ પુણ્યથીજ મળે છે. મારી હજારો વર્ષની તપશ્ચર્યાના પ્રતાપથી પ્રભુ રામચંદ્રજી સીતા લક્ષ્મણ અત્રે પધારી રાત્રે મુકામ કરી રહ્યા અને તે પ્રભુ પધારી અત્રે રહ્યા તે પ્રતાપે આપનું દર્શન થયું. આખી રાત પ્રભુએ સીતા લક્ષ્મણ સાથે બેસી આપ (ભરત)ની સ્તુતિ કરી તેમાં રાત વીતી ગઇ પ્રભાત થઇ ગયલું.

સ્તુત્ય પ્રભુ હોય, પણ આજે સ્તુત્ય ભક્ત છે; સ્તુતિ કરનાર પ્રભુ છે. **ज्ञानित्वा त्मैव मे मतम** તે સાધુ (મહાત્મા) કેવા ? સાધુ છે તે જંગમ તીર્થ છે **तीर्थभूताहि साधवः** સાધુની સ્તુતિ કાંઈ સાધુ પોતાનાં મુખથી નહીં કરશે, તે તો પ્રભુનીજ કરશે. ત્યારે તેઓની કોણ કરશે ? ફક્ત ભગવાન. જગત તે (સાધુ)ની નિંદા કરે છે. સ્તુતિમાં અતિશયોક્તિ હોયજ, એવું જાણીને સમર્થ આચાર્યો તપાસવા બેઠા, તો અતિશયોક્તિનો લેશ નહીં. પણ અતિશયોક્તિ વગરની વાત નહીં-અતિશયોક્તિ વગરનો અક્ષર નહીં,સાધુઓના જે ગુણોની સ્તુતિ કરવામાં આવશે તેઓ ભગવત્સ્વરૂપજ છે. સગુણ બ્રહ્મરૂપ સાધુ છે. ઉદારતા વગેરે સદ્ગુણ તેઓમાં સ્વભાવ-થીજ છે, તે આપણામાં એક એક (થોડે થોડે) આવતા જઇએ એમ તમે પણ તેવા (સ્થિત પ્રજ્ઞ સાધુનાં લક્ષણવાળા) થાવ, એમ કહેવાનો શ્રીહરિનો અભિપ્રાય છે. પ્રશ્ન તો સહજ છે કે, હે કેશવ, સ્થિત પ્રજ્ઞ

થયો તેનું શું લક્ષણ (ભાષા), નિરંતર સમાધિમાં રહેલા એવાનું શું લક્ષણ તે આ જગતમાં કેવી રીતે વર્તતા હોય—બોલે ચાલે બેસે કેવી રીતે?

ગીતા અ. ૨ શ્લોક ૫૫.

प्रजहाति. સિદ્ધ પુરૂષોનાં લક્ષણો છે તે સાધકોને પાળવાનાં સાધનો છે. જસ્ટિસ રાનેડે સુતા કેવી રીતે, જમતા શું રીતે, એવા કોઈ પ્રશ્ન કરે, તો કહેવાનું કે, મોટો વિદ્વાન બધું છોડી દે, તો પણ વાંધો નહિં, છતાં સુતી વખતે ગીતા તેની પાસેજ હોય. તે વાંચતાં વાંચતાં નિદ્રા આવી. ગીતા રાખવી ને પોતે સુઇ જવું. પુછયું ત્યારે તેને કહે કે, મારો સ્વભાવ થઇ ગયો—ટેવ પડી ગઇ. **यद्यदा चरति श्रेष्ठः**×× મોટાના આચાર તરફ સામાન્ય માણુસનું ધ્યાન હોવું પાણીનો સ્વભાવ છે કે ઠંડક દાખવે તેમ, સાધુનો પણ (સદાચરણનો) સ્વભાવ હોય છે. પોપટ, મયૂરનું વર્ણન સાંભળીને તે પ્રમાણે જ્યારે વનમાં જતાં લાલ નાક લીલુ શરીર ચાંચ વગેરે જોયું ત્યારે જાણ્યું કે **अयं शुकः अयं मयूरः**, તેમ સ્થિત પ્રજ્ઞને ઓળખવો હોય તો તેનાં લક્ષણ કહ્યાં—સાંખ્ય બુદ્ધિ પર આરૂઢ થવું હોય તો પ્રથમ યોગપર (નિષ્કામ કર્મપર) થવું પડે.××× **शमः कारण मुच्यते**।

સુનાંને ખબર નથી કે મારામાં આટલા ગુણ છે, રત્નને ખબર નથી કે મારૂં આટલું મુલ્ય છે, તેમ, સ્થિત પ્રજ્ઞ પણ તેવો છે. અભક્ષ્યનું ભક્ષણ—પાન નહીં કરવાનો અહીં આપણો સ્હેજ સ્વભાવ પડેલો છતાં લંડનના લોક આપણી એવી વર્તણુક જોઇ સ્તુતિ કરે છે, ને આપણાં તો ધ્યાનમાં પણ તે વાત નહીં. (સ્વભાવ સિદ્ધ હોવાથી) સ્થિત પ્રજ્ઞનાં જે લક્ષણો છે તે જ્ઞાન પ્રાપ્તિનાં અંતરંગ સાધન છે. કોને સ્થિત પ્રજ્ઞ કહેવો? **स्थिता प्रज्ञा यस्य**=જેની બુદ્ધિની ચંચળતા ગઇ—કૃત્યકૃત્ય થઇ છે તેવાને, કયારે સ્થિત પ્રજ્ઞ કહેવો, **यदा सर्वान् कामान् प्रजहाति तदा**=તેનાં અંતઃકરણમાં કોઇ પણ જાતની કામના હોય નહીં. **कामान्** એટલો શબ્દ કાઢી નાખીએ તો સર્વાન્=સઘળું

છોડી દે. એક ઇંદ્રીનો એક વિષય છોડતાં જીવ જાય છે. (બીજા આપણે બધાને), અને તેણે બધું છોડયું. આ સૃષ્ટિ શા માટે કરી? બધાને કર્મફળ મળવા સારૂ. આપણીજ બનાવેલી સૃષ્ટિ છે. સંકલ્પ કીધોને સૃષ્ટિ થઇ. મનોમય જગત છે. ખરી રીતે આપણેજ ઉત્પન્ન કરી છે, રૂપની લહેજત બધાને લાગી તેથી સામટી તજવીજ કરી સૂર્ય કીધો.

देवान् भाव यतानेन ते देवा भावयंतु वः। રૂપને માટે સૂર્યની આરાધના કરજો હોં! બધું કામનામાં ગયું. ટોપલી ટોપલી માટી બધા ધણાને જોઇએ ત્યારે ગાડુંજ લાવે, તેમ. ત્યારે ભૂગોળ કરી, **प्राणिभिः पृथिवी स्रष्टा स्वकर्म फल भुक्तये।** પોતાનાં કર્મનાં ફળ ભોગવવાને પ્રાણીઓએજ આ પૃથ્વી ઉત્પન્ન કરી છે. તેથી સૃષ્ટિ ગુલામ છે, પ્રાણી તેનો ધણી છે.

માર્ગ ઉપરનાં વૃક્ષો વટેમાર્ગુને શીતળ છાયાં આપે છે. તે વૃક્ષને કોણ પગે લાગવા ગયું હતું કે, તમે આવો પરોપકાર કરના બેસજો! વૃક્ષનો એ સ્વભાવજ છે. તે સદાચાર આપણા જાણ્યામાં આવ્યાથી આપણી કોટિ તેવી થાય. તે સદાચરણ પાળ્યા વગર તેવો સ્વભાવ બનતો નથી. જેઓને અભક્ષ્ય ખાવાની ટેવ પડી ગઈ હોય તેઓ તે ટેવ છોડે તો તે મોટી વાત—ધન્યવાદ; આપણે અહીં તો આપણે જાણે સ્થિત પ્રજ્ઞ બનેલા. પોપટ એટલે શું, એમ પુછયું ત્યારે કવિએ વર્ણન કીધું. પબ્લિક બાગમાં, આપણોજ બાગ માની લઇ, બેસી રહ્યા. દસ વાગી ગયા. સીપાઇ આવ્યો, તે કહે હવે ન બેસાય, જાવ. ઝડતી લેવાશે. ત્યારે કહે, શું ચોર છૈયે? તેમ, આપણો બાગ છતાં વ્યવસ્થા તેવી છે. એક જણને બે દીકરી હતી. એક ખેડુતને આપી, બીજી કુંભારને દીધી. બીજ વાવી વરસાદની રાહ જોતી તે ખેડુતવાળી કહે છે કે, હે પરમેશ્વર! આજરાત્રે વરસાદ જરૂર આપજે—સત્યનારાયણ કથા કરાવીશ. અને કુંભારણે પજાવો ભરેલો તે માગે છે કે, હે પ્રભો! આજસુધી તેં દયા કરી છે તો આજની રાત વરસાદ નહિ આવે એવી

દયા કરજે; નહિ તો વાસણ બધાં છંટાઇ રદ જશે. હવે વરસાદે શું કરવું તે કહો. **कामान्**ની શું વ્યાખ્યા કરીએ. **प्रजहाति यदा सर्वान्.** બધી સૃષ્ટિ કામનાનીજ બનેલી છે. **संकल्प प्रभवान् कामान्.** કામ છે તેજ રૂપ બદલે ત્યારે ક્રોધ, લોભ, મોહ, વગેરે થાય છે. સર્વ પરિત્યાગ કરે તે કામના વગર બનતું નથી. બધી કામના ક્યાં રહે? મનમાં. તે કામના કેવી રીતે જીતવી? **कामएष क्रोधएषः ॥ धूमेनाव्रीयते वन्हि ॥ ज्ञानिनोनित्य वैरिणा ॥ इंद्रियाणि मनोबुद्धि ॥** મનનો અને આપણો સંયોગ છે તે હેયનો હેતુ છે. તે મનનો લય કરતાં આવડે તો બને. **रामे चित्त लयः सदा भवतुमे.** મનજ નહિં રહે તો કામના કયાંથી રહે?! તે મનના ધર્મ આપણામાં આરોપિત કર્યા હતા તે સમજે. વિષયોથી ભાસતો પરિચ્છિન્ન આનંદ સારો નહીં. **यो वै भूमा तत्सुखं ॥** મન કહે કે, હું મરૂં તોપણ કામના છોડું નહિં. તો ભલે, મર. સુખે વહેલું મરને. એ મન મરે તો પછી કામના આવેજ શાની!! અવિદ્યા હોય તો કામના આવે. **ज्ञानेनतु तद्ज्ञानं येषां नाशितमात्मनः ॥** તે મહા આનંદમાં બેઠા છે. કેવા આનંદમાં? **आत्मन्येवात्मनातुष्टः ॥** પોતે પોતામાંજ સંતોષ પામેલા. છોકરાંને રમકડું લાવી આપ્યું. તેના આનંદથી આપણને પણ આનંદ થવાની ટેવ પડેલી તેવો તે આનંદ નહિ, એટલે શ્વાનવત્ નહીં, પણ પોતે પોતામાંજ તુષ્ટ, તે સ્થિત પ્રજ્ઞ કહેવાય. અવિદ્યા સહિત મનોગત સર્વ કામના નાશ પામી હોય અને પોતાનામાં સંતુષ્ટ હોય તે સ્થિત પ્રજ્ઞ જાણવો. તાત્પર્ય કે, એવા થવાને અભ્યાસ વૈરાગ્ય, ગુરૂ પાસે શ્રવણ કરીને મનનથી બુદ્ધિને પરાધિન કરી દે. જેમ ગાય ચરી ચરીને આવી બેસીને વાગોળે છે તેમ મનનાદિ કરી પોતામાં સંતુષ્ટ રહે. ષટ્ દર્શનના છ માર્ગ છે તેમાંથી ગમે તે માર્ગે બુદ્ધિ ચલાવી બુદ્ધિને નમ્ર—પરાધિન કરી દે. પરાધિન થયા વગર ઇષ્ટ પ્રાપ્તિ ન થાય. રેલવે ટ્રેનમાં બેસી અમદાવાદ ચાલ્યા. રસ્તે ટ્રેન ઉભી. અમુક પાણી લેવા વગેરે કારણસર પાછી હઠાવી, તે જોઇને ગભરાટ કરે કે શા માટે

પાછા લઈ જાય, પૈસા ભર્યા છે ને. તો તે વ્યર્થ છે. નિરાંતે બેસવું, તો ધારેલે સ્થળે લઇ જશે. તેમ, દર્શનો છ છે. વૈરાગ પૂર્વક યોગા-ભ્યાસથી **आत्मन्ये वात्मनातुष्टः** થવાશે.

રાત્રે નિરાંતે ઉંઘ્યો–સુતો. એજ ગરીબની બ્રાહ્મી સ્થિતી. એ વખતે કોઇ કામના નહીં. એ **जहाति** એની મેળે કામના છુટેલી છે. અને એની મેળે જાગે. ઉંઘમાં કામ ફાવી શકતો ન હતો. મન ગ્લાન થવાથી–સુષુપ્તિમાં લીન થવાથી કામના પણ ગ્લાન થયલી. ઉઠયો–જાગ્યો કે કામના હજારો તેવીને તેવીજ. સમાધિદ્વારા બધું પાપ ગયું. તેમ, **प्रजहाति** કામના ત્યજી દે ત્યારે તે સ્થિત પ્રજ્ઞ કહેવાય.

ગીતા અ. ૨ શ્લોક ૫૬

જ્યાં સ્તુતિ ચાલે છે ત્યાં ન્યાય શાસ્ત્ર જરા બાજુમાં–એક કોરે રહે છે. જેના ઉપર રૂચિ અત્યંત ત્યાં પિષ્ટપેષણનો દોષ નહીં, અર્થાત્ તેને વિશે વારંવાર એકની એક વાત કહેવાય તેમાં દોષ નહીં. પુત્ર અત્યંત પ્રીય છે તેનું ચુંબન એક વખત લીધું છતાં વારંવાર લેવાય છે તેમ, સ્તુતિ કરનારને ભાન રહેતું નથી. તે બેભાન હોય છે. અમુ-કના પૂર્ણ ગુણ જેના ધ્યાનમાં આવી ગયા હોય તે તેની સ્તુતિ કરી શકે. પ્રભુ પોતે, ભગવત્સ્વરૂપ થયલા જીવન્મુકતનીજ સ્તુતિ કરે છે.

મન જેનો ધાતુ છે એવું મન, મનનમાં જાય ત્યારે બકવાદ ઓછી થઇ જાય. મનનશિલ હોય તે મુની કહેવાય, તેમાં જેની બુદ્ધિ સ્થિર થઈ તે સ્થિત ધી એટલે સ્થિત પ્રજ્ઞ અથવા પ્રતિષ્ઠિતા પ્રજ્ઞાવાળો છે. ભોજનનું સુખ–તૃપ્તિ દરેક કોળીએ કોળીએ થતી જાય છે; વર-સાદની વૃષ્ટિ ખરી, પણ ટીપે ટીપાંથી થતી જાય છે (પૂર્ણતા). એજ રીતે સુખનું અને દુઃખનું છે. દુઃખો ત્રિવિધ છે. વાસ્તવે દુઃખ એવું એકજ, પણ ત્રણ પ્રકારે થયલું; એટલે ત્રણ ભેદ કીધા છે. રોગ વગેરે શારીરિક દુઃખો, તે બધાં આધ્યાત્મિક દુઃખ. વાઘ, સર્પ, મચ્છર.

માંકડ, પડોશી શત્રુ મિત્રાદિ બીજાં પ્રાણીઓથી થતી પીડા તે આધિભૌતિક અને બાર વર્ષ સુધી વૃષ્ટિ ન થાય, દુકાળ પડે, ધરતીકંપ, વગેરે દુઃખો તે આધિદૈવીક.

કપીલ મુનિએ કહ્યું કે, દુઃખો હમારા ગુરૂ છે. જો દુઃખ નહીં હોતે તો આત્મજ્ઞાન માટે મનુષ્ય કદી વિચાર ન કરતે. કેમકે દુઃખ આવે ત્યારેજ જિજ્ઞાસા થાય. તેથી દુઃખ છે તે ગુરૂ છે તેથી તેને પ્રથમ નમસ્કાર કરૂં છું. (**नमो दुःखत्रयाय**) એવાં દુઃખો આવી પડે તો તેમાં મન ઉદ્વેગ ન પામે. **आत्मन्येवात्मना तुष्टः** એવો તે અંતરમાં એટલો સંતોષથી બેઠો છે કે, બહાર ચાહે તેટલાં દુઃખ આવી પડે પણ તેની ખબર નહીં. ગમે તેટલી આગ, સામેજ લાગી હોય, પોતે ઉંઘમાં હોય અને જાગીને જુવે–સાંભળે પણ ખબર નહીં અર્થાત્ અનુદ્વિગ્નમન છે. એ ઉંઘથી સમાધી પરે–આગળ છે. તે એકાગ્રતા એવી (બીજી ખબર નહીં પડે એવી) છે. એકાગ્રતા ઉત્તમ હોવાથી અરજુન પર દ્રોણાની બહુજ પ્રીતિ જોઇ દુર્યોધન કર્ણ શકુની વગેરે બીજા શિષ્યોને ઇર્ષા થવાથી દ્રોણે સમજી જઈ બધાને લઈ વનમાં ગયા. પીપળા ઉપર પોપટ બતાવ્યો ને કહ્યું કે, દુર્યોધન ધનુષબાણ લઈ તૈયાર થા. એની ડાબી આંખ વીંધવી છે, પણ હુકમ કરૂં ત્યારે. ઉભો રહે જો, ઝાડ જોયું ? હા. ડાળ જોઈ ? હા, પોપટ જોયો ? હા. તરત તેને કહ્યું કે, ઠીક, ઉભો રહે, દૂર જા. બીજાઓને બોલાવ્યા. તેજ રીતે તાકવા ઉભા રાખી તેજ પ્રશ્ન કીધા. અને ઝાડ વગેરે તે જુએ એટલે "હા"જ કહે એમાં શું નવાઈ. છેલ્લે અરજુનને ઉભો કરી પુછવા માંડયું. તેણે ડાબી આંખ ઉપરજ નિશાન તાકયું. ત્યાંજ એક તાર દૃષ્ટી લગાડી, પૂછયું કે ઝાડ જોયું ? ઉંહું એટલે ના. પોપટ જોયો ? ઉંહું (ઈશારતથી અનુનાસિક નકાર–એટલે ના. ડાબી આંખ જોઈ? હું (એટલે હા). માર ત્યારે. તાત્પર્ય કે, ઝાડબાડ ધ્યાનમાં આવે–ધ્યાનમાં રહે–જુએ તો ડાબી આંખ ન વીંધાય એવી એકગ્રતા. નિશાન પરજ લક્ષ. બીજું કંઇ ન જુવે. તેમાં જતાં સમાધિ. તે બે પ્રકારની સવિકલ્પ (બીજસહિત) અને

નિર્વિકલ્પ તે નિર્બીજનાં ચિરાભ્યાસથી જેઓ બ્રહ્મભૂત અકલ્મષ થયલા તેમનું વર્ણન છે. તેઓ દુઃખના પાહાડ આવે છતાં ઉદ્વેગ ન પામે.

એ રીતે સુખના પણ ત્રણ પ્રકાર છે. તંદુરસ્તી–આરોગ્ય સારૂં હોવું એ આધ્યાત્મિક સુખ. સુશીલ પ્રસન્નવદના પતિવ્રતા સ્ત્રી, સુપુત્ર, ધન, ધાન્ય, ગાડી. વાડી, લાડી, માડી, પિતા, મિત્ર, અનુકૂલ ભૃત્યાદિ હોવાં (રાજા ભોજવત્), તે આધિભૌતીક સુખ, અને જે કામ હાથમાં લે, તેમાં સુફળ મળે, બાગમાં સ્હેજ ખોદવા જાય ત્યાં રત્નનો ચરૂ મળે. જ્યાં જાય ત્યાં વિજ્ય થાય, એવાં તે આધિદૈવીક સુખ.

એમ છતાં તેવાં સુખો આવી મળે તો "**જે છે તે કાંઇજ નહીં.**" એમ સમજી સ્પૃહા રહિત રહે. **सुखेषु विगत स्पृहः** કેમકે તે બધાં ઉપર એને રાગ નથી–વિષયોમાં પ્રીતી નથી. નિજાનંદ મગ્ન એવો છે કે, સુખ દુઃખ ક્યાં આવ્યાં ને ક્યાં ગયાં, તેમાં લક્ષજ નથી (તૃપ્ત **आकंठं तृप्ति** ગળાં સુધી તૃપ્ત છે). ભોજન કરવા બેઠેલા બીજા મંદ પ્રજ્ઞ લોકો ચટણી ચાટે કે ભજીઉં કરડે અને વખાણ કરે. તેને તે તૃપ્ત થઇ બેઠેલો હસેજ.

તેને ભય ન રહ્યો. કેમકે નિર્ભય સ્થાનમાં બેઠેલો છે. તેને ક્રોધ નહીંજ હોય. કેમકે વીતરાગ છે, નિત્ય તૃપ્ત છે તેથી. (**किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत्**) ઇષ્ટ પદાર્થ આત્મા છે તે તેને પ્રાપ્ત થવાથી ઘુસ્સો ન રહ્યો. **वीतराग भय क्रोधत्वात्** (**अभयं वै जनक प्राप्तोसि.**) એવી શાંતિ આવી ગઇ કે તેમા ક્રોધ ઉઠેજ નહિં.

વાગ્ વ્યવહારનાં પાંચખાનાં. સુખ, દુઃખ, રાગ, ભય, ક્રોધ. બોલીએ તે વાણી વ્યવહારમાં એ પાંચની વાત હોય. જે વાત જે (સુખની કે રાગની કે બીજી) હોય તે તેનાં ખાનાંમાં નાખવી. પણ આ મહાત્મા પ સે તો તેમાંની એક પણ નહીં. આત્મામાંજ (પોતે પોતાનાં-માંજ) સંતુષ્ટ છે. તેથી તે સ્થિત **धीर्मुनि** કહેવાય છે.

यः सर्वत्रा नभि स्नेहः ગીતા અ. શ્લોક ૫૭ વીષે.

વાત તેની તેજ હોય, પણ શબ્દ જરા નવા મુંકે, એ અલંકાર છે; એથી જરા રૂચિકર હોઈ શકે છે—સારૂં લાગે છે. **तस्य प्रज्ञा प्रतिष्ठिता** એટલે તે પુરૂષની પ્રજ્ઞા સ્થિર થઈ જાણવી. કે, જે અભિનંદન પણ કરતો નથી, એટલે ઇષ્ટ વસ્તુ મળતાં અનેક તરેહથી તેનું વર્ણન કરતો નથી—ધન્યવાદના બણુગાં ફુંકતો નથી, તેમ અનિષ્ટ મળી તો તેનો દ્વેષ કરતો નથી. તે ચેતન છતાં—જાગતો છતાં તે ફળને કે સ્થળને ધન્યવાદ આપવારૂપ અભિનંદન કે દ્વેષ કરતો નથી. કોઇ બાજા લોક એવી રીતે ધન્યવાદ આપે છે તો છેવટે તો તેનો ધન્યવાદ સૃષ્ટિ કરતાનેજ આપે છે કે વાહ, ધન્ય તે પ્રભુને છે કે જેણે આવા પદાર્થ નિર્માણ કીધા. બસ, ખલાસ. અને આ સ્થિત પ્રજ્ઞને તો કોઇ પદાર્થમાં મોહ થયો કે થતોજ નથી તો તે કોને અભિનંદન કરે, તેમ, તેનામાં કોઇ અશુભ સંસ્કાર ન હોવાથી કોઇનો દ્વેષ કરતો નથી. એમ શાથી થયું ? તેનાં મનમાં તેતે કોઇપર સ્નેહ રહેલો નથી. લાકડાંનો વહેર પડે છે (વ્હેરાય છે ત્યારે) તેમાં ખાંડની ચાસણી કરી તેમા હાથ બોળીને તે હાથ નાંખી બાચકો ભરી લાડુવાળે છે તે સુંદર દેખાય છે. પણ ખાવા લાગે છે તો, અરેરે, આ તો ભુંસાંનો લાડુ કહી ઉઠે છે. જે ચીકાસથી તે વહેર (ભુંસાં)નો (બધા પરમાણુનો) એકત્ર સંયોગ થયો તે સ્નેહ—ચિકાસ સુકનમાં છુટો લોટ મળે તેને સારો નથી કહેતા, પણ લાડુ મળે તો સારા સુકન માને છે, કેમકે તે સ્નેહવાળા છે. સૌભાગ્યવતી મળે તો સારા સુકન, કેમકે પતિ પુત્રાદિમાં સ્નેહવાળી છે.

લોટમાં પાણી રેડયું કે પછી તે રજકણો છુટી થવાની વાત નહીં. તેને બાળો તો સાથેજ બળે છે. ઉદક છે તે સ્નેહ છે. પાતળા પદાર્થ પ્રાયશઃ સ્નેહમાં આવે. ઘી, તેલ, એ બધા ચિકટ એટલે સ્નેહવાળા પદાર્થ છે. પદાર્થ માત્રમાં સ્નેહ છે. રજોગણુ અલગ-છુંટું કરે છે. તમો ગુણી હલકું તે સ્નેહ છે તે, વસ્તુમાં સ્થિતિ સ્થાપકતા લાવે

—ગુરૂત્વ ઉત્પન્ન કરે છે. જેવો તમો ગુણ તેવી ઉંઘ છે. ઉંઘ ન હોય તો બે દિવસમાં શરીર બેચેની બને- તે તમસ્ છે ને દોડતાંને અટકાવે —લુંખું હોય તેને પવન ઉડાવે છે. સ્નેહ રૂપ ઘી તેલ વગેરે આવ્યા પછી ઉડાવી ન શકે લાકડાં વગેરેમાં તેલ છે, તેમ માણસમાં પણ છે. કહે છે કે. "આજ મારૂં તેલ નિકળ્યું." તે જેને અનુભવ થાય તેજ જાણે. અંતઃકરણમાં સ્નેહ છે જે આપણો ન હોય તેને આપણો બનાવતાં આવડે તે સ્નેહ. દંપત્ય સ્નેહ, મામા કાકા, મા. ફોઈ, દાદા, દાદી, બાપ. દીકરા, વગેરેમાં સ્નેહથી અનાત્મ વસ્તુ આપણી થઈ પડે છે. **भार्या पुत्र स्वका तनुः** એ સ્નેહને મમતા કહે છે, પ્રેમ કહે છે. એ પ્રેમથી જે આપણો નહિ તે આપણો થાય સ્ત્રી મળી તેથી સુખી થયો માને, પણ તેટલુંજ દુઃખ આવે છે. **स्नेहोनिबंधनमनर्थपरंपराणाम्.** આ શરીર પર પ્રથમ પ્રેમ બેઠું, કે ચાલ્યું બાજા પર. સ્ત્રી, પુત્ર, કાકા. મામા, માસી વગેરે પર ફાલ્યું. પછી બેભાન થયો, કે કોના પર પ્રેમ કરવો અને કયાં ન કરવો, વિચારપૂર્વક સમજીને મિત્રતા કરે તો તરે (નહીં તો ફસાય). જયાં સ્નેહ કરવાથી મુક્તિ થાય ત્યાં સ્નેહ કરવો. જેણે કેથે પણ સ્નેહ રાખ્યોજ નહિં, વૈરાગ્ય દ્વારા લુખો કરી દીધો. શરીર ઉપરની પણ મમત ગઈ તો બાજા પર નહીંજ રહે. શત્રુ મિત્ર સ્ત્રી પુત્ર બધામાંથી સ્નેહ ગયો—તે બધામાંથી પ્રેમ કાઢી લઇએ. તે બધો પ્રેમ પરમાત્મામાં નાંખ્યો. પૂજ્ય પરનો પ્રેમ રાખ્યો, અપૂજ્ય પરથી કાઢી નાંખ્યો. ભક્તિ માત્ર રહી પરમાત્મામાં પ્રેમ વધતો ગયો. તેમ બીજી બધી જગામાંથી (સ્ત્રીપુત્રાદિ જગતમાંથી) નીકળતો ગયો. **सर्वत्र**=આ બધેથી મમતા ઉપાડી લઈ શ્રી હરીમાં વળગાડી દીધી, એવા ભક્ત ઉપર શુભ અશુભ પ્રસંગ આવે પણ તેમાં સ્નેહ નહીં, તો તેને કંઇજ નથી. જડ શિવલિંગને ચંદન પુષ્પ જળ ચઢાવો અગર નદીમાં નાંખો તેવોજ આ ચેતન છે તે છતાં તેવો થઇ ગયો (જડવત્). બધેથી સ્નેહ કાઢી લીધા પછી અભિનંદન કે દ્વેશ કોનો કરે! એક નદીમાં વચ્ચે મોટી શિલા ઉપર અવધૂત નગ્ન મહાત્મા બેઠેલા તે જોઇ

એક શ્રીમંતે વિચાર્યું કે, આને થંડી નથી લાગતી કે શું ? દયાથી નવી શાલ્ર કાઢી ઓઢાઢી. તેને તે સંતે ઉંચુ જોઈ કહ્યું કે, "એસેહી કરતે રહો." તે જોઇ એક દૂર ઉભેલા ઠગે જઈ ખેંચી લીધી તેને પણ એમજ કહ્યું કે, "એસેહી કરતે રહો". ત્રીજાએ જઈ સંતને તેનું કારણ પુછ્યું. તેને કહે ભાઈ, મે કાંઇ શેઠને કહ્યું ન હતું કે, તું શાલ આપ. તેમ ઠગને કહ્યું નથી કે, લઇ જા. અભિનંદન નહીં તેમ દ્વેશ નહીં. આપી તે પુણ્ય લઇ ગયો. તાણી ગયો તે પાપ લઇ ગયો.

એનું તાત્પર્ય કે, આપણે પણ અનાત્મ વસ્તુ પરનો સ્નેહ ઓછો કરવો અને પરમાત્મામાં વધારવો કેમકે અસલનું સ્થાન, તે છે. જો સ્નેહ રહેતો હોય તો મુંડદાં સાથે પણ રહેવો જોઇએ; પણ તે નથી રહેતો. સ્નેહ (પ્રેમ) પરમાત્મામાંથી આવ્યો છે તેને જ્યાંનો ત્યાં પોંચાડી દેવો તો એજ (સુખમય) સ્થીતિ પ્રાપ્ત થશે.

ગીતા અ. ૨. શ્લોક ૫૮

સ્થિત પ્રજ્ઞનું આ એક આખ્યાન ચાલે છે. એ સોનેરી શાહીથી લખવા જેવું છે. કેમકે એમાં બધાં સાધન ભર્યા છે. બુદ્ધિ જેની સ્થિર હોય તેને વેદાંત શાસ્ત્ર બહુ પ્રસન્ન પડે છે. તેઓ ચોખ્ખા અધિકારી છે. બુદ્ધિની ચંચળતાથીજ દુખ આવે છે, અને તે રજોગુણ વિના ચાંચલ્ય નહીં આવે. તે રજોગુણથી વિષયપ્રીતિ ઉપજી. **रजसस्तु फलं दुखं** રજસનું ફળ દુઃખ છે. બુદ્ધિ સ્થિર થઇ કે, તેજ આનંદ. પ્રથમ જે અભ્યાસ કરવાનો છે તે બુદ્ધિ સ્થિર કરવાને (સ્થૈર્ય માટે) કરવો.

સાત્વિકી બુદ્ધિની સ્થિરતા મહાઉત્કર્ષ આપનારી (સુખદ) છે.

દ્રઢ નિશ્ચય જેવું બીજું મોટું સાધન નથી. **स शांतिमाप्नोति न काम कामी.** એમ છેલ્લે કહીને (આ સ્થિત પ્રજ્ઞનાં લક્ષણના પ્રારંભમાં કહ્યું કે **प्रजहाति यदा कामान्** તેની બુદ્ધિ સ્થિર થઈ તે હવે ખસે નહીં–ચળે નહીં, (ધાસ્તી ન રહી), તેનું તો બ્રહ્મમાં લગ્ન લાગી રહ્યું તેમાંજ સ્થિર થઈ. કોની ? જેની બુદ્ધિ સ્થિર થઇ તેને

પ્રતિષ્ઠિત કહેવામાં હરકત નથી. દ્વિજત્વ સંસ્કાર આપ્યા પછી રીતસર ઠરાવ્યું કે એ દ્વિજ થયો. પછી તે બુદ્ધિ ખસવી ન જોઇએ. આજના શ્લોકમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણમાં કાચબાની ઢબથી વર્ણન કરે છે. કાચબો ક્યાં મળ્યો? ભગવાન એકવાર અનુભવ લઈ આવ્યા હતા. (કચ્છ અવતાર ધરેલો ત્યાં)

કોઇએ તુકારામ મહારાજને પૂછ્યું કે, માછલાંને ઉંઘવું હોય તો કેમ ઉંઘે? ત્યાં કહ્યું કે, માંછલું થશું ત્યારે ખબર પડશે (જો યોગથી માંછલું થતાં આવડે તો થઈ જુવો). તેવી રીતે કાચબાનાં જન્મમાં ગયા વગર કાંઇ ખરૂં ખબર પડ્યું હશે? તે જોઈ આવીને કહે છે કે, સ્થિત પ્રજ્ઞ જાણે કાચબોજ છે. કાચબો મનમાં આવતાં પાણી મનમાં આવેજ. સંસારસાગરમાં તે સ્થિત પ્રજ્ઞ કાચબો બન્યો છે. આપણે બ્રાહ્મણ કે ક્ષત્રી કે અમુક બન્યા કે ડુબી મરવાનું આવ્યું; માણસ બન્યો કે ડુબી મરવાનું આવ્યું.

શ્રીમત્ શંકરાચાર્ય ભગવાને ગંગાજીની સ્તુતિ કરતાં કહ્યું છે કે,

त्वत्तीरे तरु कोतरांतरगतो गंगे विहंगोवरम् ।
त्वन्नीरे नरकांतकारिणी वरो मत्सो०

હે ગંગે! તારાં તીરપર ઝાડની ઉપર પોપટ–પક્ષી થઈ બેસું અથવા કોયલ થઇ સ્તુતિ કરતો બેસું, અથવા ત્હારાં પાણીમાં માછલો થઈ રહું–તેમાં જન્મું, તેમાંજ રમું, તેમાંજ મરૂં. જો હું તારા કાંઠાપરનાં વૃક્ષપર પક્ષી થાઉં છું તો ફક્ત બહારનીજ મઝા–લ્હેજત મળે છે પણ અંદરની કંઇ મઝા આવતી નથી. જો મચ્છ થાઉં છું તો અંદરની લ્હેજત આવે છે. ત્યાં બહારની મઝા ગઇ (મળતી નથી). ત્યારે શું કરૂં! કાચબો થઈ પડું કે જેમાં લહેર આવે–મોજ આવે ત્યારે કાંઠાની લ્હેજત જોઉં, અને લેહેર આવે તો અંદરની જોઉં તેમ, સ્થિતપ્રજ્ઞ મોજ આવે તો સંસારેસમુદ્રમાં ફરે, એટલે બહારની–ઉપરની મઝા લે, અને લ્હેર આવી તો નિમેષાર્ધમાં, સમુદ્રનાં (Bottom) તળીઆં લગી કાચબો

જઈ બેસે તેમ, તે સંસારસમુદ્રનું તળીઉં જોઇ આવે. કાચબો લેહેર આવી તો દરીઓ તરી જઈ સેહેલ કરે. તેમ તે સંસારપાર જઇ, સંસાર તરફ મુખ કરી બેસે છે. સંસારસમુદ્રમાં ડુબકી મારવા પણુ જેને અટકાવ નહીં. આ શરીર છે તે સાધન છે, એની અંદર જે હું છું તે સાધક છું.

महता पुण्यपण्येन क्रीयते कायनौ स्त्वया ।
पारं दुःखो दधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

નૌકા છે તે (શરીર) આ ભવસાગર તરવાને સાધન છે, પણ તે નીચે –તળીએ ન જઈ શકે, ઉપરથી સીધુંજ ચાલે છે. એ નૌકા આખી છે–ભાંગી નથી ત્યાં સુધીમાં તું ભવસાગર તરી જા. ત્યારે વિષયાસક્ત મૂઢ જીવ (શેઠગોકો) કહે છે કે, તરીશું, થશેજ તો, છોકરાં થાય, પરણે, પછી જોઇશું. એટલે તો મૃત્યુ આવી તફડાવી પાડે. પછી ક્યારે તરશે હવે.

જ્યારે તે યોગી સર્વશઃ ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લે ત્યારે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત સમજવી. **कूर्मः अंगानि इव.** “ **कूर्मः यथा अंगानि उपसंहरते तथा** ” એટલું વાક્ય ન બોલતાં, એ વાક્યનોજ અર્થ, ફક્ત **इव** શબ્દથી કહ્યો. એક સમયાવચ્છેદેન (એકી વખતેજ) બધી ઇંદ્રીઓને વિષયોમાંથી ખેંચી લે–ગપ્પ્ દઇ બંધ કરી દે છે. દુષ્યંત રાજાની એકજ ઇંદ્રી શકુંતલામાં લાગી રહેલી તે પાછી હઠાવી નહીં શક્યો, તો આતો બધી ઇંદ્રીઓને એકી વખતે સંકેલી લેવાની વાત છે. બહાર કાઢવાનો વખત આવે તો એકી વખતે પાંચે ઇંદ્રીને બહાર કાઢે (કાચબો) તે ડુબે તો ડુબી મરતો નથી. સ્વસ્થિતિમાંજ રહેતાં આવડે છે. શુકદેવે બધીને ખોલી દીધી તો સાત દિવસ સુધી (પરીક્ષિત માટે) સામટી ખોલી. ને બંધ કરી બેસે તો સાતયુગ સુધી વાંધો ન આવે. ખેંચી લેતાં પણ આવડે અને છોડતાં પણ આવડે.

कूर्मस्य यथा अवयवं तथा स्थित प्रज्ञस्य इंद्रियाणि ।

જેવા કાચબાના અવયવો તેવી સ્થિત પ્રજ્ઞની ઇંદ્રીઓ. સાધ્ય, સાધક,

સાધન એક જેવું. કુતરો લોટ ખાય તો ભસતાં ન આવડે, ને ભસે તો લોટ ન ખવાય. આ પુરૂષ તો, ચાહે તો નિર્ગુણમાં ઠરી બેસે, ચાહે તો સગુણમાં રમ્યા કરે. એવ' કાચબાની ઉ મા શ્રીમચ્છંકરે સ્વિકારી અર્થાત્ સ્થિત પ્રજ્ઞ કાચબો છે એમ સ્વિકારો તો બરાબર બેસે.

વિ=પક્ષી. તે પક્ષી ઉપરથી અનુમાન કરી કાઢેલુ યંત્ર તે, વિમાન. સમ.ી પોતે બલુન તે ઉંચેથી નીચે જુવે. સ્થિત પ્રજ્ઞતો ભવસાગર માહેલાં કાચબા છે. તે સંસારમાં ઉત્પન્ન તો થયા, પણ તેમાં ડુબી ન મરે. તળીઆં લગી જઇ આવે છે.

ગીતા અ. ૨ શ્લોક ૫૯

કાચબા જેવો ઇંદ્રી નિગ્રહ જેનો થયો તે સ્થિતપ્રજ્ઞ કહી ગયા. **वशेहि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता** ઇંદ્રીઓ જેની તાબામાં, અક્કલ તેની ઠેકાણે. ત્યારે હવે તે ઇંદ્રી કેવી રીતે તાબે રાખવી એ પ્રશ્ન થયો.

જે રાજા પાસે દ્રવ્ય ઝાઝું (બહુ) તે રૈયત વગેરે જેને ચાહે તેને તાબામાં રાખી શકે–રાજીખુશી રાખે. એમ ત્રીજોરીખાતાંવાળા મત આપે અને લશ્કરી (Mi itary) ખાતું એવો અભિપ્રાય આપે કે, જે રાજા પાસે લશ્કર ઘણું હોય તે પ્રજાને તાબામાં રાખી શકે. ત્યારે ત્રીજો કહે, જે રાજાના મિત્રો સારા હોય તે પ્રજાને વશ રાખી શકે. ચોથો કહે, મંત્રીઓ સારા જેના હોય તે × × (**अमात्य सुहृत् कोश**). પાંચમો કહે, રૈયત જ્ઞાની હોય તો રાજા રક્ષી શકે. છઠ્ઠો કહે, જેના કીલ્લા બહુ મજબુત હોય તે રાજા પ્રજાનું રક્ષણ કરી શકે. તાબે રાખી શકે. પણ ઇંદ્રીજય કરવાનાં બારોમાં મતભેદ ઘણા–માત્ર ઇંદ્રી જીતવી જોઇએ, એ વાતમાં કોઇનો વાંધો નથી. પણ કેવી રીતે જીતવી તેમાંજ મતભેદ બહુ. રસ્તો સઉ સઉનો જુદો હોઇ શકે. સામાન્ય બાબતમાં ટંટો છેજ નહિ. જેમ, "આત્મા છે." એ (સામાન્ય વાત)માં કોઇને વાંધો નથી પણ આત્મા કેવો છે, તેમાં મત ઘણા. ધર્મ પાળવો જોઇએ, તેમાં

બધા એક મત છે.-ટંટો નથી **सामान्येन विवादा भावात् धर्मवत्.** પણ કેવી રીતે ધર્મ પાળવો, તેમાં મતભેદ. તેમ, ઇંદ્રીજય કેવી રીતે કરવો. તેમાં મતભેદ છે. તે માટે તેના બે ભાગ કીધા. ૧ જુલમનો, ૨ જ્ઞાનનો. કેટલા કહે, હમારી રીત સમજ્યા નથી ત્યાં લગી ઇંદ્રી તાબામાં નથી આવતી. એક રૂષીનો પુત્ર બધી વિદ્યા શીખીને આવ્યો પણ આત્મવિદ્યા નહીં શીખ્યો. તેને બાપે કહ્યું કે, પંદર દીવસ અન્ન કાંઇ નહીં ખાતો પાણી પીને રહે. તેમ કરી આવ્યો, પછી રૂગવેદનો અમુક મંત્ર બોલવાનું કહ્યું. તો યાદ નથી આવતો. ગણિતનો પ્રશ્ન પુછયો તો કહે મગજ નથી ચાલતું. પછી બેચાર દિવસ જમ્યા બાદ બોલાવી તેજ પ્રશ્ન પુછયા, તો કડકડાટ બોલ્યો; કેમકે અન્નનું મન બન્યું છે, અને પાણીના પ્રાણ બન્યા છે. તે મળવાથી બેહુને પુષ્ટિ મળી. અન્નોદક છે તે મન ઇંદ્રોનો ખોરાક છે. તે બંધ કરશો તો ઇંદ્રીઓની શક્તિ એની મેળે ઘટી જશે. આવી એક રીત કાઢી. **विषया-विनिवर्तन्ते ।** વિષયો તરફ ઇંદ્રીઓ ન જાય કયારે ? જો યોગી આહાર, ન, લે, તો ઇંદ્રીઓ નિવૃત્ત થાય, પેટમાં કાંઇ ન હોય તો ગાયન અન્નકૂટ ભોજન, કશુ સારૂં ન લાગે ભુખ્યાને કાંઈ ભૈરવી રાગ પણ સારો ન લાગે. **शैया वस्त्रं चंदनं चारु हास्यं× सर्वारंभा तांदुला प्रस्थ मूलाः**

ગામડાંનાં લોકમાં અકર્તૃમ શોભા. મુબાઇ વગેરે શહેરમાં કર્તૃમ શોભા. ગામડીઆને કાંઇ Hair cutting Salloonમાં જવાનું નથી, પણ અકર્તૃમ શોભા કેવી ! ગામડાનાં વ્યવહારમાં અકર્તૃમ પદાર્થો ઓછા આવ્યા તો પણ તે કેવા આનંદ પ્રેમ મગન રહે છે. જે જમ્યો નહીં ઝાઝુ જોયું નહીં, તે તેમાં નિરાહારજ છે. જીભ, આંખ, કાન તેનાં નિરાહારજ છે. અને રોગી–માદાનો પણ જે ખોરાક નહી–જે નથી ખવાતું તેમાં તે રોગી પણ નિરાહારજ છે. (તે બધાંને મુંબઇના શેઠીઆના જેવો ખોરાક નહીં તેથી).

विषया निविवर्तंते निराहारस्य देहिनः જેની ઇંદ્રીઓ તેતે વિષયને જમેજ નહીં–ગ્રહણ ન કરી શકે, ત્યાં તે વિષય નહીં જાય.

તેમને, વગર તકરારે, ઋષિમુનિઓની માફક જીતેંદ્રિય થવુંજ પડે. **पलालमिव धान्यार्थी त्यजेत् ग्रंथमशेषतः**=અન્ન જોઇએ તે ઉપલાં છોતરાં કાઢી નાંખે છે તેમ. આત્મતત્વનો અર્થી બધા ગ્રંથની ખટાટોપ છોડી દે છે તેમ). ચોથો કહે છે કે,-કરોડપતિને પણ નિદ્રામાં વિષયો તેની પાસેજ નથી જતા; જાણે હડતાલ પડી હોય તેમ. નિદ્રામાં ઈંદ્રી એક છે તે વિષય પરાંગ્મુખ થાય છે.

પાંચમો કહે,- જે વ્રત ધારણ કરે છે કે તદ્દન નહીં ખાવું. તો તેની પાસે વિષયો ન જાય.

द्वेबीजे चित्तस्पन्दस्य ચિત્ત સ્ફુરણનાં બે બીજ છે. તે, પ્રાણ અને વાસના. એ સાંભળીને બુદ્ધદેવે ખોરાક અને પાણી બેઉ છોડી દીધાં અને ૧૫ દીવસ સુધી એક આમ્રવૃક્ષ નીચે બેઠા. તેથી મેદ, માંસ, વગેરે સાતે ધાતુઓ શુદ્ધ થઇ ગયા. આંખો અંદર પેઠી. અને નાસાગ્ર દ્રષ્ટિએ જીવંત બેઠેલા છે, એટલું લાગે. ત્યાં એક શ્રીમંતની જાન આવી તેણે તંબુઓ ઠોકાવી મુકામ કીધો. સાથે વાજું Band છે, વેશ્યા, તબલચી, સારંગીવાળા છે. નવરાસમાં ગમ્મત ખાતર શેઠે નાચ શરૂ કરવા કહ્યું. તબલચી અને સારંગીવાળાએ તાલ સુર મેળવવા માંડયાં. તેને વાર લાગી તેથી વેશ્યા (પેલા બુદ્ધદેવ દૂર બેઠેલા, તેને બતાવીને) બોલી કે, તુમ ભી એ બાવા જેસા પાગલ હો ગયે, પંચમ તુટ ગયા. ખેંચના ખેંચના તે કબતક? તુટી જાય જ્હાં તક ખેંચના?! બુદ્ધે સાંભળ્યું. બોલ્યા કે, માતા છે, ઉપદેશ કરે છે-મારી ગુરૂ છે. તુટી જાય એવી-ત્યાંસુધી ઇંદ્રી નહીં દમવી. જીવીશું તો બધું મળશે. (વેશ્યા જેટલી અક્કલ બુદ્ધમાં નહીં હતી ત્યારે જોર જુલમથી-હઠથી ઇંદ્રીઓને દમવા બેઠા).

આવા નિરાહાર રહેનારના પણ વિષયા વિનિવર્તંતે, પણ તેથી કાંઈ તેની વાસના ગઇ નથી. જેમ એક ભમરો કમળમાં સુગંધ લેતો બેઠો. વાસના-આસક્તિ તેમાં લાગેલીજ હોવાથી સાંજ પડી કમળ

બીડાઈ ગયા છતાં ઉડી ન ગયો, અને વિચારે છે કે, **रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं.** આ રાત્રી જતી રહેશે ને પ્રભાત હમણાં થશે–સૂર્ય ઉગશે એટલે કમળ ખુલશે. એટલામાં હાથી આવ્યો તેણે શુંઢથી કમળો તાણી ખાધાં તેમાં તે ભમરાવાળું કમળ પણ ગયું કચડાઇને હાથીનાં પેટમાં. તેમ, વાસના જતી નથી, અને કાળ અણુચિંત્યો આવી ઝડપી લે છે. રોગીથી ખવાતું નથી તેથી પરાણે તેના વિષય નિવૃત્ત થયા છે, પણ અંદર તેનો રસ–વાસના જીવતી જાગતી રહી છે, કે સારા થઇને ખાઈશું. હમણાં પરેજી પાળવી પડે છે તેથી લાચાર છું. ગરીબ ભિખારી ભિક્ષા માગે છે તેને મળી નથી શકતું તેથી વિષયો નિવૃત્ત થયા, પણ પરણવાની ઇચ્છા અંદર છેજ. ગામડિયા, ગરીબ, રોગી, વ્રત કરનાર, હઠયોગી, સ્ત્રી પરણવા ઇચ્છનાર, એ બધા તેવા છે. તેઓની વાસના ગઇ નથી–રસ વર્જ થયા નથી. હઠયોગનો એ ઉકત પહેલો પ્રકાર–જુલમ છે તે શિવાય બીજો પ્રકાર જે જ્ઞાનનો છે–રાજયોગનો, તે એવો કે, આત્મ સ્વરૂપ જોયા પછી બ્રહ્માત્મૈકયાનુભવ થયા પછી પરમ આનંદ જેને પ્રાપ્ત થાય છે તે આવાં તુચ્છ છાલાં કુસકાંરૂપ વિષયોની ઇચ્છાજ કરતો નથી તેના વિષયો જે નિવૃત્ત થાય છે તે રસ–વાસના રહિત હોય છે. જ્ઞાનથી વૈરાગ્યદ્વારા થયલો ઇંદ્રિય નિગ્રહ રાગ રહિત હોય છે તેજ યોગ્ય–સુખદ–ખરો છે.

ઉપર જે દેહાત્મ બુદ્ધિવાળાનું વર્ણન કર્યું તેઓના વિષયો પણ નિવર્તંતે–તેમની ઇંદ્રિયો વિષયોથી નિવૃત્ત થાય છે, પણ રાગ–સંકલ્પ–વાસના જ્યાંસુધી તેમનામાં રહેલ છે ત્યાંસુધી ભલે વિષયોની મુલાકાત ન થઈ હોય, પણ મુક્ત ન થાય. **तपः कुर्वंति रोगिणः ॥** રોગી થઇશું ત્યારે તપ કરીશું–જમશું નહીં. ખુબ ખાધાથી મેદ વધે, કે મગજ મારીથી મગજનાં ઘણાં કામથી ખવાય નહીં, તે કંઈ તપ નથી. અને જ્ઞાની તો **रसोऽपि अस्य परं दृष्ट्वा निवर्तते.** અત્યંત મધુર અમૃત પ્રાશન કરવા મળ્યું અર્થાત્ બ્રહ્માનંદ પ્રાપ્ત થવાથી એનો રસ એટલે વાસના પણ જતી રહી છે તે સ્થિત પ્રજ્ઞ છે.

ગીતા અધ્યાય ૨ શ્લોક ૬૦-૬૧

વિષયોનો ચટકો અથવા વિષયોપભોગની લ્હેજતરૂપ વાસના, જેને રસ કહી ગયા તે રસ-વાસના જેનામાં રહી નથી એવા જ્ઞાનવાન સ્થિતપ્રજ્ઞ વિશે કહી ગયા. કોઈ વાદ કરતો હોય અગર વિચાર કરતો હોય તેમાં અન્યોઅન્યાશ્રય નામનો એક દોષ આવે છે. તે દોષનું સ્વરૂપ બતાવાય છે, કે,– શેઠને ત્યાં પરોણો આવ્યો. તે જમી પરવારી સાંજે બાગમાં ફરવા ગયો. અને એક સારી ચોપડી સાથે લીધી. શેઠ કહે, ધ્યાનમાં રાખજો, મુંબઇ છે હોં. એક સારી જગા જોઇ બેઠો. વાંચતાં સાંજ પડી ગઇ તેથી વંચાયું નહીં ત્યારે ચોપડી નીચે મુકી. થોડીવારે ઉઠી ઘેર આવ્યા. વાળુ કરી બેઠા ત્યારે બુક યાદ આવી. બોલ્યા કે, અરે બુક ભુલી આવ્યો. શેઠ પુછે, ક્યાં ભુલ્યા? જવાબ દીધો કે જ્યાં ફરવા ગયા–જ્યાં બેઠા ત્યાં, શેઠ કહે, તે ખરૂં, પણ કયાં ફરવા ગયા–કયાં બેઠા હતા. જવાબ દીધો કે, જ્યાં બુક ભુલી ગયો ત્યાં. ક્યાં ભૂલ્યા? જ્યાં બેઠા હતા ત્યાં. કયાં બેઠા હતા? બુક ભૂલ્યો ત્યાં. આનું નામ અન્યોઅન્યાશ્રય દોષ છે. જ્યાંસુધી રીતસર આત્મદર્શન નથી થયું ત્યાંસુધી સંસાર રસ સુખ–વાસના–મોહ નહિ નિકળે. અને જે ઉચ્ચતમ રસ અમૃતકુંડના–આત્માનંદ સિંધુના રહેવાસી થયા તેને પછી સંસારરસ સુખ યાદ ન આવે–વાસના નહિ થાય. તે પરરસ જે આત્મસુખ છે તે કયારે જોવામાં આવે? ઇંદ્રિયો જીતાય ત્યારે, અથવા આત્મદર્શન થાય ત્યારે વિષયોનું મોઢું જોવાનું પણ મન નહિ થાય. યોગમાર્ગ તરફ જોતાં પુરૂષપ્રયત્ન બીલકુલ ઢીલો છે, તો પછી દુ:ખ વેઠી શા માટે ઇંદ્રીઓ તાબે રાખો–દમો છો. એ બધો વિચાર જણાવ્યો. એક અગાધ શકિત છે તેને શરણે ગયા વિના પગલું નથી ભરાતું. કોઈ કોઇનું સગું નથી, એમ સમજી આગળ ચાલો. મ્હારો હુંજ છું–સમર્થ છું; તો એની મેળે ઇંદ્રીઓ તાબામાં આવી જાય. તે વાત પણ ખરી છે.

પતંજલિનાં મનમાં આવો પણ વિચાર આવી ગયો, કે ઉપર કહી ગયા તેવો અન્યો અન્યાશ્રય દોષ આવે ત્યાં શું કરવું. તે પુરૂષાર્થ-

નાં જે કામ કરશે તેમાં ઇશ્વર ભક્તિ પેહેલું કામ છે. **मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते** માટે ભક્તિનો યત્ન રાખજો. તે પરમાત્મા ગુરૂઓનો પણ ગુરૂ છે. સાધારણ મોટા કોઇ શેઠને કે સમર્થ ગુરૂને મળવું હોય તો મહાકષ્ટ-બહુ પંચાત પડે છે તો તે સર્વનો ગુરૂ મહારાજ શ્રી છે તેને મળતાં કેટલી બધી મુશીબત પડે તે વિચારવું. રૂષિ મુનિઓ કહે કે, હમારા વેદ શાસ્ત્ર સ્મૃતિ વગેરે ડુબેલાં ગ્રંથોનો તું પુનરૂદ્ધાર કર-જ્ઞાન લઇ બીજાને આપ એજ હમે જે તને આપીએ તેનું સાર્થક છે. તું એમ નહીં કરે તો હમે તને શું કામ આપીએ! ભક્તિરૂપ પુરૂષાર્થ કરતા રહેવું. તે ઇશ્વર હરિગુરૂની ઇચ્છા પ્રાણી માત્રનો ઉદ્ધાર કરવાની છે, મા બાપની દયા છે, તે પરમાત્માની દયાનો એક અંશ છે, એવો મહાદયાળું ગુરૂ તે છે. શાસ્ત્રો ભણીને "હું ડાહ્યો" એવો ફાંકો (ગર્વ) આવી જાય તો પ્રભુ તેટલો છેટો આવી જાય-ખસે. **क्लेश कर्मविपाकाशैरपरामृतः पुरुषविशेषः ईश्वरः** તે ઇશ્વર આપણે જે કરીએ તે જાણે છે તો પછી લાજ છોડી બધી ત્હારી **क्रिया** રોજ તેને નિવેદન કર. ત્યારે તો મારાથી ચોરી ન થાય હા, તો તે નહીં કર. એ રીતે શુભ કર્મ થવા લાગે તેથી પરમાત્માની કૃપા-પ્રસન્નતા થશે. તે ઇશ્વર કૃપા વગર કામ થશે નહીં.

આત્મજ્ઞાન થાય તો ઇંદ્રીય જય થાય, અને ઇંદ્રીય જય થાય તો આત્મજ્ઞાન થાય. ત ઇંદ્રી જીતવા યત્ન કરતા રહેવું અને વચ્ચે ભક્તિ રાખવી. આપણું ભલું કેવી રીતે થશે તે તે (પ્રભુ) ને ખબર છે. માટે જેણે આ બધું કીધું તેને શરણે જવું. તેથી જ્ઞાન પણ થાય અને વચમાં વિઘ્ન નહીં આવે. યોગાભ્યાસ કરતાં મંદવાડ આવે તો નિયમ બીયમ ક્યાંએ જતા રહે. **व्याधिस्त्यान संशय प्रमाद आलस्य अविरति ॥ राग भ्रान्ति दर्शनादि अंतरायः ॥** એ બધાં વિઘ્નો છે. અનાદિકાળથી ઇંદ્રીઓ સંગાતે તો રહેલીજ છે, માટે હજારો વિઘ્ન આવે તે દૂર કરવા સારૂ ઇશ્વરારાધન-ભક્તિ કર્તવ્ય છે. વિશ્વામિત્રે યજ્ઞદિક્ષા લીધી તેમાં ક્રોધ ન કરવા પ્રતિજ્ઞા થાય છે. હવે રાક્ષસો આવીને

યજ્ઞને ભ્રષ્ટ કરી નાખે છે, તેથી ક્રોધ નથી કરતા તો યજ્ઞ બગડે છે, ત્યારે "ક્રોધ ન કરશું" એ વચન પળાતું નથી. અને તે વિઘ્ન હટાવવા ક્રોધ કરે છે તો પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવાય છે. માટે જેમ રામે આવી રક્ષણુ કીધું તેમ, ભક્તિ કરવી, કે જે પ્રતાપે વિઘ્ન કોઈ નહીં નડે, યોગાભ્યાસનો પ્રારંભ કીધો કે સ્થિત પ્રજ્ઞ ભક્તિ કરવા લાગ્યો. આસન જપ થયો, આત્મદર્શન થયું તો પણ ભક્તિ છોડી નહીં. પ્રશ્ન કરે છે કે, આત્મજ્ઞાન થયા છતાં પછી ભક્તિ કરવાનું શું કામ ? બે ઈમાની આવે તેથી જે સાધનથી ઉંચે ચડયો તે સાધન છોડે નહીં. ઉછાંછળા છોકરા તે સાધન છોડી દે, પછી દુઃખી થાય એક ચમાર હતો તે મોટા શ્રીમંતના જોડા સીવવામાં મોટો દ્રવ્યવાન થયો ત્યારે જોડા સીવવાનો ધંધો કાઢી નાંખી, અથવા નોકર રાખી કરતો રહ્યો.

છતાં પણ દશેરાને દહાડે, આઠ દશ જોડ ચંપલ–જોડા બનાવી રાખેલા હોય તે, લઇને બે ઘોડાની ગાડીમાં બેસી મોટા સુપાત્ર લોકને ઘેર જઈ, ગાડીમાંથી ઉતરી તે શેઠ અગર મહા પુરૂષની પાસે જઈ મુકી પગે લાગી કહેતો કે, બાપજી! આપનો તાબેદાર હું આપનો ચમાર છું (કેમકે એજ સાધનથી લક્ષાધિપતિ થયો છું માટે તે નહિ છોડવું). જ્યાં સુધી લક્ષ્મી છે ત્યાં સુધી એટલીજ સેવા કરૂ છું. પણ કદી પ્રારબ્ધવશાત્ કંગાલ થઈ જાઉં તો ઘણી સેવા કરી શકું (જોડા બનાવવાનું ઘણું કામ કરી શકું) માટે જેનાથી ચડયો તે છોડતો નથી.

એક ધુળધોયો રોજ એક કરોડપતિના મહેલ આગળ ધુળ ધોવાનું કામ કર્યા કરે. શેઠનો છોકરો રોજ જુએ. પુછતાં દયા આવી. તેથી રોજ એક તોલો સુનું કટકા કરી નીચે નાંખે. બે ચાર વર્ષ થયા. પછી હીરાની વીંટી, મોતી વગેરે નાંખવા લાગ્યો–પાંચ સાત વરસે મોટો શ્રીમંત બની ગયો, તેને બોલાવી શેઠ પુત્રે પુછ્યું, તે કહે, સ્ત્રી છોકરાં વગેરે બધાં મારે છે તે તમારા પ્રતાપથી છે. ત્હારૂં ઘર જોવું છે. તો બહુ ખુશી, ચાલો.–લઈ ગયો તો મોતીની કંઠીઓ પહેરી મોટી હવેલીમાં

સ્ત્રી હીંચકે ઝુલે છે. શેઠ કહે, આવો સુખી છે, છતાં ચીથરાંની લંગોટી પેહેરી રોજ શા માટે આ નીચો ધંધો કરે છે. ઘેર આવે છે ત્યાં તો નોકર ચાકર હાજર રહી પોશાક બદલાવે છે. તેણે જવાબ દીધો કે–એ તો મારૂં નિત્યનું છે (નિત્યકર્મ) જે કામ કરવાથી પરમાત્મા પ્રસન્ન થયા તે કામ ન છોડાય શેઠ! આ બધી સંપત્તિ તમારી છે, તે લઈ જાવ, પણ એ કામ ન છોડાય.

એવી રીતે સ્થિતપ્રજ્ઞ છે તે મહાભક્ત–ભક્તરાજ છે. **ईश्वर प्रणिधानाद्वा** ॥ ઈશ્વરને પ્રણામ પણ કરતા રહેવું. **सुहृदः सर्व भूतानां ज्ञात्वामाम शान्ति मृच्छति** ॥ એવો ઈશ્વર છે.

ઇંદ્રીઓ મનને હરણ કરે છે. વિષયનો યોગ થતાંજ મનની સ્થિરતા ભંગ થાય છે (આત્મવિયોગ થતાંજ). ઇંદ્રીઓ કોનું મન હરણ કરે છે? મોટા મોટા યતિ–યત્ન કરનાર જ્ઞાની જેવાનું પણ મન હરે છે તો નીચી કોટીના ક્ષુદ્ર મનુષ્યોનું તો હરે છે તેમાં કંઈ કહેવાનું–તાજુબીજ નથી. જેઓ ઇંદ્રીય નિગ્રહનોજ યત્ન કરે છે, વિષયો તરફ જવા દેતાજ નથી. વિપશ્ચિત–જ્ઞાનીથી ચઢતો વિદ્વાન હોય તેનું મન પણ હરે, ત્યાં મૂર્ખની તો વાતજ શી!! પડવાની ધાસ્તી કોને હોય? ચઢતાને અથવા ચઢેલાને ઉચ્ચ ઉચ્ચતર વગેરે તે તે ભૂમિકાપર ચઢેલાને પડવાની ધાસ્તી, ઇંદ્રીઓ છે તે, એવા યોગીથી જોરાવર છે. હા, હા, કહેતો રહે, ને મનને તાણી જઈ ગબડાવી પાડે (**प्रसभं**).

विश्वामित्र पराशर प्रभृतयो वातांबु पर्णाशना स्तेपि स्त्री मुख पंकजं सुललितं द्रष्ट्वैव मोहं गताः ॥ તારકાસુરથી દેવો બહુ દુઃખી થયા ત્યારે છેવટ નારદાદિ મળી એમ નક્કી થયું કે શંકર પાર્વતીથી ષડાનન સ્વામિ થાય, તે દેવના સેનાપતિ થાય તો તે અસુર મરે. હવે કેવળ મહાયોગી શંકર અને મહામાયા એનો વિવાહ–સંબંધ શી રીતે બને. દેવોની સભા ભરી. તેમાં કામે બીડું ઝડપ્યું. તે બળી ગયો તો શું થયું, પણ બહાદુર ખરો, કે દેવનું કામ કીધું. તાત્પર્ય કે,

વિશ્વામિત્ર, પરાશર વગેરે વાયુ પાણી પાંત્રાં ખાઇને રહેતા, છતાં સ્ત્રીનું મુખ પંકજ જોઇને મોહ પામ્યા-ઇંદ્રી તેમનાં મનને હરી બેઠી, તો ઘી દુધ મેવા મીઠાઈ ખાનાર શેઠ લોકોની ઇંદ્રીનો નિગ્રહ શી રીતે થઇ શકે! વિંધ્યાચળ પર્વત સાગર તરી જાય તો એવા શ્રીમંતો ઘી દુધ વગેરે પૌષ્ટિક-કામોત્તેજક પદાર્થ ભોકતાપણુ ઇંદ્રી નિગ્રહ કરી શકે.

शाल्यन्नं सघृतं पयोदधियुतं भुंजंति ये मानवा,-स्तेषा-मिन्द्रिय निग्रहो यदि भवेत् विंध्यस्तरेत् सागरम् ॥ જો વિંધ્યાચળ સમુદ્ર તરી શકેજ નહિં, તો તેવા ભોક્તા શેઠો પણ ઇંદ્રિય નિગ્રહ નહીંજ કરી શકે.

तानि सर्वाणि संयम्यः તે બધી ઇંદ્રિયોને રોકીને, એટલે આંખને કહેવું કે, હરિરૂપ સર્વ જો. ગુરૂદર્શન, આત્મદર્શન, વિશ્વરૂપ આ દર્શન કર. કાનને હરિકથા શ્રવણ કરવાનું કહેવું-તેમાં કામે લગાડવા. જીભને ભગવત ગુણ ગાયા કરવામાં પ્રેરવી. એ રીતે વિષયોથી સંયમ કરી બધી ઇંદ્રિઓને રોકી દેવી. એમ કરવાથી ઇંદ્રીઓ જેની વશ થઇ હોય તેના ઉપર પરમાત્માની દયા-કૃપા થાય છે, તે પ્રસાદથી ઈંદ્રી નિગ્રહ થાય છે, અને કોઇ વિઘ્ન આવી શકતું નથી. આત્મદર્શન-બ્રહ્માત્મૈક્ય જ્ઞાન થાય છે. એવા થયલા તે સ્થિતપ્રજ્ઞ છે.

ગીતા અધ્યાય ૨ શ્લોક ૫૨-૫૩

ગંગાજીમાં ન્હાવાથી સ્વર્ગ મળશે; તે તો મરણ પછી. પણ હાલ તો સ્થૂળ-દેખીતો-તાત્કાલિક ફાયદો એ થશે કે શરીરમાં ઠંડક થશે. તેમ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ તો આવશે ત્યારે, પણ હાલ શ્રવણ કરવાથી, વાંચવાથી સંસ્કાર પડી બુદ્ધિમાં કંઇ નિર્મળતાનો ભાસ તો પડશે. આંખના ડોળા ધોળા છે, ને કીકી તેમાં કાળી છે તેથી તે ધોળા રંગથી કાળાની અને કાળાથી ધોળાની, ખીલવટ આવે છે. આપણે કેવા અને સ્થિતપ્રજ્ઞ કેવા તે વિચારતો આવશેજ. બુદ્ધિનો ચંચલ્ય દોષ નીકળી જઈ, પર-આત્માનાં અસ્તિત્વના બારામાં સ્થિર થવી જોઇએ. કર્મ કરે તેમ ફળ મળેજ. એ બુદ્ધિ સ્થિર થઈ તો સંકટ દુઃખ ઉડાવી દે.

યતિ છતાં વિદ્વાન હોય, અને વિદ્વાન છતાં યતિ હોય, તોપણ ઈંદ્રીઓ મનને હરણ કરે. પરમ તત્વનું દર્શન થાય તો ઈંદ્રીઓ વિષય તરફ ન જાય અથવા ઈંદ્રીઓ વિષય તરફ ન જાય તો પરમ તત્વનું દર્શન થાય એ અન્યોઅન્યાશ્રયની વાત કહેવાઇ ગઇ.

मात्रा स्वस्रा दुहित्रा वा, नैकत्र सहसा वसेत् ॥
पदापि युवतीं भिक्षु, न स्पृशेत् दारवीमपि ॥

માતા, સાસુ, અથવા પુત્રી એમના એકજ આસને સાથે બેસવું નહીં. અને યુવતિ સ્ત્રીનો (સ્વસ્ત્રીનો પણ સ્પર્શ ન કરવો તે રીતે બીજી કોઈના પગનો પણ) સ્પર્શ ભિક્ષુએ (સન્યાશીએ) કરવો નહીં. કારણ કે,-

बलवानिन्द्रिय ग्रामो विद्वांसमपि कर्षति બળવાન એવો ઇંદ્રીય સમૂહ છે તે વિદ્વાનનું (મન) પણ આકર્ષણ કરે છે, ત્યારે શું કરવું ? **यतः प्रवृत्ति र्भूतानां येन सर्वमिदं ततम्** એવા પરમાત્માનું અર્ચન વંદન કરવું. શર્ણ ગ્રહણ કરવું. **स्वकर्मणा तमभ्यर्च्य सिद्धि विंदति मानवः** તો સિદ્ધિ મળે છે. ભક્તિ છે તે ભાગીરથી ગંગા સ્થાને છે. અને આપણું મન છે તે ગટરનું પાણી-મેલું પાણી જેવું છે, તે એવું કે કોઇની ચીજ એવી ગટરનાં પાણીમાં પડી જાય તો લેવાની ઇચ્છા પણ ન કરે-અડકે નહીં. પાણી ગંગાનું પણ અડકે તો સ્નાન કરવું પડે. પરંતુ જો જ્યાંથી આવ્યું ત્યાં મળી જાય તો તે રૂપ બની વહે, ગટર મળી ગઈ ગંગામાં. પછી તેજ પાણી મોટા રૂસ્તમજી સ્નાન કરી ચાંદીનો ચંબુ ભરી જાય છે, તેમાં આવ્યું અને કાશી વિશ્વેશ્વર જઇ શંકરને ચઢાવ્યું. **(जलधारा शिवप्रिय)** રૂદ્રસૂકત ભણી ચઢાવ્યું. ત્યારે તે ગટરનું જળ કહે કે, અહો ! મારૂં કેટલું મહાત્મ્ય વધ્યું. **युक्तआसीत मत्परः ॥** પાણી સમજ્યું કે, અલગ રહેવામાંજ પાપ છે. **यतः प्रवृत्तिर्भूतानां** (જેમાંથી પ્રાણી માત્રની પ્રવૃત્તિ થઇ) તે પ્રભુમાંજ લગાડવા યત્ન કરવું.

મનને જો પરમાત્મ ધ્યાનમાં ન રાખીએ તો શું થશે ? તો મહા અનર્થ થાય, બહારની ઈંદ્રીઓ તો રોકી, હવે મન રહ્યું, તે ધ્યાનથી

ઠેકાણે રહે. કોનાં ધ્યાનથી ? પરમાત્માનાં. તે પરમાત્માને જોયા વગર શી રીતે ધ્યાન ધરૂં ? પરમાત્માથી ભિન્ન બધા વિષયોજ દેખાય છે. આ વિશ્વરૂપ દેખાય છે તેનું દર્શન-ધ્યાન થવાથી પરમાત્માનું થતું નથી. આ જોઇએ છીએ.

આ શૂ ? ઝાડ. આતો ગાય, ઘોડો, મનુષ્ય, મંદીર વગેરે. વિષ્ણુ સહસ્ત્ર નામમાં પ્રથમજ જે નામ તે પ્રભુનું છે તે **विश्व** નામ છે. (વિશ્વાય નમઃ છે.) હવે વિષ્ણુવે નમઃ નહીં કહેતાં (વિષ્ણુ સહસ્ત્રનામ હોવાથી પ્રથમ વિષ્ણુવે નમઃ જોઇએ છતાં) વિશ્વાય નમઃ કહ્યું છે. અર્થાત્ વિશ્વ, એજ પરમાત્માનું સ્વરૂપ અને નામ પણ છે, જે પ્રથમ સર્વની નજરે જન્મથી દેખાય છે. **आदित्यं ब्रह्मेत्युपासीत एष आदेशः** સૂર્યને બ્રહ્મ જાણી ઉપાસના કરવી. એમાં હેતુ એવો છે કે, જેના પર આપણી શ્રદ્ધા હોય તે દેવને બ્રહ્મરૂપ જાણી ઉપાસવા-એવી કોઇપણ વિભૂતિ (તે પરમાત્માની) લેવી. કેમકે સર્વ પરબ્રહ્મજ છે, એમ ધ્યાનમાં ન આવતું હોય-સમજાતું ન હોય તો તે માહેલો ગમે તે એક દેશ લેવો. એક શેઠનો માનીતો મુનિમ મરી ગયો. તેનો પુત્ર દેશથી આવ્યો તેનો ચહેરો તે મુનિમ જેવોજ જોઇને શેઠે માન આપી બેસાડી; પુછી રાખી લીધો તેમ, જે દેવની ઉપાસના કરો, તે દેવતા આપણે-પોતાનો માને છે. એવા તે દેવની ઉપાસનામાં હોય તો મન વિષયમાં ન પડે.

તરવા શીખવું છે. તે જાણી કહ્યું કે, નદીપર ચાલો. ત્યારે તો કહે. બાપરે. પાણીમાં પગ તો બોળું નહિ-ડરૂં છું. ત્યારે કાંઈ બને નહિ. પછી આવે ને કહે ટાંટીઆ લાગે ત્યાંસુધી ચાલું. ભલે, તેમ કર. પછી એમ કરતાં ક્રમે કરીને તરતાં આવડયા પછી બ્રહ્મપણ મળશે. **युक्त** રહેવું. ઇંદ્રીઓ અને મનનો ભરોસો ન રાખવો. ધ્યાન ધરવું. નિર્ગુણનું ન બને તો સગુણનું (ઇષ્ટદેવનું) ધરવું. અહંકાર છે તે જડ અને ભારે છે, તે પાતળો થઈ જાય-હલકો થાય તે તરેજ. "મનનો નિગ્રહ જો ઠીક (દ્રઢ) હોય તો ઉઘાડી આંખે ફરો." **यस्मिन्‌जिते जितावसौ** જો (મન) જીતાયું તો બધી ઇંદ્રીઓ જીતાઈ છેજ.) ઘણું

ખાવાથી અજીર્ણ થાય, તો તે ખાવાપર અભાવ થાય. અને દ્રષ્ટિદોષથી પણ અભાવ થાય. મન એકવાર ગુવાર કે કોળાં પરથી ઉઠી ગયું તો લાવેજ નહીં કે ખાય નહીં. અગર કાંઈ વ્હેમ પેસી જાય તો મન નહીં થાય. એમ ધ્યાન સગુણનું ધરે તો વિષયોનું ઉડી જાય. ભક્તિ વગર ધ્યાન કરવા બેસે ત્યાં મનમાં વિષયો આવ્યાં, તેને જેમ જેમ કાઢવા જાય તેમ તે જાડા થઇ (ઉંટરૂપ બની) પેંસતા જાય; (કેમકે ભક્તિ નથી તેથી) તેથી તે તે વિષયોમાં સંગ, એટલે, આસક્તિ વધે, અને તે કામના વધી કે-મનેજ ખૂબ મળે અને બીજાને નહીં. કદી બીજાને મળે તો, મને સઉથી ઘણું મળે, એમ કામ ઉત્પન્ન થયો. તે પ્રમાણે ન બને તો ક્રોધ થાય. તે ગુસ્સો, સ્ત્રીથી પતિને કે સાસુસસરાને તો કંઈ કહી શકાય નહિં ત્યારે, છોકરાં ઉપર કાઢે (તે **अभिजायते**) બારણું વાગ્યું. હવે બારણાને શું કરે ! બીજાપર ગુસ્સો કાઢવા જાય. ક્રોધ આવેથી મોહ આવે તેથી કર્તવ્ય શું અને અકર્તવ્ય શું તેનું ભાન ન રહે. (એ મોહ પછી શ્લોકમાં ક્રિયાપદ નથી. કેમકે સૂર્યાસ્ત થયો કે અંધકારને અને રાતને તેડવા જવું નથી પડતું. આવેજ છે. તેમ) સંમોહ આવ્યો કે સ્મૃતિ વિભ્રમ થઈ પડે.

દુનીયા સ્મૃતિની છે. અંત વખતે પૂછે છે કે, હું કોણ ? ત્યારે ભભ મમમ થઇ જાય છે. એમ સ્મૃતિ ગઈ. તેજ રીતે ગુરૂએ જેને કાંઈ છોડવાનું સ્વિકારવાનું કહેલું તે ભુલ્યો. "**सत्यं वद,**" "**धर्मं चर,**" **इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः** "ત્યાં હુશીયારી રાખ" **देवपितृ कार्याभ्यां न प्रमदितव्यं, धर्मात् न प्रमदितव्यं स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यं,** એ બધો જે કલ્યાણનો રસ્તો ધ્યાનમાં રાખેલો તે ભુલી ગયો. તેની બુદ્ધિ તો છે ખરી, પણ ચિત્ર જેમ બોલતું નથી તેવી અથવા મુડદાં જેવી મરેલી છે, જે નિશ્ચયાત્મક છે તેજ બુદ્ધિ છે, બીજી જે સ્રીધન પુત્રની બુદ્ધિ તે બુદ્ધિ નહીં-**बुद्धयः ॥** તે બુદ્ધિનાં મુડદાંથી કંઈ તરાય નહીં. તે બુદ્ધિ નાશ થવાથી, સ્થીર બુદ્ધિ જેવી રહી નહીં. તે નાશજ પામ્યો.

जीवंतोपि मृताः पंच व्यासेन परिकीर्तितः
दरिद्रो व्याधितो मूर्खः प्रवासी नित्य सेवकः

દરિદ્રી, રોગી, મૂર્ખ, પ્રવાસી, રોજને હજુરીઓ નોકર, એ પાંચ જીવતાં છતાં મુવેલાંજ છે, એમ વ્યાસે કહ્યું છે. માટે વિષયોનું ધ્યાન ધરવું નહિં. કેમકે પરમાત્માના ધ્યાનથી બુદ્ધિ સ્થીર થઈ તરી જવાય છે. બહારની ઇંદ્રીઓનો જેવો નિરોધ કરો તેવો અંતરની મનનો નિરોધ કરવાની જરૂર છે. બહારની ઇંદ્રીઓ પણ બીજું કાંઇ નહીં, પણ મનજ છે તેને માટે કહ્યું.

ગીતા અ. ૨ શ્લોક ૬૪–૬૫

ઉપલા બે શ્લોકમાં કહી ગયા કે, વિષયોનાં ધ્યાનથી છેવટે **प्रणश्यति** એટલે જીવતો છતે મૃત જેવો થઈ જાય છે. એમ નિંદા કરી. હવે બે શ્લોકથી કહે છે કે, નિરંતર ધ્યાનયોગમાં રહેલાને પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, તેથી તેની પ્રજ્ઞા સ્થિર થવાથી સ્થિતપ્રજ્ઞ થાય છે. વિષયોના ધ્યાનમાં છે શૂં ? ! ! પશ્વાદિ જેવી બુદ્ધિ થાય છે, અને મનુષ્યત્વની જતી રહે છે. બગલો એજ કરી રહ્યો છે. તેનો શુદ્ધ સાત્વિક રંગ કેવો શ્વેત છે તે જુવો. અન્યોક્તિમાં તેનીજ ઉપમા અપાયછે.

रागद्वेष वियुक्तस्तु એમાં તુ છે તે એવું સૂચવે છે કે, હવે ઉપલા બે શ્લોકમાં કહ્યું તેનાથી કંઇ જુદુંજ કહેશે. આ શ્લોકમાં બધી પ્રસાદની એટલે પ્રસન્નતાની વાત છે. પ્રસાદ શબ્દનો અર્થ બગડયો નથી, પણ વ્યાપકપણામાં આવ્યો, છોકરાં વગેરે, ગોળ કોપરૂં ખાંડ શીરો સાકર વગેરે પ્રસાદ મળે તે ખાવાથી પ્રસન્ન થાય છે તેથી તે દેવનું નૈવેદ્ય પણ પ્રસાદ કહેવાય છે. પ્રસાદ શબ્દજ કાયમ રાખ્યો છે. અને જરા ચઢીઆતી ભાષામાં કહેતો, પૂજ્યની અર્થાત્ દેવની, ગુરૂની, રાજાની, શેઠની, મા બાપની, પૂજક ઉપર જે મેહેરબાની–કૃપા–પ્રસન્નતા છે તેને પ્રસાદ કહે છે. **दृष्टि प्रसादं कुरु ॥** પ્રસાદ એટલે પ્રસન્નતા–સ્વચ્છતા. દીલમાં જે પ્રસન્નતા હતી તેજ જાહેર કરવાને સ્થૂલરૂપે જે કાંઇ આપે તે પણ

પ્રસાદ કહેવાય છે. વર્ષાઋતુની નદીનું વર્ણન કવિ નહિં કરે, કેમકે તે વખતે રતાસવાળું મેલું ડોહોળું પાણી હોય છે; પણ પછી અગસ્ત્ય ઋષિનો તારો ઉદય થશે ત્યારે બધું પાણી નિર્મળ થઇ જશે (અશ્વિનના છેલ્લા આઠ દીવસ અને આખા કારતેકમાં સખ્ત તાપને લીધે). તે તારાનો પ્રસાદ આવ્યાથી નદીઓ નિર્મળ થાય છે, તેમાં પડેલી ચીજ પણ જોઇ શકાય છે, તે ઉદકનો પ્રસાદ.

विधेयात्मा યોગી પ્રસાદને પામે છે, જેમ કહીયે તેમ કરવાવાળો તે **विधेय.** તેને "બેસ" કહીયે તો બેસી જાય. "ઉઠ" કહેતો ઉઠે. "જા" કહેતો ચાલ્યો જાય. દાસ–ચાકરવત્ કરે. (અને એક કામ કરી રહીને આવીને પુછે કે હવે **किंकरोमि** શું કરૂં ?–તે કિંકર કહેવાય.) આપણો હુકમ જેના પર ચાલે તે **विधेय.** જેનું આત્મા (=મન) કેવું બન્યું છે કે, જેમ કહીએ તેમ કરે.–દાસ બન્યું છે (મન તાબે થયું છે). જીતાત્મા એટલે વશીભૂતાંતઃકરણવાળો. જે પરમાત્માનું ધ્યાન ધર્યું છે તે પ્રભુનો એ વિધેય બન્યો. **धियो योनः प्रचोदयात्** આપ મારી બુદ્ધિ હાથમાં લઈ જેમ ઘટે તેમ ચલાવો–દોડાવો, એવો તે વિધેયાત્મા યોગી છે તે, પરમાત્માથી પોતાનું અસ્તિત્વ જુદું માનતો નથી. **ईश्वरः सर्वभूतानां हृद्देशेर्जुन तिष्ठति.** એવું સાભળીને, નિરાંતે રહે છે કે, જે પ્રભુએ કરાવવું હોય તે કરાવી લે, અને નહીં કરાવવું હોય તો નહિં કરાવે, એવા પુરૂષનાં અંતઃકરણમાં રાગદ્વેષ નહીં. તે પરમાત્માથી હુકમ છુટે તેવો બુદ્ધિમાં આવે, તેમાંથી મનમાં આવે, તેમાંથી ઇંદ્રીઓમાં આવે, અને તે દ્વારા જેમ કરવાનું હોય તેમ કરાય–થાય. એવી રાગદ્વેષ રહિત ઇંદ્રીઓ વડે વિષયોને ચરે છે. અર્થાત્ વિષયોનું સેવન કરનારો નહીં; રીતસર કામ કરે છે, બોલે છે, સાંભળે છે જમે છે, તે ધ્યાનમાં નિમગ્ન છે, તે આનંદથી પરમાત્મ પ્રેરિત કામ છે તેટલું કરે છે.

એક મોટા શ્રીમંત ભારે વિદ્વાન ભાઉ સાહેબ હતા. શાકુંતલા નાટકનો શોખ લાગેલો. નાટક રચી પોતે ખુદ શકુંતલા બનતા. તે ગાયન

ગાતા બીજા પ્રેક્ષકો સ્તબ્ધ બની જતા (દુષ્યંતના વિયોગ વિષે ગાયન સાંભળીને) પરંતુ તે પોતે તો જાણે છે કે હું કાંઇ સ્ત્રી નથી. મારે દુષ્યંત જોડે શું છે, તેનાં મનમાં તે સોંગનો (વેશનો) જરાપણ સ્પર્શ નથી.

દેવલ જેવા મોટા પ્રતિષ્ઠિત પુરૂષે ઢેડનો વેશ લીધો તે ફક્ત તેવો વેશ લઇનેજ આવ્યા તેટલે તાળીઓ પડી (હજુ ગાયું તો કંઈ છેજ નહીં.) તેના મનમાં 'હું ઢેડ છું' એવું લેશ પણ નથી. સર્વાંશે સિદ્ધ જાણે છે કે, હું આ (વેશવાળો) નથી, પણ સોઽહં. તેવા સ્થિત પ્રજ્ઞ છે. તે જાણે છે કે હું તો તેજ પરબ્રહ્મથી અભિન્ન છું.

પ્રભુ પ્રસાદ થતાં ત્રિવિધ દુઃખની અત્યંત નિવૃત્ત થઈ જાય. તેનાં મન બુદ્ધિ બધુંજ પ્રસન્ન. રાગદ્વેશ અવિદ્યા મૂલક હતા તે અવિદ્યા સાથેજ ગયા. જેના પર રાગ આવે-બહુ આસક્તિ જેના પર હોય તેનો દોષ ધ્યાનમાં નથી આવતો. પણ એનાતો તે બેહુ ગયા.-ભ્રાંતિ ગઈ-તેનાં સર્વ દુઃખની હાની થઈ. પ્રથમ પરમાત્માનો વિધેય (હ્રાસ) બન્યો. સમજણ પડી કે હું તો તે છું-(પ્રભુથી અભિન્ન છું) તે સમજ્યા પછી ઢેડનો વેશ ખોટો નથી. પછી રાગદ્વેશ રહિત થઇને વિષયોમાં ચરે છે,-ફરે છે, પણ તેનો સ્પર્શ નહીં. તેના પર પરમાત્માની પ્રસન્નતા થાય છે, તેથી જ્ઞાન આવે અને તેથી શાંત થાય.

પરમાત્માનો પ્રસાદ થતાં અતિ નિર્મળ થાય, તે પ્રસન્ન ચેતસ્ થયલા યોગીની બુદ્ધિ સ્થિર થઈ, તે જેજે કર્મ કરે તે નાટકના વેશ જેવું.

ઉપલા બે શ્લોકમાં (**ध्यायतो विषयान्०**) દુષ્પરિણામનું નાટક બતાવી; આ બે શ્લોકમાં સુપરિણામનું નાટક બતાવ્યું.

ध्यान योग परोनित्यं वैराग्यं समुपाश्रितः॥

તે ધ્યાનયોગથી પરમાત્માની પ્રસન્નતા થાય, તે ઇષ્ટકૃપા પ્રસાદથી અજ્ઞાન દુઃખ જાય, તેથી જ્ઞાન થાય અને દુઃખ શોક ભય જાય. સ્વપ્નામાં શુભ અશુભ વગેરે જે બધું જોયું હતું તે સાથે સ્વપ્ન

આખું ખોટું-જુઠું-ભ્રાંતિ છે, એમ કહેવાને હવે બીજાની જરૂર પડતી નથી, તેની બુદ્ધિ સ્થિર થઇ-તે સ્થિતપ્રજ્ઞ છે.

ગીતા. અધ્યાય. ૨-શ્લોક (૬૬) **नास्ति बुद्धिरयुक्तस्य** ०

ગીતા બીજા પર્વમાં સ્થાન શોધી વળી પણ બીજું કોઈ પર્વ પ્રસન્ન પડયું નહીં. ભીષ્મ પર્વમાં સ્થિતિ કરવાનું પ્રયજન પડયું. કેમકે ભીષ્મ મહાપ્રતાપી-મહાભક્ત હતા. તેમાં પણ ભર રંગ વખતે-ખરી અણીની વખતે આવી.

જેની બુદ્ધિ સ્થિર તેની ઇંદ્રીઓ પણ સ્થિર, તેમ તેનું કામ પણ તેવું. એવા નિશ્ચળ પર્વત જેવા ઉભેલા સ્થિતપ્રજ્ઞ છે. સૂર્ય એવા સ્થિત પ્રજ્ઞ છે કે, જો એક દિવસ નહીં ઉગતે, અથવા થોડી વિશ્રાંતિ લેતે, અગર ઉદય થઇને પણ રીતસર ન થતે તો જગતની મોટી દુર્દશા થતે.

વાંદરો મહાચંચળ છે, તેથી તેને બાંધ્યો, છતાં, તેથી તે બીજું કાંઇ ન કરેતો આંખની ચંચળતા ચલાવ્યા કરે. **प्राणापानौसमौ कृत्वा नासाभ्यंतर चारिणौ.** એવાં ચંચળ મનને જોઇને રૂષિમુનિએ આવી થાપડ મારી કહ્યું કે, આમ આસન વાળી બેસ.

નાટકમાં શકુંતલા વેશ છતાં, હુ તે (શંકુતલા) નથીજ, હું તો અમુક પુરૂષ છું, એમ સમજે છે, તે **युक्त** છે, એવા પોતાના સત્ય સ્વરૂપને અખંડ જાણીને, દુઃખ શોક રહિત રહેનારા, સ્થિત પ્રજ્ઞ છે. Science સાહિત્યની ઢબથી સમજાવવા એકની સ્તુતિ કરે, ને બીજાની નિંદા કરે; દહીં બે હાથે વલોવે તેમ, બે હાથ હલાવે, કાવ્યપદ્ધતિ- વ્યતિરેક મુખે કરીને હવે નિંદા ચાલશે, તેમાં વળી અલંકાર છે. એકાવળી=એકજ સાંકળી જેવી (બેહુદોરા-તારની અરસ પરસ ગુંથણી) વાક ચાતુરી હોય.

ભટ્ટી કવિએ રામાયણ લખ્યું તેમાં સાહિત્ય અને વ્યાકરણ શાખવ્યું છે. **न तज्जलं यन्नचचारुपंकजं**=એવું પાણી નહીં કે જેમાં

કમળ નહીં હોય. અને એવું કમળ નહીં કે જેમાં ભ્રમરા નહીં હોય. **नपंकजं तत् यत्रनैवषट्पदं**. અને, **नषट्पद्रोसौनतु गुंज यत्पदं**= એવો ભ્રમર નહીં કે જે ગાયન કરતો ન હોય. × × એવી રચના તે એકાવલિ કહેવાય. તે સાહિત્ય શીખેલાને રૂચે. આળશુને વિદ્યા કયાંથી?

अलसस्य कुतो विद्या अविद्यस्य कुतो धनं ॥
अधनस्य कुतो मित्रं अमित्रस्य कुतः सुखं ॥

[સંસારમાં:-આળસુને વિદ્યા કયાંથી, અવિદ્યને (મુર્ખને) ધન કયાંથી, ધન વગરનાને મિત્ર કયાંથી, મિત્ર વગરનાને સુખ કયાંથી! (સ્ત્રી વગરનો ન ગૃહસ્થ કે ન સંન્યાસી કહેવાય)] તેજ રીતથી કહે છે કે, **नास्ति बुद्धि रयुक्तस्य** મોક્ષ માર્ગમાં-કહે છે કે,-**अशांतस्य कुतः सुखं.**

વિષય લોલુપતામાં સુખ છેજ નહિં. **इदं मेस्यात् इदं मेस्यात्॥** મને આ મળે તો ઠીક, મારે આ જોઇએ, એવાને શાંતિ નહિં તો સુખ કયાંથી? એતો કંગાળ છે. બજારમાં મૂળા પાસે લક્ષાધિપતિ રખડે છે. જેને જે દેવની ભકિત હોય તેનું જ્યાં દેવળ હોય ત્યાં તે જાય. મૂળાની ભકિતવાળો-(વિષયલોલુપ) ત્યાંજ રવડ્યા કરે. કાગડાની માફક વિષયમાં જેની લોલુપતા છે તેને સુખ કયાંથી? ત્યારે સુખ કોને? **योऽन्तः सुखोंतरा राम स्तथांतर्ज्योतिरेवसः** ॥ સ્થિતપ્રજ્ઞ નિરંતર શાંત હોય છે. અજિતેંદ્રિય પુરૂષ છે તે અયુકત છે. તેને કદી વેદાંતની સમજ આવે નહીં. તે માણસ છિદ્રવાળા ઘટ જેવો છે. એવા અયુકત ને ભાવના-ધ્યાન નહીં. જ્ઞાન છે પણ તે પર ધ્યાન નહીં. "ઉદ્યમ ન કરે તે કંગાળ થાય," એ વાક્ય બોલતાં આવડે, પણ તે પર ધ્યાન નહિં, તેથી તેને સંભળાવેલું જ્ઞાન ચાલ્યું જાય,-કાણા ઘડામાંથી જળ જતું રહે છે તેમ. ધ્યાન વગર શાંતિ-વૈરાગ્ય ન આવે.-અલં બુદ્ધિ ન થાય-મૂળાનો ભિખારીજ રહે. એવા અશાંતને સુખ કયાંથી મળે?! તાત્પર્ય કે, ઇંદ્રીઓ મનસહિત વશ કરવા વારંવાર યત્ન કરવો તેને માટે જે જ્ઞાન જોઇએ તે પણ શિખવું ને તે પર ધ્યાન રાખવું. **योगेनांते तनुं त्यजाम्**. એ જ્ઞાન મગજમાં આવ્યું તો પછી તે કોઇને પૂછવા ન જાય.

ગીતા અધ્યાય ૨ શ્લોક ૬૭-૬૮

अयुक्तस्य बुद्धिः नास्ति જે છોકરાનું ચિત્ત અમુક વિષય શિખવામાં હોય તેનેજ અક્કલ આવે-ધ્યાનમાં આવે.

बुद्धि वृद्धि करण्याशु: ॥ બુદ્ધિની વૃદ્ધિ કરનારાં શાસ્ત્રનું અધ્યયન કરવા ગૃહસ્થ ધર્મમાં કહ્યું છે તે ઋષિમુનિનાં શાસ્ત્રનું શ્રવણ કરવાથી મનને પોષણ મળે છે. વાણી શા માટે જોઇએ? આપણો વિચાર બીજામાં રેડવાને સહેલું સાધન તે વાણી છે. રૂષિમુનિની વાણી છે તે, સમજણ-જ્ઞાનથી ભરેલી સુંદર રેશમી કોથળી છે, તે કાનમાં જાય તો બુદ્ધિની વૃદ્ધિજ કરે છે.

धन्यानिच हितानिच ॥ ધન આપવાવાળાં અને હિતકારક શાસ્ત્રો પણ શિખવાં. **नित्यं शास्त्राणि अवेक्षेत्** ॥ રોજ શાસ્ત્રો જોતા રહેવાથી સમજણ પડી-બુદ્ધિમાં સમજણ બેસાડીએ, તો **ज्ञानात् ध्यानं विशिष्यते** ॥ "હું બ્રહ્મ છું," એવું સમજ્યા-એવું સાંભળ્યું તો તેપર ધ્યાન રાખવું, અને નિશ્ચય દ્રઢ કરવો. જે કોઈ શીખીને નહિં શિખેલા જેવો છે તેનું જ્ઞાન છે પણ ધ્યાન નથી.

काव्यशास्त्र विनोदेन कालो गच्छति धीमतां ।
व्यसनेन च मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

બુદ્ધિવાનોનો કાળ, કાવ્યશાસ્ત્રની ચર્ચાના વિનોદ કરતાં વીતે છે. અને મૂર્ખજનોનો વખત, દુર્વ્યસનમાં, નિદ્રામાં, અગર કલહમાં જાય છે. મહાત્માએ કહ્યું કે, **अब्राह्मणमानय**-બ્રાહ્મણ ન હોય તેને લાવ. ત્યારે પથરો લાવી આપ્યો. તે જોઇ, હં હં છી છી કરી કાઢયો. અને કહ્યું કે બ્રાહ્મણ સદ્રશ મનુષ્ય જોઇએ. એવા અયુક્તને અક્કલ નહીં-ઇંદ્રીઓ વશ નથી.

इंद्रियाणाम् हिचरताम् ॥ એક ઇંદ્રીજ વિષયમાં ગઈ તો મનમાં તેનો ફોટો જઈ બુદ્ધિ તણાય (જો રાગ હોય તો) એક વિષય આંખે

જોયો કે સાંભળ્યો. નવી કાકડી સાંભળતાંજ બુમ પાડી કે, હે કાકડીવાળા, લાવ. કાકડીવાળો તેનો ચહેરો જોઇ લે, અને કહે કે, જોઇએ તો નીચે આવ. બોલાવનારની બુદ્ધિ મત્તા ખસી; તે દોડયો—કાકડીરૂપ બની ગયો. એવીજ રીતે વિષયાસક્ત પુરૂષ સ્ત્રીરૂપ બની જાય, ધન પુત્રાદિરૂપ બને. એમ એક ઇંદ્રી ખસે તો મૂર્ખ બનાવી દે.

દધિચીરૂષિનાં હાડકાં આવે અને તેનું વજ્ર બને તો વૃત્રાસુર મરે. પણ હવે હાડકાં તે કેવી રીતે મગાય. આશ્રમની આસપાસ દેવો ફર્યા કરે. ઇંદ્ર પણ છુપાતો ડબાતો ડરતો આવે જાય, પણ બોલી શકાતું નથી. શરીરપર જેને મમતા તેનાં હાડકાં મગાય કેમ ! નફટ થઈ નીચે મુખે રૂષિ પાસે ઇંદ્ર ગયા. મહા સંકોચથી વાત કહી. રૂષિ કહે, એમાં મુખ ઉતારી ગ્લાની શા માટે પામો છો. હાડકાં છે તે હાડકાંજ છે, એ કાંઈ હું નથી. બુદ્ધિને નૌકા જાણો, તેમાં બેસી સંસારસાગર તરી જવો છે. સંસાર એટલે પંચ વિષયો. બુદ્ધિનૌકામાં જીવાત્મા બેઠો છે. **ईश्वरः सर्वभूतानाम् हृद्देशे०** તે હૃદયદેશમાં રહેલો ઇશ્વર છે તેજ **ममैवांशो जीव लोके०** મારો અંશ છે—બુદ્ધિમાં પ્રતિફલિત બેઠો છે.

તું પૂર્વસમુદ્ર તરી આવ્યો; હવે ઉત્તરસમુદ્ર તરી જા. અર્થાત્ વાનપ્રસ્થાશ્રમ સુધી આવ્યો, હવે વહાણ કાંઠે આવ્યું છે તેને ડુબાવતો નહીં. પવન ફાટી નિકળે તો મહાસંકટ છે—મોટાં આવર્તમાં નાખી દે. બુદ્ધિનૌકાનો ખલાસી મન છે, તેના હાથમાં ઇંદ્રિયો આપી દીધી. પાંચે ઇંદ્રી એક સરખી ભરેલી એવું છે. હાથમાં જેણે ખુંટો પકડયો તે કર્ણધાર (સુકાની) જેના કર્ણધાર પ્રભુ છે તેની નૌકા તરી. શ્રીહરિમાં મન લગાડી જેણે પ્રભુમાં જોડયું તેનો સુકાની તે પરમાત્મા થયો તે, નૌકાને કદી ડુબવા નહીં દે. ગાફલ મન ઇંદ્રી પાછળ દોડે કે બુદ્ધિ ખસી જાય. અને જો મન ઇશ્વરભક્તિથી ભરપૂર છે તો તે પ્રભુ કર્ણધાર થાય તો નૌકા ડુબે નહીં. **नराणाम् नापितो धूर्तः ।** લોકોમાં જેમ હજામ ધૂતારો છે તેમ, વિષયોમાં સંચાર કરનારી ઇંદ્રિયો મધ્યે (ઇંદ્ર એટલે

આત્મા છે તેને સંસારસાગર તરવાને મળેલાં સાધન જે ઇંદ્રીઓ છે તે મધ્યે) મન વિષયમાં પડી ગયું. (ઉચ્છૃંખલ દુષ્ટ અશ્વ ચરતો હોય તે ચરે થોડું, પણ રખડે બહુ તેવી રીતે) મન તે ઇંદ્રીયોને અનુસરે છે. જીભને સ્વાદ લાગ્યો ત્યારે જીભના મનોરથો પૂર્ણ કરવા મનનો વિચાર થયો. તે મન એની બુદ્ધિ હરે છે (જેમ દરીઆનાં પાણીમાં વાયુ છે તે નૌકાને હરણ કરે તેમ). સ્થિતપ્રજ્ઞની બુદ્ધિ નૌકા કેવી છે કે, **मय्येव मन आधत्स्वमयि बुद्धिं निवेशय** તેની નૌકા કાંઠે લાંગરેલી (જમીનપરની) છે. ગમે એટલો પવન ફુંકે પણ નિર્ભય છે–ગુણાતીત થયો છે.

यततोह्यपि कौंतेयथी આ પ્રકરણનો આરંભ કરેલો તે પ્રકરણ હવે સમાપ્ત કરે છે. (**तस्मात्‌થી** કહીને.) તસ્માત્ જેની ઇંદ્રીઓ વશ છે તેની બુદ્ધિ સ્થિર છે.

ગીતા અધ્યાય ૨ શ્લોક ૬૯

મુંબાઇમાં મુખ્ય મુખ્ય જોવાની જગા છે. વિકટોરિયા બાગ, ટાવર. મહાલક્ષ્મી, બાબુલનાથ, વાલ્કેશ્વર વગેરે. તેમ ગીતારૂપ મહઃ-નગરીમાં જાણવા જોવા જેવી અનેક બાબતો છે તેમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વિશે પણ મુખ્ય વાત જ્ઞાતવ્ય અને જોવા જેવી છે. તે લક્ષણની પ્રથમાવૃત્તિ પુરી થવા આવી. જેમ પહેલીવાર બાબુલનાથ બાગ વગેરે જોઈ આવે, પણ જેમ જેમ તેનો અનુભવ થતો જાય=બીજી ત્રીજી વાર જોવાય તેમ તેમ ધ્યાનમાં આવે છે. **प्रजहातियदाकामा-** થી આરંભ કીધો. ઇંદ્રીયનિગ્રહ થવામાં કાચબાનું દૃષ્ટાંત આપ્યું, નૌકાનું દૃષ્ટાંત આપ્યું. તીરપરની નૌકા જેવો તે રીતસર એવી રાખે કે હવે ડોલાયમાન થાય નહીં એવી લબ્ધ ભૂમીકાપર રહે છે. એ બધાંનો નિષ્કર્ષ કાઢીને ટૂંકમાં આ શ્લોક કહ્યો છે. હે અરજુન ! દુનીઆમાં જેટલી બુદ્ધિ છે તે બધી તું એકદમ લઈ લે, તેના કરતાં સ્થિતપ્રજ્ઞની બુદ્ધિ કંઈ જુદીજ–વિરૂદ્ધજ છે.

बुद्धितत्वस्य અથવા **ज्ञाततत्वस्य लोकोयं, जडोन्मत्त पिशाचवत् ॥** જે એવો સ્થિતપ્રજ્ઞ મહાત્મા છે તેની દ્રષ્ટીએ આ દુનીઆ જડમૂઢ જેવી લાગે-તે આ બધાંને મૂર્ખ જુવે, એવો નિશ્ચે તેને છે. **पीत्वा मोहमयी च मद्रिराउन्मत्त भूतं जगत् ॥** મોહમયી મદિરા પીને જગત ઉન્મત્ત જડ જેવું બનેલું છે. અને આપણી એટલે જગતની દ્રષ્ટિએ તે મહાત્મા કેવા લાગે કે, **बुद्धतत्वोपि लोकोयं, जडोन्मत्त पिशाचयत् ॥** તેવાજ=જડોન્મત્ત પિશાચ જેવા ગાંડા જેવા આપણને તે લાગે. પરીક્ષિત રાજાને શુકદેવે ભાગવત સંભળાવ્યું તે વિશે સૌનકે સુતપુરાણીને પ્રશ્ન કીધો છે કે, શુકદેવ જંગલમાં જડ ઉન્મત્ત પિશાચ જેવા નાગા ફરે, તે ગામમાં ન આવે, કદી આવે તો નાગાજ આવે, બોલે નહીં, એવા તે અવધૂત યોગી કયાં; અને ભોગની ટોચપર બેઠેલો વિષયી રાજા કયાં ! ! નિઃસ્પૃહી શુકદેવની સંગતી થાય નહીં; અને કદી થઇ જાય તોપણ વાતમાં જામે નહીં. તેમ છતાં ભોગી રાજાને યોગી શુકે કેવી રીતે ભાગવત કહ્યું ? સૂતે જવાબ દીધો કે, આત્માનું પૂર્ણ દ્રઢ અપરોક્ષ જ્ઞાન જેને છે એવા સ્થિતપ્રજ્ઞ શુકદેવ. **ज्ञाततत्वस्य लोकोयं** એવાને લોકો કહે છે કે, એ ભૂતપિશાચ જેવા ઉન્મત છે. અને શુકદેવ તે બધા લોકને તેવા સમજે છે. સ્થિતપ્રજ્ઞની પ્રજ્ઞા સૂર્ય જેવી છે, અને જગતની પ્રજ્ઞા રાત્રી જેવી છે. સાંજ પડવા આવે કે સુથાર કામ કરતો હોય ત્યાં નવું લાકડું નહિ લે. હાથમાં હોય તેનેજ સાફસુફ કરી વખત પુરો કરે. તેમ હવે એ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણની સમાપ્તિનો વખત આવ્યો તેથી આ સાફસુફ કરવારૂપ વિશેષ ખુલાસાનો છેવટ વક્તવ્ય કહ્યો.

निशि-रात्रौ એ સુઇ જવાનો ધાતુ છે. **नितरां शेरते जनाः इति रात्रौ.** કામધંધા માટે દહાડો છે. સુઇ જવા માટે રાત્રી છે. **नितरां-शम अस्यांसा निशा.** રાત પડી કે જ્યાં તે ત્યાં. જોવાનું બંધ થાય. રાત્રી તે અંધારૂં અને અંધારૂં એટલે અણસમજ. પ્રાણીમાત્રની રાત્રી તે વળિ કયાં હોય. સૂર્ય આથમે છે તો કલાક પહેલાંથી

લાઈટ પ્રકાશી રહે છે (બોરીબંદર વગેરે મોટાં સ્થાનોમાં). તો સર્વની કંઈ એકજ રાત્રી ન હોઇ શકે. જે રાત્રી છે તેજ રાત્રિંચર ધુવડોનો દિવસ છે; અને કાગડો રાત્રે આંધળો, પણ સ્હવાર થઈ કે કાગડો ડાહ્યો. રાત પડી કે બધા ભેગા થઇને અંધ થઇ બેસે છે, ત્યારે ધુવડ ફરવા નિકળે છે અર્થાત્ જાગે છે. દ્રોણાચાર્યનો વધ પાંડવોએ અન્યાયથી કર્યો તેનું કાંઈ તેમને પાપ નથી, પણ ત્યારપછી અશ્વત્થામાને દુર્યોધને સેનાપતિ બનાવ્યો નહિં તેથી દુ:ખી થયો, ને પોતાના મામા કૃપાચાર્ય સાથે રાત્રે એક વડનાં ઝાડ નીચે બેસી વિચાર કરે છે ત્યાં કાગડાએ મારવાથી એક ધુવડ મુડદાં જેવો થઇ પડેલો તેણે રાત્રે ઉઠીને પેલા અંધ બનેલા કાગડાને પકડી નીચે પાડયો. તે જોઈ અશ્વત્થામાએ ધુવડને ગુરૂ માની પાંડવના તંબુમાં ધુસ્યો, વગેરે કથા છે. તાત્પર્ય કે ધુવડની રાત છે તે કાગડાનો દહાડો છે, અને કાગડાની રાત છે તે ધુવડનો દિવસ છે. તેથી સર્વ પ્રાણીમાત્ર બધાંની તે રાત છે એમ નહિં કહી શકાય. શ્લોકમાં કહ્યું કે, પ્રાણીમાત્ર જ્યાં સુતેલાં છે ત્યાં સંયમી જાગે છે, અને જ્યાં જગત બધું આસક્ત છે–જાગે છે ત્યાં સંયમી સુતેલો છે. સુતેલા રાજાનું રાજ્ય જાય, એટલે શૂ? જે રાજા ધ્યાન ન આપે તે અસાવધનું રાજ્ય જાય. બધું જગત–બધા લોક શામાં જાગતા છે? આત્મવ્યતિરિક્ત વસ્તુમાં બધા જાગે છે–જુઠાને સાચું માની વળગી પડે છે. બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થામાં પણ સંસારની ફીકર ચિંતામાંજ મગ્ન છે. અને હું કોણ છું, એ બાગંમાં તો (એ જ્ઞાનમાં) બધા સુતેલા ઉંઘતા પડયા છે. સંયમીને તે પોતાનું સ્વરૂપ ખબર પડયું છે તે જાગતો છે. લોકો જેમાં જાગે છે તેમાં તે સુતેલો છે. તેને અજ્ઞાન નથી સર્વભૂતો–પ્રાણીઓ પોતાનાં સ્વસ્વરૂપને નથી જાણતાં બ્રહ્માકારવૃત્તિ નથી, તેઓને તે રાત જેવું છે. જ્ઞાન છે તે, તે અજ્ઞાનીને રાત્રીવત્ છે, કેમકે તેમાં તેઓ અજાણ્યા છે. એકબીજાથી વિરૂદ્ધ પ્રજ્ઞાઓ છે. અજ્ઞાની લોક તે સ્થિતપ્રજ્ઞની પ્રજ્ઞાને નથી જાણતા, કે જેમાં હું, તું, તે, આ, એવો વ્યવહારજ નથી. જ્યાં હું–અહંમમત્વ આવ્યું કે ત્યાં શુદ્ધ બ્રહ્મતત્વનું જ્ઞાન નહિં હોઇ શકે.

ગીતા અધ્યાય ૨ શ્લોક ૭૦

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણની સમાપ્તિની અણીપર આવતાં સ્થિતપ્રજ્ઞને દરિયાની ઉપમા આપી. કેમકે સ્થિતપ્રજ્ઞના ગુણો તે દરીઆમાં છે. મોટા માણસો દરીઆ જેવા જોઇએ. દરીઆમાં જે ભરેલું છે તે દેવો જાણે છે. પાણીમાં જેટલા સદ્‌ગુણો ભરેલા છે તેટલા માટીમાં નથી. પાણીમાં જે આવે તે એકાકાર થઈ જાય. એકાકાર કરી નાખવાનો ગુણ પાણીમાં છે. ખલાસીઓ દરીઆની સ્તુતિ કરે, તેમ ભવસાગરપાર ગયલા પણ કરે. દરીઆનો અંત લાગતો નથી. એવો સ્થિતપ્રજ્ઞ જે દરીઓ છે તેને દેવો ક્ષોભ કરવા લાગ્યા–મંથન કીધું તે છતાં પણ રત્નોજ આપ્યાં. **अद्यापि रत्नाकरएव सिंधुः ॥** આજે પણ રત્નાકરજ રહ્યો છે. તેથી સ્થિતપ્રજ્ઞને ઉપમા આપવી હોય તો દરીઆની અપાય છે. એમાં એવો રસ (જળ પોતે રસરૂપજ) છે કે જેમાં કોઈ બાકી નહીં. **रसोवैसः ॥** સ્થિતપ્રજ્ઞે જેટલી કામના તે બધી ત્યજી. તે બધી જુદી અને સ્થિતપ્રજ્ઞ જુદો–ત્યજનાર અને ત્યાજ્યકામના, એ બે જુદાં; એટલે વિષયો જુદા અને તે જુદો. **विहायकामान् यः सर्वान्**० પણ આ શ્લોકમાં તો કહે છે કે, બધી કામનાઓ જેમાં દોડતી આવે તે સ્થિતપ્રજ્ઞ.

ભૂગોળને જેટલાં પાણીની જરૂર છે તેટલું પરમાત્માએ પ્રથમ ઉત્પન્ન કીધું, તે દરીઓ. તેજ પાણી સૂર્યનાં કીરણથી બાર યોજન સુધી આખર, બાષ્પ થઇને ઉંચું જાય. પછી તેનેજ પવન હલાવી નાખે છે તેથી તે વનસ્પતિ વન શહેર ઘર વગેરે ઉપર નીચે–પૃથ્વીપર પડે છે; અને ઝરા નદી નાળાં કુવા તળાવ વગેરે ભરી દે છે. તે કુવામાં આવતાં ઝરણ ઝરા નદીઓ નાળાં વગેરે બધું દરીયાનુંજ પાણી છે. બધાં ઉદક (વૃષ્ટિ આદિથી ઉત્પન્ન થયલું–આવેલું) દરિયાનાં છે. તે પ્રાણીઓના ભોગ માટે ત્યાં ત્યાં બધે રહે છે. એજ પાણીથી એકને તાવ આવે અને બીજાનો તાવ મટાડે; અને એજ પાણી છેલ્લે દરીઆમાં જાય છે ત્યાં મળી જાય છે. “ પાણીજ છે તે પાણીનેજ મળવા દોડે

છે." ઉત્પત્તિ સ્થિતી લય બધું દરીઆમાંજ થાય, તે એકાયતન કહેવાય. સમુદ્ર છે તે ઉદકોનું એકાયતન છે.

"ઉત્પત્તિ" શબ્દની વાત એવી કે, જુદાં જુદાં નામ અને રૂપ થાય. નદી, ઝરા, નાળાં, કુવા, તળાવ, સરોવર, વગેરે નામ પડે, અને તેની નાની મોટી પ્રથક પ્રથક આકૃતિ તે રૂપ કહેવાય. ગંગા, યમુના, સરસ્વતિ, નર્મદા, તાપી, ગોદાવરી, વગેરે નામ અને રૂપવાળી થઈ તે ઉત્પત્તિ. ગંગાની હિમાલયમાંથી ઉત્પત્તિ કહી; પણ તે પાણી અસલ ક્યાંનું? તો તે દરિયાનુંજ. તે કહેવાને તો દરીઓજ મળ્યો. નદી ઉત્પન્ન થઈ નિકળીને ચાલી. તે ગંગા વગેરે નદી, જગતનાં પ્રાણીઓની તૃષા તાપ અને પાપ હરે, અન્ન વનસ્પતિ વૃક્ષાદિને પોષણ આપે. એવી સ્થિતપ્રજ્ઞરૂપ જે નદી છે તે દોડતી સપાટાભેર ચાલી જાય છે. લોકો તેથી સુખ પામે છે–ઠરે છે–તાપ પાપ મટાડે છે, અને અટક્યા વગર તે નદી તો જઇને મળે છે સમુદ્રમાંજ. ત્યાં પોતાનું નામ અને રૂપ ખોઈ દે છે અને સમુદ્રરૂપ થઇ રહે છે. **यथा नद्याः स्पंदमानाः समुद्रे अस्तं गच्छंति नाम रूपे विहाय ॥** નામરૂપ ધારણ કરી ફરવાવાળી નદીઓ એકવાર દરીઆને મળી કે ગંગા વગેરેનું નામરૂપ ન રહ્યું. તેજ રીતે **तथाविद्वान् नामरूपाद्विमुक्तः परात्परं पुरुष मुपैति दिव्यं ॥** સ્થિતપ્રજ્ઞ–વિદ્વાન છે તે નામરૂપ ગુમાવી દઈ ત્રિગુણાતીત પરબ્રહ્મ પુરૂષરૂપ મહાસમુદ્રને મળે છે.

રસ છે તે ઉદક છે. તે રસ અનેક તરેહથી દુનીઆમાં વિભક્ત થયો. એકજ કુવાનું પાણી બાગનાં તમામ જાતનાં ઝાડોએ પીધું. લીંબુમાં આમલીમાં ખટાસ બહુ, પણ તે પાણી તેજ કુવાનું છે. તે પાણીમાં રહેલો આમ્લરસ–ખટાસ દેખાડે છે. તેજ પાણી શેરડીએ પીધું તો ગળ્યો–મિષ્ટરસ. તે પાણીમાં રહેલો મિષ્ટરસ દેખાડે છે. કારેલાંમાં કડવો, મરચાંમાં તીખો, વગેરે તેજ રીતે દેખાડે છે. બધા રસ પાણીના છે. તેજ પ્રમાણે કુવાનું, વરસાદનું, કે નદી નાળાંનું પાણી હોય, પણ

તે દરિયાનુંજ પાણી. પાછો મળવાનો વખત આવ્યો કે દરીઆમાં એકાકાર. તેવોજ સ્થિતપ્રજ્ઞ છે. **आपूर्यमाणमचल: प्रतिष्ठं०**

તે સ્થિતપ્રજ્ઞ પુરૂષમાંથીજ જગતની ઉત્પત્તિ સ્થિતી અને તેનામાંજ લય થાય છે. કેમકે તે મહાત્મા પરબ્રહ્મરૂપજ છે તેથી. કામનાઓની જ્યાંથી ઉત્પત્તિ ત્યાંજ કામનાઓ આવે છે. તે બધીનો તે પિતા છે. તેથીજ પ્રથમ કહેલું કે, **प्रजहाति यदा कामान् सर्वान्०** તે ઉત્પત્તિથી જગતમાં જે પરિણામો થવાનાં તે થયા પછી તેનામાંજ પાછી આવી રહે છે. તે મહાત્મા કોઈ વખત દુર્વાસા જેવા, કોઇ વખતે શાન્ત હોય; તેવોજ દરીઓ છે. તે દરિયા જેવો તે સ્થિતપ્રજ્ઞ છે, તે બધી કામનાનું એકાયતન થઈ ગયું.

સ્વર્ગમાં કામધેનુ હોવાથી દેવો વારંવાર માગી લઈ જયા કરે—દેવો એ રીતે બહુ સતાવ્યા કરે તેથી કામધેનુ બહુ કંટાળી ગયાં. ત્યારે અશ્વિનીકુમારે કહ્યું કે, જ્યાં તમને શાંતિ મળે ત્યાં જાવ; વિશ્રાંતિ લેશો તોજ ઠીક પડશે. તેથી શ્રી વસિષ્ઠ મુનિને મોટા સ્થિતપ્રજ્ઞ જાણીને તેને ત્યાં ગયાં. તેનો સત્કાર કીધો. ગુરૂની આજ્ઞા પ્રમાણે વિદ્યાર્થીઓ તેની સેવા કરે છે. ઘાસ ચારો પાણી વગેરે વખતસર નાખે છે, પરંતુ તે ચતુષ્પાદ પશુ પાસે કાંઇપણ માગવાવાળો મનુષ્ય કોઈ ન હતો, તેથી ગાયને વિશ્રાંતિ મળી. કેમકે સ્વર્ગમાં કામનાવાળા—ભીખારીઓથી બહુ કંટાળેલાં હતાં. પણ કામધેનુ વિચારે છે કે, મારી સેવા બહુ કરે છે પણ માગતા કાંઈ નથી, તેથી મારે શી રીતે રૂણ મુક્ત થવું. એટલામાં ત્યાં વિશ્વામિત્ર આવ્યા તેનો તે કામધેનુની મદદથી વસિષ્ઠ મુનિએ બહુ સત્કાર કીધો તે જોઈ કામધેનુ માગી. મુનિ કહે, હું કાંઈ એનો માલીક નથી. છેવટે જુલ્મથી લઈ જવા લાગ્યો. ગાયે વસિષ્ઠજીને કહ્યું કે, મારી ઇચ્છા ત્યાં જવાની નથી તે જાણો છો કે? ત્યારે મુનિ કહે, શું કરૂં—મારામાં વિવેક ઘર કરી બેઠો છે તેથી ગુસ્સો આવી શકતો નથી; પણ મેં કાંઈ તમને બોલાવ્યાં નથી—તમે ખુશીથી આવ્યાં છો. તેજ

રીતે ઇચ્છા પ્રમાણે કરે. તેથી પછી ગાયે સંકલ્પ કરી રોમેરોમમાંથી વીરો ઉત્પન્ન કીધા, ને વિશ્વામિત્રનો પરાજય કીધો. એવી રિદ્ધિસિદ્ધિઓ સ્થિતપ્રજ્ઞને આવે છે.

દરીઓ કેવો છે કે તેમાં બધું છે. પોતે પરિપૂર્ણ છે. પૂર્ણને કોઈની અપેક્ષા હોય નહીં. જે પોતે કદી વધે નહિં તેમ ઘટે નહીં તે પરિપૂર્ણ. તે કદી જોસ્સામાં પણ આવે—દરીઓ તોફાની પણ થાય, અને કદી શાંત હોય છે. પણ દરિયાની મર્યાદા કેવી છે કે, જ્યાંસુધી આવવાનું ત્યાં સુધીજ આવે. મર્યાદા છોડે નહીં. દરીઓ એવો જાણી-નેજ કાંઠાપર મુંબઇ ભાવનગર વગેરે શહેરો વસ્યાં છે. સ્થિતપ્રજ્ઞ પણ પરિપૂર્ણ—આપ્તકામ છે. પ્રતિષ્ઠા જેની અચળ છે—કૂટસ્થ બ્રહ્મમાં જેની સ્થિતી છે. તે સ્વરૂપાનુસંધાનમાંથી ખસતા નથી. જે રીતે નદી દોડતી દોડતી સમુદ્રમાં જાય છે તેને લોકો કહે હમારી નદી. ગોદાવરીને નાશકવાળા કહેશે કે, હમારી નદી. સુરતવાળા તાપીને, ભરૂચ ચાણોદ-વાળા નર્મદાને, કાશી હરદ્વારવાળા ગંગાને કહે છે; પણ તે તો જઇ સમુદ્રને મળે છે. રાવસાહેબ ઘાસ—તૃણના જથા પાસે રહીને સભામાં ગયા ત્યારે તૃણ માને છે કે, રા. સા. હમને મળવા આવ્યા, તેવું છે.

મૂળ સ્વરૂપને મળવાને અવ્યાહત શ્રમ કરવાનો છે. દરીઆના સંયોગ માટે નદી દોડતી આવે છે તે પાણી સમુદ્રમાં પેંસે છે. સમુદ્ર કાંઇ સામો જઇ તે નદીનાં પાણીમાં જઇ નથી પેંસતો. તેમ નદીઓ આવી મળે છે તેને કંઇ ધમકાવતો નથી કે મારાંમાં મળવા—પેંસવાને કેમ આવ્યાં. કદી માનો કે એમ કહે, તો પણ નદીઓ તો એમજ કહેશે કે, નિકળી ત્યારથી વચમાં—રસ્તે બહુ ઝાડ પહાડ વનાદિનો અનેક દુ:ખ કષ્ટો સહન કરી માર્ગ કાપતી આવી પહોંચી તેને—હમને ધમકા-વશો તે હમે નહીં માનશું. એમ કહેતી વેગભરી જાય ધુસી. ત્યાં તરત નામરૂપ નષ્ટ થયું ત્યારે ઠરી. તેજ રીતે **कामाः काम्यंते इति कामाः** ઇષ્ટ પદાર્થ બધો સ્થિતપ્રજ્ઞ પાસે આવે. અને ત્યાં આવી કામ પોતાનું

કામત્વ છોડી દઇ નિષ્કામતા પામે; એટલે નામરૂપ ગુમાવે–ખોઈ બેસે છે. **वाचारंभणं विकारो नाम धेयं मृत्तिकेत्येव सत्यं ॥**

अचल प्रतिष्ठं ॥ નદીઓ આવી મળે છે તેનું પાણી બધું ક્યાં સમાઈ ગયું તેનો પત્તો નહીં, છતાં દરીઓ વધે કે ઘટે નહીં. તેવોજ સ્થિતપ્રજ્ઞ રહે છે–પરબ્રહ્મવત્–તત્સ્વરૂપે. જેની સ્થિતી ચલાયમાન નથી–અચળ પ્રતિષ્ઠ છે.

આપણે વિષયાસકત અજ્ઞાનીઓ કામનામાં પેસીએ, અને સ્થિતપ્રજ્ઞમાં કામનાઓ આવી પેસે. **रत्नं न अन्विष्यति ॥** રત્નને આપણે શોધીએ છીએ-રત્ન કંઇ આપણને શોધતું નથી. તેમ, સ્થિતપ્રજ્ઞને તે શોધી કાઢે છે. **मृग्यते हि तत् ॥** જે કહેનારો છે તેજ તેને શોધે છે. કાંઇ વસ્તુ ચાલીને તેની પાસે નથી આવતી, પણ આપણે વસ્તુ પાસે જઈએ છીએ. શબ્દ સ્પર્શરૂપ રસાદિ બધા વિષયો તે સ્થિતપ્રજ્ઞ પાસે આવે છે, તે કંઇ તે વિષયો પાસે નથી જતો. તે બધા વિષયો થયા છે પણ એ સ્થિતપ્રજ્ઞમાંથીજ તે રસ લેવાને મનરૂપે એજ સ્થિતપ્રજ્ઞ થયો છે; અને એમાંજ તે આવી લય થાય છે. જ્યાંથી નિકળ્યા તેમાં સમાય છે ત્યારે તે પુરૂષને શાંતિ થાય છે. **कामान् कामयते इति काम कामी.** એવાને શાંતિ નથી મળતી. **अशांतस्य कुतः सुखं** એમ પ્રભુએ કહેલુંજ હતું તેને બદલે અહીં કહ્યું કે, **न काम कामी.**

ગીતા અધ્યાય ૨ શ્લોક ૭૧-૩૨

મોટા વિદ્વાનોની પૂર્વનાં લખાણની રીત એવી હતી કે, જે ગ્રંથ લખે, જે વ્યાખ્યાન કથા કરે, તેમાં આદિમાં મંગલમય વાક્ય–વાણી હોય, મધ્યમાં મંગલ. અને અંતમાં મંગલમય વાક્યથીજ સમાપ્તિ કરાય. અંતમાં તો પુછોજ નહીં એવું ઉત્કૃષ્ટ મંગળ કરતા. પરોણા ઘેર આવતા તો તરત ખૂબ પ્રેમભર્યા ઉદગારથી–મંગળમય વાણીથી તેને વધાવી લેતા. પછીથી એટલે, મધ્યમાં–તે ગયા પેહેલાંના વખતમાં મિષ્ટાન્ન ભોજન, માનપાન પૂર્વક સેવાથી મિષ્ટ મધુર વાણીથી સંતોષવારૂપ મંગળ, અને

જતી વખત તો ઘણોજ પ્રેમ બતાવી પાદર સુધી વળાવા જતા; અને "આવજો આવજો" વગેરે મંગળ વાક્યોથી પ્રસન્ન કરતા હતા. **मंगलादीनि मंगलमध्यानि मंगलांतानि शास्त्राणि प्रथन्ते ॥** એવાં આદિમધ્યે અને અંતે મંગળવાળાં શાસ્ત્રો પ્રસિદ્ધિ પામે છે. એવો શિષ્ટ સંપ્રદાય હતો. તે બધા વિદ્વાન શિષ્ટોમાં ભગવાન વ્યાસ તો અગાધ બુદ્ધિશાળી મહા સમર્થ હોવાથી પુછવુંજ શૂ!! અહિં બીજો અધ્યાય સમાપ્ત થાય છે, તેમાં ફલશ્રુતિ કહેશે તે સાથે વસ્તુ સ્થિતી પણ ઘણીજ ઉત્તમ મંગલકારી કહેશે. પ્રસંગને છોડયો નહીં અને સમાપ્તિ વખતે અત્યંત મંગલકારી. ઉપલા શ્લોક ૭૦ માં છેવટ એમ કહ્યું કે, **सशांतिमाप्नोति न कामकामी**. આ ૭૧ શ્લોકમાં કહ્યું કે, **सशांति मधिगच्छति०** શાંતિ પાઠના મંત્ર પછી ત્રણવાર **शांति शांतिः शांतिः** બોલાય છે. કેમકે આધ્યાત્મિક આધિ-ભૌતિક, અને આધિ દૈવીક, એવી ત્રણ અશાંતિ છે તે ત્રણેને દુર કરવા ત્રણવાર શાંતિ બોલાય છે. હું-મ્હને અંતરમાં શાંતિ રહે, દેવોને રહે, અને લોકોને શાંતિ રહે.

સુત્રભૂત જે **ભગવદ્ગીતા છે તેજ આ બીજો અધ્યાય છે.** પહેલો અધ્યાય છે તે, આ બીજા સુત્રરૂપ ગીતાની **પ્રસ્તાવના છે.** પ્રસંગ લાવ્યા વગર રંગભૂમિપર લવાય નહીં. **युद्धस्य वार्तारम्या०** યુદ્ધની વાતો રમ્ય-સારી લાગે, પણ યુદ્ધ કરવું કઠણ છે. અરજુને ૧૧ મા અધ્યાયમાં કહેલું કે, **नहि प्रजानामि तव प्रवृत्ति.** તમે શું કરવા ધારો છો તે હું કાંઈ સમજતો-જાણતો નથી. તે અરજુનને સુત્રભૂત ઉપદેશનો આ બીજો અધ્યાય છે તેનો ઉપસંહાર છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ પ્રારંભમાં કહેલું કે, **प्रजहाति यदा कामान्.** તેનુંજ રૂપાંતર કરીને-તેનું તેજ કહે છે. અંતમાં મંગલ રૂપ બોલે છે.

એક વ્યાખ્યાનકારે બ્રહ્મચર્ય વિશે ઘણું સારૂં વ્યાખ્યાન કીધું. અને છેલ્લું બોલ્યો કે, જો આપણે બ્રહ્મચર્ય પાળીશું નહિં તો આપણી

કદી ઉન્નતિ થવાની નથી. એમ કહી બેસી ગયો. મૂર્ખ લોકોએ તાળીનો અવાજ કીધો, કે તરત એક સુજ્ઞ પુરૂષ ઉઠી બોલ્યો કે, આ થયલાં વ્યાખ્યાન સંબંધમાં માત્ર એકજ વાકય મ્હારે કહેવાનું છે. તે એટલુંજ કે, આપણે જો કાલથી બ્રહ્મચર્ય પાળીશું તો જરૂર જરૂર આપણી ઉન્નતિ થશેજ. તરત તાળીઓ પડી. તાત્પર્ય એજ કે. ઉપસંહારમાં એટલે અંતમાં મંગળમય વાણીજ જોઇએ. કથા વાર્તા કે વિનોદનો પ્રસંગ ચાલતો હોય તેમાં રસભંગ કદી ના કરવો. અર્થાત્ "એ તો મને ખબર છે," એવું બોલી ઉઠે છે તે મૂર્ખ છે. પરંતુ તજ્ઞ-જ્ઞાતા તો જાણે પોતે નવીજ વાત સાંભળતો હોય-(અગર જો પોતે તે વાત અનેકવાર સાંભળેલી જાણીતી હોય તે છતાં જાણે નવુંજ સાંભળતો હોય) તેવી રીતે પ્રસન્ન થાય, અને વક્તાને ધન્યવાદ આપે છે. અર્જુન માટે ભગવાને કહેવું પડયું કે, **सशांतिमाप्नोति न कामकामी.** છેલ્ને એટલું **नकाम कामी** કહેવાયાથી અધ્યાયની સમાપ્તિ ન કરતાં પુનઃ કહ્યું કે, **विहाय कामान् यः सर्वान्.** ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ ચાર પુરૂષાર્થ સાધવાવાળા જે પુર્ષાર્થી જીવ, કામના માટે વાઘ જેવો બેઠો હોય તોપણ બધી કામનાઓ તેનામાં તુટી પડે—આવી ભરાય. જેમ, દરીઓ રાહાડ નાખે—ગર્જના કરતો રહે છતાં તેને નહિં ગણુકારીને બધી નદી તેનામાં પેસી જાય છે. તેમ બધી કામનાઓ તજી દઇને (દરીઓ કોઈ નદીને નોતરૂં દેવા નથી ગયો કે તમે આવજો, છતાં બધીએ તેને મળવાનો નિશ્ચય કરી દોડી) કામનાપણું મુકી દઈ બ્રહ્મરૂપ થઇને, એટલે નામરૂપ છોડીને અભેદ ભાવે રહે છે. કરોડપતિની સ્ત્રી અંગપર હીરા મોતીનાં અનેક અલંકારો લટકાવી ફરે, તેના કરતાં દ્રવ્યને ગરીબોના ઉપયોગ માટે વાપરે તો ઠીક, કેમકે ત્રીજોરીમાં ભરેલું દ્રવ્ય રત્નાદિ ખૂબ છે તેથી તૃપ્તિ છે. **तद्वत् कामायं प्रविशंति सर्वे.** કામના જો મનમાં આવી ગઈ તો નરનો નખરો ઉતરાવે-ગ્લાનિ પમાડે. પરમાત્માને આધીન પ્રકૃતિ છે તેવોજ સ્થિતપ્રજ્ઞ છે. પગ કાદવવાળો કરીને પછી ધોવો, તે કરતાં કાદવવાળો કરવોજ નહીં તે

ઠીક છે. તેમ, બધી કામના પ્રાપ્ત થયલી-મળેલી છતાં તજી દઇને જે વ્યવહાર કરે છે તે નિઃસ્પૃહ થયો. ઇચ્છાજ ન રહી. ત્યાં પ્રીતિ ન રહી. અંદરજ-પોતામાંજ શાંતિ મળી, તે વિષયો પાસે ભિક્ષા માગવા ન જાય. અન્નને શોક ખાવા આવ્યા તેથી અન્ન ભડકીને નાઠું કે, ઓ રાક્ષસો મને ખાવા આવે છે. પણ ઉપભોગ લેનાર પાસે જાય.

જેની અહંતા મમતા સ્પૃહા ગઈ, એવો થઈ સર્વ કામના છોડીને તે શાંતિને પામે છે. નિર્મમ થયો તેથી તે નિસ્પૃહ થયો; અને અહંતા નહિં રહેવાથી મમતા રહી નહીં-નિર્મળ થયો પુનઃ કહિયે તો, અહં જવાથી મમ ગયું. મમત્વ જવાથી સ્પૃહા ગઇ. એવો નિઃસ્પૃહ હોય તે કોની ઇચ્છા કરે ? ! **निःस्पृहस्य तृणं जगत्.**

પ્રકૃતિમાં રહેલાં સામ્યનો ઘાત જે કોઇએ કીધો હોય તો તે અહંકારે કીધો છે. અહંતત્વ બુદ્ધિમાં આવતાં જુદાઇ થઈ ગઇ. જો સુતા=ઉંઘ્યા તો અહં ક્યાં જતું રહ્યું તેનો પત્તો નહીં. સખ્ત જે ઘની-ભુત અહંકાર તે "હું". જેમ, ઘનીભૂત સૂર્ય કયો ? તો જે આકાશમાં છે તે સૂર્ય છે. અને સુરજનું અજવાળું-પ્રકાશ છે તે દ્રવીભૂત સૂર્ય છે. તે પાતળો થયલો પ્રકાશ છે તે. જાડો અહંકાર તે "**હૂં**", અને પાતળો અહંકાર તે "**मम**". જે અહંભાવ હતો તે મમભાવ-પાતળો થઈ આવ્યો-દ્રવીભુત. તે અહં મમ જઇને બ્રહ્મરૂપ સ્થિતિ આવી તો તેને કદી મોહ થતો નથી. બાલ્યાવસ્થામાં કે યુવામાં તેમજ વૃદ્ધાવસ્થામાં તે બ્રહ્મરૂપ બ્રાહ્મી સ્થિતિમાં ન રહેવાયું તો ભલે, પણ જો અંતકાળે એવી બ્રાહ્મી સ્થિતિ આવે તો બ્રહ્મ નિર્વાણને પામે. માટેજ ત્રણે અવ-સ્થામાં આચરણ એવું કરવું કે ચોથી અંતાવસ્થામાં બ્રાહ્મી સ્થિતિ આવે. પરંતુ જો ત્રણે અવસ્થા એમજ ગુમાવી દીધી તો ચોથીમાં તે શું કરશે ? ! **प्रथमे नार्जिता विद्या, द्वियीये नार्जितं धंन ॥ तृतिये नार्जितं पुण्यं, चतुर्थे किं करिष्यति ॥ १ ॥** ચોથીમાં તે **किं करिष्यति** શૂ કરશે ? સ્ત્રી, છોકરાં, પુત્રવધુ, બચ્ચાનો કિંકર થઈ

એસશે. પરંતુ જો ત્રણે અવસ્થામાં સંત ગુરૂ સાધુ યોગી જ્ઞાની મહાત્મા ભક્તની સંગતિ સેવા ભક્તિ સમાગમ શ્રવણ મનનાદિ કીધાં હોય, તે સાથે શ્રી સદ્‌ગુરૂ પરમાત્મા–ઈશ્વર–નારાયણમાં દૃઢ શ્રદ્ધા પ્રેમ ભક્તિથી મનને વળગાડી રાખી સેવા–તે પ્રભુમય બન્યા રહેવા પુરૂષ પ્રયત્ન કીધું હોય તો ચોથી અવસ્થામાં–અંતકાળે મોક્ષ પામે.

પરીક્ષિત પાકો મુમુક્ષુ થયલો હતો, તો તેને ઉપદેશ માટે શુકદેવ જેવા સ્થિત પ્રજ્ઞ પધાર્યા હતાજ. તેની પાસે રડી પડ્યો હતો કે સાત દિવસમાં શી રીતે તરીશ. ત્યારે, ખટવાંગ રાજા જેઓ એક મુહુર્ત માત્ર –બે ઘટિકામાં તરી ગયા હતા તો તને તો હજી સાત દિવસ છે, તે વાત કહી. તેમ, અંતકાળે તેવા મહાત્મા મળે તો બ્રહ્મ નિર્વાણને પામે.

અંતકાળ કયો નક્કી કરવો ? જ્યારે કહીએ ત્યારે. કેમકે શરીર ક્ષણિક છે. રોજ રાત્રે સુઈ સ્હવારે ઉઠીએ છીએ. ઉંઘમાં પ્રવેશવાનો કાળ, તે પણ અંતકાળ. દેહ છોડવાનો કાળ તે પણ અંતકાળ. આ બીજા અધ્યાયમાં અંતકાળે સ્થિતપ્રજ્ઞ મળ્યા; અર્થાત્ અંતમાં સ્થિત પ્રજ્ઞનાં લક્ષણ કહ્યાં. **हरिः ॐ तत्सत्. ॐ श्रीमन्नमः ॥ ॐ श्रीमद्भगवद्गीता अध्याय बीजो समाप्त. ॐश्रीरस्तु. मंगलमस्तु ॥ ॐ ॥**

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો પરમગોપનીય અને માર્મિક ઉપદેશ.

એ શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્મા જગદ્‌ગુરૂ મહારાજશ્રીનો ઉપદેશ કેવો છે? સઘળી વિદ્યાઓ તથા ગૂઢ વિષયોનો રાજા છે. તે પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષ, બોધગમ્ય, ધર્મ સંબંધી, સરળ અને અક્ષય છે. (જુઓ અ. ૯–૨)

સઘળી ચરાચર સ્રષ્ટિ કલ્પના આદિમાં બ્રહ્મની યોગમાયાથી–પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે, અને કલ્પના અંતમાં તેમાંજ લય થાય છે.

સ્રષ્ટા અને સૃષ્ટિ.

પ્રકૃતિમાં સત્વ, રજ, તમ, એવા ત્રણ ગુણ છે તે અનાદિ છે. કાર્યકારણ શ્રૃંખલાનો પ્રારંભ તેનાથીજ થાય છે. સઘળાં પ્રાણી માત્ર તેમાંજ રહેલાં છે. તે સર્વથી પર છે, જેમ સર્વત્ર ગતિ કરનાર વાયુ હંમેશા–નિરંતર આકાશમાંજ રહેલો છે, તેમ સર્વ ભૂત ચરાચર બ્રહ્મમાંજ સ્થિત છે. એ સૃષ્ટિવિકાસ નિતાન્ત વૈજ્ઞાનિક છે.

સંસારની જેટલી વસ્તુઓ છે તે, એજ છે. એ પ્રભુશ્રીજ જગતના પિતા, માતા, ધાતા, વગેરે છે. ઋક્, યજુર, સામ, એ ત્રણ વેદો છે

સર્વ કંઈ જે છે તે બધું પરમેશ્વરજ છે.

તે, એજ છે. કેવળ તેજ જાણવા યોગ્ય છે. તેજ સૌની ગતિ છે. તેજ સૌનું ભરણપોષણ કરવાવાળો છે. પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, ઉત્પત્તિ, સ્થિતી, પ્રલય, એજ છે. એજ સર્વનું અક્ષયબીજ છે. (વાહ!! કેવો સુંદર વિચાર છે!!)

ગમે તે દેવતાની પૂજા કરો, પણ તે તે પ્રભુનેજ પહોંચે છે. શ્રદ્ધાસહ ભક્તિથી તે પ્રભુને પત્ર, પુષ્પ, ફળ, જળ, ચઢાવો તો તે સ્વિકારી લે છે. (કેટલો ઉદાર વિચાર છે!!)

જે કંઇ કરો, ખાવ, પીઓ, દાન કરો, તપ કરો, તે બધું તે શ્રીહરિગુરૂને અર્પણ કરો. એ પ્રભુની ભક્તિ કરનાર દુષ્ટ હોય છતાં સાધુ

બની જાય છે. (કેટલો આશાયુક્ત સંદેશ છે!

તે પ્રભુની પૂજા શી રીતે થાય?

દુષ્ટ-પાપી મનુષ્યને સુધરવાનો પુરો અવસર આપ્યો છે. એ કેવી ભારે-મોટી વાત છે કે, ભગવાન પોતાના ભક્તને વચન આપે છે કે, તેનો-મારા ભક્તનો નાશ નહિં થશે.

તે પરમાત્મામાં મન લગાડો, તેના ભક્ત બનો, તેની પૂજા કરો,

ગૂઢ રહસ્ય

તેને પ્રણામ કરો. એમ કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ થશે. (કેવો સરળ માર્ગ છે!!)

ઇશ્વર વ્યક્ત (સગુણ) અને અવ્યક્ત (નિર્ગુણ) બેહુ રીતે છે. ઇશ્વરની એ પરિભાષા પૂર્ણ વૈજ્ઞાનિક છે. એ સત્ અસત્ બેહુ પ્રકારે છે. નિજરૂપે બ્રહ્મ છે, અને સત્ છે, અને ઉપાસકને માટે સગુણરૂપ ઇશ્વર પણ છે. તે અવ્યક્ત બ્રહ્મની અને ઇશ્વરની ઉપાસના માટે ભક્તિયોગનો ગીતા અ. ૧૨ જુઓ.

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ॥
अनादिमत्परंब्रह्म न सत्तन्नासदुच्यते ॥ (અ. ૧૩-૧૨)

જે વાત જાણવા જેવી છે, અને જે જાણવાથી અમરત્વ પ્રાપ્ત થાય છે તે હુ તને બતાવું-કહું છું. તે જાણવા યોગ્ય સર્વથી પર અનાદિબ્રહ્મ છે. તેને સત્ કહી શકાતું નથી, તેમ અસત્ પણ કહી શકાતું નથી. અહિં સત્નો અર્થ વ્યાવહારિક સત્તાથી છે કેમકે પારમાર્થિક સત્તાથી તો કાંઇજ નથી. અને અસત્નો અર્થ પ્રાતિભાસિક સત્તાથી, રજ્જુમાં સર્પભ્રાન્તિ-સીપમાં ચાંદીનો ભાસ વગેરે પ્રમાણે છે. તેથી બ્રહ્મની કેવળ પારમાર્થિક સત્તા છે. વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તા કલ્પિત છે. એ બ્રહ્મનું સ્વરૂપ વેદોની ઋચાઓ અને ઉપનિષદોના શ્લોકોદ્વારા પ્રતિપાદિત છે.

परंभूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमं ॥ (અ. ૧૪–૧ જુઓ) પ્રકૃતિથી ચરાચર પ્રાણી ઉત્પન્ન થાય છે. તેમાં બીજપ્રદાતા બ્રહ્મ છે. તે પ્રકૃતિથી છુટકારો ક્યારે થાય? જીવ જ્યારે શરીરોત્પાદક ત્રણે ગુણોથી પાર–અલગ–અસંગ થઈ જાય ત્યારે જન્મ મૃત્યુ જરા વગેરે દુઃખોથી મુક્ત થઈ અમરત્વનો અનુભવ કરે છે. ગુણાતીતનાં લક્ષણ કહ્યાં છે તે પ્રમાણે થનાર મનુષ્ય નથી પણ દેવતા છે. એજ આદર્શ મનુષ્યનું લક્ષણ છે. ગીતા પ્રત્યેક મનુષ્યને એ ઉચ્ચ પદવીપર પહોંચાડવાની શિક્ષા આપે છે. એનાથી વધીને બીજી શું શિક્ષા હોઇ શકે? કોઇ નહીં. તે ગુણાતીતપદ શી રીતે મળે? અનન્ય ભક્તિયોગથી જે કોઈ તે પરમાત્માની સેવા કરે છે તેને તે પદ મળે છે. તેજ બ્રહ્મભૂત અવસ્થાને પ્રાપ્ત થાય છે. **इति गुह्यतमं शास्त्र मिदमुक्तंमयानघ०** (અ. ૧૫–૨૦) ક્ષર (સર્વ નાશવાન પ્રાણી), અક્ષર (આત્મા), એ બેથી પરે છે તે પરમાત્મા. તેજ અવિનાશી ઇશ્વર સર્વત્ર પૂર્ણ ભર્તાભોક્તા મહેશ્વર તે ઉપલા બેથી ઉત્તમ હોવાથી પુરૂષોત્તમ કહેવાય છે.

सर्वगुह्यतमं भूयः श्रृणुमे परमं वचः ॥ (અ. ૧૮–૬૪)

આખી ગીતાનો સત્વસાર–નિચોડ, ભગવાનના ઉપદેશની પરાકાષ્ટા, જેના પછી બીજો કોઇ ઉપદેશ નથી તે અન્તિમ વચન શ્લોક ૬૫–૬૬ થી કહે છે.

मन्मनाभव मद्भक्तो मद्याजीमां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यंते प्रतिजाने प्रियोऽसिमे ॥ ६५ ॥
सर्वे धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥६६॥

ભગવાન શ્રીકૃષ્ણ અરજુનને વચન આપે છે–પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે, મારામાં મન લગાવ, મારોજ ભક્ત બન્યો રહે, મારૂંજ ભજન-પૂજન કર, મનેજ નમસ્કાર કર, તું મ્હારો પ્રિય છે, હું ત્હારી આગળ પણ કરૂં છું–પ્રતિજ્ઞા કરૂં છું કે, નિઃસંદેહ તું મ્હારામાંજ આવી મળશે.

બીજા (૬૬માં) શ્લોકમાં વધારે જોર દઈ—ભાર મુકીને કહે છે કે,—શોક નહિં કર, ડર નહિ. હું તને સઘળાં પાપોથી મુક્ત કરી દઈશ; શરત માત્ર એટલીજ કે, તું બધાં કામને છોડી દે—સઘળા સંપ્રદાયોની કડાકુટ—ગુંચવણુ—માથાંઝીકમાંથી છુટો પડી જા, અને કેવળ મ્હારોજ આશ્રય પકડી લે. તાત્પર્ય કે, જે કોઇ સઘળું કંઈ છોડી દઇને કેવળ પરમેશ્વરનેજ શરણુ થઈ રહે છે, તે પ્રભુમાંજ મન લગાડે છે, તે શ્રીહરિ ગુરૂનાજ ભક્ત બને છે, તેનુંજ ભજન-પૂજન-વંદન કરે છે તે જરૂરજ નિશ્ચયજ પરમેશ્વરમાં અભેદભાવે મળી જાય છે.

સંપૂર્ણ ગીતાનો સત્વસારરૂપ ગૂઢ સર્વોત્કૃષ્ટ ઉપદેશ એજ છે. એનાથી વધીને બીજો ઉપદેશ હોઇ પણુ શું શકે વારૂ ?!! અસ્તુ ૐ.

अशोच्या नन्व शोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ॥ એ દરજ્જાનું આ **सर्वं धर्मान्परि त्यज्य मामेकं शरणं व्रज।** વાક્ય છે. પરોક્ષ રીતે પ્રભુએ, **ईश्वरः सर्वभूतानां हृत्देशेऽर्जुनतिष्ठति ॥** કહ્યું; પણુ અરજુનની સંમૂઢતા ગયલી નહીં. અરજુનમાં જો મ્હોટો અહંકાર હોય નહિ તો યુદ્ધમાં ઉભોજ નહિ રહે. પરંતુ તે અહંકાર જ્યાં જોડાવો જોઇએ ત્યાં જોડાયલો નહિ હતો. **यावदेतान् निरीक्ष्येहं**=એ બધાને હું જોઉં, એમ કહેલું ત્યાં અરજુનનો “હૂં” નિકળ્યો હતો. બધાને જોઇ આવું-જોઈ લઉં ત્યાં સુધી બે સેનાની મધ્યમાં રથ ઉભો રાખો, એમ કહેવાથી કૃષ્ણે કહ્યું કે, ઠીક. પછી **स्थापयित्वा रथोत्तमं** તે પ્રમાણે રથ ઉભો રાખી પ્રભુ બોલ્યા કે, હે પાર્થ ! (**पुंस्त्वं स्त्रीत्वं च एकी कृत्य** પ્રથાનો પુત્ર કહ્યો). **पश्य एतान् समवेतान् कुरूनीति**=આ બધા મળેલા કૌરવોને તું જો. તે સાંભળતાં અરજુનનો મોહ સમુદ્ર ઉછળ્યો, ને વિષાદ યોગ થયો. પરમાત્મા શું કરવા ધારે છે તેનો વિચાર કર્યા વિના બોલવું તે શું કામનું ? ! એવો મોહ પડયો હતો કે, **ईश्वरः सर्वभूतानां हृत्देशे०** કહ્યું તે તો બાલ્યાવસ્થાથીજ ખબર છે; તેથી અવતાર ચરિત્ર જણાવી આશિષ આપ્યું. **तमेव शरणं गच्छ**નોજ અર્થ એ છે કે, **मामेकं शरणं व्रज।** ગચ્છ અને વ્રજ બેઉ એકજ

અર્થવાળા શબ્દ છે. સર્વ આ બધુંજ વાસુદેવ છે, એવા સર્વ ભાવથી **સર્વભાવેન** શરણે આવવું–આત્મભાવથી શર્ણું થવું. હવે કહે છે કે, હું, તું, તે, આ, એ કશું નથી. એક અદ્વિતીય પરમાત્માને શરણે જા. અહીં કહે છે કે, મારે શરણે આવ, હું તને સર્વ પાપમાત્રથી મુક્ત કરીશ. અરજુને કહેલું કે, **पृच्छामित्वां धर्मसंमूढचेताः। शिष्यस्तेहं शाधिमां त्वां प्रपन्नं।** એવી અરજુનની પ્રથમની અરજી હતી તે ભગવાને બતાવી કે, જો આ તારી અરજી. અરજુન જે મુંઝવણમાં પડેલો તે ધર્મનાંજ બારાંમાં સંમૂઢ થયલો. મનુસ્મૃતિમાં છે કે, **धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरं।** ધર્મની સહાયથીજ દુસ્તર અજ્ઞાન તરી જવાય છે. અને અત્રે પ્રભુએ કહેલું કે, **तत्प्रसादात् परांशांतिं स्थानं प्राप्स्यसि शाश्वतं।** તે ઇશ્વરના પ્રસાદથી પરમશાંતિને–શાશ્વત સ્થાનને પામશે. પ્રભુની પ્રસન્નતા થયા પછી દુઃખ નિવૃત્તિ થતાં વાર નહિ લાગે. **धर्म एव हतोहन्ति धर्मो रक्षति रक्षितः।** આમ બે વાત સાંભળી. વૃદ્ધ ભીષ્મદાદા યુદ્ધમાં સામા ઉભેલા જોઇ દયા આવી. "દયા ધર્મકા મૂલ હૈ" તેથી તેમને જોઇ મનમાં થયું કે પગે લાગીએ; અને એક બાજુથી ક્ષાત્રધર્મ ઠોંસો મારે છે. આવી મુંઝવણમાં એ ધર્મ-સંમૂઢ બનેજ. તેને પ્રભુ કહે છે કે, એ ખરૂં છે, પણ (**चातुर्वर्ण मया सृष्टं** તે મારી કરેલી ચાર વર્ણ અને તેના જે ધર્મ) તે ધર્મના ફલપ્રદાતા હું છું તો રક્ષક મારા વગર બીજો કોણ રહ્યો ?। મોહ આવવાથી ધર્મનું રક્ષણ ન રહ્યું ત્યારે હુંજ રહ્યો. માટે ધર્મની વાત બધી કોરે મુક–છોડી દે. જે ધર્મ તને બે બાજુથી ઠોંસા–ધક્કા મારે છે તે બધી ગુંચવણોને કાઢી નાખ. ધોતિયાંમાં વીંછી ભરાઈ છે તો બધું ધોત્યુંજ છોડી દે–કાઢીને દૂર નાખ, અને મારે શરણે આવ, તો તને બધાં પાપોથી મુક્ત કરીશ. જે જેને શરણે આવે તે તેને અનુસરે–તે કહે તેમ કરે. માટે હું કહું તેમજ કર. મન્મના ભવ મદ્‌ભક્ત થા. "પાપથી છોડાવીશ" એમાં નીચે જે "પાપ" શબ્દ છે તે પાપનોજ વાચક ઉપર "ધર્મ" શબ્દ છે (**सर्वे धर्मान्**માં). પછી પ્રભુએ માથાંથી પગ

સુધી દ્રઢ આલિંગન આપ્યું, તેથી અરજુન શ્રીહરિમાં લીન થયો. પ્રભુએ કહ્યું **માશુચઃ** શોક ન કર અને પછી તરત પુછ્યું ત્યારે અરજુને કહ્યું કે, **નષ્ટોમોહઃ** મ્હારો મોહ નાશ પામ્યો છે. એ છે તેનું ઐક્ય જેટલું આપણાથી થવાય તેટલું થવું, એનું નામ આલિંગન છે. પ્રભુશ્રીએ એવું અદ્વૈત સિદ્ધ કરી દેખાડયું કે દ્વૈત રહેવા દઇને અદ્વૈત બતાવ્યું. (બીજી રીતે અર્થ કહે છે.)

અજ્ઞાન છે ત્યાં સુધી સંસાર છે. આત્મા અકર્તા નિર્ધર્મ છે. જ્યાંસુધી અવિદ્યા હોય ત્યાંસુધીજ આત્માને, અમર અને અકર્તા છતાં, કર્તા અને જન્મમરણવાળો સમજે છે અકર્મ છે તેમાં કર્મ જુવે છે. તેની મીમાંસા દેખાડી કે, કર્તૃત્વાભિમાન અને ફળાશા તજી દઇ કર્મ કરવાં. તે ધર્મ અધર્મ અજ્ઞાન મૂલક છે તેથી આવી સ્થિતી થઈ છે. માટે ફલાશા સહિત કર્તૃત્વાભિમાન છોડી કર્મ કરવારૂપ ઔસડ બતાવ્યું. તે કર્મ ઇશ્વરાર્પણ કરતાં જ્ઞાનનો ઉદય થયો, કે પછી ધર્મ અધર્મ એની મેળે ઉડી જાય છે. રજ્જુમાં સર્પનો ભ્રમ થયો તેથી તરત અટકી ઉભો-આમ તેમ જુએ છે; પણ તે રૂપ કંઇ સામે નહીં આવે. ધીમેથી પાસે જઈ જોયું તો, આ દોરડી છે કે સર્પ છે એવી ભ્રાન્તિ-સંશય થયો. લાકડી લઇને લગાડી તો કાંઈ નહીં. પકડયો. દોરડી જાણતાંજ બધા ધર્મ ગયા. ભય કંપ પણ ગયાં. ધર્મનો પરિત્યાગ સાંભળતાં માણસ ભડકે-ડરે છે; પરંતુ ધર્મનું ગ્રહણ કરવાનું કહ્યું છે તે પરિત્યાગ કરાવવાને માટેજ છે. સ્ત્રી સાથે જે લગ્ન છે તે આ સંસારનો પ્રારંભ-ગ્રહણ છે, અને સન્યાસ આશ્રમ છે તે આખા સંસારનો ધાત (ત્યાગ) છે. કમળો હતો ત્યારે બધું પીળું દેખાતું હતું. તે રોગ જતાં તે (પીળું જણાતું તે) ગયું. તાવ ગયો એટલે મોઢાંની કડવાટને હાંકી કાઢવી નહીં પડી-એની મેળેજ ગઈ. તેમ, એની મેળેજ ધર્મ જાય. તું, આ જગત, હું, એ બધું મળીને થયલો જે હું છું તે તને સર્વ પાપથી મુકત કરીશ. શોક નહીં કર. દ્વૈતને ખાંડું નહીં કરતાં અરજુનનો ઠેકો પોતે લઈ અદ્વૈત જણાવ્યું.

આખી ગીતામાં છેલ્લામાં છેલ્લું ભગવાને એજ કહ્યું કે, **सर्व धर्मान्०** અને એ પછીના જે ૧૨ શ્લોક છે તે ઉપસંહારના અથવા પાનસોપારી જેવા છે. શ્લોક ૬૩માં કહ્યું કે, **इति ते ज्ञानमाख्यातं०** એમ કહીને કહ્યું કે, **यथेच्छसि तथाकुरु ॥** મરજીમાં આવે તેમ કર, જે જ્ઞાન કહેવાનું તે બધું મેં કહી દીધું.

પ્રભુએ ગુપ્ત વાત કહી કે, **मन्मनाभवमद्भक्तोमद्याजीमाम नमस्कुरु ॥** છઠ્ઠા અધ્યાયથી તો પછી ચોખ્ખુંજ કહ્યું કે, હુંજ પરબ્રહ્મ છું. **मत्तः परतरं नान्यत् किंचिदस्ति धनंजय** તથા **विष्टभ्याहं इदं कृत्स्नं एकांशेन स्थितो जगत्०** વગેરે એ બધું કહ્યા કરીને પણ છેલ્લામાં છેલ્લું **सर्व धर्मान्परित्यज्य०** કહ્યું. જ્યાં અત્યંત પ્રેમ હોય ત્યાં ફરીફરીને તે વાત કહેવાય છે. એવો જગતમાં સાધારણ નિયમ છેજ. તેથી છેવટ કહીને કહી દીધું કે, તું ત્હારી ફીકર છોડી દે. ત્હારી બધી ફીકર હું ઉઠાવું છું. એ રીતે બીડું ઝડપી પ્રભુએ અરજુનનો બધો ડેકો (ભાર) પોતે માથે લીધો.

જ્યાંસુધી કલેજુ છે ત્યાંસુધી તેમાંથી નિકળે નહીં તે, **धर्म.** એકવાર બાજીરાવ પેશવાના રાજ્યમાં એક એવો ગુણવાન માણસ આવ્યો કે, તે દક્ષણી પોશાકથી સભામાં આવી બેસી વાત કરે તો કોઇ એમ ન જાણે કે આ બીજો છે. તેજ ભાષામાં એવી વાત કરે કે બીજા બધા કરતાં મરાઠી ભાષાનો મુખ્યવેત્તા-કવિ કહી શકાય. તેજ રીતે અંગ્રેજીમાં તેવો, હિંદુસ્થાનીમાં તેવો, ગુજરાતીમાં તેવો. તેથી તેની જન્મભાષા કઈ તે કોઇ સમજી શકતું નહીં. તેણે દરબારમાં નાનાસાહેબ પાસે આવી પુછ્યું કે, મારી જન્મભાષા કઇ છે તે તમે કહો. કર્ણાટકી આવે તો તેને ચોખ્ખો કર્ણાટકીજ જાણે. જે જેવો આવે તે એની સાથે વાત કરતાં એમજ કહે કે, એ તો (પોતે હોય તેવોજ) અમુકજ છે. ગુજરાતીઓ કહે, એ તો ગુજરાતી છે. હિંદુસ્થાની કહે એ તો હિંદુસ્થાની છે. નાનાસાહેબ પણ બહુ બુદ્ધિમાન હતા. એક હુશિયાર માણસને

સમજાવી મોકલ્યો તે પ્રમાણે તેણે, રાત્રે જ્યારે બરાબર તે ઉંઘી ગયો ત્યારે તેના દીલપર પાણી રેડયું. તેવો તરત તે જાગી ઉઠતાં બોલ્યો કે, એ શું છે, એ શું છે. ગમે તેટલી ભાષા શિખેલો હતો, પણ હૃદયને છોડે નહિં એવી ગુજરાતી ભાષા હતી તેથી તેજ બોલી ઉઠયો. તે રીતે તે નોકરે નાના સાહેબને કહી દીધું. તાત્પર્ય કે, એ રીતે અરજુનને સ્વપ્નમાં પણ એમ નહિં હતું કે, કોઈ મને મારશે. એવો સ્વપરાક્રમવાળો હતો. પરંતુ ધર્મસંકટ આવ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે, બધું છોડી મારૂં કહેલું કર. ધર્મનું સેવન શા માટે કરવું ? ધર્મ છે તે માટે. સંધ્યા શા માટે કરવી ? સંધ્યા છે તે માટે. કાયદો શા માટે માનવો ? કાયદો છે તે માટે. **पृच्छामित्त्वां धर्म संमूढ चेतः ॥** એમ ધર્મસંકટ આવ્યું તેથી બોલેલો કે, ધર્મસંમૂઢ ચિત્ત થઇ જવાથી હું આપને પુછું છું. પ્રભુએ જોયું કે, હજી એની ધર્મની ગ્રંથી છુટી નથી, તેથી એમને આનંદ થયો કે મારો આટલો ઉપદેશ છતાં ધર્મને છોડવા ઇચ્છતો નથી. ત્યારે તે સંકટથી મુક્ત કરવા પ્રભુએ છેવટે **सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥** કહ્યું.

ઘરમાં માતા જમાડે નહિં અને પિતા ભિક્ષા માગવા પણ જવા નહિં દે, તેની માફક એક બાજુથી દયા ધર્મ, અને બીજી બાજુથી ક્ષાત્ર ધર્મ આવ્યો. વૃદ્ધ સુવાસિની કપાળે મોટો ચાંલ્લો કરીને દયાબાઇ આવીને કહે, તું મને રાખ–ધ્રુજતી માતા જેવી એમ કહે છે કે, બચાવ; અને તેથી તેનાં રક્ષણ ખાતર ધનુષ્ય મુકી દીધું. અરજુન પોતાનાં પરાક્રમથી ગર્વિષ્ટ હતો, તેથી પ્રભુએ મશ્કરી કરી ક્ષાત્ર ધર્મને છોડ્યો –તેની પાસે મોકલ્યો. તે બોલ્યો કે, તું કયાં જશે,–જશેતો કટકા કરી નાખીશ. જો આ ખડ્ગ લઇને ઉભો છું, ધ્યાન રાખ આવી રીતે ધર્મસંકટથી સપડાયો હતો. લડવા ઉભા તો બાપદીકરો, ગુરૂ શિષ્ય, કે શત્રુ મિત્ર, જે હોય તેના પર બાણ છોડવાંજ પડે. વળી પ્રતિજ્ઞા પણ એવીજ હતી કે ધૃતરાષ્ટ્રને અંજલિ આપવા ૧૦૦માંથી એક પુત્ર પણ નહિં રાખું. યુધિષ્ઠિર આપશે. અને આ તરફ જુવો તો દયા માતા આવ્યાં

છે. એમ એની મારામારીથી ગુંચવાઈ પડ્યો હતો. તેથી પ્રભુએ કહ્યું કે, ધર્મને શરણે નહિં જા. બધા ધર્મોને છોડી દે, અને મારે શરણે આવ-હું કહું તેમ કર. માણુસ એકલો જન્મે છે, કર્મ ફળ સુખ દુઃખ એકલો ભોગવે છે, એકલો મરે છે. તેની સાથે ફક્ત ધર્મ જાય છે. ધર્મરૂપ દીવો છે તે અજવાળું પાડી રસ્તો બતાવે છે. એવો તે હિતકર ધર્મ અહિં ખાડામાં નાખવા લાગ્યો. તેથી કહ્યું કે, તે બધા વિરૂદ્ધ ધર્મને તજી દઈ મારે શરણે આવ. **धर्मेणपापमपनुदति** ॥ ધર્મથી પાપ જાય છે. તે ધર્મ ત્યજવાથી પાપ લાગશે તો તે બધાં પાપથી હું તને છોડવીશ. હું તારો ઠેકો લઉં છું. ધર્મછે તે કર્મજ છે ને, તે કર્મ તો જડ છે તે શું તને બચાવશે ? કાયદા કરનાર રાજા છે. તે રાજાજ તેને તોડવા ઘડવા પણ સમર્થ છે. તું ધર્મને પુછ કે તું પોતે છોડવે છે કે ? શું તેમાં પરમાત્માની જરૂર નથી ? ધર્મનેજ મોટાઇ આપી અરજુન વર્તતો હતો. **अनिष्ट मिष्टं मिश्रंच त्रिविधः कर्मणः फलं**॥ ઇશ્વર નિરપેક્ષ રહ્યા, પણ તે ધર્મ કર્મના ફલપ્રદાતા તો ઇશ્વરજ છે. કર્મ જડ છે તેની સ્વતંત્ર સત્તા નથી તે શું કરી શકે ?। તે કર્મ ફ્લપ્રદાતા ઇશ્વર એમ કહે છે. એ કાયદો જે Special order-ruling કહ્યો તે ખાસ અરજુન માટેજ છે. તેથીજ કહ્યું કે, બીજા પાસે બોલતો નહીં. એ ગુહ્યતમ વાત છે. અતપસ્ક, અભક્ત, સેવા નહીં કરનાર. એવાને કહેવાની તો સ્પષ્ટ ના કહી. અનેકને પગે લાગે-ખુશામત કરે, તે કરતાં મનેજ શરણુ આવ-મારી વાત માન. કર્તવ્ય-ધર્મને શર્ણ થયા છતાં તે તને ઘોટાળામાં નાખવા લાગે તો તેવું તે વહાણુ છોડી દે, અને સુકાની ઉપર ભરોસો રાખ. ધર્મ કંઈ સ્વતંત્ર નથી, પરતંત્ર છે.

ભાગવતના પ્રથમ સ્કંધનો છેલ્લો શ્લોક જુઓ. **धर्मः कं शरणं गतः** ॥ ધર્મ કોને શરણે ગયો (ધર્મનો રક્ષક નહીં રહેવાથી) ? તો તે ધર્મ એવો પરતંત્ર છે તોજ એમ કહેવું પડયુંને.

કામના, લોભ, ભય, મોત, એ બધાંથી પણ ધર્મને છોડવો નહીં; એવું હોવા છતાં અહિં એ વાત આવી. **चतुष्पाद् सकलो धर्मः ॥** શ્રીકૃષ્ણ હતા ત્યાંસુધી ચારે પગે ધર્મ બરાબર ઉભો હતો. પછી કૃષ્ણરૂપ બખતર ગયું-સ્વધામ ગયા બાદ ધર્મ ઉઘાડો-ખુલ્લે દીલે રહી ગયો. તેથી પુછ્યું કે, પછી ધર્મ કોને શરણે ગયો. કૃષ્ણ કહે કે, ધર્મનું રક્ષણ કરવું તે મ્હારા હાથમાં છે. માટે મારૂં કહેલું કર. દ્રઢ વિશ્વાસ રાખ. હું તને સર્વ પાપથી છોડાવીશ. **कर्तुमकर्तुमन्यथाकर्तुं** હુંજ સમર્થ છું. માટે ધર્મને શરણે ન જતાં તેને છોડી મારે શરણે આવ. પોતાનું-આત્મજ્ઞાન થાય અર્થાત્ સ્વરૂપ સમજે-જાણે તો તે બ્રહ્મજ છે. **ब्रह्मवित् ब्रह्मैव भवति** આત્મા નિર્ધર્મ છે. આત્મામાં કોઈ ધર્મ નથી. વર્ણ આશ્રમના, દેહ ઇંદ્રી પ્રાણ મન બુદ્ધિના, જાતિ કૂળ વગેરેના કોઈ પણ ધર્મ આત્માને વિશે નથી. દેશકાળ અવસ્થા વગેરેના ધર્મ પણ આત્મામાં નથી; છતાં અરજુન પોતાને ક્ષત્રી સમજતો હતો તેજ મૂર્ખાઈ હતી. દેહના ધર્મ પોતામાં-આત્મામાં આરોપી લેવા, એજ મૂર્ખાઈ છે. આત્મા ઉપર દેહ ઇંદ્રી આદિ બીજાના ધર્મ આરોપવામાં આવે છે તે ભ્રાન્તિ-ભુલ-મુર્ખાઈ-અજ્ઞાનજ કહેવાય. સ્ફટિક ઉપર લાલ પુષ્પ હોય તે સ્ફટિકમાં દેખાય છે, પણ તે સ્ફટિકમાં કંઈજ નથી. બેના સંયોગથી ભ્રાન્તિ થઇ. તેમ, આત્મા અને બુદ્ધિના સંયોગથી બધા ધર્મ લાગુ થયા. આત્માને વિશે તે મનાઈ ગયા. શાથી? અવિચારથી -અજ્ઞાનથી. તે વિચારથી-નિજ સ્વરૂપનાં અપરોક્ષ જ્ઞાનથી જ્યારે જેમનું તેમ યથાર્થ સમજાય છે ત્યારે ભય, ભ્રાન્તિ મોહ વગેરે જે અજ્ઞાન મૂલક હતાં તે જતાં રહીને અભયત્વ, નિર્મોહત્વ પ્રાપ્ત થઈ નિર્ભ્રાન્ત અખંડ સુખરૂપ થવાય છે. પ્રકૃતિ જન્ય ત્રિગુણાત્મક સર્વ ભ્રાંતિ ઉડી જતાં ત્રિગુણાતીત તત્સત્ પરબ્રહ્મરૂપે થાય છે. ત્રિગુણાતીત આત્મપદે સ્થિત પુરૂષને કોઈ વિધિ નિષેધ નથી. **निस्त्रैगुण्ये पथिविचरताः कोविधिः कोनिषेधः ॥** ભગવાને ત્રીજા અધ્યાયમાં અરજુનને કહ્યું છે કે **त्रैगुण्य विषयावेदा निस्त्रैगुण्यो भवार्जुन०** × × પણ અત્રે

તો એવું થયું છે કે, જાણે ધોબીનો ગધોજ હોયને. (નહિં ઘરનો કે નહિં ઘાટનો). તેવો આત્માને માની તેના ઉપર મન બુદ્ધિ પ્રાણ ઇંદ્રીઓ દેહાદિના ધર્મ આરોપી ઠોકી દીધા; અને કહે છે કે, હું ગૌર, કાણો, લુલો, ભુખ્યો, તરસ્યો, સુખી, દુઃખી, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ, સ્ત્રી, પુરૂષ, યુવા, વૃદ્ધ, અમુક નામ ઠામવાળો વગેરે છું, સ્ત્રી પુત્રાદિ બીમાર હોય તો તેનું દુઃખ પણ પોતાનાપર તાણી લે છે. જનમ્યો ત્યારે એના ઉપર કોઈ ધર્મ ન હતો.

धर्मेणपाप मपनुदति=ધર્મથી પાપનો નાશ થાય છે. એવી ધર્મની શક્તિ છે તે હું કાઢી નાખતો નથી, પણ તે અનેક ને પકડવા કરતાં હું એકને શરણે આવ.

કારકુનો, તલાટી, પટેલ, સીપાઇ, પોલીસ, ઈન્જીનિયરખાતું, દીવાનીખાતું, નિશાળખાતું, એ બધાંને મામલતદાર તરફથી પગાર અપાય છે. તે સત્તા તેની છે. તે કંઈ સરકાર બંધ નથી કરતી. પણ તે મામલતદારનેજ પગે લાગે અને ખુદ રાજાને પગે નથી લાગતો, ત્યારે રાજા કહે છે કે, પગાર આપનાર તો હું છું. મામલતદાર તો મારો નોકર છે તે મ્હારા હુકમ મુજબ કરે છે. તેમ, ધર્મ છે તે પરમાત્માનો ઠરાવેલો નોકર છે; તો પછી તે ધર્મને વળગી રહેવા કરતાં પરમાત્માનેજ વળગી રહેવું, એજ હિતતમ-સર્વોત્તમ શ્રેયસ્કર છે.

જેનો સંયોગ થયો તેનો વિયોગ થશેજ. જનોઇ દઇ બ્રહ્મચર્ય આપ્યું. તે ધર્મ પાળ્યા. પછી ગ્રહસ્થ થતાં તે ધર્મ છોડાવ્યા. વાજાં વગડાવી સ્ત્રી સાથે લગ્ન કરાવી છોડાવ્યા. ત્યારે ગૃહસ્થ ધર્મનો સંયોગ થયો. પુત્ર પૌત્રાદિ થયા પછી વાનપ્રસ્થ થતાં તે ગૃહસ્થના ધર્મોનો વિયોગ થયો. પછી સન્યાસાશ્રમ સ્વિકારતાં વાનપ્રસ્થના છુટ્યા. ત્યાર પછી ઉંચી ટોચપર-અંતિમ શિખર ઉપર જતાં અર્થાત્ દ્રઢ અપરોક્ષ બ્રહ્માત્મૈક્ય અનુભવ થતાં બધા ધર્મ કર્મની ઉપાધિ ખટાટોપ-ખટપટ છુટી જાય છે. માટે શ્રીભગવાને છેવટ કહ્યું કે, **सर्व धर्मान् परित्य**

ज्यमामेकं शरणं व्रज. બધું છોડી દઇ સ્વરૂપમાં સ્થિત થઇ જા. निस्त्रैगुण्यो भव. બ્રહ્માત્મૈક્ય સ્વરૂપે અભેદભાવે સ્થિતી કરી સુખી થા. हरिः ॐ तत्सत् ॥ ॐ नमः ॐ

सर्वेऽत्र सुखिनःसंतु सर्वे संतु निरामयः ॥
सर्वे भद्राणि पश्यंतु माकश्चित् दुःख माप्नुयात् ॥

लोकाः समस्ताः सुखिनो भवन्तु ॥ तथास्तु ॥ ॐ श्रीरस्तु. ॐ पूर्ण मदःपूर्ण मिदं पूर्णात्पूर्ण मुदच्यते ॥ पूर्णस्य पूर्णमादाय पूर्ण मेवाव शिष्यते ॥ ॐ शान्तिः शांति शान्तिः

ઉપસંહાર.

શબ્દદ્વારાજ નિઃશબ્દમાં પહોંચી શકાય છે. વાસ્તવિક તો નિઃશબ્દમાં પહોંચવા માટે જેટલા શબ્દની આવશ્યકતા છે તેટલાજ શબ્દનો ઉપયોગ કરવો જોઇએ. રાજસી તામસી બુદ્ધિ ઉત્પન્ન કરી અધોગતિએ ગબડાવી દેનાર શબ્દભંડારથી ભરેલાં કાવ્ય, નાટકો, સ્ત્રી, ધનમાં મોહથી ડુબાવી મોહગ્રસ્ત કરનાર રાજસી ગ્રંથો, લખાણો વગેરેનો, મોક્ષેચ્છુ જિજ્ઞાસુએ દૂરથીજ પરિત્યાગ કરી દઈ, ઉન્નતિનાં શિખરે પહોંચાડનાર શકિતસામર્થ્ય સંપન્ન શબ્દસમૂહ–ભંડારવાળા દૈવી–સાત્વિકી ગ્રંથોનુંજ અવલોકન પઠન પાઠન અભ્યાસ કર્તવ્ય છે. તેવા શબ્દ ભંડારવાળા ગ્રંથો જેવાકે ગીતા, ભાગવત, ભારત, ઉપનિષદો, પંચદશી, વિચારસાગર, બ્રહ્મસૂત્ર, યોગવાસિષ્ટ, વગેરેમાં જે ઉપદેશાત્મક જ્ઞાનભક્તિ વૈરાગ્ય પ્રાપ્ત કરી અભયપદે–અશબ્દતત્વમાં પહોંચાડનાર શબ્દરત્નો છે તેનોજ ઉપયોગ કરવાનો છે. શબ્દ "શાખા" છે, અને નિઃશબ્દ "ચંદ્રમા" છે. શાખાને છોડી દઈ આકાશના ચંદ્રમા તરફ દ્રષ્ટિ કરવાથીજ ચંદ્રમાનાં દર્શન થાય છે, કેવળ શાખાપરજ દૃષ્ટિ રાખી રહેવાથી-ત્યાંજ ચોંટી રહેવાથી ચંદ્રનું દર્શન થતું નથી. શાખાજ જોયા કરાય છે. તેમ શબ્દને છોડીને ભાવોને સમજવા જરૂર છે. ભાવાભ્યાસીજનજ भावातीतं त्रिगुणरहितं પદને પ્રાપ્ત કરી શકે છે.

સ્વર્ગનર્કની પ્રાપ્તિમાં સાધનભૂત ધર્માધર્મનું મૂળ જે અજ્ઞાન છે તેજ "સર્વધર્મ" છે. તે અજ્ઞાનનો ત્યાગ કરી દે. તે અજ્ઞાનનષ્ટ થયું એટલે સ્વભાવતઃ એક હૂંજ શેષ રહીશ. રજ્જુને હાથમાં લેવાથી સર્પ ભ્રમલોપ થઇ જાય છે. નિદ્રાના ત્યાગની સાથેજ સ્વપ્નના સમસ્ત પ્રપંચનો ત્યાગ થઈ જાય છે. તેમ, આત્મજ્ઞાનનો સ્વિકાર કરી અજ્ઞાનનો સમૂળગો ત્યાગ કરી દે. જ્ઞાન આવતાંજ અજ્ઞાન એની મેળે નષ્ટ થઇ જશે. પછી અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપથી અતિરિક્ત કોઇ નથી રહી જતું. જેમ– સ્વપ્નસહિત નિદ્રાનો નાશ થયા પછી મનુષ્ય સ્વયં પોતેજ રહી જાય છે. તેમ મારૂં જ્ઞાન પ્રાપ્ત થયા પછી મારા સિવાય બીજું કોઇ ભિન્ન અથવા અભિન્ન અવશેષ નથી રહી જતું. પછી તેજ **सोऽहम्** ભાવથી તેજ સ્વરૂપમાં એકતા (અનન્યતા)ને પ્રાપ્ત થાય છે. પોતાના ભિન્નત્વની કલ્પના ત્યાગી દઈ મારાં એકત્વને જાણી લેવું, એનું નામ 'મારે શરણે આવવું છે." જેમ ઘટનો નાશ થતાં ઘટાકાશ મહાકાશમાં પ્રવેશ કરી જાય છે, તેમજ મારે શરણુ આવવું તે મારામાં એકતા કરાવનારૂં છે. જેમ અલંકાર સુવર્ણનું, અને તરંગ જળનું શરણુ લે છે તેજ રીતે તું મારે શરણે આવ.

દેહ, ઇંદ્રીઓ, પ્રાણુ, મન, બુદ્ધિ, વગેરે સંઘાતના જે ધર્મો છે, એટલે જન્મમર્ણ બાળયુવા જરા (દેહના), શ્રવણુ કરવું, સ્પર્શ કરવો, જોવું, સ્વાદ લેવા, સુંઘવું, જવું આવવું, આપવું લેવું, મળમૂત્રાદિ ત્યાગવાં, વગેરે (ઇંદ્રીઓ દશના), ક્ષુધા તૃષા (પ્રાણુના), હર્ષ શોક સંકલ્પ વિકલ્પ નિશ્ચય ચિંત્વન, અહંકારાદિ (અંતઃકરણના) જાગૃત સ્વપ્ન સુષુપ્તિ (સત્વરજ તમના), જેના જેના જે ધર્મ છે તે પોતામાં આરોપી લેવા અર્થાત્ પરધર્માવલંબી બની જઈ હું જન્મું મરૂં છું, બાળયુવાવૃદ્ધ છું, હું સાંભળું ખાઉં જોઉં, આપું લઉં, જાઉં આવું છું વગેરે કરૂં છું એમ માની લેવું તેજ મહાપાપ છે. તે નહિં કરતાં હું અસંગ નિર્વિકાર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ તે સર્વનો સાક્ષી ચિદાત્મા બ્રહ્મસ્વરૂપ છું એમ અનુભવી તે સર્વ પરધર્મને જેના હોય તેના તરફ છોડી દઈ–તે દેહ ઇંદ્રી પ્રાણુ

અનાદિના છે એમ સમજી અખંડ બ્રહ્માત્મૈક્યસ્વરૂપમાં સ્થિતી કરી તત્સત્ પરમાત્મ સ્વરૂપે નમી શમી અભેદભાવે રહેવું, તેજ મારે શર્ણે આવવું–પ્રભુને શરણે થયા સમજવું. તુરીય જીવને ઉન્મની શિવને અર્પણ કર. અથવા જીવત્વનું ભ્રાંતિજન્ય મિથ્યા અહં તે પરમાત્મતત્વમાં હોમી દે. તાત્પર્ય કે, સઘળું નાશવાન મિથ્યા જાણી લઈ તે બધું પ્રકૃતિને અર્પણ કરી દે, અને કેવળ પુરૂષનુંજ ગ્રહણ કર. તે પુરૂષનું આત્મરૂપથી ધ્યાન કર. એનુંજ નામ સર્વ ધર્મો છોડી પરમાત્માને શર્ણે થવું, તે છે. એવી શરણાગતિ થતાંજ સર્વ પાપોથી–અવિદ્યાનાં બંધનોથી સહેજે છુટા થઈ શકાય છે.

એ પ્રકારની બહુ ઉંચી ભાવનાના અર્થને છોડીને સગુણનો આશ્રય લઇને એ શ્લોકનો અર્થ કરવો તે પણ કાંઇ જેવી તેવી વાત નથી. 'સર્વ ધર્મ પરિત્યાગ' અર્થાત્ શાસ્ત્રોક્ત સમસ્ત કર્મ ફળોની આશાને સર્વથા છોડી દઈ તથા કર્તૃત્વાભિમાન છોડી દઈ નિરહંકાર ભાવથી ભગવત્પ્રીત્યર્થ કર્મ કરતા રહેવું, અને સઘળાં પ્રાણી માત્રમાં તથા વસ્તુ માત્રમાં ભગવાન શ્રીહરિને જોવા. એ અર્થ પણ વિચારણીય છે.

પિતાનું શ્રાદ્ધ કરવું છે, પરંતુ એ કર્મ અંતમાં પિત્રન્તર્યામિ અથવા પિતૃસ્વરૂપ ભગવાનને, "જનાર્દન વાસુદેવઃ પ્રીયતામ્" એમ કહીને અર્પણ કરી દેવું જોઇએ. પોતાની સરસ્વતી નામની કન્યા વસન્તકુમાર નામના વરને અર્પણ કરવી છે, પરંતુ એ કન્યાદાનરૂપી કર્મ પણ "નારાયણ રૂપિણેવરાય" કહીને ભગવાનને અર્પણ કરવી જોઇએ. કર્મફળની આશા અને કર્તૃત્વનું અભિમાન છોડીને ભગવદર્પણ બુદ્ધિથી કર્મ કરવું. કોઈ વિદ્વાનનો મત એ શ્લોકાર્ધનો એ રીતે અર્થ કરવ:માં છે.

એ ઉપર એક ભિન્ન દ્રષ્ટિકોણથી વિચાર કરવાથી તથા પ્રાચીન શ્રેષ્ઠ ભક્તોનાં ચરિત્ર જોવાથી એવું પ્રતીત થાય છે કે શાસ્ત્રકથિત વર્ણાશ્રમ ધર્મ અથવા આચાર–નીતિને એ ઉચ્ચ શરણાગતિમાં કોઈ

સ્થાન નથી. **"मातृदेवोभव, पितृदेवोभव"** એ ધર્મનું શ્રવણકુમાર, કુકકુટદ્વિજ, અને પુંડલીક ભક્તે અનુસરણ કીધું; પરંતુ ધ્રુવ, પ્રલ્હાદ, અને ભરતે એની કશી પરવા નહીં કરી. એ ભક્તોએ માતા પિતાનાં વચનોને નહિં માનીને ભગવાનનું શરણ લીધું. અનુસૂયાનો પતિવ્રત ધર્મ, વ્રજ ગોપિકાઓ અને ઋષિપત્નિયો માટે, ઉપયોગી નહિં થયો. આધુનિક સંતોમાં સન્ત સખુબાઇનું ચરિત્ર પણ એવુંજ છે. શ્રી તુકારામ મહારાજ કહે છે કે,–ઇશ્વિરની પ્રાપ્તિ થતી હોય તો અધર્મ પણ કરવો. જે કર્મથી ઇશ્વરથી દૂર હઠવું પડે એવાં કર્મનું આચરણ નહિં કરવું જોઇયે, શ્રી નારાયણની ભક્તિમાં વિઘ્ન થતું હોય તો માતા પિતાનો પણ ત્યાગ કરી દેવો જોઇએ, તો પછી સ્ત્રી પુત્ર અને ભાઈ બ્હેનની તો વાતજ શું છે ? ! ! પ્રહલાદે પિતાનો, વિભીષણે પિતૃતુલ્ય મોટા ભાઇનો, ભરતે રાજ્ય અને માતાનો ત્યાગ કરી દીધો. તુકારામજી કહે છે કે, શ્રીહરિનાં ચરણ છે તેજ સર્વ ધર્મરૂપ છે. તે સત્ય ધર્મરૂપ સનાતન ધર્મરૂપ છે. તે શિવાયની બીજી બધીજ વાતો દુઃખ મૂલક અથવા અધર્મરૂપ છે.

ધર્માધર્મનો વિચાર ઘણોજ સૂક્ષ્મ છે. **धर्मस्यतत्वं निहितं गुहायां** "ધર્મ" શબ્દનો અર્થ ચાર પ્રકારે કરી શકાય છે. વર્ણાશ્રમ ધર્મ (Religion), દાન ધર્મ (Charity), કર્તવ્ય કર્મરૂપ ધર્મ (Duty), અને સ્વભાવ ધર્મ (Natural property), જેમ અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા છે. જળનો શીતળતા છે. એ ચારે અર્થ ઉત્તરોત્તર અધિક મહત્વવાળા અને વ્યાપક છે. તેમાં પેહેલો અર્થ બહુ સંકુચિત છે. તે તો ખાસ જાતિ અને ખાસ મનુષ્યોને માટે પાલન કરવા યોગ્ય છે. એ જાતિ-વિશિષ્ટ ધર્મ, યુગ-ધર્મ, દેશ-ધર્મ, જાતિ-ધર્મ, અનેકાળ-ધર્મને અનુસાર બદલાયા કરનારો હોય છે. પણ પછીના ધમ બદલાતા નથી; તથાપિ પ્રથમના ત્રણમાં ધમ અને ધર્મી ભિન્ન ભિન્ન છે. કેવલ ચોથામાં ધર્મ-ધર્મી ભિન્ન નથી. અગ્નિ અને અગ્નિનો ધમ ઉષ્ણતા, સાકર અને મિઠાશ, ચંદન અને

સુગંધ, વગેરેને એક બીજાથી જુદા પાડી શકાતા નથી. એ વિવેચનને અનુસાર જીવના જન્મ–જાતિ–કુલ–વિશિષ્ટ ધર્મ, જન્મ–જાતિ–કુલોને સોંપી દઇ, પોતાના નિજ ધર્મનો વિચાર કરતાં એક "ચૈતન્યજ" પોતાનો ધર્મ સિદ્ધ થાય છે. એ ચૈતન્યજ જીવનો સ્વધર્મ અર્થાત્ સ્વ-રૂપ છે. એ સ્વધર્મ તરફ અથવા ઉપર્યુક્ત અર્થક્રમથી ચોથા અર્થ તરફ પોંચવાને માટેજ બાકીના ત્રણ અર્થ સાધનરૂપ છે. ચોથો અર્થ અથવા ચતુર્થ પુરૂષાર્થ (મોક્ષ) સાધ્યરૂપ છે; પણ તે સ્વતઃ સિદ્ધ છે, ક્રિયા સાધ્ય નથી. સાધન તો કેવલ પ્રતિબંધકને હટાવી દૂર કરવા માટેજ ઉપયોગી છે.

જીવનો નિજધર્મ "ચૈતન્ય" આનંદરૂપ અને સત્‌રૂપ છે. અથવા જીવ સત્ ચિત્ આનંદરૂપ છે. વ્યષ્ટિમાં સ્થિત સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા, સમષ્ટિરૂપ–અનંતકોટિ બ્રહ્માંડમાં વ્યાપ્ત ચૈતન્ય–પરમાત્માનો ઘટકાશ સદ્રશ અભિન્ન અંશજ છે. શરદી અથવા કોઇ વિશેષ ક્રિયાથી જેમ જલનું બરફ બની જાય છે. તે પ્રકારે ભક્તના **તીવ્ર સંવેગથી** પરમાત્મા ઘનીભૂત–સગુણ રૂપ ધારણ કરે છે, તેજ પરમાત્માનાં અવતાર શરીર છે.

उपासकानां कार्यार्थे ब्रह्मणो रुप कल्पना.

દેહનાં તત્વોનું શોધન કરતાં કરતાં **न इति, न इति, (नेति नेति)** કહેતાં કહેતાં વૃત્તિને આત્મસ્વરૂપ સુધી લઈ જઇને તેમાં એક રસ થઇ જવું, તે જ્ઞાનીઓનો મોક્ષ માર્ગ છે. આત્મસ્વરૂપનું અનુસંધાન કરતા રહેવું તેજ " ભક્તિ " છે. એમ જ્ઞાની પુરૂષો કહે છે. શ્રી શંકરાચાર્ય કહે છે કે,–

मोक्ष साधन सामग्र्यां, भक्ति रेवगरी यसी ॥
स्व स्वरुपानु संधानं भक्ति रित्यभि धीयते ॥

પરંતુ એ નિર્ગુણ ભક્તિ છે. સગુણ ભક્તિની મૌજ કંઈ જુદીજ છે. તુકારામ મહારાજ કહે છે કે, આત્મ નિષ્ટ જીવન્મુક્ત થતાંજ ભક્તિ

–સુખ દુર્લભ થઇ જાય છે. જ્યારે શ્રીનારાયણુ પ્રભુ કૃપા કરે છે ત્યારે ભક્તિનું રહસ્ય સમજવામાં આવે છે. પ્રસિદ્ધ નવધા ભક્તિ બાદ પ્રેમ લક્ષણા નામની દશમી ભક્તિ છે તેને પંચમ પુરૂષાર્થ કહે છે. ભગવાન નારાયણુની કૃપાથીજ એ ભક્તિની પ્રાપ્તિ થાય છે. અદ્વૈતમાં પણ ભક્તિ થાય છે, પણ તે અનુભવની ચીજ છે. તેનું વર્ણન વાણીથી થઇ ન શકે.

આત્માનંદમાં એકરસ બની રહેવાવાળા અદ્વૈત બ્રહ્માત્મૈકય અનુભવ સંપન્ન જ્ઞાની જીવન્મુક્ત પુરૂષ પણ શ્રીહરિનાં સગુણરૂપની અહૈતુકી ભક્તિ કરે છે. કારણ કે પરમાત્માનાં સગુણરૂપની ગુણ ગરિમાજ એવી છે.

आत्मारामश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ॥
कुर्वन्त्य हैतुकीं भक्तिं इत्थं भूत गुणो हरिः ।

ભાગવતનો એ સુપ્રસિદ્ધ શ્લોકજ એને માટે પ્રર્યાપ્ત પ્રમાણુ છે. ભગવાન શ્રીકૃષ્ણુચંદ્ર જ્યારે ગોકુળમાં શ્રીનંદબાબાને ઘેર ગોપાળ–બાળ લીલા કરી રહ્યા હતા તે વખતે, તે પ્રભુનું ઉચ્છિષ્ટ મળવાની આશાથી, અપરોક્ષ જ્ઞાન સંપન્ન ઇંદ્રાદિ દેવતા માછલીઓ બનીને યમુનામાં રહ્યા હતા. પાંડવોના રાજસૂય યજ્ઞમાં ભગવાનના હાથનો સ્પર્શ થયલો એવું જુઠણુ ખાવા માટે જીવન્મુક્ત ઋષિગણુ પક્ષિયોનાં રૂપ ધરીને આવ્યા હતા. એ વાત પ્રસિદ્ધ છે. એજ રાજસૂય યજ્ઞમાં અગ્રપૂજાનો પ્રશ્ન ઉપસ્થિત થયલો ત્યારે ભીષ્મ જેવા આજન્મ બ્રહ્મચારી મહાભાગવતે શ્રીકૃષ્ણુને માટેજ પ્રસ્તાવ કીધો હતો. એ બધી વાતોનો વિચાર કરતાં અનુમાન કરી શકાય છે કે, ભગવાનના સગુણ અવતારનું શું મહાત્મ્ય છે. શ્રી એકનાથ મહારાજ પોતાના ભાગવતનો એકાદશ સ્કંધમાં કહે છે કે, પ્રભુ પોતાની લીલાથી શી રીતે દેહ ધારણ કરે છે, કેવાં અદ્દભુત ચરિત્ર કરે છે, કેવી રીતે દેહનો ત્યાગ કરે છે તેનો ભેદ બ્રહ્માદિક પણ જાણતા નથી. બ્રહ્મજ્ઞાન જોકે કઠિન છે તો પણ હરિગુરૂ કૃપાથી સુખે કરીને થઈ શકે છે, પરંતુ તમારા દેહ ધારણ અને કાર્ય કારણનું રહસ્ય

તો મોટા મોટા જ્ઞાનીઓની સમજમાં પણ નથી આવતું. સાક્ષાત્ બ્રહ્મા પણ મોહિત થઇને કહે છે કે, **मुह्यंते अस्मदादयः** શ્રી તુલસીદાસજી મહારાજ કહે છે કે,–

> નિર્ગુન રૂપ સુલભ અતિ, સગુન ન જાને કોય;
> સુગમ અગમ નાના ચરિત, સુનિ મુનિ મન ભ્રમ હોય.

બસ, હમારે તો તે અનંત–કલ્યાણ–ગુણ–પરિપૂર્ણ પરમાત્માનાં ચરણોમાં અનન્ય ભાવથી શરણાગત થઇને, પ્રકૃત માર્ગ બતાવવા માટે, તેમનેજ પ્રાર્થના કરવી જોઇએ, એજ કર્તવ્ય છે.

ગીતા વેદોની માતા છે, એમ તુકારામ મહારાજ કહે છે. વેદોએ ફક્ત ત્રણ વર્ણને પોતાનાં ઘરમાં આશ્રય આપ્યો છે, પરંતુ ગીતા માતાની ઉદારતા વેદો કરતાં વધી ગઇ છે. એ તો સ્ત્રી શૂદ્ર પતીત ચાંડાલાદિ સર્વને સમાન ભાવથી પોતાનામાં સ્થાન આપે છે. સઘળા પ્રકારના મનુષ્યોને, ભિન્ન ભિન્ન પ્રકારના અધિકારી જીવોને ગીતાએ ભગવત્પ્રાપ્તિનો સુંદર, સુગમ, પ્રશસ્ત પથ (રસ્તો) બતાવી દીધો છે. તે, એછે કે,–

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज

એ ગીતાની શક્તિ છે. એ શક્તિનો આશ્રય કરવાથી સમસ્ત પાપોથી (સ્વર્ગ નરક પ્રદ પુણ્ય પાપ રૂપ કર્મોથી) છુટવાની ચાવી મળી જાય છે.

દયા નિધિ પરમકૃપાળુ સદ્‌ગુરૂ પરમાત્મા, લેખકને, પાઠકોને, શ્રોતૃવર્ગને, એ શક્તિનો આશ્રય ગ્રહણ કરવાનું સામર્થ્ય પ્રદાન કરીને, દંભ-રહિત નિર્મળ ભક્તિદ્વારા સઘળાંને સુખ સંપન્ન કરો, એજ તે શ્રીવર નારાયણ પ્રભુનાં ચરણ કમલોમાં સવિનય પ્રાર્થના છે. **हरिः ॐ लोकाः समस्ताः सुखिनो भवन्तु. ॐ नमः श्रीम् ॥**

ગીતા છે તે માનવીય–જીવનનું સર્વસ્વ, અસાર સંસારનો સાર, શાસ્ત્ર સાગરનો મથિતાર્થ, ઉપનિષદોનો નિચોડ, અને સમસ્ત વેદોનો નિષ્કર્ષ છે. સ્રષ્ટિના પ્રારંભથી આજસુધી ગીતા સમાન કોઇ પુસ્તક

પ્રકાશિત થયું નથી. સનાતન ધર્મનાં ગૂઢ રહસ્યને સરળ અને સરસ ભાષામાં થોડા શબ્દોમાં પ્રકટ કરવાની અપૂર્વ શક્તિ આ ગીતાજીમાંજ છે. એમ કહેવું અતિશયોક્તિ નથી, કે,–ગીતા સમાન પુસ્તક પૃથિવીપર **न भूतो न भविष्यति**=નથી થયું, નહિં થશે. ગીતાનો આરંભ **अशोच्यानन्वशोचस्त्वं** થી થાય છે. ગીતાનું તત્વ બહુજ ગહન છે. એના એક એક શ્લોકપર મહાભારત જેવા મોટા ગ્રંથ લખી શકાય એમ છે. ઉપદેશનો આરંભ કરતાંજ શોક અને આત્મ વિસ્મૃતિરૂપ મોહનો નિર્દેશ કીધો છે. તેથી સમજાય છે કે ગીતોપદેશનું તાત્પર્ય શોક મોહની નિવૃત્તિપરક છે. તે શોક મોહના અંધકારને દૂર કરીને જ્ઞાનસૂર્યનો પૂર્ણ પ્રકાશ થઈ જવાને માટેજ શ્રી ભગવાને ગીતોપદેશનો અનુગ્રહ કીધો છે. હવે એનો ઉપસંહાર પણ જોઈએ. તે ઉપસંહાર પણ **माशुचः** શોક નહિં કર, એ પર થાય છે. **सर्व धर्मान्परित्यज्य मामेकं शरणंव्रज ॥ अहंत्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥**

હવે ગીતાનો ફલિતાર્થ પણ જુવો. **नष्टोमोहः स्मृतिर्लब्धा.** હે પ્રભો ! આપની કૃપાથી મારો શોક મોહ નષ્ટ થઇ ગયો. સ્વરૂપની સ્મૃતિ થઈ ગઈ. હું અજ્ઞાન રહિત (જ્ઞાની) નિઃશંક થઈ ગયો છું. આપ કહેશો તેમ કરીશ. જ્યારે ગીતાના ઉપોદ્‌ઘાતથી લઇને પર્યવસાન સુધી એક સ્વરથી (એક અવાજે) ગીતાનું પ્રયોજન શોક મોહની નિવૃત્તિ બતલાવે છે; તેથી ગીતાનું એક માત્ર ધ્યેય જ્ઞાનયોગજ છે, એમ કહેવું અનુચિત નહિં ગણાશે. કેમકે, જ્ઞાનથીજ શોક મોહની નિવૃત્તિ થાય છે, એમ શ્રુતિઓ કહી રહી છે. **तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥** અને શ્રીભગવાને પણ જ્ઞાનનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે, **ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ॥**

ગીતાના ૧૮ અધ્યાયમાં ૧ તો ભૂમિકાનો છે. બીજામાં ઉપદેશામૃત જ્ઞાન પ્રબોધ્યું છે. પછીના ૩ થી ૧૭ સુધીમાં નિષ્કામ કર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન અથવા જ્ઞાનનાં સાધન કહ્યાં છે. અઢારમામાં

સઘળાનું સત્વ–તત્વ કહી દીધું. તેમાં પણ અંતના શ્લોકમાં ગીતાનું ચરમ લક્ષ્ય બતાવી દઇ દિવ્ય ઉપદેશ સફળ કીધો છે. તે **इति ते ज्ञानमाख्यातं.** ગીતાના પૂર્વ અધ્યાયોમાં કહેલા વિષયોનો ઉપસંહાર કરતાં ગીતાનું સર્વસ્વ બતાવવાને પ્રભુએ કહ્યું કે,–**सर्व गुह्यतमं भूयः** એનાથી પ્રશંસા અને પ્રતિજ્ઞા કરીને ગીતા ઉપદેશનું સ્વરૂપ અ. ૧૮ ના શ્લોક ૬૫–૬૬થી બતાવ્યું છે.*

ભગવત્ ગીતા એક અદ્દભૂત ગ્રંથ છે. ધન્ય છે હમારી ભારતમાતા, જેનાં ગળાંમાં એવી દિવ્ય મોતીઓની માળા શોભી રહી છે. ધન્ય છે હમારૂં સાહિત્ય, જેમાં એવી અદ્વિતીય દાર્શનિક કાવ્ય રચના મળી આવે છે. એના પ્રકાશ આગળ બીજી બધી જ્યોતિઓ મંદ પડી જાય છે. ગીતામાં કવિતા અને તત્વવિચારના વિચિત્ર સંસર્ગ ઉપલબ્ધ થાય છે. એવું આશ્ચર્યમય સંમિશ્રણ કોઇ બીજા ગ્રંથમાં જોવામાં આવતું નથી. વેદોનો સાર, દર્શનોનો નિષ્કર્ષ, તથા ઉપનિષદોનું રહસ્ય, ગીતામાં સન્નિકૃષ્ટ પ્રકારથી સંવલિત છે.

ભક્તિ શૂં ચીજ છે ? મહર્ષિ શાંડિલ્ય ઉત્તર આપે છે કે, **सापरानुरक्तिरीश्वरे**=ઇશ્વરમાં અત્યંત અનુરક્તિ–નિરતિશય પ્રેમ રાખવો તે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે, ગીતા છે તે શ્રી ભગવાનની વાઙ્મયી મૂર્તિ છે. **जप मात्रादपि ज्ञानफलं मोक्षंलभते ॥ फल विधिरेवायंनार्थवादः ॥** એમ સ્વામિ શ્રી મધુસુદન સરસ્વતિ, શ્રીધર સ્વામી, જ્ઞાનેશ્વર, વગેરે મહાપુરૂષોએ કહ્યું છે. **अध्येष्यते च इमं.** (અ. ૧૮નો ૭૦) **सर्व धर्मान्परित्यज्य.** એ શક્તિ છે. તે વાત ધ્યાનમાં રાખીને પાઠ કરવો જોઇએ; અને એ શક્તિમાં પોતાની

***मन्मना भव मद्भक्तो मद्याजीमांनमस्कुरु ॥ मामेवैष्यसि सत्यंते प्रतिजाने प्रियोऽसिमे ॥ ६५ ॥ सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ॥ अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥ ॐ (६६) नमः ॥**

બધી શકિત અર્પણ કરી દેવી જોઇએ. हरिः ॐ तत्सत्. ॐ नमोनमः श्रीँ ॥ ॐ ॥

ગીતા અ. ૧૮ શ્લોક ૬૬ सर्व धर्मान् મંત્રમાં ૧૬ આશ્ચર્ય છે તે કહેવાય છે.

अथ गीतामंत्रस्य षोडशाश्चर्याणि ॥

अत्र प्रथममाश्चर्य मर्थानन्त्यं विदुर्बुधाः ॥
सर्वनाम क्रियासंज्ञाऽव्ययाधिक्यं द्वितीयकम् ॥ १ ॥

यंत्रोद्धार स्तृतीयंच चतुर्थं रूप कोटयः ॥
पंचमं धातुमात्राप्तिः षष्ठं लेखोमितः स्मृतम् ॥ २ ॥

सप्तमं विमनीषस्य मनुष्यस्यापि मे गतिः ॥
श्रीमत्सरस्वतीत्यादि नामोद्धारोऽष्टमं खलु ॥ ३ ॥

वागर्थेषु चमत्कारा अधिकानवमंमतं ॥
वर्णादावी द्वशैः पद्यैः साम्यं दशममीरितम् ॥ ४ ॥

सर्वस्यैकादशं शब्द शास्त्रस्य चरितार्थता ॥
द्वादशं सर्व शास्त्रश्च संप्रदायस्तु संमतिः ॥ ५ ॥

त्रयोदशं विदां काश्यां मानिना मादरः परः ॥
सच्छक्ते रायुताद्धाब्द मप्रसिद्धिश्चतुर्दशं ॥ ६ ॥

स्मृतं पंचदशं दूरे साक्षराणाम् दुरात्मनाम् ॥
षोडशं सर्ववर्गास्य प्रयत्नाक्षर संस्थितिः ॥ ७ ॥

(૧) અર્થોની અનન્તતા. (૨) સંજ્ઞા, ક્રિયા, સર્વનામ, અને અવ્યયોની અધિકતા. (૩) યંત્રોદ્ધાર, મંત્રથી યંત્ર અને યંત્રથી મંત્ર બનાવવાની રીતિ. એનાથી પ્રસ્તુત મંત્રનો યંત્ર બનાવ્યો તો ૩૪નો યંત્ર બન્યો. તેનું ૩૫ બતાવાય છે.

૧

सर्वधर्मान् मंत्रनो यंत्र.

૭	૨	૧૧	૧૪
૧૨	૧૩	૮	૧
૬	૩	૧૦	૧૫
૯	૧૬	૫	૪

૨

यंत्रागमोक्त प्रसिद्ध यंत्र.

૯	૧૬	૫	૪
૭	૨	૧૧	૧૪
૧૨	૧૩	૮	૧
૬	૩	૧૦	૧૫

એ બેહુમાં પ્રથમનો ગીતાના ચરમ (**सर्व धर्मान्**) મંત્રથી થયો છે. બીજો યંત્રાગમને અનુસાર લખ્યો છે. એનો બહુ મહિમા અને ફળ લખ્યું છે. (૪) અર્થોની કથા તો દૂર રહી, ફક્ત લખવામાં ૭૯ કરોડ કરતાં વધારે ભેદ હશે. એ વાત સમજમાં આવવી બહુ કઠણ છે. જ્યાંસુધી વ્યાકરણ પ્રમાણે રૂપોનો હિસાબ નહીં કરે ત્યાંસુધી સંસ્કૃત પંડિત પણ જાણી શકતા નથી. (૫) **सर्व+धा+ऋ+मा+अन्** ઇત્યાદિ ૭૪ ધાતુઓનો યોગ એ મંત્ર (**सर्व धर्मान्**) બની જાય છે. એ સઘળા **सर्वगतौ-डुधाञ् धारण पोषण योः** ઇત્યાદિ સંસ્કૃત ધાતુ-ઓના ગણ છે. (૬) એટલું છતાં ગ્રંથ જેટલો વિસ્તૃત થવો જોઇએ તેટલો નથી. (૭) બાળકો જેમ સંસ્કૃત બોલવા લાગે તેમ, મારાં જેવા ઘણાં થોડાં મનુષ્ય તે પણ પ્રાયઃ અલ્પજ્ઞજ જાણે છે તેની બુદ્ધિમાં એ વાત આવી ગઈ. (૮) "સરસ્વતી," "કૃષ્ણ," "શંકર," ઇત્યાદિ નામ પ્રસ્તુત મંત્રથી જેમનાં તેમ ઉદ્દ્ધૃત થાય છે. (પ્રાચીન પંડિત દુર્ગાઆદિમાં બીજ મંત્રનો ઉદ્ધાર બતાવતા હતા, તે કરતાં અહિંઆંનો ઢંગ અત્યંત સુગમ છે. (૯) દેવતાના અર્થ ઘણા છે, પણ સરસ્વતીજીનું પ્રધાન હોવાથી એના અર્થોમાં વિશેષ ચમત્કાર છે. (૧૦) જે વાતો આ મંત્રમાં નીકળી છે, પ્રાયઃ તેજ બીજા પણ દૈવ-ચમત્કારયુક્ત મંત્રામાં મળી આવે છે, તેથી જણાય છે કે, બેહુ જગે કોઈ એકજ

શકિત કામ કરી રહી છે. (૧૧) પંચસંધિથી ઉત્તરકૃદંત સુધી સમસ્ત વ્યાકરણનું કાર્ય એ મંત્રમાં છે. (૧૨) સઘળા મતોના શાસ્ત્રજ્ઞ સજ્જનોએ એની પ્રશંસા કરી છે. કોઈ વિરૂદ્ધ નથી. (૧૩) કાશીઆદિના મહાન વિદ્વાનોએ બહુ પ્રશંસા કરી છે. કોઇપણ કોઇ વાતમાં વિરોધી નથી. (૧૪) એટલી બધી શકિત હોવા છતાં પાંચહજાર વર્ષ સુધી એ ગુપ્ત રહી, અદ્યાપિ રામાનુજ સંપ્રદાય આદિમાં બહુ મહિમા લખ્યો છે, પરંતુ તે ગુપ્તજ છે સર્વ સાધારણને તો તેઓ આપતા પણ નથી. (૧૫) જે ભણેલો-વિદ્વાન છતાં દુષ્ટ પુરૂષ છે તેની આ અર્થોમાં ઘણી અરૂચિ હોય છે, એ વિચિત્ર વાત કંઈક જગે જોવામાં આવે છે, તેનાથી સાંભળવુંજ દુઃસહ થઈ જાય છે. (૧૬) પ્રત્યેક વર્ગ, સ્થાન, પ્રયત્નના અક્ષર એ **सर्व धर्मान्** મંત્રની અંદર આવી ગયા છે.

એ ૧૬ આશ્ચર્યનાં નામ માત્ર લખ્યાં છે એમાં કોઇને સંદેહ હોય તો લેખક-રાજકુમાર શ્રી રઘુવીર સિંહજી, બી. એ. સીતામઉ સ્ટેટ, એમને પુછવું.

श्रीभगवानुवाच. શ્રીભગવાન કહે છે કે,—

गीता मे हृदयं पार्थ, गीता मे सार मुत्तमं ॥
गीता मे ज्ञान मत्युग्रं, गीता मे ज्ञान मव्ययं ॥ १ ॥
गीता मे चोत्तमं स्थानं, गीता मे परमंपदं ॥
गीता मे परमं गुह्यं, गीता मे परमो गुरुः ॥ २ ॥

એ ગીતા જો એ પ્રમાણે શ્રીહરિનું હૃદય છે, ઉત્તમ સારભૂત છે, અત્યુગ્રજ્ઞાનરૂપ છે, અવ્યય જ્ઞાન છે, ઉત્તમ સ્થાન છે, પ્રભુનું પરંપદ છે, પરમ ગુહ્ય વસ્તુ છે, અને પરમગુરૂરૂપ છે, તો એનું મહાત્મ્ય શી રીતે કોણ વર્ણવી શકે વારૂ ? !

सर्व धर्ममयी गीता, सर्व ज्ञान प्रयोजिका ॥
सर्व शास्त्र सार भूता, विशुद्धा सा विशिष्यते ॥ १ ॥
गीता सु गीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ॥

ગીતાના મહિમા કથનમાં તો એટલુંજ કહેવું બસ થશે કે,— **कृष्णो जानाति वै सम्यक् ॥** બરાબર તો કૃષ્ણુજ જાણે છે.

गीतासु न विशेषोऽस्ति, जनेषूच्चावचेषुच ॥
ज्ञानेष्वेव समग्रेषु, समा ब्रह्मस्वरुपिणी ॥

ગીતામાં ઉંચનીચનો વિચાર રાખવામાં આવ્યો નથી. મનુષ્યમાત્ર ગીતાનાં અધ્યયનથી પરમગતિ પ્રાપ્ત કરી શકે છે. એજ પરમગતિ એટલે મોક્ષ–પૂર્ણ સ્વતંત્રતા–સ્વરાજની પ્રાપ્તિ છે.

यदा यदाहि कृष्णेति, कृष्णेतिच वदाम्यहं ॥
तदा तदाहि त्वां द्रष्टुं, कंठ रुद्धो भवाम्यहं ॥ ॐ

यस्य कृपाकटाक्षेण संसारोऽयं प्रणश्यति ॥
सर्वगं सच्चिदात्मानं, तं वन्दे पार्थ सारथिम (कृष्णं)

કુંડળિયો:

ગીતાકા નિત પાઠકર, ગીતાકા ધર ધ્યાન ॥
ગીતા ગીતા નામ રટ, ગીતા ભગવત જાન ॥

ગીતા ભગવત જાન, જ્ઞાન વિજ્ઞાન યહી હૈં ॥
ભગવદ્‌ગીતા એક, ભેદકી ગંધ નહીં હૈં ॥

મરતા રહતા અજ્ઞ, તત્વદર્શી હી જીતા ॥
ભોલા ! દેખ અભેદ, પાઠકર ભગવદ્‌ગીતા.

कर्मा कर्म विहीनंच क्रिया कारक वर्जितं ॥
निष्कलं निश्चलं शान्तं, कृष्णं वन्दे जगद्गुरुं ॥

એ ગીતામાં ૧૪ યજ્ઞ કહેવામાં આવ્યા છે, તેનાં નામ અને સ્વરૂપ.

૧. જડ વસ્તુ સંબંધી યજ્ઞ અ. ૪–૨૮; ૪–૨૫	૧. દ્રવ્ય યજ્ઞ ૨. દેવ યજ્ઞ	ધન ધાન્ય વસ્ત્રાદિને ઇશ્વર પ્રીત્યર્થ દાન, ધર્મ, અને પરોપકારી કાર્યોમાં ખર્ચકરવોતે.

૨. શરીર સંબંધી યજ્ઞ ૪–૨૬ ૪–૨૬	૩. જ્ઞાનેંદ્રિય યજ્ઞ ૪. વિષય યજ્ઞ	જ્ઞાનેંદ્રિયોના સંયમનો અભ્યાસ, એટલે ઇંદ્રિયોને વિષયથી રોકવી તે, જ્ઞાનેંદ્રિય યજ્ઞ; અને ઇંદ્રિયોદ્વારા તે તે વિષયોનું સેવન કરવું, જે યજ્ઞાવશિષ્ટ હોય તેનું, તે વિષય યજ્ઞ.
૩. વાણી સંબંધી યજ્ઞ	૫. સ્વાધ્યાય જ્ઞાન યજ્ઞ ૪–૨૮	અર્થજ્ઞાન સહિત ધર્મ ગ્રંથોને ભણવા–શિખવાનો અભ્યાસ વેદાધ્યયન સ્તોત્ર પારાયણાદિ તથા નામ–જપ.)
૪. પ્રાણ સંબંધી યજ્ઞ	૬. પ્રાણ યજ્ઞ ૪–૨૯	અપાન વ્યાન ઉદાન સમાન, એ ચારેનો પ્રાણ વાયુમાં હવન કરવો; એટલે પૂરક પ્રાણાયામ કરવો તે.
	૭. અપાન યજ્ઞ ૪–૨૯	પ્રાણ વ્યાન ઉદાન સમાન, એ ચારેનો અપાન વાયુમાં હવન કરવો, એટલે રેચક પ્રાણાયામ કરવોતે.
	૮. પ્રાણાપાનયજ્ઞ ૪–૨૯	શરીરમાં દોષ રહિત થયલા શુદ્ધ પ્રાણવાયુને સ્થિર, સ્વસ્થ, અને શાન્ત કરવો=સમ પ્રમાણમાં રોકીને "અભ્યંતર" અથવા "બાહ્ય" કુંભક પ્રાણાયામ કરવો તે.
	૯. અંતર પ્રાણ યજ્ઞ ૪–૩૦	ઇંદ્રિયોને ચેતન કરનારી પ્રાણ–શકિતને આહારના સંયમથી વશ કરવી તે.

૫. બુદ્ધિ સંબંધી યજ્ઞ	૧૦. યોગયજ્ઞ. અ. ૪ ૨૮	બુદ્ધિયોગ, એટલે કુશળતાથી નિષ્કામ કર્મ કરવાં, અથવા અષ્ટાંગ યોગના સાધન કરવાં તે
૬. મિશ્રિત પ્રકાર યજ્ઞ.	૧૧ તપોયજ્ઞ. અ. ૪–૨૮	વ્રત, ઉપવાસ, અથવા અહિં-સાદિ તીક્ષ્ણ વ્રતોદ્વારા શરીર અને મનને શુદ્ધ અને પવિત્ર બનાવવાં; અથવા સ્વધર્મ પાલન રૂપ તપ કરવું તે.
	૧૨ જપયજ્ઞ. અ. ૧૦–૨૫	વાચિક, ઉપાંસુ, માનસિક, ધ્યાન અથવા અનન્ય જપ કરવો તે.
	૧૩. ઇંદ્રિય પ્રાણ કર્મ યજ્ઞ. અ. ૪–૨૭	ઇંદ્રિયોની ચેષ્ટાઓ અને પ્રાણો-ના વ્યાપારને રોકીને મનને આત્મામાં એકાગ્ર કરવું; અથવા ઇંદ્રિયોની ચેષ્ટા અને મનના વ્યાપારને જ્ઞાનથી પ્રકાશિત પરમાત્માને વિશે સ્થિતિ રૂપ યોગમાં લગાડવું તે.
૭. પરમાત્મ સંબંધી યજ્ઞ	૧૪. જ્ઞાનજ્ઞન અ. ૪–૨૫ અથવા બ્રહ્મ-યજ્ઞ અ. ૪–૨૮	સઘળું–બધું બ્રહ્મરૂપ સમજીને સર્વદા સર્વત્ર સમસ્ત ક્રિયા-ઓમાં સર્વથા બ્રહ્મનો અનુભવ કરવો તે.

अनन्याश्चिंतयंतोमां ये जनाःपर्युपासते ॥
तेषांनित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहं ॥ અ. ૯–૨૨

ગીતાની બરાબર મધ્યનો એ શ્લોક છે. સ્વામિ રામતીર્થ કહે છે કે, આ એક શ્લોક કહેવાને માટેજ ભગવાન શ્રીકૃષ્ણે આવડી મોટી ગીતા કહી નાખી.

એ ગીતામાં ધૃતરાષ્ટ્ર, સંજય, અને અર્જુનની ઉક્તિના મળી ૧૨૫ શ્લોક છે; અને ૫૭૫ તત્વપૂર્ણ એવા શ્લોક શ્રી કૃષ્ણોક્ત છે.

ચરમ તત્વ અથવા પુરૂષોત્તમ ઉલ્લેખ નીચેના શ્લોકમાં છે.

અધ્યાય.	શ્લોક.	અધ્યાય.	શ્લોક.
૪	૫, ૬, ૧૪	૧૨	૬-૭
૫	૧૪-૧૫-૨૯	૧૩	૩-૨૩-૨૮-૩૨-૩૩
૬	૭-૧૪-૨૯-૩૧	૧૪	૩-૪-૧૯-૨૬-૨૭
૭	૪-૫-૬-૧૦-૧૩-૧૪-૧૬	૧૫	૭-૧૨-૧૫-૧૬-૧૯
૯	૩-૪-૧૧-૧૮-૧૯-૨૨-૨૪ ૨૬-૨૯-૩૨-૩૪	૧૬	૧૯
૧૦	૩-૪૨		
૧૧	૧૮-૨૦-૩૨-૩૩-૩૭-૩૯ ૪૦-૪૩-૫૩-૫૫	૧૮	૪૬-૫૪-૫૫-૫૬-૬૧-૬૨ ૬૫-૬૬

ગીતામાં અધિકારી ભેદથી કર્મ, જ્ઞાન, અને ભક્તિનું પ્રાધાન્ય ક્યાં ક્યાં પ્રભુએ કહ્યું છે તે વિશે સેહેજ ઇસારો નીચે બતાવાય છે.

कर्मण्येवाधिकारस्ते०
कर्मणैवहिसंसिद्धि०
नहिदेहभृताशक्यं,त्यक्तुं०
शरीरयात्रापिचते,न प्रसिध्येत०
વગેરે, વગેરે.

એ વચનોથી કર્મયોગનું પ્રાધાન્ય સ્પષ્ટરૂપથી પ્રતીત થાય છે, તે તેના અધિકારી માટે મંતવ્ય-કર્તવ્ય છે.

नहि ज्ञानेन सद्रशं, पवित्रमिह०
बहूनां जन्मनामंते, ज्ञानवान्मां०
वासुदेवःसर्वमिति,स महात्मा०
ज्ञांनंलब्ध्वापरांशांति० વગેરે.

એ વચનોથી જ્ઞાનનું પ્રાધાન્ય પ્રકટ થાય છે તે, તેના અધિકારી માટેજ છે.

इश्वरः सर्वभूतानां, हृद्देशे०
तमेव शरणं गच्छ, सर्व भावेन०
मन्मना भवमद्भक्तो०
सर्व धर्मान्परित्यज्य, मामेकं०
यइदं परमंगुह्यं, मद्भक्ते

એ વચનોથી સમજાય છે કે, ભક્તિયોગજ સહુથી પ્રધાન છે. એમાંજ ગીતાનું મુખ્ય તાત્પર્ય છે. તે ભક્તિના અધિકારી ભકતો માટે યથાર્થ છે. અધિકાર ભેદ પરત્વે સમાધાન કરી લેવું.

— ગીતા મહાત્મ્ય વિશે. —

गीताय्यास्तुलना: पैति कथनं शास्त्रं पवित्रंपरं ॥××

ગીતાની બરોબરી કરે એવું પવિત્ર બીજું કોઈ શાસ્ત્ર નથી.

बालकानां यथामाता तथा गीता हितावहा ॥ अमेध्य-हारिणी सद्य हृदयाऽमृतदायिनी ॥ १ ॥

બાળકોની જેમ માતા છે તે જેવી રીતે માતા છે, તેમ અજ્ઞાની જનોનું હિત કરનારી ગીતા છે. માતા છે તે બાળકનાં મળમૂત્ર ધોઇ કાઢી સ્વચ્છ રાખે છે, તેમ ગીતા છે તે દોષાદિથી તરત નિર્મળ કરે છે; પણ તે માતાની દ્રષ્ટિના વિષય આપણે થવું જોઇએ. પછી તે સ્તનપાન કરાવી હૃદયામૃત પાય છે, તેમ ગીતામાતા હૃદયગત બ્રહ્મવિદ્યા-રૂપ અમૃતપાન કરાવે છે. **अनुग्रह विद्यौदेव्या मात्रमहदंतरं ॥** ગીતાદેવી તો અનુગ્રહ કરી સંસારદુઃખથી મુક્ત કરી તારે છે, પણ માતા તો સંસારના સંસ્કારો ઘાલી સંસારમાં નાખે છે. અર્થાત્ બંધન કરે છે, અને ગીતામાતા તો બંધન તોડે છે.

सर्वशास्त्रमयी गीता सर्वदेवमयो हरिः ॥ सर्व तीर्थमयी गंगा सर्व वेदमयो मनुः ॥ १ ॥ गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्र संग्रहैः ॥ या स्वयं पद्मनाभस्य मुखपद्मात् विनिसृता ॥ २ ॥

ગીતાનુંજ ગાયન કરવું યોગ્ય છે; બીજાં શાસ્ત્રના સંગ્રહથી શું ! પદ્મનાભ પ્રભુનાં મુખ કમળથી તે નિકળી છે; અને ગંગા ચરણકમળથી નિકળી છે, તેથી ગંગાથી અધિક—જાદે છે, એ ગીતારૂપ ગંગાને અર-જુનરૂપ ભગિરથ લાવનાર છે. તેના ત્રણ પ્રવાહ છે. વેદાંત, સાંખ્ય, અને કર્મ; અથવા કર્મ, ઉપાસના, જ્ઞાન. તેની એકત્ર સ્થિતી—ત્રિવેણી સંગમ છે, તેમાં સ્નાન કરવાથી તત્કાળ મુક્તિ થાય છે.

अध्येष्यतेचय मं धर्म्यं संवादमावयोः ॥ ज्ञान यज्ञेन तेनाह मिष्टस्यामिति मेमतिः ॥ ॥

અંતઃશુદ્ધિ માટે ધર્મ કર્મ સહિત જ્ઞાન પ્રાપ્તિનું સાધન છે. **ज्ञानमेव यज्ञः ॥** જ્ઞાન છે તેજ યજ્ઞ છે. તે યજ્ઞથી મારી આરાધના સમજું છું. ફક્ત પાઠ કરનારા પણ (અંતઃશુદ્ધિ થઈ અર્થજ્ઞાન અનુભવદ્વારા) પાર પડે છે, તો અર્થ એટલે પરમાત્મા છે તે અર્થ જાણે તે તત્કાળ પાર પડે એમાં શંકાજ નથી. હું રૂપજ થઇ રહે છે. પાઠ કરવાને તેમજ અર્થ સમજવાને અસમર્થ હોય તો શ્રવણ કરે.

श्रद्धावान् अनसूयश्च शृणुयादपि यो नरः ॥ सोऽपिमुक्तः शुभान् लोकान् प्राप्नुयात् पुण्यकर्मणां ॥

તે શ્રદ્ધાથી અને ઇર્ષારહિતપણે શ્રવણ કરે તોપણ ઉત્તમ પુણ્ય-કર્મથી મળનારા લોકને પામે છે.

गीता गंगा च गायत्री गोविंदेति चतुर्थकं ॥ ગીતા, ગંગા, ગાયત્રી, ગોવિંદ, એ ચાર ગકારથી યુક્ત થાય તો **पुनर्जन्मो न विद्यते** પુનઃજન્મ નહીં થાય. પણ પાંચમો ગકાર જે ગર્વ છે તેને દૂર કરીને તે ચારને સેવવા જોઇએ, તો મૃત્યુથી મુક્ત થાય છે.

અર્થાત્ બ્રહ્માત્મૈક્ય સાક્ષાત્કાર થતાં તે અભેદ અમૃતરસનાં આસ્વાદનરૂપ દ્રઢ અપરોક્ષ અનુભવ થઇ શાશ્વતિ શન્તિની પ્રાપ્તિપૂર્વક જીવનમુક્તિનું સુખ ભોગવી પરબ્રહ્મસ્વરૂપમાં અભેદત્વે લીન થવારૂપ વિદેહમુક્ત થાય છે. ૐ **तत्सत् ॥**

(શ્રુતિ).-**ऊर्ध्वमूलोऽर्वाक् शाख ऐषोऽश्वत्थः सनातनः ॥**

(ગીતા. અ. ૧૫–૧) **ऊर्ध्वमूलमधः शाख मश्वत्थंप्राहुरव्ययं॥**

આ સંસારરૂપ અશ્વત્થ વૃક્ષ ઉર્ધ્વ–ઉંચાં મૂળવાળું, અર્વાક્ એટલે અધઃ (નિચી) શાખાવાળું, અને સનાતન છે. અર્થાત્-બ્રહ્મમૂળ છે. હિરણ્ય ગર્ભાદિક કાર્યોપાધિ રૂપ જીવ નિકૃષ્ટ શાખાઓ અનેક દિશામાં ફેલાયલી છે. તે મૂલરૂપ બ્રહ્મને શ્રુતિ અમર કહે છે. **तदेव शुक्रं तद् ब्रह्म तदेवामृतमुच्यते ॥** તેજ આત્મા છે, તે પ્રાણીમાત્રનું પોતાનું સ્વ સ્વરૂપ–સાચું હૂં છે. તેનો દ્રઢ અપક્ષરો કરી બ્રહ્માત્મૈક્ય

અનુભવી તત્સત્ શ્રી ભગવત્ સ્વરૂપ બન્યા રહેવું, એજ મનુષ્યનું અંતિમ -શ્રેષ્ઠતમ-શ્રેયસ્કર સુખરૂપ-અભય-શાશ્વતિ શાંતિ પ્રદ મુખ્ય કર્તવ્ય છે.

સર્વે સંકલ્પો શાંત થયેથી વાસના રહિત અને ભાવ શૂન્ય આકારમાં જે સ્થિત છે તે બ્રહ્મ છે.

સઘળું જગત અને હું બ્રહ્મ છું, એ ભાવને બ્રહ્માર્પણ કહે છે.

કર્મોના ફળ ત્યાગને સન્યાસ કહે છે.

સર્વ સંકલ્પ ત્યાગી નિઃસંકલ્પ બન્યા રહેવું, તેને અસંગ કહે છે.

દ્વૈત ભાવને ત્યાગીને, સર્વ પ્રકારની કામનાઓને ઈશ્વર ભાવથી જોવી, તે ઈશ્વિરાર્પણ કહેવાય છે.

દીર્ઘકાળના અભ્યાસથી પ્રૌઢ સ્વપ્ન તુલ્ય વાસનાનુંજ કારણ સંસાર ભ્રમ યુક્ત જણાય છે.

વાસના મોહ અને મૂર્ખતાથી ઉત્પન્ન થાય છે; અને અનાત્મામાં આત્મ ભાવના (જૂઠાંને સાચું માનવું), તેનું સ્વરૂપ છે. તે (વાસના) આત્મજ્ઞાન રૂપી મહા જ્ઞાનથી નષ્ટ થાય છે.

આપણાજ સંકલ્પથી જ્યારે આત્માનું સ્વરૂપ કલુષિત થઈ જાય છે ત્યારે તે વાસનામય આકારને જીવ કહે છે.

સંકલ્પના અભાવથી જ્ઞાનદ્વારા વાસનાથી મુક્ત એવા આત્માના સ્વરૂપ ને મોક્ષ કહે છે.

અભ્યાસથી જ્યારે હૃદયમાં સત્ય આત્મ જ્ઞાનરૂપ અગ્નિ પ્રજ્વલિત થાય છે ત્યારે વાસના બીજ દગ્ધ થવાથી પુનઃ અંકુરિત થતું નથી; ત્યારે જળમાં કમળ વત્ સુખ દુઃખથી તે નિર્લેપ રહે છે.

नैव धर्मी नचा धर्मी, नचैवहि शुभाशुभी ॥
यः स्यादेकासने लीन, स्तूर्ष्णी किंचिद चिंतयन् ॥

જ્ઞાનના પ્રતાપથી ધર્માધર્મના બખેડાને છોડીને, શુભાશુભના વિચારોને પણ તિલાંજલિ આપીને, જ્યારે તમે પોતાના બાહ્યેન્દ્રિયોના

વ્યાપારોને સર્વાત્મના રોકી દેશો, મનોવ્યાપારોને પણ બંધ કરી દેશો, અદ્વૈત બ્રહ્મમાં અધિકાધિક સ્થિત થતાં થતાં અંતમાં તેમાં લીન થઈ જશો–તેમાં પોતાનું અહંપણું સમાપ્ત કરી દેશો–અસંપ્રજ્ઞાત સમાધિમાં ડુબતા ડુબતા પોતાનાં નામરૂપને ખોઇ નાખીને અનંતમાં અનંતને મળવાનો મહોત્સવ જોઈ લેશો તો સમજાશે કે મુક્તિનાં પરમપદને પ્રાપ્ત કરનાર જ્ઞાનની પ્રાપ્તિ થઈ ચુકી છે. એ પરમપદ પ્રાપ્ત કરાવવામાં કર્મોનો લેશ માત્ર પણ ઉપયોગ નથી. એજ વાત ગીતામાં **सर्व धर्मान्परित्यज्य मामेकं शरणंव्रज** ॥થી કહી છે. સર્વ ધર્મોના અધિષ્ઠાતા–ફલદાતા એવા મ્હારેજ શરણે આવી જાવ.

અનંત જ્ઞાનઘન પરમ આનંદરૂપ પરમશિવ પૂર્ણ સ્વયંપ્રકાશ સિદ્ધ છે તેજ હવે તમે બની રહ્યા કહો, કે તમારે સ્થાને તે પ્રભુજ પ્રકાશી વિલસી રહ્યા કહો. પ્રથકપણાંમાંજ પીડા હતી. કંઇપણ નામ રૂપ કલ્પીને નવું–જુદું અહં મમત્વ ખડું કરવામાંજ કલેશ ભયાદિ હતાં. **द्वितीयाद्वै भयं भवति.** તે ગયું તો ભય ગયોજ.

ગેબી આયા ગેબસેં, બિચમેં લગાઇ એબ;
ઉલટ સમાયા ગેબમેં, મીટ ગઈ સબ એબ.

तस्यैवाहं ॥ મીઠું, તરંગ, ફેન, બુદબુદા, કોનાં? સમુદ્રના. તેમ, હું તે પ્રભુનો છું, એમ દાસભાવથી તે શ્રીહરિ ગુરૂનાજ બની રહી, અપાર–નિઃસીમ પ્રેમથી તે પ્રભુને તમારા કરી લો. **ममैवासौ** તે એવા કરી લો, કે તમારે સ્થાને તેજ, અથવા તેને સ્થાને તમે દેખાયા કરો. એવા તન્મય–તદ્રૂપ બની તે સદ્દગુરૂ પરમાત્માની કૃપા મેળવી નિર્વાસનિક બની, **वासुदेवः सर्वमिति** સર્વત્ર પ્રભુનેજ જોઇ લઈ તેમાં તમારૂં અહં મમત્વ સમર્પિ દઇ–સમૂળગા ખપી જઇ ગેબ થઈ જાવ. **तदेवाहं** તો તે પ્રભુજ અખંડ સિદ્ધ છેજ. તેજ તમે છો અથવા તમે તેજ છે. "**हंसः सोऽहं–सोऽहं हंसः**" ॥

અંતમાં શ્રીભગવાને પોતાનું હૃદય ખોલવી દઈ ઉંડાણુ પ્રદેશમાંનું ગુપ્તતમ રહસ્ય-વકતવ્ય કહી નાખી (પ્રભુશ્રી પોતે) વિરમ્યા. (ગીતા શાસ્ત્રની સમાપ્તિ કરી). અત્રે પણુ તેજ રીતે અલં-પૂર્ણ-બસ થયું સમજી વૃત્તિનો પ્રવાહ તે સદ્‌ગુરૂ પરમાત્મ તત્વરૂપ જ્ઞાન સમુદ્રમાં પ્રવેશી જતાં-તે પ્રભુનાં શરણુમાં જઈ પડતાં વાણી વિરામ પામે છે, તે સાથે લેખિની પણુ વિરમે છે. ॐ शांतिः शान्तिः शान्ति ॐ तत्सत् ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूणात्पूर्णमुदच्यते ॥
पूर्णास्यपूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शांतिः शांतिः शान्तिः ॥ ॐ नमः श्री ॐ ॥

જ્ઞાનસૂર્યનાં ચિન્મય કિરણુ.

જપયજ્ઞની શ્રેષ્ઠતા-અવિદ્યાવડે અવિદ્યા કાઢો.

તેલ, ઘી, દીવેલ, કચરો, ધુળ, વગેરે છે તે મેલ છે, અને સાબુ, સોડા, અળીઠાં, માટી, વગેરે છે તે પણુ મેલ છે. પરંતુ સાબુ સોડા મટોડી છે તે પેલા ચિકાસ કાળાસરૂપ મેલને કાપી નાખી વસ્ત્રને શુદ્ધ શ્વેત બનાવે છે. તેમ, શુભ કર્મ-સંધ્યા વંદન, દાન, ધર્મ, હોમ, જપ, તપ, દયા, પરોપકાર, અતિથી સત્કાર, સંત સાધુ ગુરૂ ઇશ્વરની પૂજા અર્ચાવંદનાદિ પુણ્ય કર્મો છે તે પણુ બધાંએ છે તો કર્મ, પરંતુ તે નાનાં મોટાં અનેક પાપ કર્મરૂપ મેલને કાપી નાખે છે. સકામ કર્મરૂપ મેલ છે તે સંસારને વધારે અને નિષ્કામ કર્મરૂપ મેલ છે તે ચિત્ત શુદ્ધિદ્વારા મોક્ષ આપી સંસાર દુઃખથી છોડવે છે.

કુતર્ક કરનારા કહે છે કે, મંત્ર બધા બારાખડીના અક્ષર છે, તેથી તેઓ શ્રદ્ધારહિત બની ઈષ્ટફલ પામતા નથી. જેનો શ્રદ્ધારૂપ પાયો મજબુત હોય તે, ચૌદ માળનો મેહેલ તે પાયા ઉપર ચણે-ઉઠાવે તો નીભી શકે છે.

अमंत्रमक्षरं नास्ति, नास्ति मूल मनौषधं।
अयोग्य पुरुषो नास्ति, योजक स्तत्र दुर्लभः॥

દરેક અક્ષર મંત્રવાળો છે. મંત્ર વગરનો કોઈ અક્ષર નથી. કોઈ પણ વૃક્ષ–વનસ્પતિનું મૂળ ઔષધ વગરનું નથી. કોઇપણ પુરૂષ અયોગ્ય (નાલાયક) નથી; પરંતુ યોજક તે તે ઠેકાણે વિવેકી હોવો જોઇએ–તે દુર્લભ છે. ત્યાં દ્રષ્ટાંત,—

એક મહંત–ગુરૂ હતા. તેમની પાસે જે કોઇ સંત સાધુ વગેરે યાત્રા કરતા–ફરતા આવતા જતા તે બધાની બરદાસ કરતા. જ્યાંસુધી રહેવું હોય ત્યાંસુધી સુખપૂર્વક રહેતા. જાય ત્યારે વાટ ખરચ માટે યોગ્યતા પ્રમાણે દ્રવ્ય તથા વસ્ત્રાદિ આપી વિદાય કરતા. એક દિવસે ચાર ધામની યાત્રા જવાનો વિચાર કરી તે ગુરૂ મહંતે પોતાના શિષ્યને કહ્યું કે, હું ચલાવું છું તેમ બધા સંતો આવે તેની સેવા કરજે. ખરચી (દ્રવ્ય) થઈ રહે–ખુટી પડે ત્યારે કલાઈ શેર ૧૦ લાવી અગ્નિ ઉપર મુકી, પછી તે પ્રવાહી થાય ત્યારે, આ બુટ્ટી છે તેમાંથી થોડી નાખજે. તેથી કલાઇના પરમાણુ બદલાઇ–ઉડી જઈ ચાંદીના થઈ જશે, તેનાથી નિર્વાહ ચલાવજે. એ રીતે કહી બધું મંદીર સોંપી ગુરૂ ગયા. દ્રવ્ય પુરૂં થયું ત્યારે શિષ્યે દસ શેર કલઇ લાવી, મૃત્તિકાની ઠીબમાં નાખી અગ્નિપર મુકી. પ્રવાહી બની ત્યારે પેલી બુટી નાખી, પણ ચાંદી બની નહીં. તે જોઇ શિષ્ય તર્ક કરે છે કે, ગુરૂ કંઇ કહેવાનું ભુલ્યા હશે, અથવા ખોટું કહ્યું હશે. પરંતુ અનેક તર્ક કરીને ગુનેગાર બને છે. ગુરૂ અસત્ય કહેજ નહીં, એમ વિચારી ખરચ નિભાવવા વાસણો વેચ્યાં, કોડડાં વેચ્યાં, અને ચલાવે છે. ચારેક વરસે ગુરૂ આવ્યા. જોયું કે આ બધું ઉજડ કેમ ? હકીકત જાણી. તરત તેજ કલઇ, તેજ વાસણ શિષ્યે લાવી હાજર કીધું. તે અગ્નિ ઉપર મુકાવ્યું, અને પ્રવાહી થતાં કહ્યું કે બુટ્ટી નાંખ. તેવો શિષ્યે હાથમાં લઈ ચત્તે હાથે બુટી નાખી તે જોઇને તમાચો માર્યો અને બોલ્યા કે, મૂર્ખ ! એમ નાખેથી દરિદ્ર આવે છે. પછી

ઉંધે હાથે બુટી નાખી. તરત ચાંદી થઇ. તેથી બધું પાછું હતું તેવું થઈ ખરચ સારી રીતે ચાલવા લાગ્યો. તાત્પર્ય કે, એવા ગુરૂ જેવા યોજક દુર્લભ છે. તેવા મળે તો અક્ષર માત્ર–સઘળા મંત્ર કેવી રીતે છે, કઈ વનસ્પતિનું મૂળ કયા વ્યાધિ મટાડવાને શી રીતે કામ આવે છે; એક પુરૂષને કલેકટરની ઓફીસમાં નીમ્યો. પછી દીવાની કોરટમાં નીમે, પછી ફોજદારીમાં નીમે, ત્યાં બધે કામ કરી શકે તે બતાવનાર–યોજક સારો હોય તો પુરૂષ લાયક–યોગ્ય છેજ.

બીજા યજ્ઞો કરે છે તેમાં ૧૬ રૂત્વિજ જોઇએ, અધ્વર્યું, યજમાન, વગેરેની જરૂર; પરંતુ જપયજ્ઞમાં તે કોઇ અને કાંઈ નથી જોઇતું. ફક્ત યજમાન એકલોજ બસ છે. એમ છતાં તે બીજા બધા યજ્ઞો કરતાં જપયજ્ઞ શ્રેષ્ઠ કહ્યો છે. **यज्ञानांजपयज्ञोस्मि ॥** એવો એ જપયજ્ઞ દિવસે રાત્રે સુતાં બેઠાં ગમે તે રીતે થઇ શકે છે.

એક બાદશાહ પાસે એક સામુદ્રિક જોનારો આવ્યો. હાથ જોયો, કપાળ વગેરે જોઇને બોલ્યો કે, કયાં તો તમે બાદશાહ નહીં હોવા જોઇએ, અગર કયાં તો મારૂં આ સામુદ્રિક ખોટું. પણ બાદશાહ તો તમે પ્રત્યક્ષ વિદ્યમાન છોજ, તેમ શાસ્ત્રને ખોટું કહી શકાય નહીં. પછી જીભ કઢાવી જોઈ તરત બોલ્યો કે, બસ બસ–બાદશાહ ખરા છો. જીભ ઉપર તલ છે, તેથી બધા દોષ હણાઈ ગયા. એક મોટા ગુણમાં નાના ગુણ સમાઈ જાય છે. તેમ, જપયજ્ઞ શ્રેષ્ઠ છે, એવા એ જપયજ્ઞમાં બીજા યજ્ઞ સમાઇ જાય છે.

એક રાજાએ બીજા રાજાનું રાજ લેવા યુક્તિ કરી એક પત્ર લખી મોકલ્યો કે, હમારે ત્યાં બધા કુવા કુંવારા છે, તેમ તમારા તરફ વાવ ઘણી છે તે કુંવારી છે માટે તે બધીને લઇને આવી લગ્ન કરી જાવ. અને બાજરીનાં ભુંસાનાં દસ હાથનાં દોરડાં તઈયાર કરાવી લાવજો. એ પ્રમાણે જો નહીં કરશો તો પછી શું કરવું તેનો વિચાર કરીશું. એ રીતે પત્ર લખી દૂત મોકલ્યો. તે એવા હેતુથી કે જો કોઈ મુત્સદ્દી

હશે તો તેનાં રાજમાં હાથ નહીં ઘલાય, અને નહિં હશે તો રાજ છીનવી લઇશું. દૂતે આવી પત્ર આપ્યો. દૂતને ખાવા પીવાનો બંદોબસ્ત કીધો. એકાંતમાં જઇ રાજાએ પત્ર વાંચ્યો. ગભરાઈ ઉઠયો કે, એ કેમ બને!! પછી પ્રધાનને બોલાવી પુછ્યું. તે મુત્સદી હતો, તે કહે, હઝુર! એમાં ગભરાવ છો શા માટે? જવાબ લખો કે, હુકમ પ્રમાણે તઈઆર છું. પણ હમારા હિંદુમાં રિવાજ છે તે મુજબ બધા કુવા–વરરાજાની જાન લઈ સુખે આવીને હમારી વાવોને પરણાવી લઈ જાવ. અને દોરડાં કેવાં પાતળાં જાડાં જોઇએ છે તેનો નમુનો ફકત એક હાથનો કકડો મોકલો તેવાં કરાવીએ. રાજા ખુશ થયો, પત્ર લખી દૂતને આપ્યો. બાદશાહ તે વાંચી થંડો પડી ગયો. અને વિચાર્યું કે, મુત્સદી છે ત્યાં હાથ નહીં ઘલાય. તાત્પર્ય કે, એવા યોજક દુર્લભ છે. એવા હોય તો બધું ઇષ્ટ થઈ શકે છે.

તારનાં દોરડાં–તાર બધે નાખેલાં છે. તેમ એક્સપ્રેસ (Express) તાકીદનો અને ઓર્ડિનરી (ordinary) સાધારણ તાર મુકાય છે. તેનું એક યંત્ર અહિં હોય છે અને બીજું જ્યાં તાર જવાનો હોય ત્યાં હોય છે. પરંતુ વગર દોરડાંના તાર થાય છે. તે અત્રે તમે કહો તે, જેને (wireless telegram) કહો તેજ ત્યાં સાંભળે છે. તેવાજ ભાવનામય તાર ઇશ્વરને પોંહોંચે છે. ઉત્તમ ભકતનો ભાવ–તાર પ્રભુને જલદી મળે છે. તેવુંજ આ જપ કરવાનું ફળ છે. માટે સાચી શ્રદ્ધાથી જપ કરવાનો છે. કોઈ સંત કહે છે કે.—

પડા રહે દરબારમેં, ધક્કા ધણીકા ખાય;
કબહુ લેહેર સમુદ્રકી, દુઃખ દારિદ્ર મિટ જાય.
ભજન કરો શ્રીરામનું, રીઝ કરો કે ખીજ;
ઉલટા સુલટા વાવીએ, જ્યું ખેતોમેં બીજ.

બીજ ઉલટું સુલટું ગમે તેમ વાવો, છતાં ઉગી નિકળે છે, તેમ, જપ–ભજન ગમે તો રીઝીને (ખુશ થઇને) કરો અગર ખીજવાઇને કરો, છતાં પણ ઉગશેજ–સફળ થશેજ.

પાત્ર જેવડું હોય તેવડું આકાશ તેમાં દેખાય છે. તેમ પ્રભુની કૃપા થશે તે પણ જેટલે અંશે—જેવડા તમે પાત્ર થશો તે પ્રમાણમાં થશે. મીઠા મેહેરામણ (સમુદ્ર)માં માછલી રહી છે તે છતાં તૃષાતુર છે. શા માટે ? મોઢું નથી ખોલતી તેથી.

કૃત વિદ્ય (એક વિદ્યામાં પારંગત), શુર, અને જેને સેવા કરતાં અધિક આવડે છે તે, **योविजानाति सेवनं ॥** શેઠને ખુશ રાખતાં આવડે છે તે—વખતસર તર્કશક્તિથી કામ બજાવનાર, એ ત્રણ યશ પામે છે.

"ડોસી અને સ્વાર સાથેજ"—એ દ્રષ્ટાંતમાં સ્વારની બુદ્ધિ બગડી, કે, રૂપીઆની પોટલી લઈ અશ્વ દોડાવી મુકશું. તેજ વખત ડોસીનાં મનમાં પણ સ્ફુર્યું કે; મારે કંઈ એને પોટલી આપવી નથી. મુવો ઘોડો દોડાવી મુકે તો હું કયાં દોડું. જ્યારે સ્વાર ધીમો પડી ચાલતાં ડોસી આવી તેની પાસે પોટલી માગી ત્યારે ડોસીએ ના કહી. તે વખતે સ્વારે ડોસીને પુછ્યું કે, માજી! તમને કોણે કહ્યું (મારો વિચાર)? ડોસી બોલી કે, જેણે તને કહ્યું તેણેજ મને પણ કહ્યું. તેમ, જેટલું આપણું મન પ્રભુ તરફ જાય તેટલું તેની કૃપાનું બળ આપણા તરફ આવેજ છે.

કેસર ચંદન કુમકુમા, ભરે કટોરા તીન;
અંગ રાગ લાગે નહીં, પરશે વિના પ્રવીન.

કેસર ચંદન કંકુના કટોરા ભરેલા હોય પણ અંગ ઉપર લગાડીએ નહીં તો તે ભરેલાજ રહે, તેથી શું અર્થ (લાભ) થયો ? !

બાળક "તાતા" બોલે છે, છતાં માતા તેને રોટલોજ આપે છે. તેમ, ગમે તે રીતે તમે જપો, પ્રભુ તો જાણેજ છે.—દ્રષ્ટાંત—એક વડ નીચે એક સુંદર સુવર્ણનું પાંજરૂં હતું તેમાં એક પક્ષી હતું. તે એક પંડિત બ્રાહ્મણે જોયું તો તેણે શ્વેત દીઠું અને સંસ્કૃત બોલતું હતું. એક આરબે જોયું તેણે કાળું દીઠું અને આરબી ભાષા બોલતું હતું. એજ રીતે પારસીએ, ચીનાએ, જાપાનીસે તે જોયું. તેમણે ભુરૂં પીળું

લીલું વગેરે જોયું અને તેઓનીજ ભાષા બોલે છે. તેથી તે બધા ભેગા થઈ વાત કરતાં લઢી મરવા લાગ્યા. એક કહે શ્વેત છે, ત્યાં બીજો કહે કાળું છે, ત્યાં ત્રીજો કહે ભુરું છે, વગેરે. એટલામાં એક સુજ્ઞ આવ્યો તે કહે, લડો નહીં, બધા ખરા છો. એ તો બહુરૂપી છે. એને બધું આવડે છે. તેમ, ઈશ્વર આપણી આપણી ભાવના પ્રમાણે અનેક રૂપો ધરીને અનેક ભાષા બોલે છે. ચેતનથી વિવર્ત થઈ માયા પરિણામ પામે છે. હૃદયરૂપ વેદીમાં જ્ઞાન અગ્નિ પ્રકટાવી રાગદ્વેષરૂપ સમીધની આહુતિ આપો.

બહોત ગઈ થોરી રહી. થોરીમેં ઘટ જાય;
થોરી રેનકે કારણે, બાજી મત ગુમાય.

એ એકજ વચન તો છે, પણ દરદીઓ જુદા જુદા હોવાથી અસર જુદી જુદી થાય છે. **स्वाध्यायो नित्य मध्ययितव्यः ॥** પાઠ પૂજા જપ તપ રોજ કરવું જોઇએ. તે બ્રહ્મયજ્ઞ છે. **यज्ञदान तपश्चैव पावनानि मनीषिणाम्** ॥ (ગીતા.) જપ યજ્ઞ, વિદ્યા અન્ન ધન વસ્ત્ર મધુર-પ્રીય વાણીથી સત્કાર કરવા વગેરેરૂપ દાન, ચિત્તની એકાગ્રતારૂપ તપ, એ ત્રણ છે તે મનુષ્યોની બુદ્ધિ ને શુદ્ધ-પવિત્ર કરનારાં છે તે નિત્ય કરતા રહેવાથી ગુરૂ ઈશ્વરની કૃપા થઇ આત્મતત્વનું જ્ઞાન થાય છે. પછી જ્ઞાન યજ્ઞ થતો રહેવાથી બ્રહ્માત્મૈક્ય સ્થિતિ પ્રાપ્ત થાય છે.

— સંતો કહે છે કે, —

શ્વાસોશ્વાસ સંભારતાં. એક દીન મીલહેં આઈ;
સમરણ પેંડા સ્હેજકા, સદ્દગુરૂદીઓ બતાઇ.

પ્રભુ સ્મરણ કરતાજ રહો તો દોરડાં વગરના તાર જેમ હજારો ગાઉ પોંહોંચી ખબર આપે છે તેમ સાચી શ્રદ્ધા યુકત પ્રેમ-ભકિતથી જે સ્મરણ કરાય છે તેનાથી પ્રભુને તાર મળી જાય છે. આપણે ઘણીવાર કહીએ છીએ કે, હમણાં મને કોઇ સંભારે છે. જ્યારે સાચા પ્રેમથી દૂર રહી સંભારનારની ભાવનાની અસર-તાર ધકકો દૂરના માણસનાં

મન પર થાય છે, તો સર્વત્ર વ્યાપક સર્વજ્ઞ પ્રભુને શુદ્ધ ભાવથી સ્મર્ણ કરનારની ભાવનાની અસર તે પ્રભુને થાય એમાં શંકાને અવકાશ નથી. માટે સંસાર તરફની બીજી બધી ઇચ્છારૂપ આંખો બંધ કરીને રોગ-વાળી આંખમાં દવા આંજશો તો તે સારી થશે. એક વખતે શેષ ભગવાનની એક આંખ દુખતી હતી તે વખતે અશ્વિનીકુમારે આવી શેષની આંખમાં નયનામૃત આંજવા છતાં આરામ ન થવાથી કાશીના એક સુપ્રસિદ્ધ વૈદની સલાહ પુછી આવીને અશ્વિનીકુમારે શેષની બાકીની બીજી બધી આંખો મીચાવી દઇને ફક્ત તે રોગવાળી આંખમાં નયનામૃત આંજ્યું તેજ વખતે સારી થઈ ગઈ હતી. તેમ, અનેક પ્રકારની ઇચ્છાઓરૂપ આંખો બંધ કરીને, પ્રભુપદ પ્રાપ્ત થવાનીજ એક ઇચ્છારૂપ આંખ ખોલી રાખી પ્રભુ સ્મર્ણ—જપ કરવારૂપ અમૃતાં-જન આંજશો તો ભવરોગ મટી જઇ દ્વૈત દર્શન થતું અટકી જઈ અદ્વૈત બ્રહ્માત્મૈકય દર્શન થવારૂપ પ્રભુપદ પ્રાપ્ત થશે. વૈરાગથી સંસા-રમાં મન જતું અટકે છે—બાંધ બંધાય છે. અને અભ્યાસથી નેહેર વાટે પ્રભુ તરફ મન ચાલતું રહે છે. માળાના મણકા આપણા તરફ-થીજ ફેરવાય છે તેનું શું કારણ? તે માળા કહે છે કે, જન્મ્યા ત્યારથી બહાર જોતા રહ્યા છો. નેત્રદ્વારા વૃત્તિ નિકળી બહારના પ્રાણી પદાર્થાદિ વિષયો તરફ દોડતા રહ્યા છો. તેમાં હાલ સુધી કશું શાશ્વત સારરૂપ દીઠું નહીં છતાં બહાર હજી શું જોઇ મોહી રહ્યા છો. હવે તો સમજી જાવ. પાછા ફરો, મન પ્રભુ તરફ ઉલટાવીને—અંતરમુખ કરીને (મને-માળાને) ફેરવતા રહો, તો હું સિદ્ધિપ્રદ થઇશ.

સારા અને નઠારા શબ્દની સારી અને નઠારી અસર થાય છે તે બધા જાણે છેજ. તેવી મંત્રની પણ અસર થાય છે. કષાય દોષ એટલે, ઘેરથી રાજાને, સાહેબને કે મહાપુરૂષને મળવા નિકળ્યા. ઘરથી તો છુટા પડયા. અહીં દરવાજે આવ્યા ત્યાં સીપાઇએ બાંધી રાખ્યા, અથવા રસ્તે નાચ નાટક તમાસો જોવામાં અગર બીજી કોઇ લાલચ લોભ મોહથી સપડાઈ અટકી ગયા. તેમ, માળા ફેરવતાં પ્રભુમાંજ

મન રાખી કોઇ વિઘ્નથી અટકી ન રહેતાં નિડરપણે સીધા એકાગ્ર બન્યા રહી પ્રભુ તરફજ વળ્યા જવાનું છોડી દઈ ભટકવા નિકળ્યું તો બહારના દૃશ્ય વિષયોમાં ગુંચવાઈ સપડાઇ પડે છે. એવું સ્મરણ નહિં થવું જોઇએ. રાગદ્વેષ રહિત હોવું તે કષાય રહિત કહેવાય છે.

એ રીતે જપ યજ્ઞ વિશે જ્ઞાન સૂર્યોદય મહાગ્રંથના પૂર્વાર્દ્ધ ભાગ ૧, ૨, ૩, પુષ્પમાળા, મહામણિમાલા, પૂર્વાર્ધ ઉત્તરાર્ધ મધ્ય સંધિ પ્રકાશ. ઉત્તરાર્ધ ભાગ ૧, માણિક્ય રત્ન મણિગણમાલા, બાળ શિક્ષણ, વૈશ્ય ધર્મ નિરૂપણ, શાન્તિ, સત્સુખ, વગેરે આ લેખક તરફથી પ્રસિદ્ધ થયલા ગ્રંથોમાં ભકિતયોગ વિશેનાં વ્યાખ્યાનાદિ પ્રસંગ પરત્વે ન્યૂનાધિક અંશે ઘણું કહેવાયલું હોવાથી એ વિષયના ઉપસંહારરૂપે અલ્પ વકતવ્ય કહીને એ વિશે વધુ લંબાણ નહિં કરતાં અટકવું ઉચિત ગણ્યું છે.

ઘઉં એકજ અન્ન–વસ્તુ છે, પણ કોઇ તેનાં અમૃતપાક, બરફી ચુરમું, લાડુ, ઘેબર, ખાજાં, બાટી, પુરી, રોટલી, દહીંથરાં, ફરસીપુરી, કંસાર, વગેરે સુંદર પકવાન્ન કરીને ખાય છે, ત્યારે કોઇ ઢેબરાં, ભાખરા, ઢોકળી, વગેરે કરીને ખાય છે. તેમ, આ મનુષ્ય શરીરરૂપ ઉત્તમ વસ્તુ મળી છે તેમાં સુજ્ઞજનો ભકિત, જ્ઞાન, વિવેક, વૈરાગ્ય, જપ, તપ, સંયમ, દાન. યજ્ઞ, યાગ, સ્નાન સંધ્યા, ધ્યાન, પરોપકાર, અતિથી સત્કાર સંત મહાત્મા માતા પિતા ગુરૂજનોની સેવા, વગેરે પુણ્ય કર્મો કરી પ્રભુપદ પામવા યત્ન કરે છે–આનંદનો ભોગવટો કરે છે. ત્યારે પામર અને વિષયી લોક સંસારનીજ વાતો કરી અનેક પ્રકારનાં તુચ્છ વિષયોનુંજ સેવન કરી, ચોરી વ્યભિચાર, દગા, કપટ વગેરે કરી અનેક દુઃખ સહન કરતા રહી જન્મ મરણ પામતાંજ રહે છે. સુવર્ણની થાળી મળી તો તે દેવ ગુરૂ સાધુ સંત મહાત્માને ભોજન કરાવવામા વાપરવાની છે ત્યારે તેમાં છાણ કાદવ કચરો ભરી રાખે છે, એનાથી બીજી મૂર્ખતા શી હોય ! ! ! તેમ, નરતનુરૂપ સુવર્ણ થાળ, જેમાં મોતી હીરા રૂપ ચિત્તવૃત્તિ શોભે છે, તેમાં હરિનામ સ્મર્ણરૂપ જપ તપ ધ્યાન ભકિત

જ્ઞાન વિવેક વૈરાગ્ય દયા ક્ષમા વગેરેના ઉત્તમ સંસ્કારો ભરવાના, અર્થાત હરિ ગુરૂ સંતનાં કામમાં વાપરવાની, તે છોડી દઇને જે લોક અહર્નિશ ખાનપાન વિષય વિલાસ દ્રવ્યલોભ વગેરેમાં મચ્યાજ રહે છે તેઓ પોતાને હાથે પોતાનો નાશ કરી રહ્યા છે. ગંગોત્રીથી પાણીભરી લાવી રામેશ્વરને ચઢાવવા યોગ્ય છતાં પગ ધોવામાં વાપરવા જેવું કરે છે. એક બાળક નીચે પરસાળમાં રમે છે. માતા માળપરથી જુવે છે કે, ભાઈ રમે છે, તો તેને ત્યાંજ ખેલવા દે છે. કાળજી કરતી નથી. પણ જ્યાં દાદર ઉપર ચઢવા લાગ્યું, અને એકાદ પગથિયું ચઢી બીજાં ઉપર પગ મુકવા શ્રમ કરી રહ્યું છે, એવું માતાની નજરે પડતાંજ તરત નીચે ઉતરી બાળકને ઉપાડી લઈ ઉપર—માળપર લઈ જાય છે. એવા વિચારથી કે રખે પડી જશે તો વાગશે અને રડશે. તેમ, પ્રભુરૂપ માતા છે તે, આ સંસારમાં ખેલતાં મનુષ્ય બાળકો નીચે રહીને વિષયોમાં રમ્યા કરે છે ત્યાંસુધી જોયા કરે છે. કાળજી કરવાની જરૂર જોતા નથી. પણ જ્યાં પ્રભુ—માતા પાસે જવાને સાધન સંપન્ન થવા માંડે છે, અર્થાત્ વિષયમાં રમત ગમત કરવી છોડી દઈ, વિવેક વૈરાગ્ય જપ તપ સત્સંગ વગેરે સાધનસંપન્ન થવારૂપ દાદરનાં પગથીઆં ઉપર ચઢવા માંડે છે કે પ્રભુ તેને સહાય અર્પી—હાથ આપી ઉપર લઈ લે છે—અભયપ્રદાન કરે છે.

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं व्यासेन ग्रथितां पुराण मुनिना मध्ये महा भारतम्। अद्वैतामृत वर्षिणीम् भगवति मष्टादशाध्यायिनीमंबत्वा मनु संदधामि भगवद्गीते भवद्वेषिणीम् ॥ १ ॥

ભલી, ભોલી ભાલી, ભાસ્કર સદ્રશ અજ્ઞાનાંધકારનો સમૂળ નાશ કરી—અત્યંતાભાવ પ્રતીત કરાવી સચ્ચિદાનંદઘન બ્રહ્માત્મૈકયતું ભાન કરાવી અપરોક્ષ જ્ઞાનરૂપ પ્રકાશ પાડી અભયપદે સ્થાપી શાશ્વતિ શાન્તિ પ્રદાયિની, પરમકૃપાળુ બ્રહ્મવિદ્યારૂપ શ્રીમદ્ ભગવદ્ગીતા માતા, પોતાનાં પ્રીયતર બાળક તરફ એટલી બધી પ્રેમપૂર્ણ હૃદયવાળી છે કે,—બાળક જેમ માતાનેજ "મારૂં બધું સુખ સંપત્તિ શાન્તિનું સાધન પરમેશ્વર

તુલ્ય સુખનો અખૂટ ભંડાર છે," એમ સમજે છે તેમ, શ્રદ્ધાયુક્ત પ્રેમપૂર્વક, ગીતામાતાજ મ્હારૂં સર્વસ્વ શ્રેયસ પ્રેયસ છે, એમ સમજી તેનો દ્રઢભાવ શુદ્ધ પ્રેમથી આશ્રય ઇચ્છે છે, તેવા જિજ્ઞાસુ બાળક (વ્યક્તિ ને એ પરમ દયાળુ માતા હાથ પકડી પોતા તરફ ચાલી આવવાનો રસ્તો સરળ સુખપ્રદ કરી આપે છે. પણ ક્યારે ? રમણિક રમકડાં, ખાવા પીવા જોવા વગેરેના દશ્ય પ્રાણી પદાર્થો વગેરે તમામનો મોહ છોડી દઈ–બધાં માયિક દ્રશ્યની ઉપેક્ષા કરી–કેસ મારી પીઠ પાછળ ફેંકી દઇ, એકી નજરે તીવ્ર મનોવેગથી જોતો રહે છે ત્યારે...તેમ, સ્ત્રી પુત્રાદિ ગૃહ ધન બાગ ગાડી ઘોડા રથ ખાનપાન મોજશોખ ગાન તાનાદિ વિષયો ઉપરની આસક્તિ (મોહ) ઉખેડી નાખી–ભુંસી નાખી–ખસેડી નાખી અથવા દૂર કરીને, એ માતા ભગવતિનું ભવ ભયનાશક દુગ્ધપાન કરવારૂપ અમૃત ચુંસવાનેજ ઉત્સુક બની મન વાણી શરીરથી પ્રેમ ભરેલી નજરે જોતો રહી, સમીપ જવાની–ગોદમાં ભરાઈ અભય આશ્રય લેવાની તીવ્ર ઇચ્છા–ભાવ, પોતાના અંતરગત હૃદયના ઉછાળા સાથે, મુખમુદ્રાથી પ્રદર્શિત કરી રહેલો હોય છે ત્યારે તેનો હાથ પકડી પાસે આવવાનો (સમીપ છતાં) અલ્પ રસ્તો પણ સરળ સુખદ કરી આપે છે. તે રીતે હંમેશાં પાઠ કરવાનો અભ્યાસ, અર્થ જાણવાનું પ્રયત્ન, રહસ્ય–ખૂબી–ગુપ્તરસ–ભાવ સમજવાનો ઉત્કંઠાથી પ્રયત્ન કરવારૂપ અલ્પાંશે પણ પુરૂષાર્થ કરાવી, તે માટે વળી ધન્યવાદ પણ તે જિજ્ઞાસુ બાળકને આપી ઝટ દઇને ફટ્ કરીને સટ્ સપાટે ઝડપથી ગોદમાં ઝડપી લઇ તરત અમૃતપાન કરાવી તૃપ્ત કરે છે.–અર્થાત્ બ્રહ્માત્મૈકય અપરોક્ષ કરાવી જ્ઞાનગિરિશ્રૃંગ ઉપર દિવ્ય સિંહાસનારૂઢ કરી અભયપદે સ્થાપી કૃતકૃત્ય કરે છે.–એવી હમારી પરમપૂજ્ય, પરમ કૃપા દયાપૂર્ણ, આત્મરૂપ, જ્ઞાનાનંદ પ્રવાહવાહિની (શ્રીમદ્ ભ. ગીતામાતા) બ્રહ્માનંદ અનંત સચ્ચિદાનંદઘન સ્વરૂપે અભેદત્વે સ્થાપી, કૃતકૃત્યતા અરપે છે, તે ભગવતિ ઇચ્છાશક્તિ–ચિતિદેવી શ્રીમદ્ભગવદ્ગીતામાતાને સવિનય સપ્રેમ અનન્યત્વે પુનઃ પુનઃ પ્રણામ અરપી વિરમું છું. ૐ નમઃ શ્રીમ્ ૐ નમઃ ૐ તત્સત્.

સ્વયં સિદ્ધ સદ્‌ગુરૂ પરમાત્માજ છે.—પદ.*

શ્રી હરિ જેમ રાખેરે, મ્હારે તો તેમ રેહેવૂં છે;
મનમાં સ્ફુરતું ડાબીરે, હરિરૂપ થઇને વેહેવૂં છે ॥ શ્રી હરિ જેમ રાખેરે.

આખો એકજ શ્રી હરિ સઘળે, ચિત્સુખ પૂર્ણ પ્રકાશે;
બીજો હું ત્યાં કયાંથી પેંઠો, સમજેથી સુખ થાશે—શ્રી હરિ જેમ.

બીજો કે ત્રીજો હું તું ત્યાં, શ્રી હરિમાં નહિં જડતે;
ભ્રાન્તી ભાંગે, કાન્તી વાધે, શાન્તીમાં જઈ પડતો. ॥ શ્રી હરિ જેમ.

ખોટો જુદો પરિચ્છિન્ન હૂં, હરિમાં હોમી દેતાં;
ચો અભેદ વ્યાપક વિષ્ણુ, સમજી સમજો કહેતાં. ॥ શ્રી હરિ જેમ.

સ્થુળ સુક્ષમ કારણ સઉ ત્હેનું, સ્વયં સિદ્ધ હરિ ખેલે;
માયાવીનો નાટક જબરો, વહ્યો જાય રંગ રેલે. ॥ શ્રી હરિ જેમ.

ભુલવણીમાં ભૂલ ન કરતો, તૂં કંઈ નહિં એ તે છે;
તૂં તેનો છે, તે આ હૂં છે, જે છે તે સઉ એ છે. ॥ શ્રી હરિ જેમ.

ભૂલે હૂં ભટકું નહિં હાવે, આંખ ઉઘાડી જોયું;
માણેક નામ રૂપ સઉ હરિનાં. ખોટૂં હું જ્યાં ખોયું. ॥ શ્રી હરિ જેમ.

ત્હારે ફાવે ત્યમ તું કરનેરે, મ્હારૂં તેમાં શૂં જાતૂં,
મ્હારૂં હું ત્હારામાંરે, મેં તો ચીર્યું હૂં ખાતૂં. ત્હારે ફાવે ત્યમ.

જીવત્વનાં હૂંનું ખાતું તો માંડી વળાયું રહેજે;
હરિનું હૂં આ ઝળકે સઘળે, ચિદાનંદ બની રહેજે. ત્હારે ફાવે ત્યમ.

મન પણ ત્હારૂં સ્ફુરણ કીરણ, થઈ થઇને સમિ જાજે;
અમનપણું પામો મન હરિમાં, બ્રહ્મ સ્વરૂપે થાજે. ત્હારે ફાવે ત્યમ.

મન વાણીથી પર પરમેશ્વર, સાક્ષી અસંગ સ્વામી;
માણેક અણુછતો શું કહેશે હવે, સમી ગયો શિરનામી. ત્હારે ફાવે ત્યમ.

---

* સંવત ૧૯૮૭ મહા શુકલ ૧૦ શુક્રવારે તા. ૨૯-૧-૩૧ સુરત.

ॐ श्रीं नमः ॥

ઇશાવાસ્ય ઉપનિષદના મંત્રો ઉપર પ્રવચન.

ईशावास्यमिदं सर्वं यत्किंचजगत्यां जगत्. ॥

શુકલ યજુર્વેદ અધ્યયન કરતા તેને "શુકલ યજુર્વેદ" એજ નામથી કહેતા; પણ તે લાંબુ નામ હોવાથી ફક્ત "શુકલ" કહેવા લાગ્યા. વાણીમાં મન ભરેલું હોય છે. બધા સ્વાધ્યાયવાળા હતા. જેમ, ગજવાંમાં એક દોઢીઉ પડેલું હોય તેથી કંઈ તે ધની–શ્રીમાન ન કહેવાય, તેમ એકાદ અધ્યયન કરે–બોલે તેથી કંઇ તેવા બધા વિદ્વાન હોઇ ન શકે. તે શુકલ યજુર્વેદ ૪૦ અધ્યાયનો છે. મુનિ યાજ્ઞવલ્કય એ યજુર્વેદ શાખા ૪૦ સૂર્ય પાસે ભણ્યા. તેમાં ચાળીસમો એક અધ્યાય છે તે ઇશાવાસ્ય ઉપનિષત્ છે. એ સંહિતા ભાગનું હોવાથી મંત્રોપનિષદ્ છે. છાંદોગ્ય ઉ૦ છે તે અરણ્યભાગનું બ્રાહ્મણ યજુર્વેદનું છે. ઇશાવાસ્યમાં પ્રથમજ ઈશ શબ્દ છે, તેથી ઇશોપનિષદ્ કહેવાયું. એ જુની–પ્રાચીન રીત છે. કેનોપનિષદમાં કેન શબ્દથી, પ્રારંભ છે. ઇશાવાસ્યમાં સન્યાસ (ત્યાગ) ભાગનું વિધાન છે. આગળ જતાં જે કરવું છે તેનું "શાન્તિ" એ સાધન છે. **शमः कारण मुच्यते** શેરડી લાંબી છે અને મુખ નાનું છે તેથી કટકા કરવા પડે છે ત્યારે ખવાય છે ને સ્વાદ આવે છે. તેમ આ મંત્રમાં પણ કરવું. **ईशावास्यं, इदं सर्वं यत्किंचित् जगत्यां जगत्** આ બે કટકા તેમાં **यत्किंचित्+जगत्यां जगत् इदं सर्वं ईशावास्यं** જગતિ શબ્દ નદી જેવો ચાલે. જગત શબ્દ જગત જેવો ચાલે. (**जगत्, जगति** વગેરે).

बिभेत्यल्पश्रुतोवेदा, तस्मात् बहुश्रुत शास्त्रंजानीयात् ॥

અલ્પશ્રુતથી વેદ બ્હીએ છે, તેથી શાસ્ત્રો સમજી બહુશ્રુત થવું. **गम्** ધાતુનો **जगत्** થાય છે. **जगाम जग्मुः** વગેરે થાય છે. **गच्छति इति जगत.** કાલે રહેવાનું નથી એવું તે જગત. જે કાંઇ આ દેખાય

છે-જે કાંઈ આ જગતમાં છે તે બધું જગત. **तत्सर्वं जगत क्षणे** ક્ષણે વિપરિણામશાલી છે. **चलंच गुण वृत्तं** સવારે છે-બપોરે-ઘડી પછી નહીં-ક્ષણ પરિણામી છે. **दृष्टं नष्ट स्वरूपं यत् किंचित् जगत्यां जगत् (दृश्यते) ॥ आनित्यमसुखं लोके ॥**

ઇશ્વરનું અજ્ઞાન તેજ આ જગતનું જ્ઞાન. એકાંતમાં, જ્યારે બ્રહ્મચર્ય પાળી તે પછી ગૃહસ્થાશ્રમ સેવીને વાનપ્રસ્થાશ્રમમાં જઈ, શ્રુતિ વિચારવા બેઠો ત્યારે, શ્રુતિ ઉપદેશે છે. **अज्ञानेनावृत्तं ज्ञानं तेनमुह्यंति जंतवः ॥** અજ્ઞાનથી પરબ્રહ્મ ઢંકાઈ ગયું. તેજ અજ્ઞાને આ જગતરૂપ ભાસ ખડો કીધો છે. જ્યાંસુધી જગત દેખાય ત્યાંસુધી બ્રહ્મ દેખાય નહીં. રજ્જુમાં (દોરડીમાં) સર્પ જેમ મિથ્યા ભાસે છે, તેવું બ્રહ્મમાં જગત ભાસે છે. અહો ! અજ્ઞાનનું કેટલું સામર્થ્ય-કેવું જબરૂં છે કે જેણે બ્રહ્મને ઢાંકી દીધો. સૂર્ય ઉગ્યો નથી ત્યાંસુધીજ અંધારૂં, પણ ઉગ્યો કે દુનીઆને પ્રકાશથી ઢાંકી નાખી. તેમ, જગતમાં જે કાંઈ પદાર્થો દેખાય છે તે બધાને ઢાંકી દેવા. શાથી ? જ્ઞાનથી. **वासुदेवः सर्वमिंद** એવાં જ્ઞાનથી ઢાંકી દેવા. અજ્ઞાને જેમ ઇશ્વરને (બ્રહ્મને) ઢાંક્યો તેમ તું ઇશ્વરથી એટલે જ્ઞાનથી એ જગતને ઢાંકી દે. જગત બધું બ્રહ્મરૂપ જાણ. **सर्वं खल्विदं ब्रह्म.**

દરીઓ અને તરંગનો જેવો સંબંધ છે તેવોજ બ્રહ્મ અને જગતનો છે. તે સમુદ્રમાંજ તે તરંગોનો ઉત્પત્તિ સ્થિતી લય છે. **तज्जलानिति ॥ शान्त उपासीत ॥** શાંતિથી ઉપાસના કરવી. એ બ્રાહ્મી સ્થિતી પ્રાપ્ત કરવા સાધન કહે છે-**तेन त्यक्तेन भुंजीथाः= तेन त्यागेन-सन्यासेन.** ભુજ ધાતુ પાલન રક્ષણમાં છે. **आत्मरक्षणं कुरु ॥ उद्धरेदात्मनात्मानं आत्मानं पालयथाः ॥**

आपदर्थे धनं रक्षेत् दारान् रक्षेत् धनैरपि ॥
आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि ॥ १ ॥

વળી એક કવિ કહે છે કે, **आत्मार्थे पृथिवीं त्यजेत् ॥ अर्थात्**

કલ્યાણ માટે પૃથ્વી ત્યજવી. તે ત્યાગથી તું લ્હારો ઉદ્ધાર કર. ફરીથી પાછી લાલચ થશે, તેથી શ્રુતિ કહે છે કે, **मागृधा** એટલે તું કોઈપણ પદાર્થની લાલચ કર નહિં. શ્રુતિ-**कस्यस्विद्धनं**=ધન કોનું? એવો પ્રશ્ન કરે છે. તે ઉપર વિચાર કરીને વિદ્વાનોએ ઠરાવ્યું કે, કોઇનું નહીં. પણ તે કેમ ફાવે?! ત્યારે, બધું ધન ભલે જાય, પણ શરીરરૂપ ધન સલામત છે તો પગડી બહોતેરી (શરીર સલામત છે તો પાઘડી ઘણીએ-બહુ મળશે.) બીજો માણસ ધન ગયાથી રડે છે, તેને કહે છે કે, આઠ દહાડે ક્ષૌર કરાવીને સાફ સુફ બનો છો તેમાં કેમ નથી રડતા?! તેમ, કચરો હતો તે ગયો. **निःस्पृहस्य तृणं जगत.** હવે શરીરરૂપ ધન છે તો તે કોનું છે? **अन्नं ब्रह्मेति विजानात् ॥** અન્નના પરમાણુથી શરીર બનેલું તેથી અન્નમય-અન્નનું શરીર; એમ કહીને શેઠ આવ્યા. ત્યાં તો માબાપ આવ્યાં. તે બોલ્યાં હમે ઉત્પન્ન નહિં કરેતે તો તું એમ કહે તે ખરો કે? માટે હમારો પુત્ર (હમારૂં છે). ભલે. તો તે થોડો હક તમારો પણ છે. શેઠે માતાએ બાપે હાથ ચોટલી પકડયાં છે. એ તાણાતાણમાં બળવાન રાજા આવ્યો, તે કહે, જેના હાથમાં તરવાર હોય તેનો છે (તેનું શરીર છે) છોડદો-ચલે જાવ. બળિષ્ટે પકડયો. છેવટે અગ્નિમાં પડશે, જળમાં જશે કે પૃથ્વીમાં દટાશે, કે પશુ પક્ષી ખાશે. કહો હવે, શરીર કોનું! કોઇનું નહિં. **नकस्य स्विद्धनं.** કોઇનું ધન નહીં. એ સર્વ ઈશ્વરે વસાવેલું છે. ગામ વસાવે તે લોકોને ખેતર જમીન ઘર આપે છે. તેમ ઇશ્વરે જે આપ્યું તેનું સેવન કર. બીજાનાં ધનની ઈચ્છા ન કર. પ્રભુજ સર્વ રૂપ છે તો **मर्म वाक्यमपिनो च्चरणीयं** કદી પણ મર્મ-કડવું વાક્ય કોઇને નહિં કહેવું.

ઈશાવાસ્ય મંત્ર ૨ (બીજો) વિશે.

પેહેલાજ મંત્રમાં જે પરમતત્વ કહેવાનું હતું તે કહી દીધું કે, જે છે તે પરબ્રહ્મ છે. જગતની સ્વતંત્ર સત્તા હોઈ શકતીજ નથી.

अव्यक्तादीनि भूतानि व्यक्त मध्यानि भारत ॥ अव्यक्त निधना न्येव तत्रैका परिदेवना ॥ (ગીતા.) ત્યાગ બહુ કઠણ છે, પણ તે બીજા કશાનો કરવાનો નથી. જે હોવાથી આ જગત સાચું માની લીધું, તેનોજ ત્યાગ કરવાનો છે. નિત્યમાં અનિત્ય અને અનિત્યમાં નિત્ય માનવું; અથવા અતસ્મિન્ સત્ય બુદ્ધિ: અથવા માયા એટલે અવિદ્યા છે ત્યાં કામના આવી, અને કામના આવી કે ત્યાં કર્મ આવ્યું. કર્મ થયાં કે જન્મ છેજ; અને પછી મર્ણ. પુન: જન્મ; એમ સંસૃતિ ચક્ર ચાલ્યું. એ દુ:ખરૂપજ છે. તેમાં વિષય રસનાં ક્ષણિક આસ્વાદનરૂપ સુખનો ચટકો લાગે તેમાં મોહ થયો કે વળ્યો. કામના અથવા ઇચ્છા ગઇ, તો કર્મ ગયું; અને અવિદ્યા જન્ય કર્મ જતાં જન્મ ગયો. ઇચ્છાઓ ઉઠે છે તે કોઇવાર સજાતીય અને કોઇવાર વિજાતીય ઉઠે છે. પાઠશાળામાં જવું છે, એવી ઇચ્છા ઉઠી કે પ્રાણસ્પંદ થયું; શરીર ઇંદ્રિયાદિમાં ગતિ આવી રસ્તે ચાલ્યા. પગલે પગલે તે ઇચ્છાનો પરિસ્પંદ આવતો હતો કે, મારે પાઠશાળામાં જવું છે. અવિદ્યા હોય તોજ કામના ઉઠે, અને ત્યારેજ કર્મ કરવા લાગે. દુ:ખો કેટલાં છે તે વિચાર કરતાં કરોડો લાગ્યાં. પરંતુ અધ્યાત્મ, અધિભૂત, અને અધિદૈવ, એ ત્રણમાં તે બધાં સમાયાં. "હું જીવું છું" એવી જબરદસ્ત ઇચ્છા, નદીના પ્રવાહવત્, લાગેલી છે. તે હોય ત્યારે હજારો ઇચ્છા ઉભી રહે. (જેમ વાજીંત્રમાં એક મોટો સુર ભૂઉંઉં ચાલે છે ત્યાર પછી ઢબનું ગાયન ચાલે છે, તેમ) તેને પ્રાણેષણા કહે છે. તે ઉત્પન્ન થતાં, જીવવું છે, એમ થાય છે. અગ્નિ સળગે નહીં એવી ઇચ્છા છે તે મૂર્ખાઇ છે. તેમ, સંયો-ગનો વિયોગ નક્કી છે એમ જાણ્યા છતાં જીવવાની ઇચ્છા છે તે મૂર્ખાઇ છે. તે પ્રાણેષણા એટલે જીવવાને માટે ધનેષણા ઉઠી. વૃદ્ધાવસ્થામાં તે બેહુ ઇચ્છા નરમ થવા લાગી. પુરાણીઓની કથામાં સાંભળ્યું કે, જવું તો પડશે પણ કંઇ તદ્દન જતા નથી. તેથી એમ થાય કે, જઇશું તો ખરા પણ પાછા આવશું ત્યાં સુધી આ બધું સાચવશે કોણ. માટે પુત્રેષણા વળગી. પરલોકેષણા વળગી. અવિદ્યાનો ત્યાગ થાય તોજ એ

કામના છુટે તેથી આ ત્રિવિધ દુઃખની નિવૃત્તિ માટે પ્રથમ સન્યાસ વિધાન કીધું. શ્રુતિ માતા તુલ્ય છે તેથી સત્યવાત કહે છે. પુત્ર કદાપિ કુપુત્ર થાય, પણ માતા છે તે કુમાતા નથી થતી. પોતાના પુત્રને નાટક જોવાનો છંદ સારો નથી માટે ન જવું, એમ કહી સમજાવ્યો, તેથી મોઢું કટાણું કરે છે. તેમ, ઈષિણા ત્યાગ કરવાનું કહે છે તેમ શ્રુતિમાતા કહે છે કે "જીવવાની ઈચ્છા ન કર"–એવું કંઈ મારૂં કહેવું નથી. ભલે, તું સો (૧૦૦) વર્ષ સુધી જીવતો રહે. પણ હું કહું તેટલું કરતો રહે, તો **शतं** એટલે સો (૧૦૦) તો શું, પણ અખૂટ–ઘણું આયુષ્ય આપું. ૧૦૦ને બદલે ૧૦૧. તે ૧ છે તે ક્રોડોનું થઇ બેસે. અર્થાત્ એષણા ન છુટતી હોય તો ફીકર નહીં. ઇદં–આ મર્ત્યલોક–(જે કર્મભૂમિ છે તેથી મોક્ષ સહિત જે ચાહે તે મળે, તે–)માં મનુષ્ય શરીર એજ બ્રહ્માંડ ઉભાં છે–લોકાંતરની રચના ઘટાવી છે. કટિ નીચેનો એક ભાગ કટી ઉપરથી કંઠ સુધીનો બીજો ભાગ, કંઠથી શિર સુધીનો ત્રીજો ભાગ છે એજ સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ, અને સત્વ, રજ, તમ, (ત્રણ ગુણ) ભરેલા છે. **ऊर्ध्वं सत्व विशालः** સ્વર્ગ સાત્વિક, વચલો રજો વિશાલઃ તે મુખ્ય છે. તેમાં ઈચ્છાનો પરિસ્પંદ વિશાલ, અને નીચલો ભાગ તામસ. વચલો કર્મનો હોવાથી કર્મ કરાવશેજ. પ્રકૃતિજ કરાવશે. એવી આ કર્મ ભૂમિમાં **कर्माणि कुर्वन्नेव**=કર્મ કરતોજ રહી–શાસ્ત્ર વિહિત વર્ણાશ્રમનાં કર્મ કરતો રહીને ૧૦૦ વર્ષ જીવવાની ઈચ્છા કરવી. તે વૈદિક કર્મ મુકિત તરફજ લઈ જશે. શાસ્ત્ર જાણ્યા છતાં ઈષિણાં–વ્યસન એકદમ છુટતું નથી તેથી એમ કહ્યું. વ્યસનીને વ્યસન નહિં આપીએ તો શુભ કામપણ નહિં કરી શકે; તેથી ક્રમે કરીને છોડાવી શકાય. તેથી જો જીવવાની ઈચ્છા હોય તો તે કર્મ કરતો છતો જીવ. અલંકારિક ઢબથી કહે છે, કે જો જીવવાની ઇચ્છા છુટતી ન હોય તો કર્મ કર. તે તને વૈરાગ્યદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી મુકત કરશે. (સમાઃ= વર્ષો. સો વર્ષ સુધી. એવો અર્થ થાય, પણ દ્વિતીઆ વિભકિત થાય. **मासमासिके** માસ માસ કરતાં–બાર વાર કહેતાં "સમા" એટલે વર્ષ

થાય). આવી રીતે ઉચિત કર્મ કરતો રહેશે તો જ્ઞાનદ્વારા મુક્ત થશે. આ અમૃત જેવી વાત છે. એથી વિરૂદ્ધ જે જે હશે તે વિષ છે. **एवंत्वयि इतः अन्यथा नास्ति ॥** પછી તને, તે કર્મ નહિં પણ, બ્રહ્મજ લાગશે. છોકરૂં કહે કે, ઓસડ નહિં પીઉં. માતા કહે, હા, મા, ઠીક, નહિં પીતો હોં. પણ શરબત તો પીશે કે ની? હા. સરબત પી જઈશ. માતાએ ઓસડની ગોળી વાટી નાખી. શ્રુતિઉક્ત કર્મ તેવી રીતનાં છે. કર્મથી થતાં જે દુઃખો છે તે તેમાં નથી. સ્વરૂપનું આવર્ણ કરે તે લેપ કહેવાય છે. બીજાં કર્મ કરવાથી લેપ થશે. અને મેં કહેલાં કર્મ કરવાથી તે લેપ છુટી તુટી ઉખડી જશે. **न कर्म लिप्यते नरे.**

एतान्यपितु कर्माणि संगंत्यक्त्वा धनंजय (ગીતા) જાણીને કર્મ કરે તો છુટે. કર્મ કાંઈ કરી શકતું નથી; આસક્તિ છે તેજ બંધનની હેતુ છે. કામના પૂર્ણ કરવાને સકામકર્મ કરે છે તેથી શ્રુતિ તે સકામતા છોડાવે છે—આસક્તિ છોડવા કહે છે.

એક મહાશયને ઓપરેશન (Operation) કરવાથી હૉસ્પિટાલમાં રાખ્યા. ત્યાંની વ્યવસ્થા (Management) બહુ પ્રશંસનીય જોઈ વિકાર ન ઉપજે માટે વૃદ્ધ સ્ત્રીઓ—નર્સ (Nurse) રાખેલી. (નર્સ, એટલે **तत्र न रसः** એક **વિનોદ** છે). દાક્તર આવી તપાસે. દરદીની જગે ચીઠી મારી જાય (જેને જેમ સારવાર કરવી ઘટે તેમ કરવાને માટે). પેલા ભાઇને માટે પોસદોડાનો સેક કરવાની ચીઠી હતી તે એક સ્ત્રીએ આવી જોઈ. તેણે તે મંગાવી સેક શરૂ કીધો. પેલો બુમ પાડે છે કે, ઓ ઓરે—દાઝે છે. ત્યાં પેલી કહે છે કે, ચૂપ. પછી ધીમેથી સમજાવી કામ કરે છે. ચીઠી મુજબ ઉનનું કપડું બાંધી સુવાડે છે. એવો સુંદર કર્મમાર્ગ છે કે, જાણી સમજીને કરીશું તો લિપ્ત નહી થશું. **नरे कर्म न लिप्यते ॥** અવિદ્યામાં ફસાવશે નહીં—ત્રિવિધ દુઃખમાંથી છોડાવશે. પ્રથમના મંત્રમાં એષણાનો ત્યાગ થયો હોય તેવા સંન્યાસીનું વિધાન કીધું. બીજામાં કર્મમુક્તિ, એટલે એષણા ત્યાગ

નહિં થયો હોય તો કર્મ કરવાનું કહ્યું. ઇચ્છાને મારવાના રસ્તા બે છે. લાડવા ખાવાની ઇચ્છા થઇ તો લાડવા ખાઇને ઇચ્છાને મારવી, એ આપણી રીત. પરંતુ એ કામની નહિં. તેં અનેક જન્મોમાં એવી અનેક ઇચ્છાઓ કરેલી. પુત્રની, સ્ત્રીની, સારાં ખાવાનાં વગેરેની કરેલી ઇચ્છા પ્રમાણે ફળ પણ મળેલાં; તે નશ્વર હોવાથી ગયાં. હજારો લાખો જન્મોમાં ઇચ્છા કરી, તે મળ્યું, અને ગયું; પણ વિસ્મૃતિ થઈ. માટે નિષ્કામકર્મ કરવું. જાણીને કરવું તે પણ દુઃખદાયક તો છેજ, પણ નિષ્કામ કરવું. બધાં દુઃખ દૂર કરવાની ઇચ્છા હોય તો એટલું (નિષ્કામ કર્મ) તો કરવુંજ પડે. **स्वे स्वे कर्मणि अभिरतः संसिद्धिं लभते नरः ॥** (ગીતા).

પેહેલા મંત્રમાં નિવૃત્તિ માર્ગ અને બીજામાં પ્રવૃતિ માર્ગ કહ્યો. ઇશાવાસ્ય ઉપનિષદમાં મુખ્ય કહેવાનું તે આ બે મંત્રજ. ટૂંકામાં એ ઉપનિષત્ ખલાસ. એ પ્રવિત્તિ માર્ગ પણ નિવૃત્તિ માર્ગેજ લઈ જઇ મુકશે. ત્રીજાથી આગળના બધા મંત્રો છે તે એ બે મંત્રોની ટીકાજ છે. વૈદિક કર્મમાર્ગની યોગ્યતા, **न कर्म लिप्यते नरे**, એમ કહી ને, જણાવી. પુત્ર થયો; જનોઇ દીધું તેમાં, પોતે લક્ષાધિપતિ છતાં, ગરીબ માસી પાસે ભિક્ષા મગાવી; કારણ કે, ભાઇ! હમણાં તું શ્રીમંત નથી. એમ છોડાવવાની યુક્તિ છે. પછી પરણ્યો. તેને પુત્ર થયો. પિતા વાનપ્રસ્થાશ્રમમાં ગયો–એકાંતે હરિ ભજન કરવા ગયો. પછી એજ રીતે પુત્રે પણ તેમ થતાં તેમ કીધું–છોડયું,

ઇશાવાસ્ય મંત્ર ૩.

असूर्या नामते लोका अंधेनतमसावृता॰ આ ઉપનિષદમાં પ્રથમના મંત્રમાં (**इशावास्यमिदंसर्वं**) માં સ્વ સિદ્ધાંત જણાવે છે, કે જે કંઇ આ છે તે આત્માજ છે. પણ એવું તને રહેતાં ન આવડે – એ સ્થિતીએ ન રહેવાય, અને જીવવાની ઈચ્છા હોય–પ્રાણેષણા હોય તો, નિત્ય નૈમિત્તિક કર્મ કરતો જા. શ્રુતિઓ મુમુક્ષુઓપર છે, તે જુક્ષમ

તો કરે નહીં, અને કર્યા વિના તો રહે નહીં. યાવત્ આયુ પરમેશ્વરાર્પણ બુદ્ધિથી નિષ્કામ કર્મ કર. એક સન્યાસમાર્ગ અથવા નિવૃત્તિમાર્ગ જણાવ્યો. તેમાં અશક્ત હોય તેવાને માટે બીજો પ્રવૃતિમાર્ગ જણાવ્યો. એષણા ત્રયનો સન્યાસ ન બને તો એ રસ્તો છે. બે રસ્તાના ફાંટા છે તેમાં નિવૃત્તિમાર્ગે જવા લાગ્યો ત્યાં સીપાઈ બેઠા છે તેણે ત્રણ એષણા ત્યાગ્યાનો દાખલો માગ્યો. ત્યાં કહ્યું કે, નથી. ત્યારે બીજો રસ્તો દેખાડયો. તે નિષ્કામ કર્મનોજ માર્ગ; કે જે છેવટે પેલા નિવૃત્તિમાર્ગમાંજ મળી જાય છે. તે માર્ગે કોઇપણ સીપાઇ–પ્રત્યવાય કે અટકાવ નથી. તે બેહુ રસ્તા મળે છે એક જગે. નિષ્કામ કર્મમાર્ગે ચાલ્યા જતાં–નિષ્કામ કર્મ કરતાં નિવૃત્તિમાર્ગેજ પડી જવાય છે. **व्यवसायात्मिका बुद्धिरेकेह कुरु नंदन** પછી કહ્યું કે, **बहु शाखाह्यनंताश्च बुद्धयो व्यवसायिनां** ॥ બહુ દોઢ ડાહ્યા–સ્ત્રી પુત્ર ધન વગેરેમાં આસક્ત છે તેવા લોક ઘાંચીના બળદની માફક રવડયા કરે છે તેથી જ્યાં જાય ત્યાં અંધ. તેથી શ્રુતિ કહે છે કે, ભાઇ! આમ ચાલ, આમ ચાલ. બે રસ્તા જે કહેવાના તે શ્રુતિએ કહ્યા. હવે તે કહેલા રસ્તાનું વિવરણ કરે છે. તે સ્તુતિ કરે કે વિરૂદ્ધ માર્ગની નિંદા કરે. કામક્રોધાદિ શત્રુએ ઝુંડો ઉપાડયો કે હમે એને એ માર્ગે નહિં જવા દઇશું. તેથી તેની સાથે યુદ્ધ કરી તે શત્રુને જેણે જીત્યા નહિં તે રવડયા કરે છે. હાથમાં ધનુષ્યબાણ છે. વાઘ આવે તેને મારતાં નથી આવડતું. ધનુષ્યની દોરી જરા ખેંચવાની છે, છતાં બનતું નથી **एतद्बुध्वा बुद्धिमान् स्यात् कृत कृत्यस्य भारत.** ॥ એમાં કહેવાનું કહી દીધું. આખી ગીતામાં દૈવી સંપત્તિનું વર્ણન છે, પણ સોળમા અધ્યાયમાં જો કે દૈવીનું વર્ણન છે, તે પછી આસુરીને જણાવી છે. તેમાં આસુરી સંપત્તિનાં પ્રાણીમાં પેહેલું લક્ષણ, જે કે શ્લોકમાં છેલ્લું છે, તે છે, એક બે ત્રણ ચાર એમ ગણીને દસ રૂપીઆની ચોડ મુકીએ; પણ પાછા ઉપાડતી વખતે પ્રથમનો રૂપીઓ તે દશમો–છેલ્લો આવે છે, તેમ **ये शास्त्रविधि मुत्सृज्य वर्तते** શ્રંગીરૂષિની ઉપમા પથરા જેવીજ, સ્થિતપ્રજ્ઞ છે તેથી.

પાલખીમાં બેસાડયાતો પણ એક સરખા તેવાજ. **दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ॥** અને આસુરી સંપત્તિવાળા શાસ્ત્રવિધિ છોડીને પણ બેસી નથી રહેતા. ત્યારે શું કરે છે ? **वर्तते काम कारतः ॥** કામનાની લાઠી પકડીને કામક્રોધાદિને આગળ કરી ચાલે છે. પાપ પુણ્ય સરખાં આવે ત્યારે નર દેહ આવે છે. પછી તેમાં પુન્યનો વધારો કરતા નથી. શાસ્ત્ર શીખે સાંભળે તો વિધિ સમજે ને. તેવાને સિદ્ધિ, સુખ, ને પરાંગતિ ન મળે. **नससिद्धि मवाप्नोति नसुखं नपरांगतिः** તે તો કેવા છે કે, **अहंकारं बलं दर्पं कामं क्रोधंच संश्रिताः ॥** અહંકાર બલ દર્પ કામક્રોધાદિ જેણે સલાહકાર–કાઉન્સેલર્સ રાખ્યા છે. તેને આધીન થઈ જન્મ ગાળનારા છે. તેઓને "હું કોણ" એનો વિચારજ નહિ; તેઓ જો કાંઈ ઉપાસના કરતા હોય તો પ્રાણની. તેમાં ઇંદ્રિયો દેહ બધું આવ્યું. કેમકે પ્રાણથીજ દેહ ઇંદ્રિયો બધાં છે. તેથીજ ઇંદ્રીઓને પણ પ્રાણ કહે છે. એવા લોકો નથી જતા નિવૃત્તિમાર્ગે કે નથી જતા પ્રવૃત્તિમાર્ગે, તેવાની નિંદા છે. મનમાંજ કામ છે. તે મન માંજ ધારણા ધ્યાન સમાધિદ્વારા રામને બેસાડવા છે. કામના ઉઠે તે રામરૂપજ હોવી જોઇએ. **तस्मात् शास्त्रं प्रमाणंते कार्याकार्य व्यवस्थितौ ॥** તે જાણીને કર્મ કર. **क्षिपाम्यजस्त्रमशुभा नासुरीं०×** સમાવૃતા છે તે નરકમાં પડે છે, તેમ, અહીં લખે છે કે, **असूर्या नामते लोका०** જે કોઈ આત્મઘાત કરનારાં પ્રાણીઓ (એટલે કુવામાં પડીને કે નદીમાં પડીને નહિ) છે (આત્મા જેવો મહાન્ છે તેવો અર્થ કરવો) તેને **लोके पूज्यस्य देववत् ॥** એવી આપણી યોગ્યતા ખબર નથી. તેઓ પોતાના આત્માની ઉન્નતિ માટે વર્ણાશ્રમ ધર્મને વંશ નહિં થતાં પાપ વધારી મુકે છે તેવા લોક; મોજ મઝામાં પડી સડ્યા કરનારા છે તે. વડવા–ઘોડીના જઠર જેવા વડવાનલ ઘોડા બનીને ખાયાજ કરે છે. તેઓ ભેંસ થાય, પાડા થાય તો પણ તેવાને તેવાજ. કાંઇ દૈવવશાત્ કોઇ સદાચારી સાધુજનને ત્યાં આવે–ઘોડો બને, તે કીર્તન ભજનની ધુનતાનથી ચઢતો જાય. ગીતા અધ્યાય ૧૬ માં આસુરી સંપત્તિ છે

તેવા જેઓ છે તેઓ, **एके च आत्महनो जनाः** એવા લોક **आसुरीष्वेय योनिषु अंधेन तमसावृता** આસુરી યોનિમાં જાય છે. (એવી યોનિ–લોક છે તેમાં જાય છે.) તમોગુણ–તમસા–અવિદ્યા એ આચ્છાદિત કરેલા. તે અંધારૂં તે કેવું કે જે આપણુને આંધળું બનાવે. અંધારૂં જાતે આંધળું નથી હોતું. તે જ્ઞાનચક્ષુને લિપ્ત કરી દે, અર્થાત્ સદસત્ વિવેકરૂપ નેત્રો બંધ કરી દે. એવા લોક–શરીર તેને અસૂર્ય કહે છે. જે સુર–દેવ નહીં તે અસુર–રાક્ષસ. પ્રથમ સુ=આત્મ તત્વ ફક્ત હતું. **असु**=પ્રાણ. તે પ્રાણ આવતાં દેહાત્મ બુદ્ધિથી વિષયાસક્ત બની પ્રાણ પોષકજ થયા. એવા જે આત્મઘાતી તેજ અસુર છે. તેઓ મુવા પછી તેવીજ યોનિમાં જાય છે કે જેમાં અંધારૂંજ છે.

ઇશાવાસ્ય ઉપનિષદ મંત્ર ૪–૫ વિશે.

अनेजदेकं० તે પર બ્રહ્મનું વર્ણન શ્રુતિ સ્મૃતિદ્વારા સાંભળવું, અને અનુભવદ્વારા ધ્યાનમાં લેવું. એ મંત્રમાં વિરોધાભાસ અલંકાર છે. વિરોધનો કંઈ ભાસ થયો હોય તેમ. પેટમાં શૂળ-ઉદર શૂળ, મસ્તક શૂળ છતાં તમને રોગ નહીં–**अपिशूलधरो निरामयः ॥** હે શંકર! તમો શૂળ–ત્રિશૂળ ધારણ કરનાર છતાં તમને રોગ નહિં–નિરામય છો. વળિ **समदृष्टि र्विषमेक्षणो पिसन्** અર્થાત્, હમને બધાને બે આંખ છે, અને તમને ત્રણ આંખ છે છતાં સમદ્રષ્ટિ છો. **अनेजत्=एजति** =કાંપતું હોય તેવું. અનેજત્=નિષ્કંપ અથવા કોઈ જાતનો વિકાર જેમાં નથી એવું બ્રહ્મ અકંપ–અચલ છે. **कुटस्थमचलंध्रुवं** જેના ઉપર અનેક મંત્રો ફરતા રહે છતાં તેમાં વિકાર નથી થતો. બાલ્યાવસ્થામાં, યુવાનીમાં, વૃદ્ધામાં, અને તે પૂર્વે પણ તેજ હતો, તેનો તેજ તેવો કાયમ છે. સુવર્ણના મેરૂનું જે વર્ણન છે તેજ સુનાની વીંટીનું વર્ણન છે. **ममैवांशो जीवलोके.** તેમ, પરબ્રહ્મનું વર્ણન છે તેજ આત્માનું છે (તેજ છે). **जवीयस्**=અત્યંત વેગવાળું છે. **तन्मे मनः स्वसंकल्पमस्तु यज्ज्योतिषां ज्योतिरेकं०** શુકલ યજુર્વેદમાં મનનું વર્ણન છે.

સંકલ્પ સારા ઉઠે તો ઠીક–પ્રભુ પ્રેરિત બુદ્ધિ હોય તો સન્માર્ગે જાય. "એક" શબ્દ પણ જ્યાં સહન થતો નથી. "બે" આવ્યા ત્યારે એક (૧) કહેવું પડ્યું. શ્રુતિ આપણા જેવી થઇ બોલે છે. મન એક નિમેષમાં બ્રહ્મ લોક સુધી જઇ આવે એવું વેગવાળું છે તેના કરતાં પણ અતિવેગવાળું બ્રહ્મ છે. અવિરોધાભાસ–વિરોધીઓનો પણ અવિરોધ કરી દે. **नएनत् देवाः आप्नुवन्**=દેવોનાં ધ્યાનમાં કંઇ એ બ્રહ્મ આવ્યું નહીં. લગાર કોઇ તપ કરવા માંડે કે અપ્સરા મોકલી દે; રખે કોઇ ઇંદ્રપદ લઇ લે. પણ જો તે અપ્સરા વગેરેની મોહજાળમાં ફસાય નહીં –ચલિત ન થાય ત્યારે ઇંદ્રદેવ જાતે બ્રાહ્મણ બનીને આવે અને પુછે તેને સ્પષ્ટ કહી દે, કે હું તો બ્રહ્મ પ્રાપ્તિ માટે તપ કરૂં છું. ત્યારે ખુશી થઈ નમસ્કાર કરે અને કહેતા જાય કે ખૂબ જીવો. તમને હમે હેરાન કરીશું નહીં. વિઘ્ન કરશું નહીં. દેવો જે કંઇ વિઘ્ન–હરકત કરે તે વિષયાસકતનેજ કરે છે આપણે દેવોજ છીએ. **चंद्रमा मेमन स्सिस्थतः** ચંદ્રમા મારાં મનમાં રહેલા છે. આ શરીર દેવોનુંજ મંદિર છે. લલાટે ચંદન કરવું તે બ્રહ્માની પૂજા છે. છાતી હાથ પગ વગેરે બધે દેવો છે. **देवाः चक्षुरादयः** ॥ મરવા પહેલાં દેવો પોતાનો અનુગ્રહ બંધ પાડે–વાણી વગેરે બધી ઇંદ્રીઓ ઢીલી થઇ જાય. ઇંદ્રીઓની અંદર દેવો છે, અને ઇંદ્રીની આગળ ગોલક છે. દરેક ઇંદ્રીઓને કરવાનાં કામ નિયત કરી સોંપી દીધાં. આખને જોવાનું કામ સોંપ્યું. કાનને સાંભળવાનું કામ સોંપ્યું. કાનથી જોવાનું કામ નથી બનતું. વગેરે. તો જે બ્રહ્મ અસ્પર્શી અરૂપ હોય ત્યાં દેવતા શી રીતે જઇ શકે! બ્રહ્મ જેવું અને જતૂ–નિશ્ચળ છે તેવુંજ નિશ્ચળ દીપવત્ તદ્દાકાર ચિત્ત થઇ જાય. તે બ્રહ્મ, દેવને કેમ ન મળ્યું? **पूर्वं अर्षत्** પૂર્વેજ ત્યાં પ્હોચેલું છે. રૂપરસ ગંધાદિમાં તે બ્રહ્મ છે, પણ તે બ્રહ્મ કંઈ રૂપ રસાદિ નથી. તેના શિવાય જે જે દેખાય છે તે બધું દોડતુંજ છે. પૃથ્વી જળ તેજ વાયુ ગંગા બધાં દોડે છે, દ્રષ્ટાંત દેવા માટે આકાશ રાખ્યું. તે દોડતું નથી. **आकाशवत् सर्वगतश्चनित्यं** ॥

દોડવા માટે તો તેને મુકીને આગળ જઈ બેઠેલુંજ હોય, પરંતુ ખરી રીતે તો સ્થિરજ છે. **तद्धावतोऽन्यान् अत्येति तिष्ठन् तस्मिन् अपो मातरिश्वा दधाति ॥** પવનની માતા આકાશ. આકાશનાં પેટમાંથી પવન નિકળે છે. **आकाशेश्वयति गतिं प्राप्नोति ॥ यथाकाश स्थितो नित्यं वायुः सर्वत्र गो महान् ॥ मातरिश्वयति–वर्धति** તે માતરિશ્વા. અહિં પ્રાણવાયુ લેવાનો છે. પ્રાણ છે તોજ ચક્ષુ શ્રોત્રાદિ બધાં કામ કરી રહ્યાં છે. પ્રાણજ માતા છે–પિતા છે. શરીરમાં પ્રાણજ મુખ્ય છે. તેથીજ **अपः कर्म** થાય છે–બોલીએ ચાલીએ વગેરે કર્મ થાય છે. બુદ્ધિમાન હોય તેણે ધનિકને, અને ધનિકે બુદ્ધિમાનને અનુકુળ રહેવું પડે તો પુષ્કળ કમાણિ થાય. ધનિકના જીવપર બધું કારખાનું ચાલ્યું. અર્થાત્ આત્માની સત્તાથી આ બધું આડંબર ચાલ્યું છે. ત્યાં પ્રાણ બધી ખટપટ કરી રહ્યો છે. તે આત્મા છે તેથી તો **(तस्मिन् सति)** પ્રાણ કર્મ કરી રહ્યો છે.

પ્રાણ બધો બહાર ભર્યો છે.–સૂત્રાત્મા, તે મોટો પ્રાણ છે, તેજ આ ઘટમાં આવ્યો. **घटे भग्ने आकाशं कुत्र वा गच्छेत्** ઘટ ભાંગ્યો કે આકાશ ક્યાં જવાનું ? ! ! **तदेजति**=તે બ્રહ્મ કંપાયમાન થાય છે, તે કંપાયમાન થતું નથી; તે બહુ છેટે છે, તે બહુ પાસે છે. એ વિરોધાભાસ અલંકાર. પહાડ છે તે અચળ–સ્થાવર; આપણે બધાં જંગમ, તે બેહુ તેજ છે. સિંહ પર્વતપર ચાલે છે. જેનો આહાર અશુદ્ધ છે તેવાને તે બ્રહ્મ છેટે છે. અને **यत्र चैवात्मनात्मानं.** યોગીને પાસે છે. **योऽन्तः सुखोंतरारामः ॥** કઠણ પણ છે અને નરમ પણ છે. સાકરનો કઠણ કકડો મુખમાં લઈ બેસવું, તો કઠણ છે તેજ પિંગળીને નરમ થશે.

तदंतरस्य सर्वस्य બધાની અંદર તે બ્રહ્મ ભર્યું છે. **यः पृथिव्यां तिष्ठन्०** જે પૃથિવમાં રહેલો હુવો બધાંને ભમાવતો રહ્યો છે તે આપણામાં છે. **सर्वस्य चाहं हृदिसंनि विष्टो ॥** જે સર્વનાં હૃદયમાં રહ્યો છે તેજ સઉની બહાર રહ્યો છે. **बहिरंतश्च भूतानां अचरंचर मेवच ॥ सूक्ष्मत्वात् तदविज्ञेयं दूरस्थं चांतिके चतत् ॥**

શ્રી હર્ષ કવિએ નળ ચરિત્ર લખી તેમાં દસ ઉપનિષદ્ શિખવવા પ્રતિજ્ઞા કરેલી તેને આ (ઉપર કહી તે મંત્રની) વાત સમજાવવાની આવી વિરહિણી દમયંતીનું વર્ણન છે ત્યાં નળની સ્તુતિ-વર્ણન સાંભળીને વિયોગિની હતી તે યોગિની જેવી થઇ-સ્થાયીભાવ થયો. તે બોલે કોની સાથે?! તેનાં મનનમાં નળજ રહેલો. સખી કદાચ રીતસર પુછે તો તેટલોજ જવાબ દેતી. **तदंतस्य** અને **बहिरंतश्च** મને સમજાવ. તારૂં મુખ કેમ સુકાઇ ગયું. નિરંતર નળનુંજ ધ્યાન છે તો લાલ મુખ કેમ નથી (ત્હારામાં બધો નળજ ભર્યો છે તો)? પ્રાણીમાત્રમાં બધેજ પરમાત્મા પ્રભુ રહ્યો છે તો ગીતાનો પ્રથમ અધ્યાય વિષાદ યોગનો કેમ? પરમાત્મા બધે ઘટ ઘટમાં વિદ્યમાન છે ત્યારે બધા ઘટો-લોકો રડે છે કેમ? **तदपि किं दमयंती विषीदसि**? દમયંતિ જવાબ દે છે કે અંદર તો ભરેલોજ છે, પણ બહાર દેખાતો નથી તેથી તો રડું છું. તે દેખાય તો બસ-તૃપ્તિ. **अंतर्बहिश्च भूतानां व्याप्य नारायण स्मृतः ॥ एकमेवा द्वियीयं ब्रह्म** છે, છતાં અહંકાર તત્વે જુદાઇ કરી. પરંતુ તે અહંકાર નિકળી ગયો તો અંદર બહાર એકજ છે. બે (દ્વૈત) શબ્દ રહેજ નહિં.

ઈશાવાસ્ય ઉપનિષદ મંત્ર ૬-૭ વિશે.

वदांत विज्ञान सुनिश्चितार्थाः ॥ વેદાંતનું જે વિજ્ઞાન છે તે નિશ્ચિત અર્થનું વિવેચન છે. આ મંત્ર ૬-૭ છે તે ફલશ્રુતિ છે. **श्रोतव्यश्रुतिवाक्येभ्यः ॥** શ્રવણ કરવાથી- કાનમાં આવ્યા પછી મનમાં આવે, અને રીતસર મનમાં આવે તો તેમાંથી કાંઈ સંશય પણ થાય તો તેનાં સમાધાન માટે ગુરૂ પાસે જઇ પ્રશ્ન પુછાય. **परिप्रश्नेन सेवया० अयतिः श्रद्धयोपेतः ॥** આ બારામાં જેને સંશય આવવા સંભવ છે તે રૂષિ મુનિઓએ જોયા, અને રીતસર તેનાં સમાધાન આપી દીધાં.

શ્રવણ થયું તે ચાલુજ છે, તે સાથે ઉપપત્તિનાં શાસ્ત્રોથી આત્માનું મનન થયું. પછી અનુભવ માટે યત્ન કરતાં-નિદિધ્યાસથી

છેલ્લો જે સાક્ષાત્કાર થયો તે જીવન્મુક્તિનું વર્ણન છે. **निर्दोषं हि समं ब्रह्म तस्मात् ब्रह्मणि ते स्थिताः ॥** ક્યાં તો બધે પરમાત્મ દર્શન કર. અથવા તો બધે આત્મ દર્શન કર. **योमां पश्यति सर्वत्र, सर्वंचमयि पश्यति ॥ तस्याहं नप्रणस्यामि, सचमेन प्रणश्यति** (પરમાત્મદર્શન). અને **सर्वभूतस्थमात्मानं, सर्वभूतानि चात्मनि ॥ ईक्षते योगयुक्तात्मा, सर्वत्र समदर्शनः ॥** (આત્મદર્શન).

આ બે મંત્રોમાં જીવન્મુક્તનું વર્ણન છે.

यस्तु=જે કોઇ પુરૂષ (**तु** છે તે આવા પુરૂષ મળવા મુશ્કેલ છે એમ, દેખાડે છે.) આ સર્વ ભૂતોને (ભૂતો=ઉત્પન્ન થયલું બધું-પ્રકૃતિથી લઇને પ્રાણી પદાર્થ સર્વને) (આત્મા કેવો ? અદ્‌ભુત-આશ્ચર્યવત્ છે તો ખરો, પણ ખબર નહિં એવો) દ્રષ્ટારૂપ જુવે. આત્મામાંજ બધાંને દુનીઆને જુવે છે. હૃદયમાં રહેવાવાળું જે તત્વ છે-છાતીએ હાથ દઈ કહે છે કે, "હૃ" તે "હૃ" ખરૂં તત્વરૂપે શૂં છે, તે **तत्वमसिमां** નક્કી કીધું. તે પરબ્રહ્મ તૂંજ છે-તે સત્ બ્રહ્મજ ઘટ ઘટમાં ભરેલું છે. અહંકારાવચ્છિન્ન બ્રહ્મ કર્તૃત્વ ભોક્તૃત્વવાળું થયું.

સૂર્યને દેખાડી ગુરૂએ, જનોઈ દીધેલા બ્રહ્મચારી બાળકને, કહ્યું કે, **असावादित्यो ब्रह्म** આ સૂર્ય છે તે બ્રહ્મ છે. ખરૂંજ છે. એ સૂર્ય, તું, હું, અને આ જગત બધુંજ બ્રહ્મજ છે; પણ આ મોટો દેખાય છે તેણે જરાક ભુલ કરી છે તેથી રોજ રખડવાની સજા ભોગવે છે. શી ભૂલ-શુ અપરાધ કીધો ? પરબ્રહ્મ જુદા અને હું કાંઈ જુદો છું, આમ સમજવામાં જરા ભુલ કરી તેથી કલ્પ સુધી રખડવાની સજા ભોગવે છે. ટ્રેનનો ટાઈમ ચુક્યા-જરા બે મીનીટ વાર લાગી, એટલી ગફલત-ભુલ થઇ તો ચણા મમરા ફાકી રાત બધી સ્ટેશનપર પડી રહેવું પડયું. સૂર્ય, એ મોટો અધિકારી છે. **उतअरं अंतरं कुरुते** ફરીથી એવો અંતર-ભેદ માનવાની ભુલ નહિં કરે તે માટે સજા છે. આ ભૂલોકમાં સૂર્યવડે બધાના પ્રાણ છે, તે છતાં સૂર્યને ખબર નથી

કે-ધ્યાનમાં નથી કે, મારે માટે આટલી બધી ધમાલ છે. તેમ, આત્મામાં આ બધું જગત છે તેની તેને ખબર નથી.

येषांत्वंतगतंपापं जनानां पुण्य कर्मणाम् ॥
तेद्वंद्व मोहनिमुक्ता भजंते माम् द्रढव्रताः ॥ (ગીતા. અ.૭)

પ્રથમ શાસ્ત્રદ્વારા **श्रृण्वंति** શ્રવણ કરે, પછી જુવે તેને **अनुपश्यंति** કહે છે. ગુરૂની સમજણ લઇ આગળ ચાલ્યો. સર્વ આત્મામાં જુવે છે. ફેરીવાળો તથા દુકાનદાર છે તે અનેક તરેહ તરેહનાં લુગડાંઓને એક સંદુક (પેટી)માં ભરે છે; અને બજારમાં તે બધાં ઉકેલી પસારે છે- વિસ્તારે છે. તે સાંજે પાછું આટોપી લઈ પેટીમાં ભરે છે. એજ રીતે આખી દુનીઆ રોજ આપણી હૃદય પેટીમાં આવી જાય છે. અને જાગીને ઉઠીએ છીએ ત્યારે પાછો પસારો કરીએ છીએ. **ततएव च विस्तारं ब्रह्म संपद्यते तदा**. આપણે મુક્ત થયા–જાગ્યા તો આપણી દ્રષ્ટિએ તપાસવું જોઇએ. બધી વિદ્યા ભણ્યા, જે દીઠું, જે કીધું, તે બધું પોતામાંજ સમાવિષ્ટ થયું. **अहं वृक्षस्यरेरिवा**. આખાં વિશ્વનો પ્રવર્તક હું છું. **सूत्रे मणिगणाइव.** જે આ બધું પોતામાંજ જુવે છે. પોતાથી ભિન્ન કાંઈ નથી જોતો;–આત્માકાર વૃત્તિ થઈ ગઈ–સંસાર ભ્રમ ઉડી ગયો. દોરડીમાં સર્પ ભાસતો હતો તે કયાં ગયો? જ્યાંથી આવ્યો હતો ત્યાં ગયો. અજ્ઞાનમાંથી આવેલો તેમાં ગયો; (જ્યાં અજ્ઞાન હશે ત્યાં ગયો.) તેમ, સંસાર ભ્રમ ઉડી ગયો. સર્વ ભુતોમાં આત્માને જુવે–આ બધું હુંજ છું એમ સમજે એવા નરને જુગુપ્સા નહીં રહે. અમંગળ વસ્તુ જોયા પછી તેના ઉપર જે તિરસ્કાર આવે તે જુગુપ્સા. પેહેલી નિંદા કરવી હોય તો આ શરીરનીજ કરવા જેવી છે. જેટલા અમંગળ-અપવિત્ર પદાર્થો છે તેમાં એ શરીર મુખ્ય છે. **बीजात्** બીજથી, ઉપષ્ટંભાત્, જન્માત્, વગેરે સર્વ પ્રકારે એ અપવિત્રજ છે. શરીર સારૂં કે નઠારૂં જે કંઈ હોય તો તેને માટે મુડદું જેવું પોતાનાં શરીરપર એવી ભાવના કરી ત્યારે તો જુગુપ્સા–તિરસ્કાર–કંટાળો ઉપજ્યો.

વિષયમાત્રની વેદાંતે જુગુપ્સા કરી છે. પછી મન જ્યારે આત્માકાર થયું ત્યારે જુગુપ્સા નહિં રહી. **ततो न विजिगुप्सते.** જેનાપર આત્મભાવના કરે છે તેમાં પણ જુગુપ્સા નથી. જુવો, બચ્ચું,–બાળક પુત્રને ચુંબન કરે છે તેમાં ઉચ્છિષ્ટનો તિરસ્કાર–કંટાળો નથી આવતો. તેમ, સર્વ આત્મરૂપ જોનારને કંઈ જુગુપ્સા ન રહી.

સર્વ આત્મામાં, અને સર્વમાં આત્મા જુવે છે. એ બે મંત્રની જોડી છે, **यस्मिन्०** સર્વ ભૂતો જેને આત્માકાર થયું તેને શોક મોહ શાના ? । **तरति शोकमात्मवित्०** મોહ નહિં તેને શોક શાનો હોય ? । નહિજ હોય. એ મોહ શોક બેહુ નહિં એવું પરબ્રહ્મ છે, તેજ હું પોતે છું. એમ દ્રઢ સમજે છે. જીવતાં છતાં જીવન્મુક્ત પુરૂષ એવો બને છે. સૉરટર (Sorter) કાગળોના થેલા જુદા પાડે છે. તે બધા અમુક દેશના કાગળ પારસલ એક થેલામાંજ, અમુક દેશના બીજામાંજ, એ રીતે બધા થેલા જુદા પાડે છે, ને ફેંકે છે. તેમ, દરેક વિષયો જુદા પાડી, તે તે જાતના જે જે વિષય–બાબત–શ્લોક આવે તે, તે તે જથામાં નાખે છે. તે રીતે જીવન્મુક્ત સંબંધી વિષયના કોથળામાં આ મંત્ર મુકવાના છે.

ઈશાવાસ્ય ઉપનિષદ મંત્ર ૮ વિશે.

પેહેલા મંત્રમાં જે ઈશનું વર્ણન છે તેનુંજ વર્ણન આ મંત્ર આઠમાં છે. તેનેજ માટે પતંજલિ ભગવાન બોલ્યા કે, **क्लेशकर्मविपाकाशैः अपरामृष्टः पुरुष विशेषो ईश्वरः ॥** ગામમાં બીજા ડાહ્યા હોય તેનાથી કાંઈ વધારે ડાહ્યો હોય, તેનાથી વધારે ડાહ્યા દેશમાં હોય, તેમાં પણ કોઇ વધારે હોય. છેવટે સર્વથી ડાહ્યો એક એવો હોય કે જેનાથી વધારે ડાહ્યો કોઇજ નહીં. તેમ, સર્વજ્ઞ સાપેક્ષ છે. સર્વથી શ્રેષ્ઠ સર્વજ્ઞ એક ઇશ્વર છે. એકની અપેક્ષાએ બીજો વધારે ઓછો કહી શકાય માટે સાપેક્ષ કહ્યું છે. પોતે પોતાને મૂર્ખ ન સમજે ત્યાંસુધી તે સર્વજ્ઞ છે. પરમાત્મા છે તે નિરતિશય સર્વજ્ઞ છે. તે સર્વ ગુરૂઓનો ગુરૂ છે. જેનાથી વિશેષ વિશ્વમાં બીજો નથી. ત્યારે તે દેખાતો કેમ નથી ?

એવું પુછનારને કહે છે કે, ભાઇ, તમારે તાત્પર્ય કામ ઉપર છે કે જોવા ઉપર. કામ ઉપર તાત્પર્ય છે તો ગુરૂનું કામ તે કરે છે. આ બધી દુનીઆ ગુરૂથીજ ભરેલી છે. **सर्वे वेदायत्पदमामनंति** બધા વેદ જેનું વર્ણન કરે છે તેનું એ કામ છે. તે પ્રભુના ગુણ-સ્વરૂપની આવૃત્તિ કર્યાજ કરે છે. તે પરબ્રહ્મ કેવું છે તે કહે છે-વ્યાકરણની તો એ ભાષા છે. નદીને સ્ત્રીલિંગ ઠરાવી. દરીઆને પુલ્લિંગ ઠરાવ્યો; તેથી નદી સ્ત્રી ન થઇ, દરીઓ પુરૂષ ન થયો. મોટી ટેબલ પડી છે તે સ્ત્રી નહીં થઈ, અને તે ઉપર પડેલો નાનો ખડીઓ પુરૂષ નહીં બન્યો. એ તો ભાષા છે. પુરૂષનું પુરૂષપણું મુછમાં છે, છતાં મુછ "કેવી," એટલે સ્ત્રીલીંગ કહેવાય છે. સ્ત્રીનું સ્ત્રીત્વ અંબોડામાં છે, છતાં અંબોડો કેવો-નરજાતિ છે. માટે જાતિલિંગ સમજવાનું તે ભાષાના પરિચયથી સમજાય. બ્રહ્મનાં વિશેષણ ત્રણે લિંગમાં આવે, કેમકે તેનું લિંગ નક્કી નહીં, જે કહેશો તે ચાલે; અને લિંગી પણ તેજ છે. **सपर्यगात् समंतात्**=ચોતરફ વ્યાપી રહેલો છે. **परि अगात्** એટલે સર્વત્ર વ્યાપક.

शुक्रं (र અને ल; श ष એ સાવર્ણ્ય હોવાથી) **शुक्लं**=શુદ્ધ-જ્યોતિષ્મત્. **तस्यभासा सर्वमिदं विभाति ॥ न तत्र सूर्योभाति ॥** સૂર્ય ઉગ્યા પછી મસાલ કેવી ? ! **न तत्र चंद्रतारकं नेमाविद्युतो भांति कुतोऽयमग्निः ॥ स पर्यगात् सः शुक्लं** અંતરમાં કોઇ શુભ્ર પ્રકાશ છે તોજ આ નેત્ર-ડોળા જોઇ શકે છે. કાગડાઓમાં હંસ ભાસતો નથી, મૂર્ખ લોકોમાં વિદ્વાન જણાતો નથી. **अकायं** તેને શરીર નહીં-ત્રણે શરીરરહિત છે. **चि** ધાતુનો **चायः** થઈ તે **चाय** ને બદલે **कायः** થયું. અનેક પ્રકારના પરમાણુથી બનેલું સ્થૂલશરીર તો અહિંયાંજ પડે, અને સૂક્ષ્મશરીર-લિંગશરીર પરલોકમાં જાય. **लिंगेन अनुमीयते** ચિન્હથી અનુમાન થાય માટે લિંગ નામ છે. અવિદ્યારૂપ કારણ શરીરથી સૂક્ષ્મ અને સ્થૂળ બે થયાં. તે ત્રણે શરીર રહિત છે. **अकायं** શબ્દથી અહિં સૂક્ષ્મ શરીર વગરનો અને **अव्रणं**=સ્થૂળ શરીર રહિત. સ્થૂળ ને વ્રણ-છિદ્ર હોય તેમાં અંદરથી પાતળો

પદાર્થ વહેતો હોય. સ્થૂળ શરીર બગડવાથી શબમાં કીટ પડે–પાકે–ગંધાય ગુમડાંને પણ વ્રણ કહે છે તે રહિત. **अस्नाविरम्**=જેને સ્નાયુ, આંતરડાં, નસ, શિરા, વગેરે નથી તે. એ અવ્રણં અને અસ્નાવિરમ્ છે તે સ્થૂળશરીરનાં વિશેષણો છે. તે વ્રણ અને સ્નાવિરમ્ રહિત છે. **शुद्धं**=કારણ શરીર રહિત છે. શરીર ત્રયાતીત છે. ચાર વિશેષણો મળીને ત્રણ શરીર રહિત કહ્યું. **अपापविद्धं**=પાપથી વિંધેલું નહિ એવું બ્રહ્મ છે. નિષ્પાપ.

આપણે પાપ પુણ્ય બે દોરાથી વિંધાયલા છીએ. પાપ ન હોય તો પુણ્ય ઢીલું પડે. રૈયત ન હોય રાજા શેનો ?! પાપ છે ત્યારે તો પુણ્યનો એટલો મિજાસ છે.

बुद्धि युक्तो जहातीह उभेसुकृत दुष्कृते ॥ પાપ અને પુણ્ય બે જણા તકલીફ આપે છે તો બેહુને તજી દેવાં. જેનો પુલ્લિંગ કહેવામાં કે સ્ત્રી લિંગ કહેવામાં પત્તો નહિં લાગે તેને માટે નપુંસક લિંગ સમજવું-વાપરી દેવું. **सामान्ये नपुंसकं** ॥ પુલ્લિંગ સ્ત્રી લિંગ વિશેષ છે.

એક માણસ શેરડી લઇ છોલતો જઇ તેટલી ગંડેરી કાપતો જઇ રસ ચુંસતો છતો ધીમેધીમે ખાય છે; અને બે કલાકે ખાઇ પરવારે છે. એક બીજો માણસ શેર રસ લાવીને ઝટપી લે છે ચાવવા સાથે દરેક કોળીએ આપણી લાળ અંદર જાય છે તે લાભ તે રસ પીનારને નથી મળતો. તેને તો ક્ષણ માત્રનીજ રસ પીતાં સુધીની લાળ ગઈ. પેલા ચુંસીને ખાનારને ઓરકાડ આવે છે, ને પછી ભુખ લાગે, ફાયદો થાય, પેટમાં વાયુ ન થાય, વગેરે; અને ઝટવારમાં રસ પી લેનારને પેટમાં દુઃખે, ભુખ નહિં લાગે, વાંતિ થાય તેમાં ચાર દહાડા ઘી ખાધેલું તે પણ જાય, તેમ, રીતસર વ્યાકરણ શિખવું તે ગંડેરી ખાધા જેવું; અને કાવ્યમાંથી ઉપલક શિખવું તે રસ પીધા જેવું છે.

ભરતે રાજ સ્વિકારવા"ના" કહી ત્યારે રામે કેવી મઝાની વાણી ઉપદેશરૂપે કહી, કે, ભાઇ ! પિતાની આજ્ઞા માનો તોજ પુત્ર; નહિં

તો પુત્ર કામેષ્ટિ યજ્ઞ ડુબી જાય. તેજ રીતે અરજુને યુદ્ધ નહીં કરવા કહેવાથી શ્રીકૃષ્ણે ગીતાનો ઉપદેશ કરેલો. તે રીતે યથા નિયમે રીતસર કરવાથીજ ખરી મઝા આવે છે.

વળી પરમાત્મા કેવા છે કે, **कविः** જેનામાં કાવ્યશક્તિ હોય તે કાવ્યનિર્માણુ કરી શકે. વાગ્દેવતાના અનુગ્રહથી અને પરમાત્માની કૃપાથી તે વાગ્દેવતાનો અનુગ્રહ થાય છે. "જ્યાં નહિં પોહોંચે રવિ ત્યાં પ્હોંચે કવિ." એક કવિએ બ્રહ્માની ભુલ કાઢી છે. તે કહે છે કે, બ્રહ્માની બુદ્ધિ એટલી કેમ નહીં પ્હોંચી. કામ કરવા બેસે છે તેને કંઈ ભાન નથી રહેતું. શું સુવર્ણમાં સુગંધ મુકી હોતે તો, શેરડીમાં ફળ કીધાં હોતે તો, ચંદનમાં પુષ્પ કરતે તો, વિદ્વાનને ધનાઢ્ય કરતે તો, (શું) બ્રહ્માને ખોટ આવતે કે ? **गंधः सुवर्णे फलमिक्षुदंडे नाकारि पुष्पं खलु चंदनेषु ॥ विद्वान् धनाढयो नतु दीर्घ जीवी धातुःपुरा कोपि न बुद्धि देभूः ॥**

मनीषी=કંઈ નહિં કરતાં સ્રષ્ટિ કરૂં, એવો સંકલ્પ થતાં, તેમજ સ્રષ્ટિ થઇ ગઇ. **परि भूः**=ઉપરિ ભૂઃ અને **स्वयं भूः**=જેમનો ઉપરીછે તેઓ પણુ તેજ પરમાત્મા અને ઉપરી છે તે ઉપરી પોતે પણુ તેજ પરમાત્મા. **अंतर्वहिः स्थितं व्याप्त स्वयं नारायणः स्मृतः ॥ रसोऽहमप्सु कौंतेय ॥ ॥ सएक धा द्विधा पंच धा अनेक धा भवति ॥ ॥** વર્ણાશ્રમાદિવ્યવસ્થા કરી, સાધ્ય સાધનભાવ, અમુક કામ કરવું અને તે અમુક ફળ માટે, એ બધું નક્કી કીધું. **याथातथ्यतः**=**यथातथाभावः** જેવું જોઇએ તેવું. ધર્મ, અર્થ, કામ, મોક્ષ, વગેરે જેટલાં પુરૂષાર્થ છે તે શિખવ્યાં. **व्यदधात्**=રીતસર સર્વ અર્થ નિયત કરીને આપ્યા.

ઈશાવાસ્ય ઉપનિષદ મંત્ર ૯-૧૦ વિશે.

अंधंतमः प्रविशंति. જ્યારે આખું જગત મઝામાં ફરતું હોય ત્યારે ધોળે દહાડે અંધારી કોટડીમાં પેસી જાય; જાણે કોઇને કારાગ્રહ

—કેદની શિક્ષા કરવામાં આવી હોયને, તેમ **प्रविशांति.** બીજો કોઈ સજા કરતો નથી, પોતાની મેળે પ્રવેશે છે. **न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥ न कर्मफल संयोगं स्वभावस्तु प्रवर्तते ॥ ॥ अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ॥** અંધારૂં પોતે આંધળું છે **अंधंतमः अंधयति—अंधंकरोति इति अंधं.** છતી આંખે અંધારાંમાં આંધળો બને. કોણે આંધળો બનાવ્યો ? અંધારાંએ બનાવ્યો, તેથી દેખે નહીં. રાત્રે—અંધારામાં પણ ન દેખે. તેજ ફળ ઉઘાડી આંખે જેવું અંધારાંમાં છે તેવુંજ આંખ મીચીને બેસે તોપણ તેજ ફળ છે, તો પછી આંખ મીચવી એજ સારૂં છે. જે અંધારાંમાં પેઠો તે આંધળો કહેવાય. કેટલાક દીવસે આંધળા હોય છે, કેટલાક રાત્રે આંધળા હોય છે. કેટલાક રાત્રે અને દીવસે બેહુ વખતે આંધળા હોય છે. પરંતુ **अपूर्व कोपि कामांधो दिवानक्तंनपश्यति ॥** એવા આંધળાનું ચાલ્યું કેમ ? બીજાએ ચલાવ્યું તેથી ચાલ્યું. અકકલ બધી રદ થાય—આંખનું ચાલે નહીં, એવું અંધંતમઃ છે. **तमस्** એટલે, અંધારૂં—તમોગુણ. **ज्ञानमावृत्यतु तमः ॥** તમસ છે તે લોકોને અંધ બનાવે માટે એમ કહ્યું. **तान् कृत्स्नविदोमंदान् कृत्स्नविन्न विचालयेत् ॥** માટે તે તમસને છેડશો નહિં. છેડશો તો ખાડામાં પડશો. એમ બાપે કહ્યું પણ અહિં જુવે તો સિંહાસન છે. ત્યારે પુત્ર વિચારે છે કે, શું એજ ખાડો હશે. તેથી ખુલાસો કરે છે કે, જે પુરૂષો અવિદ્યાની ઉપાસના કરે છે તે ખાડામાં પડે છે. **उपास्यते** એ અલંકાર કીધો છે, સવારમાં ઉઠતાંજ સ્વદેહની ઉપાસના ચાલે—દાતણ દિશા ચાહા ભોજન. પછી કુતરા પાળેલા હોય તેની ઉપાસના ચાલે—તેને ખવાડે ન્હવડવે. **तच्चिंतनं तत् कथनं अन्योऽन्यं तत् प्रबोधनं ॥ एतदेक परत्वंच ब्रह्माभ्यासं विदुर्बुधः ॥** તે રીતે કાયા વાચા મનથી તેમનું ચિત્ત અવિદ્યામાંજ વ્યવહાર કરતું હોય, તે **अंधंतमः प्रविशांति**—તમો ગુણમાં જાય છે. અંધારી કોટડીમાં જાય છે. પોતાની મેળે સજા ભોગવે છે. **जोषयेत् सर्व कर्माणि विद्वान् युक्तः समाचरन् ॥**

ભુંડની યોનિમાં જાય ત્યારે તેની સ્ત્રી તથા ૪૦–૫૦ છોકરાં સાથે ખાબોચીઆંમાં બધાં પડયાં છે જ્યાં પુષ્કળ કાદવપાણી છે. રસ્તે ગાડી દોડતાં કે મોટર દોડતાં આપણને છાંટો ઉડે તો કરડી નજરે તેની તરફ જોઈ રહીએ છીએ, પણ શું કરીએ; એ તો ગઈ કહીને મુંગા રહીએ. અને આ તો બધાં કાદવમાંજ પડયાં છે. **ततो भूयैवते तमः** ॥ પેલી અંધારી કોટડીમાં તો ઠંડી હવા આવતી હતી, પણ આ કોટડીમાં તો નીચે કાદવ–દુર્ગંધી, બેસવાની જગા નહિં એવી તે કોટડીની નીચેની કોટડી છે. પેલાં અંધારાં કરતાં બહુજ મોટું અંધારૂં છે તેમાં તે લોકો પેંસે છે. કોણ? જે લોકો વિદ્યામાં રમી રહ્યા છે તેઓ તે મોટાં અંધારાંમાં પેંસે છે. અરે, એ શું?! વિદ્વાન અવિદ્વાન બેહુ નર્કમાં ઠેલમ ઠેલા!! પ્રથમના–કર્મવાળા કરતાં બીજાની–ગુરૂની ઓરડી તેના કરતાં વધારે દુઃખદ રાખી. એ શુ?! આચાર્ય–વકતા જે યાજ્ઞવલ્કય છે તેને એ બોલવું કઠણ લાગ્યું, એટલુંજ નહિં પણ શ્રુતિને પણ કઠણ લાગ્યું તેથી તેઓ કહે છે કે, (હું કહું છું, એમ કહેવા હિંમત નથી થતી પણ) સમર્થ વિદ્વાન ધીર પુરૂષો કહેતા તેમનાથી હમો સાંભળતા આવ્યા છીએ. **इति शुश्रुम धीराणाम**. શ્રુતિ પોતેજ પોતાના ઉપરનો ભાર ઉતારે છે, તો હવે શું અર્થ કરવો. જે વિદ્વાનની નિંદા કરી છે તે કેવા વિદ્વાન સમજવા, કે જેઓ ભણ્યા પણ ગણ્યા નહીં, એટલે ભણ્યા બધું પણ પોતે કશું તે પ્રમાણે કરતા વર્તતા નથી એવા.

એક વિદ્યાના શૉખીન હતા. વિદ્વાન મંડલીમાં તરવાની વાત ચાલી. તરવા ઉપર શ્રેષ્ઠ વ્યાખ્યાન આપે તે સારો ગણાય એવી સૂચના થઈ. પેલા શોખિને તો તરવાવાળા શિક્ષકોને બોલાવ્યા શિખવા માંડયું. તે શિક્ષક કહે, ચાલો swimming bathમાં જઇએ. તેને કહે કે, ના ના ત્યાં જઇ ઠંડાં પાણીમાં મારે કંઇ તરવું નથી. માત્ર વ્યાખ્યાનમા બોલતાં શિખવો. ત્યારે કહે કે, નદીપર જઈ કપડાં ઉતારીને તરવા શીખનારને તુંબડાં બે તરફ બાંધીએ. પછી ધકકો મારીએ તેથી નદીમાં પડે. જરાતરા પાણી પીવાય પણ ખરૂં પછી તરે. એમ કરતાં આવડે.

પણ તે તરવું તો **यावज्जीवमग्नि होत्रं जुहुयात्** એવા કર્મ માર્ગીઓ જે કર્મ કરતા રહે તેને માટે લાગુ પડે, પણ આ શેઠ સાહેબે તો પાણીમાં પગલું કદી મુકયું નથી. પગ બોળ્યો નથી; પરંતુ બુદ્ધિમાન હતો. શિક્ષકે આવવા માંડયું. શરીર સ્વભાવતઃ તરવાવાળું છે, પણ આપદાદાથી સમજેલો એવું કે, હું પાણીમાં પડું તો મરી જાઉં, એવી ધાસ્તીથી પાણીમાં પડેજ નહિં. શરીર તરવાવાળું છે તે શા ઉપરથી ? મુડદાં તરે છે તેથી. શરીરનો સ્વભાવ તરવાનો; પણ જે મરે છે તે મરી જવાની બીતિથી મરે છે. પ્રથમ તરી બતાવીએ, પછી ધીમે ધીમે તરે. આવડયા પછી તુમડાંની જરૂર ન પડે વાસ્તવ દ્રષ્ટિએ જોતાં તો મનુષ્ય તરેલોજ છે. પણ **अज्ञानेना वृतं ज्ञानं तेन मुह्यंति जंतवः॥**

બોલતાં શિખીને શેઠે વ્યાખ્યાન આપ્યું. બધા ખુશી થયા. તે સઘળું છપાવી દીધેલું હતું. બક્ષીસમાં સુવર્ણનો ચાંદ મળ્યો. તેપર લખેલું કે, **तरणपटुः ॥** એક દીવસ તે બીજા લોક સાથે હોડીમાં હતા. હોડી ડામાડોલ થઈ ત્યારે સૌથી પહેલો તો તે તરણપટુ ગભરાટમાં પડયો. બીજા લોકને તો તરતાં આવડતું હતું. આ ભાઈ તો ખરાં સંકટમાં સપડાયો. કેવળ વાણીમાત્રથી વિદ્વાન તે આ રીતે મોટાં અંધારાંમાં જાય.

કેવળ કર્મમાર્ગ આચરણ કરતા રહ્યા તે અંધંતમં પ્રવિશંતિ. અને વિદ્યામાં પડેલા એટલે દેવતાની ઉપાસના કરનારા પણ મોક્ષ ન પામે, પણ ઉત્તમ લોકમાં જાય. કર્મીપિત્રુ લોકમાં જાય. જેઓ કર્મના અધિકારી હોય છતાં દેવતાની સકામ ઉપાસના કરે છે તે કર્મી કરતાં ખાડામાં જાય છે–તે તે દેવના લોકમાં જાય છે. અવિદ્યા=કર્મમાર્ગ–પિત્રુયાન માર્ગ; અને વિદ્યા=દેવયાન માર્ગ. **तत्र चांद्रमसं ज्योति र्योगीप्राप्य निवर्तते ॥** બેહુ સકામ લોકના માર્ગ છે. (હાલના લોકનો તો ત્રીજોજ માર્ગ છે. **जायस्व** અને **म्रीयस्व** જન્મવું અને મરવું.) કેમકે **कर्मणा पितृलोकः** અને **विद्यया देव लोकः ॥** એ બેહુ હાલના–આપણે તો છોડી બેઠા છીએ. કેવળ કર્મી કે કેવળ ઉપાસક

તે પણ સારા નહીં. તેઓને બ્રહ્મપ્રાપ્તિ નથી. એમ હમો ધીરાથી સાંભળતા આવ્યા છીએ. તરતાં પણ શીખો અને સાયન્સ-વ્યાખ્યાન પણ શીખો તો ઘણું સારૂં. **तस्मात् योगी भवार्जुन.** એ બેનો યોગ જોઇએ.

ઇશોપનિષદ મંત્ર ૧૧ વિશે. **विद्यांचाविद्यां०** ॥

ઉપલા મંત્ર ૯-૧૦નો સંબંધ આ મંત્ર અગિયારમા સાથે છે. કેવળ અગ્નિહોત્રાદિક કર્મજ કરે, તે પણ ઠીક નહીં, તેમ કેવળ એકલી ઉપાસના પણ ઠીક નહીં. બેહુ સાથે જોઇએ; કેમકે તે દરેકનું ફળ જુદુંજ છે. ડાબો અને જમણો બે પગ હોય તો બરાબર ચાલી શકે. કર્મથી મોતને તર્યો-મૃત્યુલોકને જીત્યો, અને વિદ્યાથી એટલે દેવતાની ઉપાસનાથી સ્વર્ગને જીતે.

કળિયુગના લોકની શું અવસ્થા થશે એમ વિચાર કરી બે સાધુઓ ગંગાપર આવી ટંટો કરવા લાગ્યા; અને પથરા ઉપર પોતાના ડંડાઓ જોરથી અફાળવા લાગ્યા. એક કહે **ब्रह्मैवाहम्** હું બ્રહ્મજ છું, અને બીજો કહે, હું બ્રહ્મ નથી. ઘણા લોક મળ્યા. શાણા વિદ્વાનો બોલ્યા કે, "હું બ્રહ્મ નથી," એમ છે તો તેમાં શાસ્ત્રનું શું કામ છે-ટંટો શું કામ જોઇએ ? ! બધા લોક તેવુંજ જાણે છે. અંધકાર અને પ્રકાશનો જેમ સમુચ્ચય થઈ શકતો નથી તે રીતે કર્મનો અને જ્ઞાનનો સમુચ્ચય થાય નહીં. ત્રીજો બોલ્યો કે, ભણ્યો તેને જ્ઞાની ન કહો. ઉપનિષદાદિ ભણેલો કહો. સાહેબની આફીસમાં રોજ બાર વાગે જાય છે, પણ એક દિવસ સાહેબે કહ્યું કે, કાલે નવ વાગે આવજો. ઘેર આવ્યો ત્યાં પગ ધોતાં તેજ જપ-સ્વાધ્યાય મનમાં ચાલવાજ માંડયો, કે કાલે નવ વાગે જવું છે. વાળુ કરતાં એજ ધ્યાન લાગેલું છે. સ્ત્રીને કહે, તું ધ્યાન રાખજે. જમ્યા વગર જવાનો નથી. પથારીમાં પડયો ત્યાં તેજ વાત ધ્યાનમાં. **अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरं** ॥ સવારે ઉઠયો તો તેજ વાતનો જપ-સ્વાધ્યાય-પાઠ ધ્યાનમાં છે. જમવા બેઠો નવ થયા. **तेन**

त्यक्तेन भुंजीथा ॥ ઝડપથી જમીને ગયો. સાહેબના ઉપદેશરૂપ જ્ઞાન ઉપર ધ્યાન રાખ્યું. ચતુર્ભુજ કે દ્વિભુજ ભગવન્મૂર્તિ ઉપર કંઈ તેનું ધ્યાન નહીં હતું. એનું નામ જ્ઞાન ઉપર ધ્યાન આપવું.

એક કર્મકાંડી અને એક વેદાંતી કે જે સંધ્યાવંદન પણ નહીં કરે. શ્રુતિ કહે, એવો હડહડતો કર્મી પણ ઠીક નહીં, તેમ પેલા શુષ્ક વેદાંતી જેવો પણ ઠીક નહીં. બે સાથે ખબર પડે તે ઠીક. વાઘનું મુખ અંદરથી નરમ માખણ જેવું છે, પણ કોઇને પુછીએ કે અંદર હાથ ઘાલી જોવું છે? તો ડર્યો–ના કહેશે. તેવી કેટલીક શ્રુતિ છે. ગાયનાં મુખમાં હાથ ઘાલો તો દાંતો વચ્ચે કચડાય. એવી પણ શ્રુતિ છે. પેલી વાઘમુખ જેવી કઠણ લાગે.

ઇશોપનિષદ. મંત્ર ૧૨–૧૩–૧૪ વિશે.

શુકલ યજુઃ શાખામાં કર્મકાંડ વિશે છે. કેવી રીતે કર્મકાંડ કરવું તે આજના ૧૨–૧૩–૧૪ મંત્રોમાં બતાવ્યું છે. આગલા ૯–૧૦–૧૧ મંત્રોમાં જે કહી ગયા તેનું તેજ આ ૧૨–૧૩–૧૪માં બતાવ્યું છે. શબ્દો માત્ર જુદા છે. પ્રકૃતિ જે અસલી કારણ રૂપ છે તે, અને હિરણ્યગર્ભ જે કે પ્રકૃતિનાં કાર્યરૂપ છે, તે બેહુની ઉપાસના કહી છે. “કાર્ય કારણવાચક” એવા શબ્દ ન લગાડ્યા, પણ તેને બદલે સંભૂતિ અસંભૂતિ એવા બે શબ્દ છે.

યોગીઓ અનેક કલ્પો સુધી પ્રકૃતિમાં લીન થઇને નિજાનંદમાં રહે છે તેનું નામ પ્રકૃતિ લય છે. એથી ચઢિયાતું પદ આગળ છે. તે પદને પામનાર પાછો આવતો નથી; પરંતુ આ પ્રકૃતિ લયથી યોગીને પુનઃ પુનઃ ઉત્પન્ન થવું પડે છે. **तमीश्वराणां परमं पवित्रं** એ વાત ઉપલી છે. પરંતુ તે કે જે વંદ્ય છે તેની સ્તુતિ માટેજ નીચી પાયરીવાળાની નિંદા છે. કેટલાક પ્રકૃતિની ઉપાસના કરે છે અને કેટલાક હિરણ્યગર્ભની કરે છે. હિરણ્યગર્ભથી પર જાય તે પ્રકૃતિલય યોગી છે. હિરણ્યગર્ભઉપાસકને શું ફળ થાય છે તે કહે છે, કે વચ્ચે વિઘ્ન છે

તેથી તેનાં મનમાં આવે તે થતું નથી. તેને સાંખ્ય શાસ્ત્ર અનૈશ્વર્ય બોલે છે. ઉપનિષદમા તેને અનીશા (ઈશ વગરના) બોલે છે. જીવ દુઃખમાં કેમ પડયો? એની મરજી પ્રમાણે થતું નથી તેથી. તેને અનીશા કહે છે. અંદરનું-શરીર ભીતરનું બધું ખાતું (બુદ્ધિ જ્ઞાન ઇંદ્રિઓ વગેરે) આપણું છે છતાં કોઇ માનતું નથી. દાંત જવાનો વખત આવ્યો કે કાલાવાલા કરો તોપણ રહે નહીં-દયા ન કરે. એ હાડકાં તાબામાં નહીં, તેવાં શરીર મન બુદ્ધિ વગેરે ઇંદ્રિયાદિ કોઇ તાબામાં નહીં એટલે કહ્યું માનતાં નથી. ત્યારે બહાર આવી જોયું કે ત્યાં તો આપણું માને છે-આપણી મરજી મુજબ છે કે નહિં ? તો **अम्बा तुष्यति न मया न च स्नुषया सापी ना मया अहमपि न तया न तया ॥ ॥** દરિદ્રના લક્ષણો કહેતાં છેલ્લે કહે છે કે, **स्नानं शीतल वारिणा धिक्-धिक् गृहस्थाश्रमं ॥** એવું બહાર પણ છે, તે **अनीशया शोचति मुह्यमान: ॥** જ્યારે અંદર બહાર કેથે ફાવતું નથી-કોઈ તાબે નથી ત્યારે ઇંદ્રિઓને તાબે કરવાનો રસ્તો કહ્યો. બધી ઇંદ્રિઓના આપણે ઇશ્વર છીએ તે દરશાવ્યું. ચિત્ત રમમાણ થવું જોઇએ. આલંબન થવું જોઇએ. હિરણ્યગર્ભમાં ચિત્ત લાગે તો અનૈશ્વર્ય નીકળી જાય. **भूतस्य जातस्य पतिरेक आसील् ॥**

દત્તાત્રિગુરૂને ઉમરાનું ઝાડ પ્રસન્ન શા માટે પડયું ! તેઓ શ્રી નૃસિંહના ઉપાસક હોવાથી તેને એ શીતળ છાયાં આપનારૂં ઝાડ પ્રસન્ન પડયું. એના ઉપરનાં ડીંડવાં સાકર ભેળીને ખાવાથી થંડક આવે-ગરમી હઠાવે છે. નૃસિંહાવતારના નખ શાંત નહિં થતા હતા તેથી લક્ષ્મીજી ઉમરાનાં પાકાં ફળ લાવેલાં તેનાથી થંડક વળી શાંત થએલા હતા તેનાં પાંદડાં ફળ છાયાં બધું શીતળ હોવાથી દત્ત તેની નીચે બેઠા હતા. જેમ, એક બાપની પાંચ દીકરીઓ જુદે જુદે ઠેકાણે પરણાવેલી તે બધી ભાઇનાં લગ્ન પ્રસંગે પાંચ દસ વરસે આવી ભેગી થઈ ત્યારે જે વેપારી ને ત્યાં હતી તે હિસાબ તપાસતી ચાલી. બીજી મોટા જાગીરદારની સ્ત્રી હતી તે જમીન સંબંધી વિચારમાં. ત્રીજી જડજ સાહેબની સ્ત્રી હતી

તે ન્યાય વિચાર વગેરેમાં, વાતો કરે; તેમ જે દેવની ઉપાસના જે કરે તે દેવ જેવો થાય. તે દેવ જ્યારે જાગે ત્યારે જાગે-દેવ કરે તેમ કરે.

હિરણ્યગર્ભના ઉપાસક પાસે અણિમા, ગરીમા, મહિમા, ઇશિત્વા, પ્રાપ્તિ, વગેરે આંઠ સિદ્ધિઓ આવે છે-એટલે ઇશ્વરત્વ આવે છે. અને અનૈશ્વર્ય જાય છે. તે કાર્યોપાસના હિરણ્યગર્ભની છે; અને પ્રકૃતિ લય થાય તે કારણોપાસના છે.

દેડકો મોટો સમાધિ નિષ્ઠ જાણે હોયને, તેમ છે. બ્રાહ્મણો સવારે ગંગા-નદીપર જઇ પૂર્વ તરફ સંધ્યા કરે, સાંજે પશ્ચિમાભિમુખે કરે. ત્યારે દેડકો કાંઠે બેઠેલો હોય-ગળું હાલતુંજ હોય-જાણેકે રામ રામ રટતો હોયને. વળી જાણે કે બહુ અકકલવાળો હોય તેવો. એકવાર પૃથ્વી અને ઇંદ્રને સંવાદ ચાલ્યો. ઇંદ્ર કહે હું વરસાદ વરસાવું નહિં તો તારી કેવી ખરાબી થાય. પૃથ્વી બોલી કે મારે માટે તમે વૃષ્ટિ નથી કરતા. તમે તમારા સ્વાર્થ માટેજ કરો છો, મને સપાડું-ઉપકાર નથી. इंद्रायस्वाहा કહીને આહુતીઓ અપાય છે તે, વૃષ્ટિ વગર બંધ પડી જશે-લોકો યજ્ઞયાગ શી રીતે કરશે. વરસાદથી અન્ન પાકી લોકો પૈસા કમાશે, બળ તેજ વૃદ્ધિ પામશે તો લોક યજ્ઞ કરવાને સમર્થ થઈ શકશે. તે નહિં તો તે પણ નહિં. યજ્ઞ નહિં થાય તો તમારા રોટલાની પંચાત પડશે-તમેજ ભુખે મરશો. તે સાંભળી ઇંદ્રને ક્રોધ આવ્યો અને એકદમ ખૂબ વરસાદ વરસાવ્યો. તે એટલો કે પૃથ્વી ડુબવા લાગી. ત્યારે પૃથ્વીએ અકળાઇને દેડકા જોડે સંદેશો કહેવાડયો કે, મહારાજ ! ક્ષમા કરો, બહુ થયું-કોપ નહિં કરો. દેડકો તે સંદેશો લઇને ચાલ્યો. રસ્તામાં વાદળાં મળે તે લુખાં પડી ગયલાં, ખાલી થયલાં-પાણી વગરનાં. તે જોઇને દેડકાએ અકકલ વાપરી વિચાર્યું કે, ઇંદ્ર પાસે હવે સીલક નથી-પુંજી ખુટી ગઇ છે. ખોટી ગર્જના કરી રહ્યો છે, માટે સામો જઈ દમ ભીડાવવો. ત્યાં જઇને બોલ્યો કે, "ડરાંઉં, ડરાંઉં." તે જોઈ ઇંદ્ર બોલ્યો કે, પૃથ્વીને કહો કે, એ તો ફક્ત મેં વિનોદ-હસવાનું કીધું. એમ અકકલવાળો દેડકો છે એ તાત્પર્ય છે. પરિપકવ પ્રાણાયામવાળો પણ તેવોજ. પ્રકૃતિલયનું

નિદર્શન જો કંઈ હોય તો દેડકા છે. મૃત્તિકામાં મળી જાય છે, અને જ્યારે વરસાદ પડે છે કે જાડા દડા જેવા મોટા પીળા બની જઈ નિકળી આવે છે. વૈદિક બ્રાહ્મણો જેમ એકબીજાની સામે બેસીને વેદની ચર્ચા કરે છે, તેમ દેડકાઓ કાંઠા ઉપર એક બીજા સામે ઘોષ અવાજ કરતા રહે છે. પ્રકૃતિલય યોગી એવા હોય છે. ઉદય થવાનું ટાણું-વખત આવ્યો કે તૈયાર છે; અને ઉત્પન્ન થઈ વાત કરે કે, ફલાણા કલ્પમાં આમ હતું અને અમુક કલ્પમાં તેમ હતું.

ઉપનિષદ કહે છે કે, એ કાર્ય અને કારણની બેહુ ઉપાસના ખોટી છે. **अंधं तमः प्रविशंति.** જે પુરૂષો **असंभूतिं उपासते.** મૂળ પ્રકૃતિ છે તે અવિકૃતિ (કોઇનો કંઈ વિકાર જેમાં નહિં એવી) છે. **मूले मूला भावात् अमूलं मूलं** અને જે સંભૂતિ (હિરણ્યગર્ભ)ને ઉપાસે છે તે, તેના કરતાં અંધતમમાં જાય છે. **अन्यदाहु**०× બેહુ ઉપાસનાથી ફળ જુદું જુદું જ થાય છે. માટે બેહુની ઉપાસનાનો સમુચ્ચય કરવો. સંભૂતિ–હિરણ્યગર્ભ વિનાશશાલી કાર્ય, જેનાથી આ બધું ઉત્પન્ન થયું તેની, અને અસંભૂતિ–પ્રકૃતિની ઉપાસના સાથે કરે. જે ધારીએ તે–કહિયે તે થતું નથી, એજ મૃત્યુ. એવા મૃત્યુને તરે. બેહુની સાથે ઉપાસના કરનાર તે મૃત્યુને તરી જાય છે. મૃત્યુ તુલ્ય દુઃખદ જે અનીશા છે તેને મૃત્યુજ કહે છે. તે અનીશા જાય. કારણની ઉપાસનાથી–પ્રકૃતિના ઉપાસકને કલ્પ સુધી મોક્ષ સુખ મળે છે. તે મળે તોપણ થોડું નથી. અમૃતં એટલે પ્રકૃતિલયને પામે. આપણા કરતાં ઘણું જીવવાવાળા માટે અમૃત કહ્યું–આપણી અપેક્ષાથી તે અમૃત છે.

ઈશાવાસ્યોપનિષદ મંત્ર ૧૫ વિશે.

हिरण्मयेन पात्रेण. એ મંત્ર જાણે આધુનિક શ્લોક હોય તેવો લાગે છે. અર્થ એવો છે કે, સુવર્ણનાં વાસણવડે સત્યનું મુખ ઢંકાયલું છે. કુવામાંથી પાણી કાઢી ખેતર પાવાને જે ઘણા ઘડાની ઘટમાળ હોય છે તેના ખાલી ઘડાઓ મુખ નીચાં કરી નીચે જાય છે, અને ભરાય

કે ઉંચાં મુખ કરી ઉપર આવે છે. **रिक्ता भवंति भविता:** માટે શોચ કરવો નહીં. દ્વિતિયાનો ચંદ્ર ઘણો સૂક્ષ્મ હોય છતાં પૂર્ણિમાએ તે પૂર્ણ દેખાય છે. જંગલ શુષ્ક હોય તે તાજું ઘનઘટાવાળું બની જાય છે. એવો વિચાર કરનાર સંતો **विपदा न संतप्यंते** વિપત્તિમાં તપાયમાન થતા નથી—શોક કરતા નથી. હાલ વિદ્યાનું અધ્યયન લુલું થઇ ગયું છે, પણ પાઠશાળા વગેરે સાધનબળથી અધ્યયનમાં લોકોની પ્રવૃત્તિ થઇ કે ઉન્નતિ થતી જશે. દરેક જણ પોતાની ફરજ સમજી અધ્યયન કરે તો મોજ આવે.

તામ્રમયી પ્રતિમા એટલે તામ્રનોજ વિકાર; તેમ હિરણ્મય એટલે સોનાનો વિકાર. હિરણ્ય+મય, એમાં "મય" પ્રત્યય લાગે ત્યારે હિરણ્યમાંથી "ય" ઉડી જાય તેથી હિરણ્મય થાય છે. પાત્ર એટલે વાસણ, એટલુંજ કંઇ નથી, પણ **पात्** એટલે પડી જવું, તે પડી જવાથી **त्रायते**=રક્ષણ કરે—બચાવે તેને પાત્ર કહે છે. પડતું બચાવે તે પાત્ર. **पातात् त्रायते**. સોનું જ્યાં આવ્યું ત્યાં સત્ય ન રહે. અખા પાસે મણિ હતો તે ગુરૂએ માગી લઇ ફેંકી દીધો; પછી કહ્યું કે, હવે સુખેથી વેદાંત શિખ. ઉપાધિ નાખી દીધા વગર પરમાત્મા નહિં મળે. પરંતુ શ્રુતિનો અર્થ એટલેથી ખલાસ ન કરો. સુવર્ણનું ઢાંકણું ઉપર છે. તેની અંદર સત્ય છે, તેમાં સુનું ન જાય. **पुषन्**=સૂર્યમંડળ. તે સૂર્ય છે તે વૃષ્ટિદ્વારા ભરણપોશણ કરે, ને પ્રાણદાન આપે છે. સૂર્ય તો પ્રજાનો પ્રાણ છે. ધ્રુવયંત્ર છે તે વહાણવાળાને ઉત્તર દિશા દેખાડી આપે છે તે ઉપરથી ચારે દીશા જાણી લે છે. કુમળાં વૃક્ષ—છોડવાનાં મુખ પૂર્વ તરફ હોય તેથી જાણે તે સૂર્યને બોલાવતાં હોય તેમ લાગે. તેથી સૂર્યની ઉપાસના બ્રહ્મરૂપે કહી છે. બ્રહ્મલોકમાં જનાર મુસાફરને વચમાં સૂર્ય લોક આવે. અમાનુષ પુરૂષ તેવા મુસાફરને—ઉપાસકને ખભે ઉંચકી બ્રહ્મલોકમાં લઇ જાય છે. તે ઉપાસક સૂર્ય મંડળ ભેદીને જાય છે. તેથી તે સૂર્ય નહિં પણ જાણે એક બારણું છે તે ખોલે—ભેદે તો ઉપર બ્રહ્મલોકે જવાય. આપણાં શરીરમાં પેંસવાની જગા અથવા મોટું દ્વાર

મુખ છે. સત્યનું એટલે સત્યલોક (બ્રહ્મલોક) નું દ્વાર મુખ–સૂર્ય છે. જે કોઈ ક્ષત્રી રણભૂમિમાં સામે રહીને મરે છે તે, તથા સન્યાસી, એ બેહુ સૂર્ય મંડળ ભેદીને જાય છે. એ મંત્ર ઉપાસકનું શરીર છોડવા ટાણેનો છે. અત્યંત તેજસ્વી પાત્ર જેવું એ સૂર્ય મંડલ છે હે પુશન્, એટલે હે જગતપોષક સૂર્ય ! અત્યંત તેજસ્વી ! મનુષ્ય માત્રને પતનથી બચાવનાર; સારો સાત્વિક વિદ્વાન શુદ્ધ બ્રાહ્મણ હોય તેને પણ સુપાત્ર અથવા પાત્ર કહે છે, પાતથી બચાવે એવા અગાધ તેજ–સૂર્યથી બ્રહ્મ લોકનું પ્રવેશદ્વાર (રસ્તો) બંધ કરવામાં આવ્યો છે.

એ જેવું બહાર છે તેવું અંદર છે. મૂર્દ્ધાદ્વારા પ્રાણ સહિત જવું પડે; જ્યાં સૂર્ય નાડી આવી છે. એ સૂર્ય નાડીદ્વારા ચાલનારા લોક ત્યાં જાય છે તે અમૃતત્વને પામે છે. પણ ત્યાં રસ્તે અટકે છે, તેથી તે માર્ગ ભેદીને જાય છે. હજારો અપરાધ કીધા હોય પણ નમ્રતાથી નમસ્કાર માત્ર કરવાથી તેનો રોષ ઉતરી જાય છે. ગાડીમાં બ્રાહ્મણ બેઠો છે તે ટ્રેઈન રાત દિવસ ચાલી જાય, ત્યાં સ્નાન સંધ્યા શી રીતે કરે ? ! ત્યારે તેવી વખતે સૂર્યને નમસ્કારથી તે દોષ–ગુનો ક્ષમા થાય છે. હે સૂર્ય ! પાતથી બચાવનાર તમારાં તેજ મંડળથી હમારો રસ્તો ઢંકાયલો છે તે કૃપા કરી દૂર કરજો, અને બ્રહ્મલોકનાં દરશન માટે મને જવા દેજો–તે દ્વાર ઉઘાડજો. તેથી સૂર્ય રાજી થઇને તે રસ્તો ખોલી આપે છે–જવા દે છે. હું કેવો છું કે, **सत्य धर्माय** આજ સુધી સત્યથીજ ચાલ્યો છું. પ્રાર્થના કરવાનો પણ અધિકાર હોય તે સુખે જઈ શકે. અધિકાર ન હોય તે પણ જાય, પણ જરા રખડવું પડે. જેમ, મૅટ્રીક પાસ ન થયો હોય તો જરા વગવસીલો ચીઠી ખુશામત વગેરે મેળવી લાવી–રખડીને અથવા ખુદની સેવાથી તેને ખુશ કરી તેની કૃપાથી જઈ શકે ખરો. સત્ય ધર્મ એવો હું તેને (મને) દ્રષ્ટિ આવે માટે આચ્છાદન આપ દૂર કરો.

येन केनाप्युपायेन यस्य कस्यापिदेहिनः ॥
संतोषं जनयेत् राम तदेवेश्वर पूजनं ॥

ઈશ ઉપનિષદ મંત્ર ૧૬

ઈશ ઉપનિષદ છે તે યજુર્વેદની સમાપ્તિનું છે; અને તે ઈશની સમાપ્તિના મંત્ર આ ૧૬ થી છે. **अंतकालेच मामेव स्मरन्मुक्त्वा-कलेवरं** જેમ છે તેવા છે. સૂર્યની પ્રાર્થનાના એ મંત્ર છે. પ્રાણના પ્રયાણ સમયે એ પ્રાર્થના કરતાં શરીરમાંથી નિકળી જવું, એ કઠણ વાત છે. **योगेनांते तनुं त्यजाम्.**

नैते स्मृति पार्थ जानन् योगी मुह्यति कश्चन ॥
तस्मात् सर्वेषु कालेषु योग युक्तो भवार्जुन ॥

વિષ્ણુ સહસ્ત્ર નામમાં એવી રીતે ૧૦૦૦ નામ છે તેમાં હજાર ગુણો આવી જાય છે. **पुषन्ने कर्षे यम सूर्य.** એ મંત્રનો અર્થ એવો છે કે,–હે સૂર્ય ! આ જગતનું ભરણ પોષણ કરવાનું કામ આપ કરી રહ્યા છો. **अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ॥ यश्चंद्रमसौ यश्चाग्नौ** જે ચંદ્રમાં છે, જે અગ્નિમાં છે, તેજ આપ અંતરમાં પણ એકજ છો. **को न स्तौति समस्त लोक सुहृदं** એટલે સમસ્ત લોકના સુહૃદ–મિત્રની કોણ સ્તુતિ નથી કરતું ! ! **द्योभूषणं पूषणं**=આકાશનું ભૂષણ અને જગતના પોષકની સ્તુતિ કોણ ન કરે? સૌ કરે. હું આપનો પોષ્ય છું, અને આપ પોષક છો. આપે આજ લગી મરું પોષણ કીધું તેથી પિતૃતુલ્ય દયા હમણાં પણ રહે. હે એકર્ષે ! (એક રૂષિ). **अग्ने ऋग्वेदो वायो यजुर्वेदो सामवेदो आदित्य.** ઋષિમાં જે જ્ઞાન આવ્યું તે આપના અનુગ્રહથી આવ્યું છે તેથી અસલ રૂષિ આપ છો. અગ્નિ, વાયુ, રવિ, એ **त्रयंब्रह्म सनातनं ॥** એક રૂષિ=એકલાજ ગમન કરનારા છો. **सूर्य एकाकी चरति ॥ एकाकी यतचित्तात्मा निराशीर परिग्रहः ॥** એવા યોગીને કહેવાય છે કે, તું પણ તે સૂર્ય જેવો યોગી છે. હે યમ ! સૂર્યનું રૂપ ચંદ્ર છે. તે બેહુએ મળી બધાં પ્રાણીમાત્રને નિયત કરી રાખ્યાં છે. **कर्मणि लोकं प्रेरयति इति सूर्यः सुवति**=કર્મ માર્ગમાં પ્રવૃત્તિ કરનાર આપ છો. પ્રજાપતિના

આપત્ય (પુત્ર) છો એ રીતે સ્તુતિ કરી. હવે પોતાની મતલબ કહે છે, કે, આ પ્રસૃત થયલી રશ્મિને એકત્ર કરો—તમારૂં દિવ્ય તેજ છે તેનો ઉપસંહાર કરો, ને જે તમારૂં અત્યંત કલ્યાણકર સ્વરૂપ છે તે મ્હને દેખાડજો. (કલ્યાણકર એટલે બ્રહ્મલોકમાં લઇ જનારૂં.)

ઉપાસકે એવી ભાવના કરવી કે,—હું કાંઇ બીજો નથી. આ સર્વ આપનુંજ છે. જે આ પુરૂષ છે તે હું છું. **सोऽहमस्मि**.

ખાવાના પદાર્થો ઘણા મિષ્ટ અને સ્વાદિષ્ટ કયારે કબુલ કરાય કે જ્યારે તે મ્હોડે કરાય ત્યારે. ખાધા વગર તેમાં પ્રેમ પ્રકટતો નથી. તેમ ઉપનિષદના મંત્રો કે યોગસૂત્ર કે ગીતા મ્હોડે કરાય તો ધીમે ધીમે રસ પ્રકટી પ્રેમ પ્રકટે છે.

ઇશાવાસ્ય ઉપનિષદ મંત્ર ૧૭–૧૮.

ગતમંત્રમાં માર્ગ યાચના કરી કે, બ્રહ્મલોકમાં જવાને સુમાર્ગ આપજે. ઉપાસક પુરૂષ શરીર છોડવા ટાણે પ્રાર્થના કરે છે. એકનું શરીર સમજીને-વિવક્ષીત રીતે છુટે છે. અને એક સંસારીનું કુદરતે છુટે છે. **ध्यानेनात्मनि पश्यंति केचिदात्मा नमात्मना ॥ अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥** કેટલાક ધ્યાનથી, કેટલાક જ્ઞાનથી, શરીર છોડે છે; અને જેઓનું મન, જ્ઞાન ધ્યાનને લાયક ન હોય તેઓ **श्रुत्वान्येभ्य उपासते ॥ तेऽपिचातितरं त्येव मृत्युं श्रुति परायणः ॥** મછવો લઇ દરીઆમાં ચાલતો હોય તે તો દરીઆનું પાણી. ઉંડું થોડું કે ઘણું, તે જાણતોજ હોય; તેથી તે તો વહાણ ન હોય તોપણ તરીને પણ નિકળી શકે. **यत् सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ॥** એક મહાત્મા હિમાલય જઇ આવ્યા તેને પુછ્યું તો વર્ણન કરી બતાવ્યું કે, બધો બરફનો પર્વત છે વગેરે સમજાવ્યું. તે આટલા માઇલ લાંબો ઉંચો પહોળો વગેરે છે. તેમ જેને જ્ઞાન પ્રત્યક્ષ થયું હશે તેના કહેવા મુજબ ચાલે તો તેજ ફળ તેને મળે. **राजविद्या**

राजगुह्यं०×× ત્યારે બધાજ તરી જવા જોઇએ. તેમ તો થતું નથી તે શાથી ? **अश्रद्दधानाः पुरुषाः** ॥×× અશ્રદ્ધાને લીધે પાછા સંસારમાં આવ્યા કરે છે–તરી જતા નથી. પૂર્વે ઉપાસના એક મોટી ચીજ હતી. તે વખતે લોકશ્રદ્ધાથી કામ કરતા, અને તેમની ભક્તિ પ્રમાણે લોકાંતરમાં જવાની તેમની શક્તિ હતી. જ્યાં ઘણી બધી કેળની પત્રાળી માંડી હોય અને તેમાં ચાંદીની થાળી ચાંદીનો પાટલો મુકયો હોય તો જાણીયે છીએ કે, શેઠને માટે આ છે. તે શેઠ માટે દુરના ઉત્તમ કુવાનું પાણી છે. એ બધું એવું ભલે હોય, પણ મરવાની બાબતમાં બધાની સમતા છે. **शैशवेभ्यस्त विद्यानाम्**. યથાર્થ બ્રહ્મચર્ય પાળી બાલ્યાવસ્થામાં વિદ્યાભ્યાસ કરે. **यौवने विषयैषिणाम्** ॥ યુવામાં વિષયસેવન કરે. **वार्धक्ये मुनि वृत्तिनाम्** ॥ વૃદ્ધાવસ્થામાં મુનિવ્રત સેવે; અને **योगेनांते तनुं त्यजाम्** ॥ અંતે યોગદ્વારા શરીર છોડે. એવા દરેક કુળમાં ઉપાસક રહેતા. ધારણા, ધ્યાન, સમાધિથી પૂજ્ય આલંબન ઉપર રહેતા, તેજ ઉપાસના. તેથી ઉપાસ્યદેવના ધર્મ આપણામાં આવે. જે સૂર્યના ઉપાસકનું મુખ રાતું (ફીકું નહીં), શરીરે તંદુરસ્ત. લિંગ શરીરપર તે તે પરિણામ થતો રહે. અને પ્રાકતન–પ્રારબ્ધભોગ પુરો થતાં તે લિંગ શરીર તે ઉપાસ્ય દેવમાંજ જાય.

तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युद्धय च ॥
मय्यर्पितमनो बुद्धि र्मामेवैष्यस्यसंशयः ॥

મૃત્યુ વખતે મરનારને કદાપિ સ્મૃતિ ન હોય, પણ ઉપાસ્યદેવ તેને તે વખતે બચાવી લે છે–ધ્યાનથી પોતામા ખેંચે છે. **सदा तद्भावभावितः** ॥ ઉપાસકનું મન તે દેવમાંજ રહેતું હોય–હંમેશાં જીંદગીમાં તે પ્રભુમાંજ મન રાખવાની ટેવવાળો હોય તેવાને અંતકાળે પ્રભુ પોતામાં ખેંચી લે છે. અમાનિત્વ, અદંભિત્વ, વગેરે જે સદ્ગુણો છે તે આવે ત્યારે જ્ઞાન અથવા જ્ઞાનપ્રાપ્તિનું સાધન આપણામાં આવ્યું જાણવું.

ટ્રામે જોડવાને અશ્વસ્થાનથી ઘોડો મંગાવ્યો. તેને રોજ કોલાબાથી ભોંયખળા અને ભોંયખળાથી કોલાબેજ આવવા જવાનું થયા કરે. મુંબાઇમાં શું છે તે કશું જાણે નહીં. તે કદી છુટી જાય તો વચમાં કોઇને મારે કે નહિં મારતો ચાલ્યો જાય, પરંતુ કોલાબેથી છુટેલો ભાંયખળેજ જઈ રહે. પણ ભાડાંની ગાડીનો ટટ્ટુ જે બધેજ ફરે છે તે સીધો એકજ માર્ગે ન જાય. ગમે ત્યાં ચાલ્યો જાય, ને દોડતો ફરે. તેમ ઉપાસક સીધે માર્ગે જઇ રહે; અને ભાડુતી ટટ્ટુ જેવા બધે રખડ-નારા જીવ ભટકયા કરે. તેથી ઉપાસકની ઇષ્ટદેવ પ્રત્યે પ્રાર્થના છે કે,— **वायु अनीलं अमृतं.** મારૂં શરીર હવે છુટશે માટે વાયુ એટલે પ્રાણ (પ્રાણ કાંઈ પવન નહિં પણ જે (આત્મસત્તા) હોવાથી તે પ્રાણ) નાક વાટે વહે છે તે. **वा** ધાતુ ગતિવાચક છે. તે પ્રાણ બેં પ્રકારે છે. શરીરની અંદર જાણે યંત્રથી બાંધી રાખેલો (સ્પ્રિંગ spring) તેની ઇચ્છા, બહાર જે મોટો પ્રાણ—સૂત્રાત્મા છે તેની સાથે, મળી જવાની છે. જેમ સ્પ્રિંગની ઇચ્છા છુટા થવાની લાગે છે તેમ. તે પ્રાણની ક્રિયા પુરી થતાં, **अनिल** એટલે મોટો પ્રાણ જે કે અમૃત છે (શરીર ભીતરનો પ્રાણ મરણધર્મવાળો માનીને તેની અપેક્ષાથી મહાપ્રાણને અમૃત કહે છે.) તે સૂત્રાત્મામાં મળી જાય. ઘેર પુત્રનાં કે પુત્રીનાં લગન આવે ત્યારે આપણે સેતરંજી, તકીઆ, હાંડી, ઝુમરો, ખુરસી, પાટ, વગેરે બધું જુદી જુદી જગાએથી લાવી શોભા કરીએ છીએ; અને લગન ગયા પછી જેને ત્યાંથી જે જે લાવ્યા હોઇએ તેને ત્યાં તે ચીજો મોકલી દઇએ છીએ, તેમ, પ્રાણ જ્યાંથી આવેલા ત્યાં (તે સૂત્રાત્મામાં) સુખે જાય છે.

अथ આવો વાયુ-પ્રાણ પોતાને ઠેકાણે ગયો. પછી શરીર રહ્યું તે, ભસ્મ છે છેલ્લો પરિણામ જેનો તે, ભસ્મ થયું. **अनित्यमसुखं लोकं इमं प्राप्य भज स्वमाम्.** એ શરીર ભસ્મ થયું. (હાડકાં રહે તો તે કોઇને હાથ ન જાય માટે પુત્ર ગંગા નર્મદામાં નાખી આવે.) વાયુનો અર્થ પ્રાણોપલક્ષિત લિંગ શરીર કર્યો. પછી ઉપાસક ૐકાર

જો ઇચ્છો ભવપાર જવાને, નાખો નીચે ભારો,
કટિ કસિને કેસરિયાં કરજો, સત્વર જોશો આરો,
સ્વસ્વરૂપે ઠરવાને૦ સ્વપ્નું૦ ૪
જુઠાંમાં જો મોહ થાય તો, જાણો ઉંઘમાં છૈએ,
યત્ન આદરી જાગી ઉઠતાં, નિર્ભય સુખિયા થઇએ,
રિઝો રૂડો શું કરવાને૦ ૫
રંગે ચંગે રામ રસાયન, ખાધું પીધું જેણે,
માણેક હરિગુરૂ પદમાં સમવા, કર્તવ્ય કીધું તેણે,
સ્વસ્વરૂપે ઠરવાને૦ સ્વપ્નું૦ ૬

ખરેખરૂં ક્યારે મરી જવાય ?

મરિ જાવું મરિ જાવું જગમાં ખરેખરા મરિ જાવું,
સરિ જાવું સરિ જાવું હુંપણુ થકી પુરા સરિ જાવું;
સરરરર સરરરર સરી જવું હરિપદમાં હોંસે હારી,
કાચ ગુમાવી હિરલો જડતાં, જોજે ધારી ધારી.
॥ જગમાં ખરેખરા મરિ જાવું ॥ ૧ ॥
જીવપણાંનો કાચ ગેબ થઈ, ચિદ્‌ઘન હિરલો ચમકે,
હુંપદ ગળતાં કૃષ્ણ કનૈયો, નાચે ઘુઘરી ઠમકે ॥ ૨ ॥
હું સમતાં પછી થવું જવું સૌ, રહે નહીં કશું બાકી,
એવું પદ સમજ્યા તે સંતે, કરી ફિકરની ફાકી.
॥ જગમાં ખરેખરા મરિ જાવું ॥ ૩ ॥
ન ભૂત સ્મરે નહિ ભાવી ચિંત્વન, શાન્તપદે સ્થિર વાસો,
અભય જ્ઞાન ઘન આત્મસ્વરૂપે, શોભે ચિન્મય ખાસો.
॥ જગમાં ખરેખરા મરિ જાવું ॥ ૪ ॥
વારંવાર થવું ને જાવું, એ મરવું નહિ સાચું,
માણેક મર તો એવો મરજે, ફરી મરિશ નહીં. યાચું.
॥ જગમાં ખરેખરા મરિ જાવું ॥ ૫ ॥

શું કરીએ ? !

કોણ તમે શું કરવા આવ્યા, શું કીધું શું કરશો ?
કાણી કોઠી ઉદર તમારૂં, ખાલવશો ને ભરશો ! !—૧
એ તો કરતા કંઈ જન્મોથી, આવો છો તે જાણો,
મુક્ત થવા આ દરવાજો છે, શા માટે બહુ તાણો !—૨
ગઈ તક પાછી મળવી છે નહિં, સમજી કાં નહિં જાગો ?
સંત શાસ્ત્ર કહે ઢોલ વગાડી, વ્હેલા વ્હેલા ભાગો.—૩
સ્ત્રી પુત્રો ધન ધામ ધરાનો, મોહ મચરડી નાખો,
નિર્મોહત્વે નિશ્ચળ ચિત્તે, સ્વાદ સુધારસ ચાખો.—૪
કઠિણ નથી બહુ સ્હેલું છે પણ, ખસેડવું નથી ગમતું,
અંતરથી છૂટે તો ભડકે, *ભૂત ભયાનક ભમતું.—૫
માનો માનો બંધુ મ્હારા, હારી અંતે કરશો,
વાર્યા ઝટ અંતર વળશો તો, વિજય લક્ષ્મિને વરશો.—૬
ઉપાય ઉત્તમ એક જાણજો, સત્સંગે રગડાજો,
માણિક્ય મરચાં તેલ વિસારી, સત્વામૃત ખુબ ખાજો.—

સંવત ૧૯૮૪ પૌષ કૃષ્ણ ૧૨ ગુરૂ તા. ૧૯-૧-૨૮ ૨ નિદ્રામાંથી જાગી ઉઠતાં એવો ભાસ થયો કે,-સાક્ષાત્ શ્રી સરસ્વ હાથમાં સુંદર વીણા (વાધંત્ર) લઇને એવા મધુર પ્રીય આનં સુસ્વર (રાગ)થી ગાતાં હતાં કે જેનું ભાન આજ કેટલાક કલા છતાં ભુલાતું નથી અને નજર આગળ તે ભગવતિશ્રીનું દિવ્ય શાન્તિપ્રદ દર્શન (દ્રસ્ય) હાજરજ (તરતું દેખાતું) હોય તેવો ભાસ છે. તેની એક લીટી-ટેક સ્થાનાપન્ન વારંવાર બોલાતી હતી તે તો અંતરમાં હૃદયપર કોતરાઈ ગયલી-સુદ્રઢ છપાઈ ગયલી જોઇ તેની નોંધ લેવા અંતરાત્માની પ્રેરણા થવાથી નીચે દર્શાવી સુજ્ઞ વાંચક તથા અધિકાર સંપન્ન વિવેકી શ્રોતૃ વર્ગ-જિજ્ઞાસુ મુમુક્ષુ મુક્ત વગેરે શ્રીમદ્ ભગવત્સ્વરૂપ

---

* મન